ॐ

श्री तत्सत् परमात्मने नमः

પંચામૃત.

— या —

પ્રાચિન અર્વાચિન કવિશ્વરોની પ્રસાદી.

સંશોધિ, મુળસહિત ભાષાન્તર

લખનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

કવિ ખીમજી વસનજી ભટ્ટ.

મુ. બગસરા. (બગસરાવાળા)

કાઠીયાવાડ

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

કિમ્મત રૂ. ૧—૮—૦

અમદાવાદ-પાનકોરના નાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપ્યું.

શ્રી

"ગ્રંથ-સમર્પણ"

બગસરાના માનવંતા દરબાર શ્રી નેક નામદાર

વાજસુરવાળા સાહેબની પવિત્ર સેવામાં

વિ૦ વિ૦ કે; નામવર !

આ નાશવંત જગતમાં, આપ નામદારનાં વર્તન અને વૃત્તિ બન્ને નિર્મળ અને નિર્ભીમાની છે. જાણી અજાણી દરેક વ્યક્તિ પ્રત્યે નિષ્કપટ તથા બિનસ્વાર્થી રીતે અપુર્વ ચાહકપણું છે, ગમે તે વ્યક્તિ તરફથી તેની અજ્ઞાનતાથી કે પછી ઈરાદાથી કદાચ કડવાશ પીરસવામાં આવે તો તે કડવાશનું પ્રસન્ન વદને પાન કરી-પચાવી, બદલામાં તેમના પ્રત્યે આપ નામદાર અમૃત નિગાહથી નિહાળી સતત્ વ્હાલેશ્વરિ મીસાલ વ્હાલ બતાવો છો, વિગેરે આપના એવા મહદ્ ગુણ અનુભવિને મ્હારી તનમનતા લોહ-ચુમ્બકની પેઠે આપ નામદારનાં એ પ્રસંશનિય વર્તન અને વૃત્તિ પ્રત્યે મોહક બની રહી છે તેથી, તથા મ્હારા જેવા અજાચક, સ્વતંત્ર અને બેપર-વાઇ પ્રકતિના લેખક ઉપર આપ નામદારની દયા છે એટલુંજ નહીં પણ જરૂર પ્રસંગે તર્તમાં કડવી જણાતી પરન્તુ પરિણામે મિઠી નિવડતી શિખા-મણો આપીને સત્ય ભાન સુચવો છો. વેળા કવેળાએ જ્યારે વ્યવહાર ઉપાધિનાં આવરણમાં નાણાં વિના વમળ ખાઇ ગુંચવાઇ જાઉં છું ત્યારે નાણાની સારી મદદ આપી લેખક તરીકેની મ્હારી સ્થિતિ અને વ્યવહારિક આબરૂ ટકાવી રાખવા આપ નામદાર ઉદારતા બતાવો છો, વિશેષ દરમાસે સારી રકમ મ્હને આજીવકા તરિકે આપી નભાવો છો. આ સર્વ ઉપકારનો બદલો મ્હારાથી વાળી શકાય તેમ નથી. તોપણ જગતકર્ત્તાની હજુરમાં આપ નામદારના શુભ હકમાં સતત્ પ્રાર્થના ગુજારૂં છું અને આપ નામ-દારનાં માન-કિર્ત્તી અને સુજશમાં અધિકાધિક વૃદ્ધિ થાય એવું ઇચ્છી આ "**પંચામૃત**" આપ નામદારના **મંગળમય અને દુઃખ મોચન કર-કમળમાં સમર્પણ કરૂં** છું તો તે સ્વિકારી મ્હને આભારી કરશોજી અસ્તુ.

લી૦

આશ્રિત્

કવિ ખીમજી વસનજી ભટ્ટ.

(બગસરાવાળા)

પ્રસ્તાવના.

જે વિષય સુપ્રસિદ્ધ અને પ્રસંશનિય છે તેને આપડાહ્યા થઇ વધારે અલંકારિ કરવા પ્રયાસ કરવો એ કેવળ પોતાની કમ અક્કલ .વાવલવા જેવું છે, કંચન સામે કથીર, સુર્ય સામે દિપક અને ગુલાબ સામે ધંતુરો ધરવા જેવું છે. એમ અનુમાની પંચામૃતની પ્રસ્તાવના ન લખવા અમારો નિશ્ચય હતો, પરન્તુ પુસ્તકમાં પ્રસ્તાવના અવશ્ય હોવીજ જોઇએ એવો મજબુત રિવાજ પ્રચલિત હોઇ લાચારીથી અમારે પણ તે ગાડરીઆ પ્રવાહ માફક દીધે રાખી પ્રસ્તાવના લખવા ન છુટકે રિવાજશાઇ ફરજ પડી છે.

આ પુસ્તકનું નામાભિધાન "પંચામૃત" રાખવાનું પ્રાધાન કારણ એજ છે કે, તેમાં ગ્રંથીત કરેલાં કાવ્યો ભિન્ન ભિન્ન રસનાં છે.

આ કાવ્યો હિન્દમાં થઇ ગયેલા પ્રાચિન અર્વાચિન કવિશ્વરોનાં અનુભવિ, સંસ્કારી અને પુખ્ત વિચારવંત હ્રદયમાંથી સ્ફુરી નિકળેલી કલ્પનાઓનીજ પ્રસાદી હઇ તે ઉત્તમ, આવકારદાઇ અને દરેક ઇન્સાને મનન કરી વર્તનમાં લીધા યોગ્ય છે; એમ ભાર દઇને કહેવું તે અતિશ્યોક્તિ ભર્યું નહીં ગણાય.

આ પંચામૃતનું ભંડોળ સહવાસમાં આવનાર અનેક કાઠીયાવાડ નિવાસી ચારણ–ભાટ, મીર, ઢાઢી વિગેરેની જીહ્વા અગ્રેથી સાંભળી એકત્ર કર્યું છે. એવી રીતે આ ભંડોળ એકત્ર કર્યા પછી વિચાર્યું કે તેને કોઇ સુપ્રસિદ્ધ પત્રમાં જાહેર પ્રજાના ટેસ્ટ અને આનંદની ખાતર લખવાં. પરન્તુ તેમ કરવાથી એક અડચણ નડશે અને તે એ કે, પંચામૃતનાં દરેક કાવ્યો સર્વમાન્ય રંગીલી–રસિલી હિન્દી ભાષામાં બનેલાં હઇ, કેટલીએક વ્યક્તિને તેનો ભાવાર્થ સમજતાં કંઇકિ અગવડતા થશે. તે અગવડતાને બદલે સુગમતા કરવાના હેતુથી, અમોને સુજ્યું તે પ્રમાણે અમોએ તે દરેક કાવ્યનું ભાષાન્તર લખ્યું. અને તે મુળસહિત મુંબઇના સુપ્રસિદ્ધ "મુંબઇ સમાચાર" પત્રમાં અમોએ લખવું શરૂ કર્યું. આ પંચામૃત તે પત્રના સને ૧૯૧૩ ની સાલ આખીના દર શનિવારના અંકમાં પ્રગટ થતું રહ્યું. જેમ જેમ પ્રગટ થતું રહ્યું, તેમ તેમ તે બહોળી આલમમાં ઉલટથી વંચાવા માંડયું અને છેવટે તો તે એટલું પ્રસંશનિય થઇ પડયું કે તેને

પુસ્તકરૂપે છપાવવા કેટલાએક સદ્‌ગ્રહસ્થો તરફથી સુચના થવા માંડી.

આ સુચનાને માન આપી પંચામૃતને અમે પુસ્તકના આકારમાં પ્રસિદ્ધ કરવાનું સાહસ વોર્યું. અને તે પ્રમાણેની જાહેરખબર આપી. આ જાહેરખબર જોકે અમે અલ્પ વખતજ આપી પરન્તુ તે દરમિયાનમાં તો એ પુસ્તકનાં ઘણી સંખ્યામાં અગાઉથી ગ્રાહક થઇ અમોને ઉત્તેજન આપવાની મહેરબાની કીધી.

આ પુસ્તક પ્રસિદ્ધ કરવા પાછળ અમોને અમારા ગજા ઉપરાંત વખત અને વિત્તનો ભોગ આપવો પડયો છે તોપણ તે પુસ્તક જો જાહેરમાં આવકારદાયક થશે તો અમારો વિત્ત અને વખતનો ભોગ અમે સફળ લેખીશું.

આ પુસ્તક ઘણું જલદી પ્રગટ કરવા અમારી ઇચ્છા હતી પરન્તુ "દૈવઇચ્છા આગળ મનુષ્ય ઇચ્છા નકામી" એ મુજબ પ્રગટ કરવામાં ઘણું મોડું થયું. અને તેથી અમારા માનવંત અ૦ ગ્રા૦ થયેલાના હસ્તમાં આ પુસ્તક મોડું મળે છે તે ખાતે અમે દિલગીર છીએ.

પુસ્તકની અંદર ઘણી ભુલો દ્રષ્ય થાય છે તેનું કારણ એક તો એ કે પુસ્તકનાં પ્રુફો અમારી પાસે તપાસવા આવવાં શરૂ થયાં તે અરસામાં અમારે શરિરે જ્વરની ઉપાધિ હતી તેમાં અમોને સખત ન્યુમોનિયાની ભયંકર બિમારી લાગુ પડી. આ બિમારીમાં અમારે ઓચ્છામાં ઓચ્છું ત્રણ માસ બિચ્છાનું વેઠવું પડયું. આવા વખતમાં પ્રુફ વાંચવામાં કંટાળો આવે એ દેખીતું છે. તેમ કોઇ પ્રુફ વાંચી આપે એવું અત્રે સાધન નહીં, તે સાથે પ્રુફોમાં જે ભુલો સુધારી હોય તે ટાઇપ ગોઠવનારે સુધારવા પ્રત્યે ઓછી કાળજી રાખી છે. આ બંન્ને સંજોગથી મુળ કાવ્યોમાં તથા ભાષાન્તરમાં ભુલો રહી છે. તે દરગુજર કરવા વાંચકવૃંદ સમિપ અમારી નમ્ર પ્રાર્થનાછે.

આ પ્રસંગે અમારે ઘણીજ દિલગીરી સાથે જણાવવું જોઇએ છીએ કે, આ દેશમાં ઘણો ખરો એવો રિવાજ ચાલે છે કે, અમુક વિષયનું શોધન કરવું યાતો કલ્પનાથી ઉત્પન કરવું તે ફરજ લેખકના ઉપર હોય એતો જોકે વ્યાજબી છે, પરન્તુ તેમ કર્યા પછી પણ પાછો તે વિષયને પુસ્તકરૂપે છપાવવો, તેનાં પ્રુફો વાંચવાં, છપાઇ રહ્યા પછી તેનો વ્યય કરવા જાહેરખબરો પાછળ નાણાં ખર્ચવાં, અને તેની પ્રતો કૂકડીનાં બચ્ચાં માફક વર્ષ બેવર્ષ શેવવી યાતો નજીવી કિમતે એક સાથે નાણાંભિડ સબબ બુકસેલરને વેચી દેવી. આવી સઘળી જવાબદારી બિચારા લેખકના ઉપર હઇ તે કૃતિની ઉપર મીસાલ સુવાવડ કરવામાં ગુંથાઇ રહેવાથી

તેટલી મુદત સુધીમાં અન્ય કૃતિ ઉત્પન્ન કરવામાં લેખકો યા કવિઓનું લક્ષ જોઈએ તેટલા પાવરથી ચોટતું નથી !

આ બાબતમાં **સાક્ષર શ્રી ડાહ્યાભાઈ રામચંદ્ર મહેતાએ** અગાઉ પોતાના **"ભારતજીવન" માસિકમાં** પણ એક વિસ્તારથી લેખ પ્રગટ કરી આ દેશના શ્રીમંતો તથા પબ્લીશરો અને બુકસેલરોને સુચન આપ્યું છે તોપણ તેનો અમલ થતો હોય એમ અમારા અનુભવમાં નથી. અને જ્યાં સુધી તે સુચન પ્રમાણે અમલ કરવામાં નહીં આવે ત્યાંસુધી દેશમાં સાહિત્યપુષ્ટીનું બળ સંપુર્ણ થવાની ભાગ્યેજ આશા રાખી શકાય એ દેખીતું છે. પ્રભુ આ દેશના તેવા કાર્યવાહકોને તે સુચના પ્રમાણે વર્તવાની ઉત્સુકતા વધારે અને તેથી દેશમાં સાહિત્યપુષ્ટીનું બળ સંપુર્ણ થાય એજ ઇચ્છા અને ઇશ્વર પાસે નમ્ર યાચના છે અસ્તુ:

વ્હાલા વાંચક ! વળી અન્ય કૃતિ માર્ફતે પ્રભુકૃપાથી પુનઃ મળીશું.

"લેખક."

ગ્રંથાનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.

વિષય.	પૃષ્ટ.

ॐ

ततसत् परमात्मने नमः

પંચામૃત.

યાને

પ્રાચીન-અર્વાચીન કવિશ્વરોની પ્રસાદી.

" ઉપદેશ. "

(અરલ.)

ગાફલ મુઢ ગમાર, અચેતન ચેતરે,
સમજી સંત સુજાન, શિખામન દેતરે;
બિષયા માંહી બેહાલ, લગા દિન રેનરે,
શિર વૈરિ ઝમરાય, ન સુજે નેનરે............(૧)

અર્થ—હે ! બેખબર, મુર્ખ અને બેવકુફ મન ! તને સાધુ પુરૂષ સમજીને ઉત્તમ બોધ યા શિખામણ આપે છે તો પણ માનતો નથી, ને મરજી માફક આંકેલ સાંઢની પેઠે વિશ્વના મિઠા વૈભવની લાલચમાં રખડતાં હાલહવાલ બની ગયો, ને હજી પણ મચ્યો છે, તો બીચાર અને સમજ કે તારાપર ક્રોધી કાળ ઝપાટા મારી રહ્યો છે, તે એકજ પળમાં પકડશે તે વખતે તારા બધા મનસુબા નકામા થશે.

" શ્યામ લગે ગરમેં "

(સવૈયા.)

આંચ લગી બ્રહકી તનમેં, તબ જાય પરી જમુનાં જલમેં,
અસુઆં જર જર સુકાઈ ગઈ, મછલી વહે છાંડ ગઇ તરમેં;
ફૂટી જબ રેત પતાલ ગઇ, તબ શેષ જ્યોં ધરતી તરમેં,
રસખાન કહે એહી આંચ મીટે,
જબ આયકે " શ્યામ લગે ગરમેં "........(૨)

અર્થ–પિયુ વિયોગી પ્રેમદાને વિયોગ રૂપ આંચ એટલે અગ્નિની ઝપટ લાગવાથી તે શાન્ત થવા તેણી જમનાજી પાસે ગઈ, ત્યાં તો તેણીનાં આંસુથી જમના જળ સુકાઈ ગયું અને અંદરની માછલીને તેણીની આંચ લાગવાથી શાન્ત કરવા તળીએ પહોંચી. માછલીનો સ્પર્શ થતાં આંચની બીકે રેતીનું ભરેલ તળીયું ફાટી ગયું અને તે આંચ તળીયાં સુધી ગઈ ત્યાં તેથી સર્પ તવાયો અને ત્યાંથી આંચની બાફ બવારારૂપે જમીન ઊપર પુઃન બાહેર મારી પાસે આવી કે જેના તાપે હું અત્યંત તવાઈ રહું છું; તો હે શ્યામ ! તમે આવો એટલે ત્હમારા શાન્ત અને સુખમય ગળે બાઝી પડું કે જેથી મારી આગ ઓલાય ને હું તવાતી બચું.

" ગોપાળલાલ લાલ હૈ "

(કવિત.)

લાલ બન માલ લાલ, બેંદી લાલ ભાલ લાલ,
યોવનકી જયોતિ લાલ, કપોલ લાલ ભાલ હૈ.
અંગ લાલ રંગ લાલ, સંગકી સહેલી લાલ,
લાલ પાન બીડી સુખ, અધર લાલ લાલ હૈ.
લાલ ચંદ્ર ચાંદની, પ્રકાશ લાલ લાલ લસૈ.
લાલ સંગ ગ્વાલ બાલ, લાલ લાલ ગાલ હૈ.

ગોપાલ લાલ લાલ રાસ, રચ્યો બંદ્રા બનમેં,
કુંજ લાલ લાલ સબ, ગોપાલ લાલ લાલ હે.........(૩)

અર્થ—ગળામાં લાલ પુષ્પની માળા છે. લાલ કપાળે લાલ કુંમકુમનો ચાંદલો (બિંદી) છે. યોવન ખુબસુરતિનું નુર પણ લાલ છે. શરીરનો રંગ પણ લાલ છે. રાસ રમવાને બોલાવેલી મુગ્ધાઓ પણ લાલીભરી છે. પાનબીડી ચાવવાથી મુખ લાલ છે. હોઠનો રંગ પણ લાલ છે. સાથેના સ્નેહી લાલ (રંગીલા) છે. રાસની રમત પણ લાલ રંગથી ખેલે છે. વંદ્રાવનની કુંજ ઘટા પણ લાલ ફુલના રોપાથી રચિમચિ છે. લાલ ચંદ્રમાની લાલ રોશનીભરી રાત્રી છે. તેવા લાલ ગાયોના પાળનાર શ્રી કૃષ્ણ; લાલમય સાહિત્યથી લાલ રાસ રમે છે.

" નવલ સુરત પ્યારી લાગે છે. "

(કવિત.)

નવલ બનાયે પાઘ, નવલ ફુલન તોરે,
નવલ હીંડોળે ઝુલે, નવલ બીહારીરી;
નવલ પ્રવાલ ખંભ, નવલ રત્ન દાંડી,
નવલ બનાઈ લીની, ફુલનકી જારીરી;
નવલ અંબેકી ડાલ, નવલ ઝુલાવે ગ્વાલ,
નવલ બની હે બ્રકુ, ભાનકી દુલારી;
બ્રહ્માનંદ નવલ પ્રિતમ, ઘનશ્યામ હુકી,
મુર્તી નવલ મોંહી, લાગત હે પ્યારી...........(૪)

અર્થ—નવા રંગની પાઘ બાંધી તે પર તાજાં ઉઘડેલાં ફુલના તોરા ઘાલી નવીન એટલે કોઇ દીવસ નહીં અનુભવેલો ખેલ કરવા નવીન પરવાળાના સ્થંભ અને નવીન રત્નોની દાંડીવાળા, નવીન હીંડોળામાં નવીન ફુલની ઝોળી બાંધી એ હીંડોળો નવીન આંબા ડાળી ઉપર બાંધ્યો અને તેમાં બ્રકુભાનની નવીન કુમારી એટલે

તાજા યૌવનની ભરેલી રાધાને સંગમાં લઈ નવીન યૌવનમાં આવેલ ઘનશ્યામ એટલે શ્રી કૃષ્ણ બિરાજ્યા અને પછી તે હીંડોળાને નવીન એટલે નાના નાના ખ્વાલ (બાલ) ઝુલાવા લાગ્યા, જે વખતે શ્રી કૃષ્ણની નવીન મુર્તિ જોતાં બ્રહ્માનંદ કહે છે, કે અતી વ્હાલી લાગે છે.

" તેરી રિઝ ભરપાઇમેં "

(કવિત.)

દાતા સુન્યો તોકો, જબ બિક્રમસો જાન્યો દિલ;
બાત દુઃખ દર્દ હુંકી, કહી કે બતાઇ મેં.
તબતો ન દીન્હો, જબ ભોજકો સ્વભાવ ચિન્હો;
બિબિધ પ્રકાર તેરી, બહુ કીર્તિ ગાઈ મેં.
ગુનમેં ભયો ન પ્રશ્ન, તબ તો મેં જાન્યો કૃષ્ન,
તીજી બેર તંદુલ જ્યોં, કામળ દિખાઇમેં.
ખુદ હે ઉધાર ખાનાં, દેખ્યા સુન સંખદાતા;
મેરી ચીજ દે દે તેરી, રીઝભર પાઇ મેં............(૫)

અર્થ—એક કંજુસ રાજાની આગળથી નાઉમેદ થઈ આવેલો કવિ શંખને સંબોધી કહે છે કે હે ! શંખ ! ત્હને જગત, દાતા કરીને કહે છે જેથી લોભાઈ હું ત્હારી આગળ આવ્યો. આવતાં ત્હારૂં દિલ વિક્રમના જેવું દિલાવર હશે એમ ધારી ત્હને રાજી કરવા મેં કવિતમાં સુખ દુઃખની વાતો કરી તોપણ તું ન રિઝયો. એટલે તારો સ્વભાવ ભોજ જેવો હશે એમ સમજી તારી કીર્તીનાં વખાણ કર્યા તોપણ તું ન રિઝયો, એટલે તારો સ્વભાવ કૃષ્ણ જેવો એટલે કે કંઇ ભેટ સોગાત લીધા પછીજ તું મોજમાં આવતો હઇશ, એવું ગણી તાંદુલની કીંમતમાં અંકાતી મારી કાંબળી(ધાબળી)મેં ત્હને આપી, તોપણ આખરે તેં કાંઇ ન આપ્યું, તો હે લપોડ શંખ દાતા હવે મારી ચિજ (કામળી) —(કવિતાનો બોલ) મને પાછી આપી દે તો ત્હારો ઉપકાર અને

તેમ કરીશ તોપણુ તેં મ્હુને ઘણું આપ્યું એમ સમજી સંતોષ માનીશ.

રાજ્ય–નીતિ.

(કવિત.)

કૌન યહ દેશ, કૌનું કાલ, કૌનું બેરિ મેરો,
કૌન મેરો હિતુ મોહીં ઢીંગ તેં ન ડારીએ.
કેતી આમદ, કેતોક ખર્ચ, કેતોક બલ;
તેહીં ઉનમાન મોહી, મુખતે નિકારએ.
સંપત્તિ કે આવનિકો કાનુ મેરે અવરાદુ;
તાહુકો ઉપાય યહ, દાઉ ઉર ધારએ.
રાજનીતિ રાજાની કા, દિન પ્રતિ દેવિદાસ;
ચાર ઘડી રાતી રહે, ઈતનો બીચારએ............(૬)

અર્થ—દેવિદાસ કવિ કહે છે કે, ચાર ઘડી રાત્રિ રહે ત્યારે નિદ્રામાંથી પરવારિ રાજ્યકર્ત્તાએ દરરોજ એવો વિચાર કરવો કે હું જે રાજ્ય પર રાજ્ય કરૂં છું, તે રાજ્ય મુળ કોનું છે ? રાજ્ય અમલ દરમિઆન સમય અને સંજોગ કેવો છે ? વૈરિઓ કોણ અને કેટલા છે ? હિત જાળવનાર કોણ છે ? રાજ્યની ઉપજ કેટલી ? ખર્ચ કેટલું ? સૈનિક બળ કેટલું ? માત્ર મારા અભ્યુ-દયમાં તાગડ ધીનાં કરનાર કેટલા છે ?

"ચાહે તેવું ખાય."

(દોહરો.)

મન મેરા પંખી ભયા, જહાં તહાં ઉડ જાય;
જહાં જેસી સંગત કરે, "તહાં તેસા ફલ ખાય.....(૭)

અર્થ—મન પંખી સમાન છે અને તે જ્યાં જાય છે ત્યાં તે તેવું થાય છે, ને થાય છે ત્યારે તેવું તે અનુભવે છે.

" કુચકે ગડે નગારે. "

(કુંડળિયો.)

ગડે નગારે કુચકે, છિનભર છાના નાંહીં;
કો આજ કો કાલ કો પાવ પલકકે માંહીં.
પાવ પલકકે માંહીં સમજ લે મનવા મેરા;
ઘર રહેગા ધનમાલ, હોયગા જંગલ ડેરા;
કહે :દિન દરવેશ, ગર્વ મત કરે ગુમારે.
છિનભર છાના નાંહીં, ' કુચકે ગડે નગારે.........(૮)

અર્થ—હે મન ! તું ગમે તેમ અભિમાનમાં મસ્ત બની મલકાતું ફરે પણ યાદ રાખજે કે, ત્હારાપર કાળનુ પ્રચંડ નગારૂં પ્રતિદિન ઘોર્યા કરે છે, જેનાથી કોઇ બચ્યા નથી ને કોઈ બચવાના પણ નથી, તે કારણે સમજજે કે ધન, ધામ અને ધરા મેળવવામાં હડકાયા કુતરા માફક હડીયું કાઢે છે તે અંતે ત્હારી સાથે આવશે નહીં. માટે ગર્વ મુક, માલિકની (પ્રભુની) ભક્તિમાં જુઠ કે અંતે તે ત્હારી સ્હાય કરે !

" એવો કવિ મળે તો રાખવો છે. "

(સવૈયો.)

પીંગલ કોક કુસુદી પઢે,
શુભ અચછર કાવ્યકો દાખનો હે;
ગુનવાન ઘનો, બિનદાન ખુશી,
ઉર માન નહીં, સત ભાખનો હે;
ગેહ ગાંઠકો ખાયકે ગાય રિઝાવત,
ઈસકી બાતકો આંખનો હે;
એસો કવિશ્વર આય મીલે તો,
જરૂર હમે વોહ રાખનો હે....................(૯)

અર્થ—વિપત્તિના વખતમાં અસ્તના ચક્રપર ચડેલો કવિજન કોઈ એક અજાણ્યા પણ સુમ સ્વભાવના રાજાની આગળ ગયો. કવિત ગાઇ અમુક મુદત સુધી રાજ્યઆશ્રા હેઠળ રહેવાની જીજ્ઞાસા જણાવી પુછ્યું કે તમારા દરબારમાં તમારે કવિજન રાખવો છે ? પ્રતિઉત્તરમાં પેલા કંજુસ (સુમ) રાજાએ જણાવ્યું કે કવિજન તો રાખવો છે, પણ તે એવો હોવો જોઇએ કે તે પીંગળ, કોક અને કુમુદી વિગેરે શાસ્ત્રને પરીપુર્ણ જાણનારો હોય, રસથી ભરપુર કાવ્ય–છંદ ગાનાવી શકતો હોય, ગુણવાન અને દાન આપ્યા શિવાય હમેશ્યાં ખુશી રહેનારો હોય, લેશપણ અભિમાન રહિત, સત્ય બોલનારો, અમારી લેશ પણ આશા નહીં કરતાં પોતાને ઘેર પોતાના પદરથીજ પોતાનું ભરણપોષણ કરી હરઘડી અમારી હજુરમાં ગાઇ બજાવી અમને ખુશી રાખવામાં ખંતથી મહેનત લેનારો હોય વળી તે કવિવૃંદમાં ઇશ્વર એટલે સર્વોપરી હોય એવો લાયક કવિ કવિશ્વર મળે તો, જરૂર રાખવો છે. (કહો છે કાંઈ મણા.)

" કેવો કોઈ ન દેખ્યો. "

(કવિત.)

નખ બિન કટા દેખે, શિશ ભારી જટા દેખે;
યોગી કનફટા દેખે, છાર લાયે તનમેં.
મૌની અબોલા દેખે, કેતે સદ્‌ગુની દેખે;
માયાસેં ભરપુર દેખે, કુલ રહે ધનમેં.
આદમન સુખી દેખે, અનેક આમેર દેખે;
કરતકે લાલ દેખે, બન ખંડી બનમેં.
શુર ઔર બિર દેખે, જન્મકે દુઃખી દેખે;
ઐસા નહીં દેખે જીન્હે, "કામના ન મનમેં." ....(૧૦)

અર્થ—કુદરત કૃપાની ચાદર તળે ઢંકાયલા આ અસાર સંસારમાં નખ વધારનાર, છાલનાં વસ્ત્રો પહેરનાર, મુંગા વૃત્ત

ધરનાર, ગુણને ગ્રહણ કરનાર, જટા વધારનાર, અનેક જાતના વિચાર વમળમાં ભટકનાર, પૈસાના સુખમાં ફુલી જનાર, ગર્ભ-શ્રીમંત, જન્મથી દુઃખી અને ઉદાસી, વનવાસી, શુરવિર, અમિર, એમ દરેક પદ્ધિનાં ઇન્સાન જોયાં પણ કોઇ એવો માયનો પુત તો ન જોયો કે જેના મનમાંથી દરેક પ્રકારની ઈચ્છા દુર થઇ હોય !

" શું કામ કર્યું. "

(અરલ)

દિલકી અંદર દેખ, કે ત્હેરા કોન હે,
ચલે ન ભેલા સાથ અકેલા ગોન હે;
દેહ ગેહ ધન દ્વારા ઈનુસેં ચિત્ત દિયા,
રટયા ન નિશાદન રામ, કામ ત્હેં કયા કીયા?....(૧૧)

અર્થ—હે ગાફેલ બંદા ! તું ત્હારા હૃદયમાં વિચાર કે ત્હારી સાથે અવસાન વખતે આ સંસારમાંથી કોઇ નહીં આવે, પણ માત્ર ત્હારે એકાએક જવું પડશે. તો નકામો તું ધન, ઘર, સગાં સ્નેહી કે જે બધાં અહીંજ રહેવાનાં છે તેની સાથેજ રચ્યો પચ્યો રહયો અને માલિકને તેં ન ભજ્યા તો તે શા કામનું છે?

" જશ વગરની સંપત્તિ બળી જાઓ. "

(છપ્પય.)

જરો રૂપ ગુન પખે, જરો બિન તેજ તુરંગમ,
જરો મિત્રસું કપટ, જરો દુરિજનસુ સંગત;
જરો અર્થ બિન બાત, જરો ભાવત બિન હાંસો,
દુઃખ બિન દારૂ જરો જરો એકડો બાસો;
રૂખ ફુલફલ બિન જરો, સો સોમલરૂપ અફલજ ફલ,
કવિ ગદ કહેરે ગુનીજનો, જશબિન સંપત જાઓ જર.(૧૨)

અર્થ—કવિ અહ્ કહે છે કે, ગુણ વગરનું રૂપ, પાણી વગરનો અશ્વ, મિત્રની સાથે દગો કરનાર મિત્ર, નઠારાં જનની સોબત, બેફાયદાની વાતો, હદ વગરની હાંસી યા મશ્કરિ, દર્દ વગરનું ઔષધ, ઉજડમાં એકલું વસવું, ફળફુલ વગરનું વૃક્ષ આટલી ચિજો બળી જાઓ–મતલબ કે તે નકામી અગ્નિ બરોબર છે

"દેખી વોહ કીજીયે"

(કવિત)

માથેપે મુકુટ દેખી, ચંદ્રિકા ચટક દેખી,
છબિકી લટક દેખી, રૂપ રસ પીજીયે;
લોચન વિશાલ દેખી, ગલે ગુંજમાલ દેખી,
અધરકો લાલ દેખી, ચિત્ત ચોંપ કીજીયે;
કુંડલ હલન દેખી, અલકે ખિલન દેખી,
પલકે ચલન દેખી, રસબસ કીજીયે;
પીતામ્બર છોર દેખી, મુરલીકી ધુન દેખી,
સાંવરેકી ઔર દેખી, દેખી વોહ કીજીયે.........(૧૩)

અર્થ—માથાપર ધરેલ મુગટ, ચંદ્ર સમાન કાન્તિ અને શરિરની પ્રભા વીગેરે શણગારથી શોભીતી સુંદરતા જોઈ નૂરરૂપી રસનું પાન કરીએ છીએ; કમળ દળ જેવાં નેત્રો, કોટે ચણોઠીની માળા અને કાનનાં કુંડળનો ઝગમગાટ જોઇ અંતર ઉછળી ઉછળીને તે પ્રત્યે લોભાય છે; નીચેના અમૃતભરેલા હોઠની રતાશ અને પળે પળે બદલાતી ચપળતાવાળી ચિકીત્સા જોઇ નવરસથી ભીંજાઇ જઇએ છીએ; પીતાંબરના, કટિપર થઇ ગુઠણ નીચે લટકતા પાલવનું મંદમંદ વાયુના વેગથી મોરની કળાઇ માફક પગ પ્રદેશની નજીક ઉડવું; જીણા મધુર સાદે બજતી મોરલીના મોહક નાદ સ્વાદની મિઠાશ અને શ્યામ રંગી (શ્રીકૃષ્ણચંદ્ર)

ની એવી અનેક મન લોભાવનાર ચેષ્ટા ને જોઈ તે સઘળી બુદ્ધિ પ્રમાણે કહીએ છીએ એમ ગોપાંગનાઓ કહે છે.

" કોના પર બલીહારી "

(કવિત)

ઝુલે હીંડોરે દેખો છેલો, નંદલાલ પ્યારો,
પ્યારી બ્રકુભાનકી, દુલારીરી ઝુલાતરી;
કનક બન્યો હીંડોર, હિરહુકી નીકી દોર,
રત્ન જડીત દાંડી, સુંદર સુહાતરી;
નીકે બને નંદલાલ, ફુલનકી નીકી માલ,
નીકી અલબેલી રાધે, ઝુલા સુખ ગાતરી;
શ્યામા શ્યામરૂપ ધામ, દેખી લાજ કોટી કામ,
જુગલ જોરીપેં બ્રહ્માનંદ, બલ જાતરી........(૧૪)

અર્થ—સુવર્ણના હીંડોળે રેશમની દોરી બાંધેલી હતી અને તેની દાંડી રત્નથી જડેલી હતી તેવા, સુશોભીત હીંડોળાપર શ્રી કૃષ્ણચંદ્ર ઝૂલતા હતા અને તેને બ્રકુભાનની મુગ્ધા કુમારીકા રાધીકાજી મંદમંદ ઝુલા નાખી ઝુલાવતી હતી. આ વખતે, અલૌકિક શ્રી કૃષ્ણચંદ્રનું સ્વરૂપ અને તેમાં એવું અલૌકિક શણગાર સાધન ઉપરાંત અલૌકિક ફુલની માળા પહેરી હતી; એટલું જ નહીં પણ અલૌકિક અલબેલી રાધીકાજી સમીપે રહી શોભામા ઓર વધારો કરતી હતી. જે સમયનું વર્ણન કરતાં બ્રહ્માનંદ કહે છે કે એ શ્રી કૃષ્ણ–ચંદ્ર અને રાધીકાજી ખરેખર રૂપના ભંડાર સમાન દેખાતાં હતાં કે જેને જોતાં ક્રોડ કામદેવનું સ્વરૂપ ઝાંખભર્યું કહી શકાય.

" સબ બાતમેં કમાલ હે. "

(કવિત.)

ગઢ ગંજન કમાલ, અરીભંજન કમાલ,
મનરંજન કમાલ ઓર સુરત રસાલ હે;

પ્રીતમેં કમાલ, રણજીતમેં કમાલ,
રાજરીતમેં કમાલ, દેખ્યો પ્રજાપતિપાલહૈ;
રાજમેં કમાલ, સબ કાજમેં કમાલ,
દિલસાજમેં કમાલ, સદાઐરિ શિરસાલ હૈ;
ખાગમેં કમાલ, અરૂત્યાગમેં કમાલ,
દેખ્યો ખાનહુ કમાલ, સબ બાતમેં કમાલ હૈ. (૧૫)

અર્થ—કિલ્લાનો મરોડ મર્દનાર, દુશ્મન:દમામને તોડનાર, સંજોગમાં આવતાં સજ્જનનાં મનને ખુશી કરનાર અને જેનું કલેવર સુંદરતાથી છવાયલું છે, વળી સજ્જની સાથે સ્નેહ કરીને નિભાવી જાણનાર, લડાઈના મેદાનમાં વિજય કરનાર, રાજ્યકર્ત્તા તરીકેની ફરજ સમજી તેને અદા કરનાર, દરેક રાજ્યકર્ત્તાઓની મર્યાદારૂપ સઘળા વ્યવહારૂ કાર્યને યુક્તિ જુક્તિથી સમજી ઉકેલનાર, નિજ હૃદયને પ્રતિદિન આનંદમાં રાખનાર અને દુશ્મનોનાં માથાપર એક બોજરૂપ થઇ રહેનાર સર્વથી સજેલો અને વળી સર્વથી વિદેહી આખા ખાન કુટુંબને ઉન્નતિના તખ્તપર શોભાવનાર બસ એક કમાલ નામનો રાજ્યકર્ત્તા થઇ ગયો કે જે સર્વ ગુણથી સજેલો હતો.

"રાજાનું કર્તવ્ય."

(કવિત.)

છોટે છોટે ગુલનીકો, સુરનીકી બારીકરે,
પાતરેસ પોલાપાની, પોખ કરી પારેવો;
ફુલી ફુલવાડીનીકે ફુલ મોરી લેવે ખરે,
ઘને દરખત એક હોરતેં ઉખારવો;
નીચે પરે પાઇની તે ટેક દેઇ ઉંચે કરે,
ઉંચી ચઢી ગયે તે જરૂર કાટી ડારવો;

રાજાનીકો માલનીકો દિન પ્રતિ હેવિદાસ,
ચારી ઘરી રાતી રહે ઇતનો બિચારવો........(૧૬)

અર્થ—નાના નાના ફુલના કુમળા રોપાની ખિલવણી માટે તેના રક્ષણાર્થે ફરતી વાડ કરવી. રેચક પાંદડાં થયાં હોય તેને તોડી નાખી દરેક રોપાને ખંતથી પાણી સિંચન કરવું, ફુલ રોપાની નાજુક ડાળિઓ પોતાનાં તાજાં અને સુંદર ફુલથી લચિમચિ રહે ત્યારે તેના પરથી ઉપયોગ અર્થે ફુલ ચુંટી પણ લેવાં, નાના રોપાઓને નાશકારક બનતું એકાદ ઝાડ જણાય તો તે ઝાડને કાપી નાખવું, કોઈ ઝાડ નીચે પડી જાય તો તેને ટેકણ આપી ઉંચું રાખવું, ઉંચું વધી જાય તેને છેદી બરાબર રાખવું, આ રીતે માળી અને રાજા એ બંનેનું કામ એક સરખુંજ છે અને તે બન્નેએ સદૈવ પોતાના કાર્યની ચિવટ પાછલી રાત્રિનો એક પહોર રહે ત્યારે નિદ્રા ત્યાગી વિવેક દ્રષ્ટિથી વિચાર કરી કાર્ય કરવું.

“ જુંઠ હે બાજી બંદા ”

(કુંડળીઓ.)

બંદા બાજી ઝુંઠ હે, મત સાચી કર માન;
કહાં બીરબલ ગંગ હે, કહાંહે અકબરખાન.
કહાંહે અકબરખાંન, બંકુકી રહે બડાઇ;
ફતેસીંહ મહારાજ, દેખ ઉઠ ચલ ગયે ભાઇ.
કહે દીન દરવેશ, અમર પેદાહી કરંદા;
મત સાચી કર માન, ઝુંઠ હે બાજી બંદા. (૧૭)

અર્થ—દીન દરવેશ નામનો કવિ કહે છે કે, હે પ્રાણી ! આ જગતની બાજી તદન મીથ્યા છે તો તેને સાચી જાણી છેવટ સુધી ખેલવી, એ કેવળ મુર્ખતા છે, કારણ કે બીરબલ અને ગંગ જેવા મહા વિદ્વાન, અકબર અને ફતેસિંહરાવ જેવા મહારાજા

આદિ અનેક મોટા રાજા મહારાજા પણ અંતે ચાલતા થયા છે ને તે બાજી તો જેવી ને તેવીજ અહીં મોજુદ રહી છે; માટે સમજ અને પેદા કરનાર માલિક પ્રભુનું ભજન કર તથા ખોટી આ ખલકની બાજીનો ત્યાગ કર.

"શુર મેદાનમાં કોનું કામ નહીં ?"

(દોહો)

શુરા કે મૈદાનમેં, નહીં કાયરકો કામ;
ન મોર ન માર શકે, લઇ લઇ ભાગે પ્રાણ.....(૧૮)

અર્થ—શુરવીરને રમણ કરવાનું મેદાન કે જેને લડાઇનું મેદાન કહેવામાં આવે છે અને જે મેદાનમાં શુરવીરો હાથમાં નાગી સમશેરો લઈ કેશરિયાં કરી રમવાને ઉતરી પડયા હોય તે વખતે તે સ્થાને બિકણ બાયલા કે નાહિમત નાદાન નરનું કાંઈ કામ નથી. છતાં ભોગજોગે તેવો માણસ ત્યાં આવી ચડયો હોય તો તે શત્રુને નહિ મારી શકે પણ ઉલટો જીવ લઇને નાશી છુટશે, સાથી શુરવીરનાં રહૃદયાં ભયતાની હવા પ્રગટાવશે.

"કવિનું કયાં કામ નહીં ?"

(કવિત)

નાગનકે ગાવનમેં, ધોબનકો કહા કામ;
પાતરકો કહા કામ નાજરકી યારીમેં;
*　　*　　*　　*
મુરખ તમામ વહાં, ચાતુરકો કહા કામ;
કોયલકો કહા કામ, બબુલકી ઝારીમેં;
\+　　\+　　\+　　\+
કહે જેષ્ટાલાલ હમ યાર હે ઉદારનકો.
કવિયનકો કહાકામ સુમકી કચારીમેં........(૧૯)

અર્થ—નવસાં લોક અર્થાતસર્વદા નગ્ન રહેનારાં લોકો વસતાં હોય ત્યાં બિચારો ધોબી શી રીતે રહી શકે? અક્કલહિન માણસના સમુહમાં એક સુઘડ નર શી રીતે નભી શકે? આંબાવનની રહેનારી કોયલ બાવળવનમાં પોતાનું રહેઠાણ શી રીતે ધારી શકે? મતલબ કે તે સઘળાં જેમ વિપરીત સ્થાનકે ન દીપે તેમ જેષ્ટ કવિ કહે છે કે કંજુસ રાજાની સભામાં બિચારો કવિ શી રીતે વસી શકે?

" સંપતિ (સાયાબ) પગ તળે કયારે કચરાશે ?"

(કવિત)

ધીરજ ન છાંડીયે, રૂંધાઇએ ન ધન ધામ,
દીન વચન ભાંખે નહીં દીનતા મરેગી;
ચિન્તા મત માનો, ચિત્ત ચાતુરી ન ત્યાગો,
શિર નિચ કોનમાએ નહીં આપત્તિ ટરેગી;
રઘુવિર અધમ આધિન હોકે મત રહો,
શેખીકે છાંડે નહી સંપદા ભરેગી;
જા દીન રઘુનાથ હાથ છાંયા ધરેંગે આય,
તા દીન સંપતિ આય પાયનમે પરેગી....(૨૦)

અર્થ–પૈસા અને મ્હેલ વૈભવના સુખની આશાએ અધિરાં બની હડીયો ન કાઢવી પણ સબુરી રાખી રહેવું ને મનમાં હિંમત ધરવી. કોઇ આગળ કંગાળ્યત ગાવાથી કંગાળ્યત ટળતી નથી પણ ભરમ ખુલ્લો થાય છે. માટે દુર્બળતા દાખવવી નહીં. શુભ કાર્ય અર્થે સતત ચિતમાં, પ્રયાસ વીષે ચિન્તા રાખવી પણ ચતુર પણાને ત્યાગ ન કરવો. આપ મતલબીઆ માણસની પાસે માથું ન ઝુકાવવું કેમકે તે આપદા ટાળશે નહિ પણ મશ્કરીમાં ઉડાવશે. વળી અધર્મિને આધિન થઈ પોતાની વટ પણ ન ગુમાવવી કેમકે વટ ગુમાવી અધર્મિને આધિન રહેવાથી પણ સંપતિ

નહીં મળે પણ મળશે કયારે કે જ્યારે પરમાત્માની થશે ત્યારે.

" અમુલ્ય અવસર આવ્યો છે. "

(અરલ.)

દેહ ગેહસેં નેહ, નીવારી દીજીયે;
રાજી જીસે રામ, કામ સોઈ કીજીયે.
રહ્યા ન બેસી કોઇ, રંક અરૂ રાવરે;
કરલે અપના કાજ, બન્યા હદ દાવરે........(૨૧)

અર્થ—શરીર અને ધન ધામ કે જે આત્મિક જ્ઞાન દ્રષ્ટિથી જોતાં તદ્દન નકામાં અને અનિષ્ટનાં સબળ કારણરૂપ દેખાય છે તેની સાથે સ્નેહ એટલે કે તેની અભિલાષા અથવા તો તેના પ્રસંગમાં રહીને કે તેનાથીજ આનંદ માની વય વીતાવવાની દ્રઢતા દુર કરવી અને જે કાર્યથી શ્રી રામ (પેદા કરનાર માલિક) ખુશી રહે તે કામ કરવું અર્થાત જે નીમિતે આ મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે તે નીમિતના પ્રયાસમાંજ મગ્ન રહી જીવન પુરૂં કરવું, કારણ કે કાળરૂપી દેડકો આયુષ્યરૂપ મચ્છરને ગળવા મુખ ફાડીને રાહ જોઇ રહ્યો છે. કે જે મુખમાં અસંખ્ય નામધારી પ્રાણીઓનાં મચ્છરરૂપ આયુષ્ય પડી ભક્ષ થયાં છે.

" અહીં આવી શું કરવાનું છે ? "

(સવૈયો.)

જો કરે સો તું વીચાર કરે, ફલ ચાર વીષે હિત રાજતહે;
વૃત સંયમ નિમસેં વૃતકાર્યા કરે, ભક્તિ ભલી બીધી છાજતહે;
કરી સેવઇ દેવ મનાય ભલી, બર પાય ધરા પર ગાજતહે;
મહ રાજસ જ્ઞાન અનીન કહે, જતું ધર્મ સ્વરૂપ બિરાજતહે.(૨૨)

અર્થ—અનીન કવિ કહે છે કે દરેક પ્રાણીએ અંતરમાં એજ ઉમેદ રાખવી કે જે ચાર ફળને એટલે કે ધર્મ અર્થ કામ ને મોક્ષને આપનાર છે તે સાધન પ્રાપ્ત કરવું, કે જે સાધનનું નામાભિધાન ધર્મ છે, અને તે પ્રાપ્તાર્થે ભક્તિ કરવી પણ તે ભક્તિ કઇ રીતીની કે સત્યવાદિ થવાનું વૃત્ત રાખવું. પ્રાણી માત્રનું શુભ ઇચ્છવું. દયામાં વૃત્તિ વધુંધવી અને માનવધર્મને છાજે તેવી સતત શુભ ક્રિયા કરવી. એ ચારે કાર્યરૂપ ભક્તિથી જ્ઞાન અને જ્ઞાનથી ધર્મ કે જે ખરેખર જીવન સફળ કરવાને એક મજબુત સાધન છે તે પ્રાપ્ત થાય છે.

મુચ્છના મરોડપર ક્રોડો વારી જાય.

કવિત.

જાકે ભુજ દંડ દેખી લજતહે શુંડાદંડ;
પોંચે બલ દેખી સીંહ હથન વિદારેહેં;
દુર્જનકે સાલ ઔર સજનકે પ્રતિપાલ,
રાજત વિશાલ દ્રગ વિધિકે સમારેહેં;
હાથકી કુપાન કારી નાગીની સમાનજાકી,
બડેખાન ખાનાં દેખી હિંમતકો હારેહેં;
રાજચહુ ઓર ઔર દેખે બરજોર માના,
મુચ્છકે મરોરપર ક્રોર વારી ડારેહે........(૨૩)

અર્થ—માનાજી ગાયકવાડની પ્રસંશાપુષ્ટિ માટે આદિતરામ નામના કવિ કહે છે કે, જેના હાથમાંનો રાજ્યદંડ જોઈને અહંકારી અને સમર્થ શુરવીરોના ત્રાસ દંડ લજાઈ જતા, જેના પહોંચા એટલે કાંડાનું બળ વનરાજના (સિંહ) બળથી પણ અધિક ગણાતું અને વળી નઠારાં કામ કરનારને એક ત્રાસરૂપ અને શુભ કામ કરનાર સજ્જનનો પાલનહાર કે જેનાં નેત્રોમાંથી એક ક્રોધાગ્નિનો અને બીજો અમૃતધારાનો એમ બે ઝરા સતત યોગ્ય

યોગ્ય પાત્રને માટે નિરંતર પુર વેગથી ઝર્યા કરતા. જેનો કોપ દુષ્ટપ્રત્યે કાળી ઝેરી નાગણુથી પણ અધિક વિખભર્યો કહેવાતો, અને, તે વખતના હરેક રાજકર્ત્તા મંડળમાં એક રાજનુરના જવાહીર તરીકે પંકાતો, કે જેની મુચ્છની અકડાઇપર એટલે કે તેની મર્દાનગીની અડગ વૃત્તિપર અસંખ્ય શુરવીર સહાયકો ઓળઘોળ થઇ જતા, એવો એક માનનોજ ભંડાર માનાજીરાવ થઈ ગયો છે. (ધન્ય છે તેની જનેતાને.)

" એ દીન સંભારીને ઝુરે છે. "

(કવિત.)

મંજન અથાહ નીર બાસ હે બીસાલ જર્યા,
ઝાર હે અઢાર ભાર વિંધ્યાચલ પારકે;
મેવા અહાર કાજ અનેક ભાંત ભાતીનકે,
કરીનીકી યુથ મધ્ય કરનો બીહારકે;
વેતો સુખ ગયે અબ રહેમાર અંકુશકો,
ઝંઝીર ઝરે હે લોહ પાયમેં પસારકે;
ડારત હે ગજરાજ રજ શિશપેં ઉઠાય,
ઝુરત હે બાર બાર વે દિન સંભારકે. (૨૪)

અર્થ—પોતાની સુંઢ વડે પોતાના શિરે ધુળ નાખતા એક મદઝર હાથીને જોઈ કોઇએ સ્વાલ કર્યો કે તું શિરપર ધુળ કેમ નાખે છે? ત્યારે તે હાથી જવાબ આપે છે કે,

શરિરને સ્વચ્છ કરનાર, સુંદર, નિર્મળ અખુટ નિરથી ભરેલું જળાશય કે જેની અંદર કમળવેલાના અસંખ્ય તંતુઓ છવાઇ ગયા હતા, જેના કિનારા હરિઆળી લીલોતરીવાળા અને હીંચોળા ખાવાને સાધનભુત થાય તેવાં અનેક વિશાળ વૃક્ષ કે જે વિંધ્યાચળ પર્વતનાં વૃક્ષોને પણ જેબ આપે તેવાં અને વળી રૂતુ રૂતુના ફાલથી ફુળી ફળવંત થઈ રહેતાં તેવાં વૃક્ષથી શોભી રહેતા હતા. એવા માનસરમાં મન ગમતી મુગ્ધા હાથણીઓના વૃંદમાં મસ્તથી

ફરતો અને આનંદ ક્રિડા કરવામાં જીવન વિતાવતો એવો જે હું (હાથી) તેને હવે દાબરૂપ અંકુશના ડરમાં અને પરાધિનતારૂપ ઝંજીરના બંધનમાં દિવસ વીતાવવાનું ઠરતાં ગત આનંદના દિવસોનું સ્મર્ણ કરી અત્યારના ચાલુ આવા દિન સાથે મુકાબલો કરી પસ્તાવાના પરિણામે હું મદોનમત તે અત્યારે નિર્માલ્ય બનેલો આપ મેળેજ માથાપર ધુળ નાખીને પસ્તાઉં છું, અને દુનિયાને બતાવું છું કે જે માથાંમાં અમુલ્ય મોતિ પાકતાં અને જેમાંથી મદ ઝરતું તેનાપર કાળગતીથી હવે ધુળ ચડે છે.

" બળદ જેવા "

(દુહો.)

મેં જાનું અદ્ધશેર હો, તુંમ તો પુરે શેર.
હેમસુતાપતિ વાહનાં તામે ફાર ન ફેર. (૨૫)

અર્થ—એક આપ શેખીને વખાણનાર પુરૂષને સાથેનો સજન કહે છે કે, હું તો અત્યારસુધી તમોને એમજ જાણતો હતો કે તમે શક્તિમાં અરધ શેર છો. પણ નહીં તમારી વાતો સાંભળી ખાતરી થઇ છે કે તમે પુરેપુરા શેર છો. વળી તમારામાં અને (હેમસુતા એટલે હિમાચળ પર્વતની પુત્રી પાર્વતિ અને તેના પતિ શ્રી મહેશ અને તેનું વાહન જે બળદિઓ) હેમસુતા પતિના વાહનમાં લેશ પણ ફારફેર નથી.

" કોના જેવો કોઇ નથી. "

(કવીત.)

ભાન કહે ભર્તખંડ ભુમિકાકે ભુપનકો,
બીર લખધી કી પ્રસંશા સત્ય બાનમેં;
યહાં પક્ષપાત હેન ઉપમાકી બાત હેન,
જેસો હોય તસો કહું શારદા જબાનમેં;

વૈભવ બરાબરીમેં વિશ્વમેં અનેક બસે,
ભાતકી બરાબરી ન ભુપતકે ભાનમેં;
જાતકી બરાબરી બરાબરી હૈ ગાતકીપ,
હાથકી બરાબરી કોહે ન હિન્દવાનમેં. ....(૨૬)

અર્થ—લખધીર નામના મહારાજાની પ્રશંશા કરતાં એક કવિ લખધીર રાજાને સંબોધી કહે છે કે હું ચોગરદમ હિન્દ દેશ ફરી વળ્યો અને તેની અંદરના મેં સઘળા રાજ્યકર્ત્તા જોયા કે જે સર્વમાં એકાદ કોઇ ત્હારા વૈભવ સુખ જેવું વૈભવ સુખ માણે છે. જેની રીતિ ત્હારી રીતિના પ્રમાણમાં છે, જેનું કુળ ત્હારા કુળ જેવું ગૌરવતામાં છે, અને જેના શરિરની સુંદરતા ત્હારા શરિરની સુંદરતાની ગણનાને પહોંચી વળે તેમ છે, એમ દરેક રીતે ત્હારે મુકાબલે આવી શકે છે પણ કોઇ ત્હારા હાથની બરાબરીમાં આવી શકે તેવો તો મેં ન જોયો. મતલબ કે ત્હારા હાથ દાન દેવામાં અને શુરાતન બતાવવામાં જેવા જશનામિ અને સાવધ રહે છે; તેવા અન્ય કોઇના હાથ નથી જોયા.

" પાજી ! બાજી તજીદે "

(કુંડળીઓ.)

પ્યાજી બાજી જુઠ હે તજ, લોલપ લોભ સ્વભાવ,
હિન્દુપતિ તો મર ગયે, નાને માધવરાવ—
નાને માધવરાવ, મુવે જસિંગ સવાઇ;
મિરઝાં મુની વ નવાબ, મોત તીનકુંભી આઇ;
કહત દાસ કલ્યાન, ભયો કાયામેં રાજી;
ભજ મુખ શ્રીભગવાન, જુઠ તજ પ્યાજી બાજી.(૨૭)

અર્થ—કલ્યાનદાસ કવિ દાસીત્વરૂપે પોતાના સ્વામિ (પ્યાજી—પીયાજી—પીયુ કે કંથ) ને એટલે જીવને કહે છે કે;

તું નકામી જગતની જુઠી બાજીમાં હાયવોય કરીને, શરિર ચિરકાળ રહેશે એમ ધારી શિદને મચ્યો રહ્યો છે ? નાનો માધવરાવ, સવાઇ જયસિંગ, મિરઝાં, મુની અને અસંખ્ય નવાબ, રાજા મહારાણા વિગેરેને મોત ગળી ગયું છે તો તું શા લેખામાં છો ? માટે જેમ બને તેમ બીજી જંજાળ તજ અને માલિકને ભજ કે જેથી ત્હારૂં પરિણામે કલ્યાણ થાય.

" સત્યવાદિનો સિધાન્ત. "

(દોહો)

શુરા તેજ ઘટે નહીં, જ્યું ધરણુ ગુંડે ગમાડ;
સત વચન પલટે નહીં, (જો) ઉલટી જાય બ્રહ્માંડ.(૨૮)

અર્થ—જેમ વીર પુરૂષો હજારો વખત સમરના મેદાનમાં ઉતરે તો પણ તેનું વીરત્વ ઘટે નહિં, જમીનને ગમે તેટલી ખોદી લ્યો પણ તે ઓછી થાય નહીં, તેમ બ્રહ્માંડનો ગોળો ઉથલપાથલ થાય કે પૃથ્વી રસાતાળ જાય તો પણ સત્ય વચન બોલનારો માણસ સત્ય ચુકેજ નહીં (તેવાની બલીહારી છે).

" મર્દ મહોબતની મહત્તા. "

(કુંડળિયો.)

મહોબત કીજે મર્દશું, કબહુક આવે કામ;
શિર સાટે શિર દેતહે, દુઃખીયનકો બિશ્રામ.
દુઃખીયનકો બિશ્રામ, દુઃખ અપને તન ઝીલે;
મટે ન જબલગ માંડી, તહાં અપનો કર દીલે,
કથે સુ કવિયાં કાન, સત્યસેં સાચી સોબત;
કબહુ આવત કામ, મર્દસે સાચી મહોબત. (૨૯)

અર્થ—કાન કવિ કહે છે કે સર્વ કોઇએ સ્નેહ કરવો તો મર્દ માણસ સાથે એટલે કે જે માનવધર્મની ફરજ અદા કરવાનું સમ-

જતો હોય અને જેને સ્નેહના ગૌરવની જાણ હોય તેની સાથે કરવો. કેમકે મર્દ માણસનો સ્નેહ પ્રસંગે માથાને બદલે પોતાનું માથું આપવાને પણ ચુકતો નથી અને સ્નેહીના ઉપરથી જ્યાં સુધી દુઃખ ટળતું નથી ત્યાંસુધી દુઃખનો ભાગ લઈ સ્નેહીને દુઃખમાંથી નિવૃત કરે છે. (છે કોઇ વર્તમાન સમયમાં આવો સ્નેહી !)

" અંતે સર્વને જવાનુંજ છે. "

(દુહો.)

બાત ગયે, સબ જાયગે, રહે ન બાકી કોઉ;
ક્યું સોચત ગત ઇઅકે, રહે ન સોચત રોઉ. (૩૦)

અર્થ—આ શ્રષ્ટિના તખ્તા ઉપરથી અસંખ્યમાણુસો ગયાં છે અને બાકીનાં જે છે તે અવધિ પુરી થતાં સર્વ ક્રમવાર અંતે જવાનાં છે, તો પછી જનારાંને જતાં જોઈ તમે કેમ પસ્તાવો છો કે પાછળ રડો છો? તમો એટલે પસ્તાવો કરનાર અને રડનાર પણ એક દીવસે નક્કી જવાના છો તો પછી કોના માટે રડો છો ?

" ઉપદેશ "

(અરલ.)

નહીં હે તેરા કોય, નહીં તેં કોયકા,
સ્વારથકા સંસાર, બન્યા દિન દોયકા;
મેરી મેરી માન, ફીરત અભિમાનમેં,
અતરાને નરમુઢ, અહી અજ્ઞાનમેં..........(૩૧)

અર્થ—અરે હે પામર પ્રાણી! મુર્ખાઈ અને અજ્ઞાનતાના આવેશમાં અતડો બની મદાંધ અને મસ્તની માફક ફરે છે અને દરેક વસ્તુને મારી મારી કરે છે, પણ વિવેક દ્રષ્ટિથી જરા વીચાર તો કર કે, આ સઘળી દુનિયા કેવળ સ્વાર્થમય છે; એટલુંજ નહીં પણ બે દીવસના શંભુમેળા જેવી છે તેમાં કોઇ ત્હારૂં નથી અને તું કોઈનો નથી.

" સુનાર હોઉં તો સુનાર જરૂર લાઉં.."

(કવિત.)

શ્યામરી સલોની ગજ ગોંની મૃગ છોછી નેન,
કોકિલ કલ બેનીયોં રીઝોની રિસ રાચેકી;
જ્યાં દીનસે ઉધ્ધવ મેને કહી બાત માધબકી,
તાદીન તે સુધો માંપે સુનીતાન સાચેકી;
કહે કનરેશ બેસ થોરી પેન ભોરીલેશ,
ગજબી ગુંજારી બેમ તાંસે તમાસેકી;
કરો જો કરાર સો સુનીયે મુરાદ મેરી,
જો મેં સુનાર તો સુનાર લાઉં સાચેકી............(૩૨)

અર્થ—શ્યામ સુરતવાળી અને જેની ચાલવાની ગતિ મદઝર હાથીની માફક મંદમંદ છે, જેનાં નેત્રો મૃગ નેત્રોની શોભાને પણ શરમાવે છે, જેનાં વેણુનો પ્રતિધ્વની કોયલના કલરવથી પણ અધિક પ્રિય લાગે છે, અને જેનો સ્વભાવ ગમે તેવી પ્રકૃતિના મનુષ્યોનાં દિલ રંજન કરી શકવાને પુરતો છે, તેવી ગોકુળનિવાસી સુઘડ અને સુંદર ગોપાંગના ઓધવજીના સાથે શ્રી કૃષ્ણને સંદેશો કહાવે છે કે, જે દીવસથી મેં ત્હમારી સાથે સ્નેહ સાંધ્યો ત્યારથી તે સ્વાદમાં અમો મસ્ત બની રહીતી પણ તે સ્નેહને છેહ દઈ તમે નમેરા થઇ અમને રડવડતાં મેલી જ્યારથી મથુરાં જઈ રહ્યા ત્યારથી અમારી સુઘડતા અને શુદ્ધબુધ સઘળું વિસરી ગયાં છીએ અને એક દીવાનાની દશા ભોગવીએ છીએ; પણ એથી કરીને હે ઓદ્ધવ! (સ્નેહને છેહ દેનારે) એમ નથી સમજવાનું કે અમો અબળા તો અબળાજ છીએ, પણ જો તેને ગુમાન હોય તો પ્રેમની પ્રબળતાએ પ્રતિજ્ઞા કરી કહીએ છીએ કે અમે સુવાડ નાર ખરેખરી હોઇએ તો અમારી સાથે સુનાર (પોઢનાર–શ્રી કૃષ્ણ) ને અવશ્ય પાછા અમારા સહવાસમાં લાવી શકીએ તેમ છીએ.

———

" અબધુત અતિતની રીત કેવી ? "

(સવૈયા.)

હર્ષ ન શોક ન રાગ ન રોષ હુ,
બંધન મોક્ષની આશ નહી હે;
બૈર ન પ્રીત ન હાર ન જીત ન,
ગાર ન ગીત સો રીત ગ્રહી હે;
ઉંચ ન નીચ ન જાત ન ભાત ન,
દિન ન રાત સુદ્રષ્ટિ ભરી હે,
નિર્ગુન જ્ઞાન અનીન કહે,
અબધુત અતિતકી રીત એહી હે............(૩૩)

અર્થ—જેના હૃદયમાં હરખ યા શોક, સ્નેહ કે ઈર્ષા, પરાધીનતા કે સ્વતંત્રતા, હાર કે જીત કંઈ પણ નથી એવી જેણે શૈલી ગ્રહણ કરી છે તેમજ નાત જાત, ઉચ કે નીચ, દીવસ યા રાત, શીત કે અગ્ની બધું એકસરખુંજ ગણે છે તેવાઓ ખરેખર અનીન કવિ કહે છે કે નિર્ગુણ જ્ઞાનવાળા સમર્થ કહેવાય છે, કે જે જ્ઞાન ઉત્તમમાં ઉત્તમ ગણાય છે.

" ખરી કીંમત ખરીદનાર મળ્યે મળશે. "

(કવિત.)

ચશમ ચઢાય ચખ ભુલ મત ભાવિ હુંતે,
અવસર ચુકે યહાં ફેર નહીં આવેંગે;
બઢેવા ઘટેવા મેરો પસ્યાકે કરૈયા હોત,
તોપે ના પીછાને તો કહાં હમ જાવેંગે;
ભાન કવિ જો હરીસો હીરા કહે બાર બાર,
બિરદ બિચાર બાત આનપેં ન ભાવેંગે;
તેરે સો મીલેગો કોઉ કરેગો ખરીદ તબ,
કનુકા ભયેક નેક સત્ય મુલ પાવેંગે................(૩૪)

અર્થ—કોઈ એક રાજા આગળ કાવ્યરસથી લંકાર થયેલો કવિ જઇ ચડયો, પણ રાજાને કાવ્યરસનું બિલકુલ ભાન, ન હોવાથી રાજ્યકર્તા તરીકે કવિજનનો કરવો જોઇતો યોગ્ય સત્કાર તેનાથી ન બન્યો, એટલે અપમાન પામેલા કવિએ રાજાને કહ્યું કે અજ્ઞાન અંધારીરૂપ ચશ્માને તેં ત્હારી આંખે લગાવ્યા જણાય છે કે જેના લીધે ત્હારી નેત્રગતિ મંદ થઈ છે અને તેથી ત્હને કંઇ પણ પારખવાની શકિત નથી; પણ જરા યોગ્ય રીતિથી જો, અને વિચાર કર કે પ્રતિકુળતાના પ્રસંગે જ્યારે કવિઓ રાજય આશ્રે નહીં આવે તો કયાં જશે ? વળી રાજ્યકર્તાના ગુણુને એક હીરાની ઉપમા આપીને કહે છે કે તું કવિજનરૂપ ઝવેરીના હાથમાં જઈ પરખાઇશ તો તો તારી કીંમત તે વ્યાજબીજ કરશે, પણ ચણોઠી વેચનાર ભીલડીના હાથે જઈશ તો તે તને નકી એક મુઠી કણુકના મુલે વેચશે, મતલબ કે અજ્ઞાની હોવાથી તે ત્હારૂં મુલ નહીં જણાવી શકે કે પોતે લઇ શકે.

" મર્દને ઝપટત મેરી "

(કુંડળીઓ.

મેરી ઝપટત મર્દકુ, મર્દ રહ્યા ગમ ખાય,
પાનો પડયો કુનારસે, રાવ કહાં લઈ જાય;
રાવ કહાં લઈ જાય, મેરી તો એસી મંડી;
કહાં બદલાને જાય, નહીં કુંભારકી હંડી.
કથે સુ કવિયાં કાન, મેરી મનમાંહે ઝેરી;
મતિ હિન હે નાર, મરદકુ ઝપટત મેરી.....(૩૫)

અર્થ—પુરૂષ ગમે તેવો સમર્થ, સમજુ અને બાહોશ હોય પણ તેને સ્ત્રી એક પલકમાં આધિન કરી શકે છે, અને તે પણ કયાંસુધી આધિન થઈ રહે છે કે ગમે તેવું જુવે, જાણે અને ભોગવે તોપણ સહન કરી લે છે. તેમાં પણ જેને ખરાબ સ્ત્રીથી

મનાશે પડયો છે તેનો ભવ બગડે છે, અને તેવી સ્ત્રીના સહવાસથી તેને ભોગવવી પડતી હાડમારીની શવ કોની પાસે લઇ જવી ? તેમ તે કુંભારના ઘરનો ઘડો પણ નથી કે ખરાબ નીવડતાં બદલાવી લઈએ. વળી જે સ્ત્રીના ગુણ સ્વભાવ ઝેરી કહેવાય છે ને જે બુદ્ધિમાં પછાત બોલાય છે તેવી બાહોશ પુરૂષને તાબે કરી રાખે છે એ ખરેખર અજાયબી નહી તો બીજું શું ?

" તારી મોટાઇને ધિક્કાર છે. "

(કવિત.)

જીવન અપાર જાકી જાતકો ન આવે થાહ,
કીયે કોલ ભાંતિ ભાંતિ રતનકી ઢેરી હૈ;
સંપતિ કે સાગર જગતમેં કલ્યાણ કહે,
ઓરનકો દિજીયે બડાઇ સબ તેરી હે.
અંગ અંગ પુરન તરંગનસેં છાઇ રહ્યો,
સુરચંદ તાત એક બાત ઘટ ઘેરી હે;
બાટકે બટાઉ પ્યાસે પુછે તીર કુંપ કહાં,
અહો ક્ષિર સાગર બડાઈ ધિક તેરી હૈ.....(૩૬)

અર્થ—કલ્યાણ કવિ સમુદ્રને સંબોધીને કહે છે કે અરે હે સમુદ્ર ! ત્હારી જાતના જશનો કોઈ પાર પામે તેવું નથી, ત્હારી પાસે અનેક જાતનાં રત્નોના અસંખ્ય ભંડારો છે, એટલુંજ નહીં પણ દુનિયામાં સઘળી સંપત્તિનો તું ખજાનારૂપ ગણાય છે અને ત્હારા શરીરનાં દરેક અવયવો મોજરૂપ લોઢથી ઉછાળા મારી રહ્યા છે એવો જે તું તે તેને કીનારે નીકળતું તૃષિત માણસ તૃષા ટાળવા માટે પુછે છે કે આટલે કેથે કોઇ કુવો છે કે તો હે સમુદ્ર એટલામાંજ ત્હારી સઘળી મોટાઇ ધુળધાણી ને વા પાણી થઇ જાય છે.

" બેહદના ચૌટામાં કબીર "

(દોહા)

હદ હદમેં સબ કોઇ ચલે, બેહદ ચલે ન કોઈ;
બેહદના ચૌટા મહીં, રહ્યા કબિરા સોય ....(૩૭)

અર્થ—આ જગતમાં સર્વ કોઇ માણુસ મર્યાદાવાળે રસ્તે ચાલવા લલચાય છે, પણ કોઈ મર્યાદારહિત અને ભય ભરેલા માર્ગે જતું નથી એવા માર્ગના ચોકમાં સમર્થ કબીર અડંગો લગાવી રહ્યા છે.

" વિભુતિ રહી ગઇ "

(કવિત)

માંગ લીનો મઘવાને રાજ છાજ એરાવત,
કમલા ખગેશ હરિ માગ લીની હેતમેં;
સારથી સમેત રથ વાજી લે ગયો દિનેશ,
ચાર મુખ લે ગયો મરાલ હેત લેત મેં.
સુકવિ કિશોર મની માંગ લીની નાગરાજ,
હિયોહી લુંટાઈ સબ સુખ ભોગ હેત મેં;
દેત દેત સર્બ વૃષ કેતકે સમાજ રાજ,
રે ગઈ વિભુતિ ભુત બેલ હી નિકેતમે............(૩૮

અર્થ—વિભુતી એટલે ભસ્મને ધરતા શંકરને નિહાળી પાર્વતીજીએ પુછ્યું કે હે મહાદેવ ! ત્હમારા અધ્યક્ષપણા નીચેના સઘળા સંપતિવાન જણાય છે અને તમે વિભુતીવાન શી રીતે રહ્યા ? તેના પ્રશ્નમાં પાર્વતીજીને શંકરે કહ્યું કે મ્હારા અધ્યક્ષપણા નીચે વહેંચાતી સર્વ અમુલ્ય વસ્તુઓમાં ઇંદ્રે રાજ્યરૂપ ઐરાવત હાથી માગી લીધો, ગરૂડગામિ ગોવિંદે લલિત લાવણ્યમય લક્ષ્મિજી માગી લીધા, સાતમુખા ઘોડા સહીતનો રથ સુર્યે માગી લીધો, બ્રહ્માજીએ મુકતા આહારી હંસ [illegible] લીધો, એમ સર્વેએ માગી

અને તેને આપ્યું એટલે પાછળ વિભુતી (ઝેર) રહી તે મેં ગ્રહી (મોટા લોકો સદા આશ્રીતોનેજ સંતોષે છે.)

"કળિ મહીમા"

(છપ્પય.)

જ્ઞાનવંત હઠ ગ્રહે, નિર્ધન પરિવાર બઢાવે;
બંધુઆ કરે ગુમાન, ધની સેવક વૈધાવે.
પંડિત સુક્રીયા હિન, રાંડ દુર્બુદ્ધિ પ્રમાને;
વૃદ્ધ ન સમજે ધર્મ, નારી ભર્તા રિપુ માને,
કુળવંત પુરૂષ કુળ બીધિ તજે, બંધુ ન માને બંધુ હિત;
સન્યાસ ધાર ધન સંગ્રહે, જે જગમાં મુરખ બીદિત....(૩૯)

અર્થ—સમજદાર સજન હઠ સ્વભાવ રાખે, દ્રવ્ય વગરનો માણસ આશ્રિત વધારે, સંઘાતી ગર્વ રાખે, લક્ષ્મીપતિ (શેઠાઇ ભોગવતો) તે ચાકરને ઘેર ગમન કરે, અર્થાત્ શેવકની સ્રીની આશા કરે, વિદ્વાન સારા કર્મને તરછોડે, લુંડી શેડને નઠારી મતિનો માને, વયોવૃદ્ધ માણુસ ધર્મ ન સમજે, સ્રી પતિને દુશ્મન તરીકે લેખે, કુળમાં અગ્રેસર ગણાતો નર કુળની રીતિને પરહરે, ભાઇ સહોદરનું શુભ ન ઇચ્છે અને ત્યાગી પૈસાનો સંચિત બને એ સઘળું જગતમાં મુરખરૂપ છે. એટલુંજ નહી પણ તે કળિનુંજ લક્ષણ છે.

"સ્વભાવ ના બદલે"

(દોહરો.)

સ્વાન પુંછકી વક્રતા, અરૂ પુરૂષ સ્વભાવ;
કોટી જતન કરી કરી થકે, લેશ ન તજત સુભાવ.(૪૦)

અર્થ—કુતરાની વાંકી વળેલી પુંછડી અને માણુસમાં પ્રવેશી રહેલ ટેવ તે ઘણી રીતે અનેક પ્રયત્નો કર્યા છતાં પણ અસલ રૂપને તજી, ભિન્ન રસ્તે વળતાંજ નથી.

" હવે તો ચેત ! "

(અરલ)

કુડા નેહ કુટુંબ, ધનં હિત ધાયતા;
જબ ઘેરે જમરાય, ન કરે કોઇ સ્હાયતા.
અંતર ફુટી આંખ, ન સુજે આંધરે,
અબહુ ચેત અજાન, હરી શું સાધરે,........(૪૧)

અર્થ—આ સંસારમાં લક્ષ્મી અને તેના અંગે મનાતાં વૈભવ, સુખ વિગેરે તથા સગાં સબંધી વિગેરે સહુ કેવળ સ્વાર્થી છે મતલબ કે તેની સાથે સ્નેહ કરવો તે નકામો છે પણ અંતરમાં અજ્ઞાન એટલે મુર્ખતા ભરી છે જેથી તે વિચાર આવતા નથી ને તેના પ્રત્યે પરાણે લાગ્યો રહે છે. તો હે મુરખ મુઢ પ્રાણી ! હજુ પણ સમજ અને પેદા કરનાર માલિકની સાથે સંબંધ બાંધ કે જે પરિણામે ત્હારા હિતનુંજ છે.

" સમય પર શિશ કોણ આપે ! "

(કવિત.)

ધન દેવે ધામ દેવે, બાતકો બિશ્રામ દેવે,
રાજકી લગામ દેવે એસો પ્રિય પેખ્યો હે;
સમય અનુકુળ રેવે, ભુલ થાપ નહિ દેવે,
નિષ્કપટ ન્યાયી કુડ કપટ જીત છેકયો હે.
વાત ગુપ્ત રાખે દાખે, બોલ ના કદિ ઉથાપે,
પ્રકૃતી પિછાની જાની લાયક મન લેખ્યો હે;
કહત હે કવિ ગંગ સુનો મેરે દિલ્લીપતિ,
સમયપેં શીશ દેવે એસો કોઈ દેખ્યો હે ?....(૪૨)

અર્થ—આ જગતમાં એવા પણ સ્નેહી થયા છે અને થશે કે, સમયપર સ્નેહીને દ્રવ્ય મ્હેલ અને જમિનની નવાજેશ કર-

તાંની સાથે સુખ દુઃખની વાત સાંભળી વિકળત બનેલી વૃત્તિને શાંત કરે, વળી દરેક પ્રસંગે મરજીને આધિન વરતે તથા કોઈ પણ વાતે છેતરપીંડી ના કરે અને કપટ ભાવથી ન વરતે; બોલેલા શબ્દનું ઉલંઘન ન કરે અને ખાનગીમાં ખાનગી કહેલી વાતને ગમે તેટલું નુકશાન સહન કરે છતાં પ્રગટ ના કરે, વીગેરે અનેક ઉપકારો કરી સ્નેહી ધર્મ બજાવનાર સાંભળ્યા છે પણ અકબર-શાહને ગંગ કવિ કહે છે કે વખત આવે માથા સાટે માથું આપનાર મિત્ર અત્યાર સુધી તો નથી જોયો મતલબ કે માંથુ આપીશ એવી દ્રઢ પ્રતિજ્ઞાઓ કરી આપવા સુધીની હદપર આવે, પરંતુ માંથુ ઉતારી આપ્યું એવું તો નથી બન્યું (બધાઓ સ્નેહ બાંધો તો એવાથીજ બાંધજો નહીં તો પસ્તાવાનું ભંડોળ થાય તેવો નામનો સ્નેહ ન બાંધતાં.)

" જગત બળીને ક્યારે ખાખ થાય છે ? "

(દુહો.)

કહન સુનન સબહીંય કર્યા, ભયો એક નિરધાર;
જ્ઞાન અગ્નિ પ્રગટ ભઇ, જગત ભયો જરી છાર....(૪૩)

અર્થ—વેદ, પુરાણ, કુરાન, અને શાસ્ત્રો સાંભળ્યાં તથા મહાન મહાત્માની વાણી પણ લક્ષમાં ઉતારી જે ઉપરથી એટલોજ સાર પણ તે સત ગ્રહણ કર્યો કે પ્રાણીને જ્યારે અંતરમાં જ્ઞાન અગ્નિ પ્રગટ થાય છે ત્યારે દ્રષ્ય ભાસતું મિથ્યા જગત બળીને રાખસમાન દેખાય છે (જગત જ્યારે રાખવત દેખાય છે એટલે કે તેનાપરની લાલસા મુકાઈ જાય ત્યારે જીવપદ દુર થઈ શીવપદ પ્રાપ્ત થાય છે.)

" ગંગાની પવિત્રતા ગઠધો શું સમજે ? "

(સવૈયા.)

જટ્ટ કહા જાને ભટ્ટકો ભેદ,
કુંભાર કહા જાને ભેદ જગાકો;
મુઢ કહા જાને ગુઢકી બાતમેં,
ભિલ કહા જાને પાપ લગાકો.
પ્રિતકી રીત અતિત કહા જાને,
ભેંસ કહા જાને ખેત સગાકો.
કવિ ગંગ કહે સુન શા અકબર,
ગદ્ધા કહા જાને નિર ગંગાકો................(૪૪)

અર્થ—પલીત વૃત્તિનો માણુસ બ્રહ્મત્વની શુદ્ધતામાં શું સમજે ? માટીના વાસણ ઘડનારો કુંભાર માતૃભૂમિ (જમિન) ની મહત્તા શું જાણે ? મુરખ માણુસ સુઘડ સજ્જનની ચતુરાઈને શી રીતે વખાણે ? પારધીને પાપ કર્મનો ભય શાનો હોય ? પ્રેમી જનોની ઉર્મિ વેદના અનિત એટલે જન્મથીજ જેણે સંસારનો ત્યાગ કર્યો છે તે કેમ પીછાને ? ભેંસ (મહીષી) જાનવર પોતાના રક્ષકનું ક્ષેત્ર (અનાજ વાવેલી જગ્યા) છે માટે તેમાં ઉગેલો મોલ ન ખવાય તે કેવી રીતે સમજે તેમ ગંગ કવિ કહે છે કે રાખમાં આળોટનારૂં ગધેડું ગંગાજીનાં નિરમાં કેટલી બધી પવિત્રતા રહેલી છે, તે કેમ જાણે ? મતલબ કે બેખબરને ગોળ અને ખોળ, કથીર અને કુંદન સઘળું એમ સરખુંજ છે.

" ભિખ સર્વથી ખરાબ છે. "

(છપ્પય)

બુરો પ્રીતકો પંથ, બુરો જંગલકો બાસો;
બુરો નારકો નેહ, બુરો મુરખસેં હાંસો,

બુરી સુમકી સેવ, બુરો ભગની ઘર ભાઈ,
બુરી નાર કુલચ્છ, સાસ ઘર બુરો જમાઇ.
બુરો પેટ પંપાળ હે, બુરો શુરનમે ભાગનો,
કવિ ગંગ કહે અકબર સુનો,સબસે બુરોમાગનો(૪૫)

અર્થ—પ્રેમનો માર્ગ ખરાબ છે. પ્રેમીની સાથે સંયોગ ય ત્યાં સુધી તો પ્રેમ અમૃત સમાન થાય છે પણ જ્યારે તેનો વિયોગ થાય છે ત્યારે તે સ્નેહ હળાહળ ઝેર જેવો દુઃખકર ગણાય છે જેથીજ પ્રેમનો માર્ગ અનુભવિઓએ ખરાબ હયો છે.) ઉજડમાં સુવાલીની માફક દિવસ નિર્ગમન કરવા એ પણ ખરાબ છે. સ્ત્રીની સાથે હદ ઉપરાંત હેત કરવું તે પણ ખરાબ છે. કમઅક્કલની મશ્કરિ એ પણ ખરાબ છે. મખીચુસ માલિકની નોકરી કરવી એ પણ ખરાબ છે. (મખીચુસની નોકરી કરતાં છેવટે રાંક દશા પ્રાપ્ત થાય છે સબબ કે મખીચુસ એક પૈસો આપવા કરતાં મૃત્યુને વધારે પ્રિય ગણે છે.) બનેવીને ત્યાં રહેવું તે ખરાબ છે, નઠારા લક્ષણની સ્ત્રી તે પણ ખરાબ છે. સસરાને ત્યાં ઘરજમાઈ રહેવું તે પણ ખરાબ છે. પેટ ભરવા માટે અનેક છળ પ્રપંચ કરવા તે પણ ખરાબ છે અને વીરમંડળની વચમાંથી લડાઈ પ્રસંગે ન્હાસવું તે પણ ખરાબ છે. મતલબકે જગતમાં એટલું સર્વ ખરાબ છે, પણ ગંગ કવિ કહે છે કે કોઇની પાસે માગવું એ તો ખરાબમાં પણ ખરાબ છે. માટે માગવાપર એટલે ભિક્ષાપર પોતાની આજીવિકા મેળવનાર માણસોએ સમજવું જોઇએ કે તેણે ગમે તે મહેનતે દાળભાત ન જડે તો મઠની સુકી નરી ભાખરી ઉપર અંગ મહેનતથી ગુજરાન ચલાવવું ઉત્તમ છે.

" પ્રભુ પણ સ્વકાર્ય ભુલી જશે ! "

(સવૈયો.)

નીચ નિહાર હોનાગરી બ્હાવરિ,
ઉંચ દેખે અસમાન ફટેગો;

ઈંદર લોકમેં હોત હલાહલ,
સુરજ ચંદ્રકો તેજ ઘટેગો.
ઘટે ગોઇ તેજ રવિ થકો બાહન,
રામ હીરામ જગત જપેગો;
કહે કવિ ગંગ સુનો શાહ અક્કબર,
તેરે લીએ કિરતાર લટે કો............(૪૬)

અર્થ—કોઈ એક ખુબસુરત નવોઢા સુંદરિને રસ્તે જતાં જોઈ ગંગ કવિએ કહ્યું કે હે સલુણી ! ત્હારી ખુબસુરતી ખરેખર ખલ્કમાં સર્વોપરી છે અને તેથીજ ત્હને કહું છું કે તું ઉંચી નજરે નહી જોતાં નીચી નજરેજ ચાલ, નહીં તો મને ભય લાગે છે કે ત્હારી રળિયામણી ચક્ષુ આકાશ દેખી જશે તો આકાશ ઘાયલ બની છિન્નભિન્ન થશે અને ખલ્કને દાબી દેશે. કદિ ત્હારો ગેબિ નુર ભરેલો ચ્હેરો જોઇ ખુબસુરત ગણાતા સુરપુરીના વાસીઓમાં (દેવલોકમાં) ખળભળાટ જાગશે અને સુર્ય ચંદ્રનું તેજ ઝાંખું દેખાશે અને તે ઝાંખથી તે બંને અંધકારમય બનશે અને તે અંધકારમય બનશે તો ખલ્કના લોક તેથી માલેકને પુકારશે (અંધારાથી અકળાઇને) અને તે પોકાર સાંભળતાં માલિકની નિગાહ જો ત્હારાપર પડશે તો માલિક પણ અંધકારથી રિબાતા લોકનું દુઃખ દુર કરવાનું કદાચ વિસરી જશે.

" સત્ય સ્નેહીનું કર્તવ્ય. "

(દુહો.)

આગું સુદામા કૃષ્ણ તે, ગંગ બીરબલ ફેર;
તા દિનમેં તાંદુલ હતે, યહ દિનનમેં હે બેર....(૪૭)

અર્થ—આ જગતમાં સ્નેહીઓ તો ઘણા થઈ ગયા અને થશે પણ ખરા સ્નેહી તો શ્રીકૃષ્ણચંદ્ર અને સુદામા તથા વજીર બીરબલ અને કવિ ગંગ. બાકી તો બધા સ્નેહીઓ તે સ્નેહીઓજ

સર્વ ઉપમાં જોગ એટલે કે જ્યાં સુધી કામ ન પડ્યું હોય ત્યાં સુધીજ સ્નેહીઓ છે પરન્તુ કામ પડે ત્યારે વટકી ભટકીને દુર ખસી બેસે, બીરબલ તથા ગંગ કવિ એક ગુરૂના શિષ્ય હતા. સમય જતાં બીરબલ અકબરનો વજીર થયો અને ગંગ કવિત્વ શક્તિ પામ્યો પણ તે છતાં તે નિરાધાર અને રાંક સ્થિતીમાં રહ્યો. રાંક સ્થિતીમાં અત્યંત રિબાયો ત્યારે પોતાના બાળમિત્ર બીરબલનો આશ્રો માગવા લલચાયો પણ એક તો પોતે ગરિબ સ્થિતિનો અને બીજું ઘણા સમયનો જુદારો અને કુળની લાજ. એ અડચણથી આખરે પોતે નહીં જતાં કોઈની મારફતે ઉપરનો દુહો લખી મોકલ્યો અને તેની સાથે મુઠીભર બોર મોકલ્યાં. એ મળતાં બીરબલે ગંગને રાજ્ય કવિની પદવી ઉપર બેસાડી સ્નેહીવટ જગ જાહેર કરી.

" કોને ક્યાં ન છેડવા ? "

(દુહો.)

જંગલ જટ ન છેડીયે, બજારે બકાલ;
કસબે તરક ન છેડીયે, ઉન્હાળે અંગાર........(૪૮)

અર્થ—વેરાનમાં પારધીને ન સતાવવો, નહી તો તેમાંથી મૃત્યુ થાય, બજારમાં વાણીઆને બીજવવો નહી, નહીં તો વાણીઓ પટકી પાડે, કારણ કે વાણીઓ બજારમાં શુરવિર ગણાય છે, કસ્બે સીપાઈને ન છેડવો અને ઉન્હાળામાં અગ્નિને ન વધારવી નહિ તો તે ભસ્મ કરે.

" ચાર એ સ્વર્ગ સુખ જેવાં. "

(દોહો.)

પાન પુરાના, ઘી નવાં, તીસરી કુળવતિ નાર;
ચોથી પીઠ તુરંગકી, સરગ નિશાની ચાર.....(૪૯)

અર્થ—જુનાં પાન, નવું ઘી, શીયળવતિ સુઘડ સુંદરી અને નવલખા ઘોડાનું બેસણું એ ચારે વસ્તુ આ સંસારમાં સુખરૂપ છે.

"ચાર શ્યાથી બગડે છે?"

(દુહો.)

પાન સડે ઘોડા હટે, બિદ્યા બીસર જાય;
તવેપર રોટી જલે, કહો ચેલા કયું થાય?....(૫૦)

અર્થ—શીષ્યને ગુરૂ પરીક્ષા અર્થે કહે છે કે, પાન શાથી સડે? ઘોડો પોતાની ચાલગતીમાં સીધો નહી જતાં તોફાન શાથી કરે? ભણેલી વિદ્યા ભુલાય શાથી? લોઢીપર ચડતી રોટલી બળે શાથી? એ ચાર સવાલના જવાબમાં શીષ્યે કહ્યું કે ફેરવ્યા વીના.

"ઉપદેશ"

(અરલ.)

બાર બાર નરદેહ, કહો કીત પાઇએ,
ગોવિંદકે ગુનગાન, કહો કબ ગાઇએ;
મત ચુકે અવસાન, અબે તનમાં ધરે.
પાણી પ્હેલી પાળ, અજ્ઞાની બાંધરે,........(૫૧)

અર્થ—મનુષ્યકલેવર કે જે કલેવર હજારો બલકે કરોડો રૂપીઆ ખર્ચતાં પણ મળી શકતું નથી અને જે દેવતાઓને પણ દુર્લભ તથા મોક્ષ પદવિને અપાવનારૂં સબળ સાધનરૂપ ગણાય છે તે વારંવાર પ્રાપ્ત થતું નથી; પણ કોઇ પુર્વના પુન્યપ્રભાવે મળ્યું છે તો હવે તેનાથી માલીકનું ભજન કર, તેને નકામું ન ગુમાવ, કારણકે માલીકનું ભજન કરવાની સાધ્ય માત્ર એક મનુષ્ય કલેવરથીજ પ્રાણીને થાય છે, પણ સ્વાન, ગીધ, કે ગધેડા વીગેરે કલેવરથી નથી થતી.

" કોણની પત નથી ગઇ !"

(છપ્પય.)

તરૂની કાજ રઘુવિર, બિકટ બન બન રોએ;
તરૂની કાજ લંકેશ, શિશ દસ અપને ખોયે.
તરૂની કાજ કૈકચ્ય, કુલ નિકંદન કીનો,
તરૂની કાજ સુરપતિ, શ્રાપ શિર અપને લીનો.
ચતુરાનન ભયે એ તરૂનીમેં, મદનકાંડ શંકર દહી,
કવિ ગંગ કહેરે તરૂનીમેં, કોનહીકિ પત ના ગઈ....(પ૨)

અર્થ—સ્રીને માટે સુર્યવંશ નૃપમણિભુષણ દશરથ કુમાર શ્રી રામચંદ્રજી વગડે વગડે રોયા. સ્રીને માટે લંકાનો અભિમાની રાજા રાવણ, કે તેના જેવો રાજા વૈભવવાળો આ પૃથ્વીપર અવતર્યો નથી ને અવતરશે પણ નહી, કે જેની હુજુરમાં સાક્ષાત દેવતાઓ નોકરી કરી હુકમ ઉઠાવવા હાજર રહેતા, તેના પણ એક નહી, બે નહી ને સામટાં દસ મસ્તક છેદાઇ ગયાં અને વૈભવો ધુળમાં મળી ગયા—કુળનું નિકંદન વળી ગયું, સ્રીના માટે કીચક અને કીચકના સેંકડો ભાઇનું બળિદાન થયું. સ્રીના માટે અમરપતિ ઇંદ્ર મહારાજા શ્રાપીત ઠર્યો, નફામાં ભગદરના રોગવાળો થયો. સ્રીના માટે શંકરે પોતાના ત્રીનેત્રથી કામદેવને બાળી નાખ્યો તો તે ઉદાહુરણ આપી ગગ કવિ સજ્જન પુરૂષોને સમજાવે છે કે, આ જગતમાં સ્રી—આશકત પુરૂષ એવો તે કોણ થઇ ગયો કે જેની પત એટલે આબરૂમાં ખામી નથી લાગી; મતલબ કે સ્રી લોભી માણસ પોતાની માણસાઇ ગુમાવી બેસે છે, માટે પરસ્રીથી તો સહુએ દુરજ રહેવું, અથવા તો તેના પ્રત્યે વધારે મોહ ન રાખવો.

" ચાર રત્નો. "

(દોહો)

તાન હદમીયાં તાનસેન, હદબુદ્ધિ બળ બીર;
શાક કહાંસાં' અકબરાં, ટોડરમલ બજીર........(પ૩)

અર્થ—અકબરના રાજ્ય અમલમાં ચાર પુરૂષો પોતાના એવા તો કાબેલ હતા કે તેના જેવા તે વખતે ભાગ્યેજ હશે, અને તે એ કે રાગરાગણીના કામમાં ગવૈયા તાનસેન, બુદ્ધિના નિધિસમાન બીરબલ, નેક ન્યાયમાં અકબર બાદશાહ અને વજીરાત કરવામાં ટોડરમલ.

" ભુખનો ચમત્કાર. "

(ઝુલણા)

ભુખમેં રાજકો તેજ સબ ઘટ ગયો,
ભુખમેં સિદ્ધકી બુદ્ધિ હારી,
ભુખમેં કામની કામસો તજ ગઈ,
ભુખમેં તજ ગયો પુરૂષ નારી;
ભુખમેં ઔર વ્યવહાર નહી રહત હે,
ભુખમેં રહત કન્યા કુમારી,
કહત કવિ ગંગ નહી ભજન પડત હે,
ચાર હીં બેદસે ભુખ ન્યારી....(૫૪)

અર્થ—ભુખથી એટલે તંગ હાલતથી રાજ્યકર્ત્તા રાજાઓનું નુર પણ ઘટી જાય છે. (તંગ હાલતથી રાજા કરજમાં દબાય છે ને કરજવાન થાય ત્યારે ચિત્તમાં ચિન્તા સ્કુરે ને ચિન્તાથી કલેવર ની કાન્તિ અવશ્ય ફીકી પડે અને દેહ શુશ્ક બને.) ભુખથી સિદ્ધ પુરૂષ પોતાની સિદ્ધાઇને પણ હારી જાય છે. ભુખથી કામ ગ્રહમાં કેલી લાલચે સુતેલી શ્યામા કેલી સજાને છોડી જાય છે. પેટમાં ભુખ હોય ત્યારે કામ તદન ઝેર જેવો જણાય છે. ભુખથી પુરૂષ સ્ત્રીને તજી જાય છે રાંકાપણું પામતા ઘણા પુરૂષો પોતાની સ્ત્રીઓને તજી ચાલ્યા ગયા છે. ભુખથી એટલે દુર્બળતા અર્થાત દ્રવ્યભીડ થાય છે ત્યારે વ્યવહાર પણ તુટી જાય છે. બે પૈસાનું ઉધાર પણ કોઈ આપતું નથી. ભુખથી એટલે દુર્બળતાથી પૈસાની તંગીથી યૌવનવતિ કન્યાઓ અવીવાહિત રહી પ્રૌઢા બની

જાય છે. (બાપની ગરીબી દશામાં બાપ જમાઈને ગજવે ઘાલવા જેટલા પૈસાની તેવડ નથી કરી શકતો એટલે તેની કુંવારી દીકરીને પૈસા વગર કોઈ મુરતીઓ હાથ ઝાલતો નથી) એટલુંજ નહીં પણ ગંગ કવિ કહે છે કે ભુખ તો એવી ભુંડી છે કે ભુખે પેટે પ્રભુનું નામ પણ ભજતાં મરજી વધતી નથી એવો પ્રબળ ભુખનો ચમત્કાર છે કે જે વેદ કરતાં પણ વધારે છે. અર્થાત વેદ વગર રહેવાય પણ ભુખ્યાં મુદલ નથી રહેવાતું.

" બન્ને સાથે હોય તેને ધન્ય છે "

(દોહો)

નેનનકો બાની નહીં, બાનીકો નહી નેન;
રવિ કૈસે શોભા કહો બ્રિજપતિ જુઠી એન.......(૫૫)

અર્થ—રવિ શ્રીકૃષ્ણ પ્રતાપે સત્ય વાત કહે છે કે જે માણસને જાતેજ જોવાની ટેવ છે તે કોઇની વાત એટલે કે ચાડી ચુગલી સાંભળતો નથી અને જે માણસને પરવાત એટલે બીજાઓની ચાડીચુગલીવાળી વાત સાંભળવાની ટેવ પડી છે તે નેત્રથી કદી જોઈ શકતો નથી. (આવો સ્વભાવવાળો માણુસ ખરેખર ખોડીલો કહેવાય. છે.)

" પત–શાખ ગઇ પાછી ન મળે "

(છપ્પય.)

ગઇ ભુમિ ફીર મીલે, બેલી ફીર જમે જરે તે,
ફલ ફુલનતે ફળે, ફુલત ફુલંત ઝરે તે;
કેશવ બિદ્યા નિકટ, બિકટ બિસરી ફીર આવે,
બહુરી હોય ધન ધમ, ગઈ સંપત ફીર પાવે;
હોઇ જો શિષ્ય સુશીલ મતિ, જગત હેતુ ઇમ ગાઈએ.
પ્રાન ગયો ફીર મીલત પે, પતનગઇ ફીર પાઇએ....(૫૬)

અર્થ—આ જગતમાં દરેક ચીજ ગુમાવેલી પાછી મળે છે, એટલે કે ગુમાવેલી જમીન પાછી આવે છે, પાણી વગર સુકાઈ ગયેલી વલ્લિકા પણ પાછી કોળે છે, અમુક ટાઇમિ ફળતાં વૃક્ષો પણ ફુલ ફળ આપે છે, વિસરાઈ ગયલી વિદ્યા પણ યાદ થાય છે વૈભવ સુખ ગયું હોય તે પાછું આવે છે, કલેવરમાંથી પ્રાણ ગયાં હોય તો પણ બુદ્ધિશાળી ધનવંતર વૈદ માત્રાના જોરે એક મીનીટ પ્રાણને પાછો લાવી શકે છે; પણ ગુમાવેલી પત (શાખ અર્થાત આબરૂ કે કીર્તિ) કોઇ રીતે પાછી પ્રાપ્ત થતી નથી માટે પ્રાણને બદલે પણ દરેક પુરૂષે કીર્તિને સાચવી રાખવી એજ જીવન સાર્થક છે.

"સ્વાદ કયારે"

(કવિત.)

જશકો સ્વાદ સોઇ સુનીયે પરાયે કાને,
ગાનકો સ્વાદ સોઈ હરી ગુન ગાઈએ;
જીભકો સ્વાદ બુરો બોલીયે ન કાહુ સંગ,
સંપતકો સ્વાદ શિર સબકો નમાઈએ;
ઘરકો સ્વાદ સબ એકઠી સંપ રહી ચલે,
દેહકો સ્વાદ સો નીરોગી દેહ પાઇએ;
એ તો સુખ સ્વાદ કહતહે કેશવદાસ,
ખાનેકો સ્વાદ કચ્છુ ઔરકું ખીલાઈએ........(૫૭)

અર્થ—જશવંતુ કયારે થવાય અર્થાત જશની મજા કયારે આવે કે તે જશ દુર દેશાવરમાં અજાણ્યા મુખથી સંભળાય ત્યારે.ગાયનકળા જાણનારની ગાયનકળા કયારે સ્તુતિપાત્ર ગણાય કે જે મિથ્યા કલેવર ધારીના ગાન ગાતાં માત્ર પ્રભુનાજ ગુણ ગાવામાં વય વીતાવે. જીભ મળ્યાનું સાર્થક કયારે કે જયારે તે જીભ નીરંતર અન્ય કથા કુથલીની વાતમાં નહી રોકાતાં નીરંતર સર્વ પ્રાણીનું શુભ બોલ-

વામાંજ મચી રહેતી હોય. ધનવાન થવાની મજા ક્યારે કે જ્યારે ધનવાન માણસ એક કંગાલ કે ભિખારીને પણ નમીને ચાલે અર્થાત તેવા પામર પાસે પણ નમ્રતાથી વર્તે, ગ્રહુસ્થાશ્રમની મજા ક્યારે કે નિજ કુટુંબ સાથે સુસંપથી રહેતું હોય અને એકબીજાના બોલનો અનાદર ન થતો હોય ત્યારે. કાયાની મજા ક્યારે કે જ્યારે તે રોગરહિત હોયત્યારે. એ પ્રમાણે સુખનું વર્ણન વાય છે, પણ કેશવદાસ કહે છે કે ખાવાનો સ્વાદ ક્યારે એટલે ખાવાની મજા ક્યારે કહેવાય કે જ્યારે પોતે બીજાને પણ ખવરાવી જાણતો હોય ત્યારે.

" આનંદના સાગર. "

(છપ્પય.)

તીલક ભાલ બનમાલ, અધિક રાજત રસાલ છબી,
મોર મુગટકી લટક, છટક બરનત અટકત કબિ;
પીતાંબર ફહરાય, મધુર મુરી કુપાન કપોલન,
રચ્યો રૂચીર મુખપાન, તાનગાવત મૃદુ બોલન;
રતિકોટી કામ અભીરામ અતી, દુષ્ટ નિકંદન ગીરિધરન,
આનંદ કંદ બ્રજચંદ પ્રભુ, જય જય અશરન શરન(૫૮)

અર્થ—લલાટમાં કેશરનું તીલક, ગળામાં વનમાળા, અને શરીરપર મોર પીંછનો પંચરંગી મુગટ કે જે તે શ્રંગારની શોભાનું વર્ણન કરતાં કવિ પણ પાર ન પામે. વળી પહેરેલું રેશમનું પીળું પીતાંબર, હસતું વદન અને તેજસ્વી કપાળ, વળી મનગમતી પાનબાડીથી અધરની લાલી, વાણી વચન ગાનની માફક મધુર અને કાન્તિ ક્રોડકામને ઝાંખી પાડનાર એવા ગોવરધન પર્વતને ધરનાર, દુષ્ટનું નિકંદન કરનાર અને આનંદના અવધી સાગરને રેલાવનાર એવા વૃજભુમિના અમૃતમય ચંદ્ર તરીકે ગણાતા શ્રી કૃષ્ણને કેશવદાસ કહે છે કે સર્વ જગત પ્રેમથી નમી ભજો કે જેથી કલ્યાણ થાય.

" શેવા ચાકરી કઇ સારી. "

(દુહો.)

કબીર સેવા દો ભલી, એક સંત એક રામ;
રામ હે દાતા મુકિતકા, સંત જપાવે રામ.....(૫૯)

અર્થ—આ સંસારમાં સ્રીની, પુત્રની, સ્નેહીની, કુટુંબની કે ધનપતિની શેવા કશી કામની નથી પણ પરીણામે નકામી એટલે સુકૃતની અફળ છે, પણ શેવામાં શેવા તો બેનીજ ઉત્તમ ગણાય. તેમાં એક શ્રી રામ (માલીક) ની અને બીજી સંતની (સાધુ બ્રાહ્મણની) કે જે શેવા મોક્ષ અપાવે છે ત્યારે સંતની શેવા રામની ઓળખાણુ કરાવે છે.

" કોઇ પણ પ્રયાસે ખર અશ્વ ન બને. "

(કુંડળિયો.)

ખરકો તુરંગ ન નીપજે, સજે અતીશે સાજ,
કુવડ હોય ન પદ્મમની, કગવા બને ન બાજ;
કગવા બને ન બાજ, કાચ કંચન નહી હોયે,
મર્કટ ગળેમેં હાર, જઇ જંગલમેં ખોયે;
કથે શું કવિયાં કાન, સ્વભાવ ન પલટે નરકો,
સજો અતીશે સાજ, તુરંગ ન નિપજે ખરકો.....(૬૦)

અર્થ—ગમે તેવા સોનેરી પલાણુ અને ઝરીઅન ઝુલ ઓઢાડીએ પણ ગધેડો અશ્વની ગણુનામાં ન ગણાય. કુભારજાને ગમે તેમ સુધારીએ, શીખવીએ પણ તે પદમિની સ્રીના જેવી સુઘડ ન જ બને. કાગડાને ગમે તેવો પઢાવીએ પણ તે બાજના જેવો ઝડપી ન થાય, કાચને ગમે તે ઔષધથી કેળવીએ અને શોધીએ પણ તે સુવર્ણુ ન થાય, વાંદરાના ગળામાં તેની શોભા વધારવા હાર પહેરાવીએ તો તે અવશ્ય અરણ્યમાં તોડી નાંખે તેમ મુર્ખને ગમે તેટલી શીખામણુ આપીએ તો પણ તે સજ્જન ગણુનામાં ન આવે અને પડેલો સ્વભાવ ન ફેરવે.

" ફના થઇ ગયા "

(અરલ)

અણુ કલાયા મેલ, ભંડારી ઉંડીયાં,
દેશ બીદેશા માંય, ચલંતી હુંડીયાં;
જાકે આગે દેશ, કમાતા બેઠીયા,
હોગે ફના મકામ, કે એસા શેઠીયા.........(૧૧)

અર્થ—હે પ્રાણી ! જેની ગણતરી ન થાય તેટલા તો જેની પાસે દ્રવ્યના મોટા મોટા ભંડારો હતા અને દેશાવીદેશમાં તેના નામની હુંડીઓ (પૈસાની લેવડ દેવડનાં ખાતાં) ચાલતી અને આખો દેશ તેના હુકમમાં રહી તેનું વેતરૂં કરતા એવા ધનવાન શેઠીઆઓ પણ દુર દફે થઈ ગયા તો તું પામરનું શું ગજું છે કે દેડકાં માફક ફુલાઇને ફરે છે.

" હંસ કેટલો ભાર સહન કરે ? "

(છપ્પય)

હંસ ગેંદપર ચઢયો, ગેંદપર સિંહ બીરાજે,
સિંહ સાગર શિર ધર્યો, તાપેં દો ગીરિવર ગાજે;
ગીરિવરપર એક કમલ, કમલબીચ કોયલ બોલે,
કોયલપર એક કિર, કિરપેં મૃગલીં ડોલે;
મૃગે શશીહર શિર ધર્યો, તાપેં શેષ સદા રહે,
કવિ ગંગ કહેરે ગુણી જનો, હંસ ભાર કીતનો સહે.(૧૨)

અર્થ—હુંસનાપર દડો, દડાપર સિંહ; સિંહનાપર સાગર, સાગરનાપર બે પર્વત, પર્વતપર એક કમલ, કમલની વચમાં કોયલ, કોયલનાપર એક પોપટ, પોપટના પર એક મૃગ, મૃગના ઉપર ચંદ્રમા અને ચંદ્રમાની ઉપર નાગ એમ ચહડી ગયા છે, તો કવિ ગંગ કહે છે કે હવે એ

સર્વનો ભાર બીચારો હંસ શી રીતે ઉપાડી શકે ? (સદરહુ કવિત એક સમશા છે અને તે પણ એક ખુબસુરત સુંદરીની શોભાનું બ્યાન છે; તે એવી રીતે કે સ્ત્રીના પગ એટલે ચાલવાની ગતિ હંસના જેવી હતી તે પગપર કડાની માફક ગોળ ઘુંટણ–ઘુંટણુપર સિંહના સમાન પાતળી કમર, કમર ઉપર પેટ તથા છાતી, છાતીની ઉપર કમળની ઉપમાંવાળું મુખાર્વિંદ, મુખની વચમાં જીભ, જીભની ઉપર પોપટની સમાન નાશિકા, નાશિકા ઉપર મૃગ સમાન બે નેત્રો, નેત્રની ઉપર ચંદ્રમા સમાન કાન્તીવાળું લલાટ, લલાટપર સર્પ સમાન કાળો અને લાંબો વાળનો ચોટલો એ રીતે છે.)

" ભીંડાની મગરૂરી "

(કુંડળીઓ.)

ભીંડા ભાકુ માસકા, વડકુ કહે જરૂર,
મોતન દત આવે નહીં, જગા કરો તુમ દુર;
જગા કરો તુમ દુર, વડે જબ અરજી કીની;
બૃષા રૂતુ એક માસ, આસબસ બેકુદીની;
કથેસુ કવિયાં કાન, મુલક કચ્છુ નહી હે ઉંડા,
આયા આસો માસ, ભુખ દુખ સુકાયા ભીંડા,(૬૩)

અર્થ—કોઇ એક વિશાળ વૃક્ષ નીચે ભીંડાનું બીયું પડેલું હશે, કે જે બીયું ચોમાસાની રૂતુમાં વરસાદને લીધે વડ નીચે ઉગ્યું. વખતના વહેવા સાથે તે વધતું ગયું અને ભાદરવા મહિનામાં તો તે પુર બહારમાં આવી ગયું, ત્યારે તે ભીંડાનું પ્રફુલ્લિત ઝાડ મનમાં મલકાઇને વડની દયા ખાવા લાગ્યું કે હે વડ હું ત્હને હવે જણાવું છું કે તું આ સ્થાન મુકી બીજી જગ્યાએ રહે, નહીંતર હવે હું એકદમ ઉંચે વધીશ તો તું મ્હારી છાંયાથી કચરાઇ મરીશ. આ વાકયથી અનુભવી વડે કહ્યું કે ભાઈ મને તું એક માસની

મુદ્દત આપ એટલે તે દરમ્યાન હું બીજી જગ્યા શોધી લઈશ. ભીંડાએ તેટલી મુદત કબુલ કરી પણ એક માસ ગયો ત્યાં તો આસો મહીનો આવ્યો અને વરસાદનું જોર કમી થયું એટલે પ્રફુલ્લિત ભીંડા તેની મેળેજ સુકાવા લાગ્યો એટલુંજ નહીં પણ સુકાતાં સુકાતાં તદન તે નાશ પામ્યો અને વડ તો તે સ્થાને તેજ રૂપમાં અચળ રહ્યો. (આ દાખલો જોઇ બે દીવસની અલ્પ સાહેબીવાળાએ મનમાં મગરૂરી લાવી કોઇ અગાધ સાહેબીવાળાની બરાબરી ન કરવી, કારણ કે અલ્પસાહેબીનો પેલા ભીંડાની માફક સત્વર નાશ થશે, માટે બને ત્યાં સુધી અગાધ સાહેબીવાળાને આશ્રે આનંદ કરવો એજ શુભ છે.)

" વચન એ સોનાની ઝાલરી છે. "

(કુંડળીઓ.)

બચન સુનેરી ઝાલરી, બેહદ ઘડી સુનાર,
ઠેર ઠેર ચિત રાખકે, મત પાનીમેં ડાલ,
મત પાનીમેં ડાલ, ગઇ સો હાથ ન આવે,
પડી અલકકે પાસ, આપકો માન ગુમાવે;
કથેસુ કવિયાં કાન, અબ નહીં લાજ હુનેરી,
મત પાનીમેં ડાર, ઝાલરી બચન સુનેરી.....(૬૪)

અર્થ—ઇન્સાનના બોલની કીમત સુવર્ણના કીંમતી દાગીનાથી પણ કીંમતી છે, એટલે કે અમુલ્ય છે; તો અમે તેવી દુર્બળ દશા આવે તો પણ ગભરાઇને ઈન્સાને પોતાના અમુલ્ય શબ્દ બેકદર અને નિર્દય માણુસના કાનરૂપ પાણીમાં કદી ન બોળવા મતલબ કે તેની પાસે પોતાની દિનતા દાખવી વ્યવહારૂ મર્મપટ ખુલ્લો કરવો નહીં, કારણકે તેવાઓથી અર્થ સરે નહીં ને આપણા શબ્દ વ્યર્થ જાય અને વ્યવહારૂ શર્મ ખુલ્લી થાય. એ

નકામાં રહે એટલુંજ નહીં પણ માણુસાઈ તરીકેનો વકર ઓછો થાય. માટે કાન કવિ કહે છે કે તેવે પ્રસંગે હીંમત રાખી શાન્ત રહેવું. ઇશ્વર જે દુઃખ નાખે તે સહેવું. કદી અમીરી ખવાસનો માણુસ મળી આવે ને તે આપણું દુઃખ દુર કરી શકશે એવી ખાત્રી હોય તોજ તેઓને કહેવું નહીંતર મૌન્ય રહેવું ઉત્તમ છે.

" હરીગુણુ ગાવાથી દારિદ્રનો નાશ થાય છે. "

(સવૈયા.)

જ્ઞાન ઘટે કોઈ મુઢકી સંગત,
ધ્યાન ઘટે બીન ધીરજ લાયે;
પ્રીત ઘટે કોઇ મુંગે કે આગે,
ભાવ ઘટે નિતહી નિત જાયે;
શોચ ઘટે કોઇ સાધુકી સંગત,
રોગ ઘટે કુચ્છ ઓષધ ખાયે;
કવિ ગંગ કહે સુન શા, અકબર,
દારિદ્ર કટે હરી ગુન ગાયે................(૬૫)

અર્થ—મુર્ખ માણુસના સહુવાસમાં રહેવાથી સમજબુદ્ધિ ઘટી જાય છે. હ્રુદયમાં રહેલી હીંમત શાન્તી વિના ઘટી જાય છે. દિલમાં રહેલી આધિ વ્યાધિ અને વ્યવહારની ઉપાધિ સાધુ પુરૂષના સતસંગથી ઓછી થાય છે. શરીરમાં ઉત્પન્ન થતો રોગ ઓસડ ખાવાથી મટે છે ને ગંગ કવિ કહે છે કે દારિદ્ર દશા પણુ આસ્થાથી પ્રભુ ભજન કરતાં દુર થાય છે.

" ગરજ શું નથી કરાવતી ? "

(સવૈયા.)

ગર્જહી અર્જુન હિજ ભયે,
અરૂ ગર્જહીં ગોવિંદ ધેનું ચરાવે,

ગર્જેહી દ્રૌપદી દાસી ભઇ,
અરૂ ગર્જેહી ભીમ રસોઈ પકાવે;
ગર્જે બરી સબ લોક નમેં,
અસ ગર્જે બીના કોઈ આવે ન જાવે;
કવિ ગંગ કહે સુન શાહ અક્કબર,
ગર્જસે બીબી ગુલામ રીઝાવે.........(૬૬)

અર્થ—કવિ ગંગ અનુભવથી કહે છે કે આ જગતમાં ગરજનું એવુ તો પ્રધાનપણું છે કે અર્જુન જેવો બાણાવળી કે જેનામાં મહાભારત જેવું પ્રબળ યુદ્ધ જીતવાની શક્તિ હતી, અને પૃથ્વીના પડપર થઇ ગયેલા રણધીરા શુરવીર મંડળમાં એક મણિરૂપ ગણાતો; વળી જેના સારથી ઇશ્વરાવતાર શ્રી કૃષ્ણચંદ્ર હતા. તેવાને પણ એક ગરજના લીધે વ્યંડળપણું ધારણ કરી રહેવું પડયું હતું. ભડવીર ભીમસેન જેવા કે જેના હાથ હમેશાં મેરૂને પણ મહાત કરનારી ગદાને ધારણ કરતા તેને નિજ હાથે કડછી, વેલણ, લઇ એક રસોઇઆ તરીકે રાંધવા રહેવું પડયું હતું. મહાસતિ દ્રોપદી કે જે હીંદના ચક્રવતિ મહારાજાધીરાજ પાંડુપુત્રની પટરાણી હતી અને જેની સેવામાં હજારો દાસદાસીઓ હાજર હતી તેને પણ ગરજના લીધે દાસીપણું સ્વિકારવું પડયું હતું ગરજને લીધે ગીરધરને ગોકુળમાં ગોપગણમાં રહી ગાયો ચારવી પડી હતી. એવો ગરજનો મહા પ્રતાપ છે કે ગરજ વગર કોઇ ઇનસાન કોઇ પણ ઇનસાનની તમા ન રાખે, તેને ગરજના લીધે ઇનસાનની ખીજમત કરવી પડે છે, ન સાંભળવાના શબ્દ સાંભળવા પડે છે, એટલુંજ નહીં પણ ગરજના લીધે બિબિપદ ભોગવતિ સ્ત્રી એક નોકરની આગળ કાલાવાલા કરતી અચકાતી નથી.

" ઉત્તમ—શું ગણવું ! "

(કુંડળીઓ.)

તપ કરવેકુ નર્મદા, મરવેકુ સુરધુની,
ભજન કરનકુ હરીહર, ભાખે રૂષીવર મુની;
ભાખે રૂષીવર મુની, વશિષ્ટ પરાશર વ્યાસ,
દાન કરે કુરૂક્ષેત્ર, જ્ઞાન સાધન સન્યાસ;
કહે ગીરધર કવિરાય, શિવોહં શિવોહં જપ,
કરન ગ્રામકુ રોક; ન્યાયમહે કોઇ ટીપ.....(૬૭)

અર્થ—પવિત્ર નદિ નર્મદાજી જેના નિરનો સમુદાય સદાય નિર્મળ છે, તેના કિનારા જેવું બીજું સ્થાન તપ કરવાને માટે એકે ઉત્તમ નથી. કાશીપુરી જેવું મૃત્યુના માટે બીજું એકે સ્થળ નથી. તેમ હરિ એવા જે રામકૃષ્ણ ગોવિંદ અને હર એવાજ શ્રી શંકર એના ભજન એટલે રટણ શિવાય બીજું એકેનું ભજન—રટણ શ્રેયકર નથી, એમ પારાશર, વશિષ્ટ અને વ્યાસજી જેવા સમર્થ વિદ્વાન અને મુનિવરો કહી ગયા છે, એમ ગિરધર કવિ જણાવે છે.

" પુરો કવિ કોણ ? "

(દુહો.)

સુખ મનાઇ કહે ખરો, બિદ્યા પઢેજું રાય;
સભા સોહત બોલે જસું, સોપુરો કબિરાય.....(૬૮)

અર્થ—દુષ્ટતા હોય તો દુષ્ટતા અને સજ્જનતા હોય તો સજ્જનતા મતલબ કે જેવું દેખે તેવું ખરેખરૂં કહે પણ તે કેવી રીતે કે સાંભળનારને અણગમો ન ઉપજે ને સાંભળીને ખુશીથી કબુલ કરે તેવી રીતે. વિદ્યામય વાણિથી દાખલા દલિલો આપીને કહે તેજ જસુરામ કહે છે કે સત્ય કવિ, બીજા તો પછી કવિ નહિ પણ લવિ અર્થાત મિથ્થા ભુંકનાર.

" દે મૃગનયનિ યા મૃગ છાલા ? "

(સવૈયા.)

ખાનેકો ભંગ નહાવેકો ગંગ,
ચઢેકો તુરંગ ઓઢેકો દુશાલા;
ધર્મ ધુરંધર ઔ મહીષી,
પ્રતિદ્વાર ઝુલે ગજયુથક હાલ્લા;
પાન પુરાન સોહાગીની સુંદરી,
ગોદ વીરાજત સુંદર બાળા,
હોમહં નેક દેહુ કરૂણાનિધિ,
દો મૃગનયનિકી દો મૃગછાલા............(૧૯)

અર્થ—એક સુઘડ પુરૂષ પરમાત્મા પાસે બે જાતની માગણી કરે છે, અને તેમાં તે બે માગણીમાંથી જે ઠીક લાગે તે આપવા પરમાત્માને જણાવે છે કે, હે દયાળુ દેવાધિદેવ ! જો ત્હારે મને કંઈ આપવુંજ હોય તો તું મને એજ આપ કે વ્યસનમાં નિલાંગર, સ્નાન માટે હમેશાં પવિત્ર ગંગાજળ, ચડવાને માટે તેજી ઘોડો, વસ્ત્રાલંકારમાં સોનેરી શાલદુશાલા, ભેંસનાં દુધ, ઘૃતથી નિપજાવેલાં ઉત્તમ ભોજન, હાથિની શાયબિ, મુખવાસ માટે પાન (જુનાં) અને તે સાથે પુત્રને જન્મ આપનાર સર્વાંગે સુંદર લક્ષણવંતિ મુગ્ધા અવસ્થાની અને મૃગનેત્રોથી અધિક શોભાળી સ્ત્રી આપ, પણ કદાપી તે ન આપવું હોય તો તેના અભાવે મૃગછાલા આપ; અર્થાત કે વનવાસી કરી કેવળ ત્હારા ભજનભાવમાં પ્રિતિ થાય તે રસ્તે મ્હારી વૃત્તિને ખેંચ, પણ તે બન્નેમાંથી મને અલગ રાખીશ તો આ મનુષ્યદેહ નિરર્થક જશે.

" મણી રૂપ શું ? "

(કવિત.)

પ્રથમમણી ઓંકાર, મહાદેવ દેવમણી,
જ્ઞાનમણી ગોરખ, વેદમણી બ્રહ્મા;
વિદ્યામણી સરસ્વતી, નદીમણી ગંગા,
ભક્તામણી નારદ, નૃતમણી રંભા;
ગીતમણી સંગીત, સંગીતકો સુરમણી;
સુરકે અક્ષરમણી, તાલમણી મૃદુંગા;
કહત નાયક ગોપાલ, સુન શા અક્બર,
દિનમણી સુરજ, રેનમણી ચંદા............(૭૦)

અર્થ—શબ્દમાં મણિરૂપ ઓંકાર શબ્દ છે. દેવમંડળમાં મણિ-રૂપ મહાદેવ છે. જ્ઞાની વર્ગમાં મણિરૂપ ગોરખ છે વેદોમાં બ્રહ્મા મણિરૂપ છે વિદ્વાનમાં સરસ્વતિ મણિરૂપ છે. નદિઓમાં ગંગા નદિ મણિરૂપ છે. ભક્તમંડળમાં નારદજી મણિરૂપ છે. ગાયનનું મણી સંગિત છે. સંગીતનો મણિ સુર (અવાજ–રાગ) છે. સુરનો મણિ અક્ષર છે. તાલનો મણિ મૃદંગ છે. દિવસનો મણિરૂપ સુરજ છે અને રાતનો મણિરૂપ ચંદ્રમા છે.

" સર્વસ્વ—ચલીતજ છે. "

(દોહરો.)

ચલ સ્વરૂપ જોબન સુચલ, ચલ વૈભવ ચલ દેહ;
ચલા ચલીકે બખતમેં, ભલા ભલી કર લેહ.........(૭૧)

અર્થ—રૂપ, જુવાની, સુખ, વૈભવ લક્ષ્મિ અને સમય પણ ચલિત એટલે કાયમ એકના એક રૂપમાં નહિ રહેતા બદલાય છે (પલટાય છે) તો એવામાં તો હે સજ્જન માણુસો તમે સારા કામ કરીને ભલાઈ લ્યો એજ તમારી મહત્તા છે.

" રતી (તેજ)વગરનો નર એક રતીનો છે."

(સવૈયા)

રતી બીન રાજ રતી બીન પાટ,
રતી બીન છત્ર નહીં એક ટીકો,
રતી બીન સાધુ રતી બીન સંત,
રતી બીન જોગન હોય જતીકો;
રતીબીન માત રતી બીન તાત,
રતી બીન માનસ લાગત ફીકો,
કવી ગંગ કહે સુન શાહ અકબર,
નર એક રતી બીન એક રતીકો............(૭૨)

અર્થ—રતી એટલે દૈવત કે નુર વગર રાજપાટ અને છત્ર પણ શોભતું નથી. દૈવત વગરના સાધુંનો સંગ પણ નકામો છે. દૈવત વીના જોગીનો જોગ પણ નકામો છે. દૈવત વગરનાં માબાપો પણ નકામાં છે, તેમ દૈવત વગરનો માણસ પણ નીરમાલ્ય છે; એટલુંજ નહીં પણ તેની કીમંત એટલે મરતબો એક રતી એ-ટલે આણુંના પ્રમાણમાં અંકાય છે, માટે દરેકે રતી એટલે દૈવત વાળું થવું.

" કોણના વીના કોણ નકામું ? "

(કવિત.)

ચંદા બીન રેની મૃગનેની દ્રગ કાજળ બીન
કવિતા બીન કેની જો નગીના બીન સુના હે;
દાન બીન દાતા જોગી જન જ્ઞાન ધ્યાન બીન,
માન બીન પરોના જો પાન બીન ચુના હે;
સલીલ બીન સરવર રાવત ખાસો નરવર બીન,
કેસુ બીન અરવર જો ગંગા બીન યમુના હે

શીકુમ પ્રકાશ કરે અમ્બ ખાસ હે દિપ બીન,
અફીન બીન રજપુત જયું અન્નબીન અલુના હે.(૭૩)

અર્થ—ચંદ્રમા વગરની રાત્રી, કાજળ (મેશ) આંજ્યા વગર સ્રીનાં નેત્રો, કાવ્ય વગરનો વાર્તાવિનોદ, હીરા મોતિ આદિ નંગ જડયા વગરનો સુવર્ણ ઘાટ (ઘરેણું) દાતાર જન દાન વગરનો, જોગિ પુરૂષ જ્ઞાન અને ધ્યાન વગરનો, આદર સત્કાર વગર મેહમાન (પરોણો) ચુના વગરનું પાન, સરોવર પાણી વગર, રાજા વગર ઉમરાવ, કેસુડાની પ્રફુલતા વગરનો પર્વત ગંગા વગરની જમના નદિ, દિવા વગરનું શણુગારેલુ દિવાનખાનું રજપુત અમલ વગર, અને માણસજાતિ ઉદરપુર્ણ જેટલા અનાજ વગર એ બધાં ફીકાં નકામાંજ જણાય છે.

" જનાવર જેવો કોણ. "

(કુંડળીઓ.

દાતા નહીં શુરા નહી, નહી ધરમ નહીં નિમ,
સો આયા સંસારમેં, જાણુ જનાવર જેમ;
જાણુ જનાવર જેમ, કરી નહીં સુકૃત કરણી,
જાણ્યા નહીં જુગદીશ, ભાર મારી વહે જનની;
કહે દિન દરવેશ, જીવતાં અવગત જાતા,
નહીં ધરમ નહીં નેમ, નહીં શુરા નહી દાતા..(૭૪)

અર્થ—જેનામાં દાતારપણું, શુરવીરપણું અને પરમાર્થવૃતિ તથા કંઇ નિમ એટલે સત્કાર પ્રત્યે દ્રઢતા નથી તેવા ઈન્સાન આ સંસારમાં ઇન્સાન નથી પણ પશુ જેવાં છે અને તેણે નકામિ પોતાના ભારથી નવ માસ સુધી નિજ માતાને કાયર કરી.

"હરીકૃપા વગર નકામું."

(દુહો)

હરી કૃપા બીન જગતમેં, પુરી પડે ન આશ;
મૃગ સરીતા પય પાનથી, ગઇ કોનકી પ્યાસ...(૭૫)

અર્થ—માણુસ ગમે તેટલાં વલખાં મારે અથવા તો મનના તરંગ દોડાવિ તર્કવિતર્કના ઝુલામાં ઝુલે પરંતુ પરમાત્માની કૃપા વગર જો ઝાંઝવાનાં પાણીથી પ્યાસ (તૃષા) ટળે તો તેની આપ બળેની આશા પાર પડે.

"મિત્રની રીત શું?"

(સવૈયો.)

સાચી સુમિત્રકી રીત કહાવત,
બાની કટુ શીખરૂપ સુનાવે.
આપતકાળ પડે સોઈ ટારત,
શુભ સિદ્ધિ બુદ્ધિ બાત બનાવે.
એક બીજાહુકી લાજન લોપત,
સોગંદ મિત્તકા ખોટા ન ખાવે.
સુંદરસે નીમચંદ કહે પ્યારે,
એસી સુમિત્રકી રીત કહાવે............(૭૬)

અર્થ—ખરા સ્નેહીના સ્નેહપણાની માત્ર એટલીજ નિશાની હોય છે કે તે કડવાં વેણુ પણુ હિત માટે કહેવાને અચકાતો નથી, મતલબ કે રાચે તેવું ખુશામતવાળું નહી બોલતાં બેપરવાઇથી હોય તેવું કહે છે. આપત્તિ વખતમાં ધીરપજણે સારી મતી આપે છે. સ્નેહીની મર્યાદા કે વચન પ્રાણુ જતાં સુધી પણુ પાળે છે. કોઈ દીવસ મહાન કાર્ય અર્થે પણુ સ્નેહીના ખોટા સોગંદ (સમ) ખાતો નથી.

"પરનારીના સંગનું પરિણામ."

(કવિત.)

કીન્યે બસ લોક તીન, રાવન પ્રતાપી એસેં,
ભયો નાશ તાકો હર્ન, કીનો જબ સીયાકો;
અલી મુખપરે સબ, કીચક પંચાલીનસેં,
રહ્યો નહીં રંગ રસ, જશ રૂપ પીયાકો;
ઈંદ્ર ચંદ્ર ભયે મંદ, ભાગી અહલ્યાસે માનો,
હરી જયું ગુમાયો, પછીતાઈ નીજ હીયાકો;
કહે નીલકંઠ જયાકે. એસો ફલ પાઈ વેકો,
સોઈ રસ જાની સંગ કરે પર પીયાકો........(૭૭)

અર્થ—સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એમ ત્રણે લોકને તાબે કરનાર પ્રતાપી રાજા રાવણે જયારે સીતાજીનું હરણ કર્યું ત્યારે તેનો અને તેના પ્રતાપી વૈભવ સુખનો કુંટુંબ સહિત નાશ થયો. દ્રોપદીની છેડ કરવાથી કીચક સો ભાઈ સહિત બળી ખાખ થયો, ઈંદ્ર કે જે દેવતાઓનો રાજા હતો તેણે જો અહલ્યાની ઇચ્છા કરી તો તેને ભગંદરનો રોગ થયો મતલબ કે તેની કાન્તિ ઘટી ગઈ તો નીલકંઠ કવિ કહે છે કે પરસ્ત્રીની લાલચથી એવા મહાન પણ ખુવાર થઇ કમોતે મુવા છે તો પછી પામરનું શું ગજું? માટે કોઇએ પરસ્ત્રીની મોહીની રાખવી નહી.

"ઉપદેશ."

(અરલ.)

ઘરે રહેતે રોજ, કે બજતે રાવતે,
મચ્છરાયે મેવાસ, કે કોઇન આવતે;
કનક છડી લે હાથ, નકી પોકાર તે,
ઘરે રહે સબ રાજ, ગયે જંખ મારતે....(૭૮)

અર્થ—જેને ત્યાં અગણીત ભિન્ન ભિન્ન વસ્તુ અને દ્રવ્યના ખજાના ભરપુર હતા અને વિશાળ રાજ્ય હતું, જેની સભા મોટા મોટા અમિરઉમરાવ વર્ગથી શોભી રહેતી જેના શીરપર મણી જડીત છત્ર ધરાતાં અને બારણે સોનાની છડી લઈ નકી પોકરાતી તેવા મહાન મહારાજા પણ અંતે તે સર્વ શાહેબીને છોડી એકાએક ઉઠી ગયા તો પછી આપણુ તે કોણુ માત્રમાં! એવો વીચાર કરી સદાય નમૃતાથી નીતિ ધર્મમાં વર્તી વ્યવહાર કુશળ થઈ પ્રભુ સ્મરણમાં આયુષ્ય પુરૂં કરવું એજ જીવન સફળ છે.

મુર્ખની આગળ કવિત.

(સવૈયો.)

અંધેકું એઠ દીખાઈ આરસી, બેરેકુ બેઠકે રાગ સુનાયો,
હીરા ગમારકે હાથ દીયો, જૈસે સ્વ નકે અંગ સુગંધ લગાયો,
મર્કટ હાથ કપુરકી બીડી, ગધ્ધેકી પીઠ બનાત ઉઢાયો;
સુરખ આગે કબીત પઢો જૈસેં તૌસકુ આગે મૃદંગ બજાયો(૭૯)

અર્થ—આંધળા માણસને દર્પણ બતાવો તેથી શું? બહેરા (કાન ફુટેલા) ને ગાણું સંભળાવો તેથી શું? મુરખના હાથમાં હીરો આપો તેથી શું? (મુરખ હીરાના પરીક્ષા નહી કરી જાણે); કુતરાના શરીર ઉપર સુગંધી પદાર્થના લેપ કરો તો શું? વાંદરાના હાથમાં કપુરની બીડી આપો તો શું? ગધેડાના વાંસાપર શાલદુશાલા ઓઢાડો તેથી શું? કંઇજ નહી. તેમ અજ્ઞાની અવિદ્વાનને કાવ્ય બનાવી કહો તો શું! મતલબ કે તેને તે રસની બીલકુલ મજા ન આવે.

"સોબતથી થતી અસર."

(કવિત.)

પારસ પલક માંહી, લોહકુ સુધારી લેત,
પારસ ભયે તે છનમાંહી હેમ હોઈ હીં;

આક હાક વૃક્ષનકું ચંદન સુધારી લેત,
આપકે સમાન કીન શીત ખુશબોઇ હેં;
જેસેં ભ્રંગ કીટકું સુધારસે ફીરાત અંગ,
ભ્રંગ સંગ ભ્રંગ હોઈ કીટ જાતી હોઈ હેં.
કહત હે બ્રહ્માનંદ રાય મન વાણી કરી,
તત્કાળ શિષ્યકુ સુધારે ગુરૂ સોઇ હે........(૮૦)

અર્થ— જેમ પારસ એકજ પલકમાં લોઢા જેવી ધાતુને પોતાની સોબતથી સુવર્ણ કરે છે, જેમ આકડા અને લીંબડાનાં વૃક્ષોને સુવાશીત ચંદન વૃક્ષ પોતાના સહવાસથી તેને પોતાના ગુણ જેવું શીતળ અને પોતાના જેવી સુગંધીવાળું બનાવી દે છે, જેમ ભમરી કીડાને પોતાના સંગથી ભમરી બનાવી દે છે, તેમ બ્રહ્માનંદ કહે છે કે સત અને સમર્થ ગુરૂઓ અજ્ઞાની શિષ્યને પણ પોતાના સહવાસમાં રાખી સંસ્કારી બનાવે છે.

" પથ્થરપર પાણી ઢાળ્યાજ કરો. "

(સવૈયો.)

રેતીહુ તે કોઈ તેલ ન પાવત,
પાની મથે ઘૃત કોને લયો હે,
રૂકસ કુટત કસે મીલે કણ,
સુન્ય મુડી ભરી કાહ અયો હે;
કોડ વસા પથ્થરા નહી ભિજત,
ખાર બોઈઅન કૌને લીયો હે,
ઐાષધ બોધન બ્રહ્મ મુનિ કહે,
જાહીકો રોગ અસાધ્ય ભયો હે........(૮૧)

અર્થ—જેમ રેતીને પીલી કોઇએ તેલ કાઢયું સાંભળ્યું નથી, પાંણીને વલોવી કોઇએ માખણ તારવ્યું નથી, ફોફાંને ખાંડી

કોઇએ દાણા કાઢ્યા નથી. ઠાલ સુકી ખોલી કોઇએ તેમાંથી વસ્તુ કાઢી નથી, હજાર વરસ પત્થરને પાણી ભિંજાવે છતાં તે પત્થરનું હૃદય ભિંજવી શકયાં નથી, ખારવાળી જમિનમાં વાવેલુ અનાજ કોઇએ લણ્યું નથી તેમ બ્રહ્માનંદ કહે છે કે જેને અસાધ્યનો રોગ લાગુ પડયો હોય તેને ઓસડ આરામ કરી શકતું નથી. મતલબ કે અજ્ઞાનીને બોધ (શિખામણ) ની અસર થતીજ નથી.

" રામ રાખે તેમ રહેવું "

(કવિત.)

કબુ એક હાકમ હુકમ કુલ આલમપર,
કબુ એક કુરે બોલ લોકનકે સહીયે;
કબુ એક ઉંચી અટા બેઠ ઘનઘટા જોત,
કબુ એક ભોજન કુલ છતીસોં બનાય ખાત,
કબુ એક લુખી ભાજી બીના લુન ખાઇએ;
હારીયે ન હિમ્મત બીસારીયે ન હરી નામ,
જાહી બીધી રાખે રામ તાહી બીધી રહીયે........(૮૨)

અર્થ—સઘળી વસ્તીના પર સત્તા ચલાવનાર અધિકારીને કોઇ વખતે રાની માફક ગરિબાઇમાં દબાઇ વસ્તીના કઠોર અને માર્મિકભર્યા શબ્દોનું અપમાન ખમી માગી ભિખીને પોતાનું ગુજરાન કરવાનો સમય આવે છે. ઉંચી મેડીના ઝરૂખે બેસી રહેનારને પણ કોઇએક વખતે ઘાસથી છવાયેલ ઝુંપડીમાં રહેવું પડે છે. બત્રીશ ભાતની સુંદર વાનીઓ જમનારને કોઇ પ્રસંગે નિમક વગરની લુખી ભાજી ખાવી પડે છે, માટે ગમે તેવા સંજોગમાં ધીરજ નહિ હારતાં જેમ પ્રભુ રાખે તેમ સમજીને શાંતિમાં રહેવું, પ્રભુનું ભજન કરવું અને નિરાભિમાની બનવું.

" તે હાથે મારો હાથ ગ્રહો. "

(કવિત.

જાહીં હાથ ધનુષકો ચઢાયોહે સીતા પતિ,
જાહીં હાથ રાવણુ સં ા લંક જારી હે;
જાહીં હાથ તારેઓ ઉગા હાથ હાથી ગ્રહી,
જાહીં હાથ સીંધુ મથી લક્ષ્મી નીકારી હે;
જાહીં હાથ ગીરીવર ઉઠા ગીરધારી ભયે,
જાહીં હાથ નંદકાજ ના નાગ કારી હે;
હોતો અનાથ જોરી હાથ કહો દિનાનાથ,
વાહી હાથ મેરો હાથ ગરિબેકી પારી હે.....(૮૩)

અર્થ—સીતાજીને પરણુતિ વખતે જે હાથથી ત્રીપુરારીનું ત્રંબક ભાગ્યું હતું, જે હાથે રાવણુ જેવા અભિમાનીને મારી લંકા ઉજ્જડ કરી હતી, જે હાથે હાથીનો હાથ ઝાલી તેને ઝુંડના ઝપાટામાંથી ઉગાર્યો હતો, જે હાથથી સમુદ્ર વલોવિ કમળાને બાહેર લાવ્યા હતા, જે હાથેથી કાળિનાગને નાથ્યો હતો, તે હાથેથી મારો હાથ ઝાલીને હે દિનબંધુ પ્રભુ! મને ઉગારો.

" પ્રભુ ભક્તિ વગરનો મોજશોખ વ્યર્થ છે. "

(છંદ.

સંત સમાગમ કબુ ન કીનો,
ધ્યાન ધર્યો નહી કબુ હરીકો;
ગાડી ઘોડા પોષાક ભારી,
દુપટ્ટા ઓઢે ખુબ જરીકો;
ભાત ભાતકે ભોજન પાવે,
બાગમે જાવે સેલગરીકો;
કહે બાબુ એકે દયા ધર્મ બીન,
કુહ્યો જેસો ગદ્ધે સરીખો............(૮૪)

અર્થ—કોઇ દીવસ સંતસાધુની સોબત ન કરી, ભાવ સહિત પ્રભુનું ધ્યાન પણ ન ધર્યું અને અનેક સ્વાદિષ્ટ ભોજનનો આહાર કરી શરીરે મન માનતા કીંમતી પોષાકો પહેરી ગાડીઘોડા માં બેસી બગિચામાં સહેલ કરવામાંજ દિવસ વિતાવ્યા અને ગધેડાના જેવું શરીર વધાર્યું તે સર્વ નકામું છે.

" સંગત તેવી અસર "

(કવિત.)

બેઠીયે ન જહાંતહાં કીજે ન કુસંગ સંગ,
કાયરકે સંગ શુર ભાગેહી ભાગે;
કાજલકી કોટડીમેં કેસોહી જતન કરે,
કાજલકી એક રેખ લાગેહી લાગે;
દેખી એક બાગનમેં ફુલ[illegible]કી બાસનમેં,
કામનીકે સંગ કામ જાગેહી જાગે;
કહેતે બીહારીલાલ વૈસો [illegible] હમારો ખ્યાલ,
ઇતનેમેં એક બુંદ લાગેહી લાગે........(૮૫)

અર્થ—કાળજીથી જોયા તપાસ્યા વગર કોઇ પણ ઠેકાણે કુસંગમાં ન પડવું; કેમકે કુસંગની અસર જરૂર લાગશે, જેમકે બિહુકણની સોબત વીર પુરૂષને થઈ હોય તો તે વીર પુરૂષ ચોક્કસ બિહુકણના સંગથી રણમાંથી ભાગી જશે.. મેશની ભરેલી કોટ-ડીમાં ગમે તેવી સંભાળથી જઈએ તો લગાર પણ કાળી રેખ લાગ્યા વગર નાહ્યું રહે. એકાંત બગિચો કે જે મનગમતાં સુગંધિ પુષ્પોથી પ્રફુલ્લિત થઈ રહ્યો હોય તેવા સ્થળે સ્ત્રીની સાથ વખત વિતાવીએ તો કામની સ્ફુરણા થાય છે, મતલબકે જેવી સંગત તેવી અસર.

" વિરંચીએ વિજયા પીધી ? "

(કવિત.)

કમળાનિવાસી વાકુ મુઢમાત ગતિ દીની,
પ્રતાપી ઉદાર વાકુ કોડી નહીં દીની હે;
કામિની કોકીલા સમ મુરખકે પાલે પરી,
શંખીની ફુવડ નાર ચતુરકુ દીની હે;
સમુદ્ર અગાધ નિર ખારો કર દીનો તેને,
ખગ બગસે બનાયો કહા ગતિ કીની હે;
કહે કવિ વિશ્વનાથ જગદિશ પાય પરૂં,
વિરંચીને કહા કછુ વિજીયા કુચ્છ પીની હે ?........(૮૬)

અર્થ—જેની વૃત્તિ ઉદાર અને જેનું મન હંમેશા પરમાર્થમાંજ લાગી રહ્યું છે તેને કંગાળ રાખ્યો છે. સંસારના સૌંદર્યના રૂપ સુઘડ, અને સુશીલતાના સરોવર સમાન નવયૌવનાં સુંદરિ કે જે કાવ્ય સંગિત અને કોક કળામાં પ્રવિણુ હોય છે તેનો મુર્ખની સાથે ઘરવાસ અને ગંધારિ કુભારજાનું સજ્જનથી પાનો પાડયો. સમુદ્રનું અગાધ પાણી તદ્દન ખારૂં કર્યું તો વિશ્વકવિ પ્રભુને પ્રણામ કરી કહે છે કે આ જગની બ્રહ્માજીએ જ્યારે રચના કરી ત્યારે તેણે ભાંગનો કેફ કર્યો હોય એમ ચોક્કસ અનુમાન થાય છે, નહિંતો જ્યાં જોઇએ ત્યાં ન્યુનાધિક ન રાખે.

" વીરરસમાં શૃંગાર રસ ન શોભે. "

(દુહો.)

નીકીપે ફીકી લગે, બીન અવસરકી બાત;
જૈસે બર્ણન જુદ્ધમેં, રસ સીંગાર ન સુહાત....(૮૭)

અર્થ—અમુક પ્રસંગે અમુક પ્રસંગની વાત નહિ કરતાં અન્ય વાતો બોલવામાં આવે છે અને તેથી તે વાતો તદ્દન નકામી નિવડે છે; કે જેમ યુદ્ધ પ્રસંગે શૃંગારનું બયાન અજુક્તું લાગે તેમ.

"લલાટે લખ્યું લેવું."

(સવૈયો.)

કહેનાં ઉસકુ, જો કરે કહેનાં,
ન કરે તો ઉસ્કુ કયા કહેનાં,
રહેનાં ઉસપે જો લહે ગુનકો,
ગુનકો ન લહે તો કહા રહેનાં,
બહેનાં ઉસપે હિત હોત જહાં,
હિત હોત નહી તો કહા બહેનાં,
લહેનાં અપના કહી જાત નહીં,
જો લલાટ લીખે સોહી લહેનાં...........(૮૮)

અર્થ—બે વચન દાબીને તેની મતલબનાં કહેવાં તે સજ્જન પુરૂષનું કામ છે, પણ તે કહેવાં કોને, કે જે કહ્યા પ્રમાણે વર્તે તેને. ન વર્તે તેને કહેવાથી ફાયદો શું ? રહેવું ત્યાં કે જેમાં આપણા ગુણની કિંમત થતી હોય, પણ જ્યાં કિંમત કે કદર ન હોય તેવી બુદ્ધિના માણસ પાસે રહેવાથી ફાયદો શું ? જવું તો ત્યાં, કે જ્યાં આપણું હિત સચવાતું હોય; પણ હિત ન સચવાય ત્યાં જવું નકામું છે. તેમ લેવું શું ? કે જે આપણે લલાટમાં લખાવીને આવ્યાં છીએ તે.

" થવાનું મિથ્યા ન થાય "

(કવિત.)

ચાંદસેં ચકોર ટળે, મેઘસેંભી મોર ટલે,
ચોરીસેં ચોર ટલે, દિલસે દિલદાર જો;
રોગીસેં રોગ ટલે, ભોગીસેં ભોગ ટલે,
જોગીસેં જોગ ટલે, કામિસેં નાર જો;
પરબતસેં મેરૂ ટલે, ધનસેં કુબેર ટલે;
દિનકાભી ફેર ટલે, હો બુરા હજાર જો;
લેકીન એ શેહેરીયાર, માનો યે એતેબાર;
ટલે નહીં ઝીનહાર, હોવે હોનહાર જો...........(૮૯)

અર્થ—ચકોરનું ચિત્ત ચંદ્રમાપરથી ખેંચાઇ જાય, વરસાદના ધ્વનિથી કલાપિનું મન ઉતરી જાય, ચોર ચોરીને તજી દે, હૃદયમાંથી સ્નેહી ખસી જાય, રોગી નિરોગી થાય, ભોગી (વિષયી) પુરૂષનું મન ભોગથી ઉતરી જાય, મેરૂ પોતાના સ્થાનથી ફરી જાય, ધનપતિ કુબેર ધનહિન બને, દિવસ પલટાઈ રાત્રી થાય, પણ શહેરીયાર કહે છે કે આપણા નશિબમાં જે થવાનું છે તે બદલાશે નહિ, પણ લખ્યા પ્રમાણેજ થશે, કે જેમાં બુદ્ધિ કે ધપણું લેશ પણ કામ આવતું નથી.

" ચાહનારથી નાસતી ફરે છે."

(સવૈયો.)

નારીના નેહની રીત અનીત છે,
ચાહ કરે તેથી નાસતી હીંડે,
જો સ્વપ્ને પણ શુદ્ધ ન લે તેને,
તાકતી હીંડે ને કાળજે ભીડે;

ને ચિત્ત ચાહ ચકોરની પેરે,
મળે નહીં તેને પ્રેમમાં પીડે,
સુખાનંદ કહે એનો પાર ન પામીયે,
સાજાને ભાગે ને ભાગ્યાને ભીડે............(૯૦)

અર્થ—સ્રીના પ્રેમની રીતિ કંઈક અજબ અને અલૌકિકજ છે, કે જેણે તે અનુભવિ હોય તેજ તે જાણે છે, તો પણ સુખાનંદ કવિ કહે છે કે સ્રીની જે ચાહના રાખે, તેનાથી સ્રી દુર ભાગે છે, એટલે કે તલખે તેને દર્શન પણ દેતી નથી, ને જે પુરૂષ સ્રીથી દુર નાસી તેને વખોડે છે તેની પાસે તે પરાણે પ્રેમ કરતી જાય છે ને વારંવાર તેને જોવા અધિરી બને છે.

"પેટ માટે પરાધિન."

(કવિત.)

પાજી પેટ કાજ કોટવાલકે આધિન હોઈ,
કોટવાલસો તો શીકદાર આગે દિન હ,
શીકદાર દિવાનકે પીછે લાગ્યો ડોલે પુની;
દિવાનહુ જાય બાદશાહ આગે લીન હે;
બાદશાહ કહે યા ખુદાય મુઝે ઔર દેહ,
પેટહીં પસાર વહી પેટ વશ કીની હે,
સુંદર કહત પ્રભુ કયુંહીં નહીં ભરે પેટ;
એક પેટ કાજ એક એકકે આધિન હે........(૯૧)

અર્થ—પેટની પ્રબળતા આ જગતમાં એટલી બધી છે કે, કોટવાળ પેટના માટેજ સેનાપતિના હુકમમાં રહે છે. દિવાનની પછવાડે તે ખિજમત કરતો ચાલે છે. દિવાન રાજાના પગમાં નમે છે, અને રાજા પ્રભુ પાસે હાથ જોડી રાંકની માફક કરગરે છે કે હે પ્રભુ! જે રાજ્ય છે તેમાં કોઈપણ રીતે વધારો થાય તેવું સાધન

અને શક્તિ આપ. આમ દરેકે દરેક એકબીજાની તાબેદારી માત્ર પેટના લિધેજ ઉઠાવે છે, એમ સુંદર કવિ કહે છે.

" ખરો શુરવીર કોણુ? "

(દોહા)

શુરવીર તાકો કહેત, સાધુ સંત પોકાર;
કટાક્ષ બાણોંસે બચે, વનિતાકે મન સાર.........(૯૨)

અર્થ—સાધુ અને સંત પુરૂષો પોકારી પોકારી વારંવાર આ સંસારમાં ખરા વીરપુરૂષ એનેજ કહે છે, કે જે પુરૂષ સ્રીની નિગાહરૂપ કાતિલ બાણોના ઘાથી બચી જાય.

" કુલટાનાં લક્ષણ. "

(છંદ.)

પગ પછાડે પાની મોડે, કુવાકાંઠે અંબોડા છોડે;
છેડો કાઢી વા ઉરાડે, પતિત તે શું ઢોલ વગાડે;
આગે હીંડે પીછે દેખે, જમને હાથકા કંગન પછાડે;
હાથ પસારકે, પીઠ દેખાડે, પતિત તે શું ઢોલ વગાડે.(૯૩)

અર્થ—ચાલતાં પગલાંના ધબકારાથી પૃથ્વિ ધ્રુજાવે; પનઘટપર પાણી જાય ત્યારે હજારો લોક–વૃંદની લાજ પરહરી જાહેરમાં માથું ઉઘાડું કરી અંબોડા છોડી વાળ સમારી ફરી તે વાળની વેણી બંધબેસતી કરતી હોય, સાડીનો પટ કે જે ઉદરપર થઇને કેડે ખોસ્યો હોય, તેને કાઢી ઉદર ઉઘાડું કરી તે છેડાવડે શ્રમથી મુખપર બાઝેલો પસીનો લુછે અથવા તો ઠંડક માટે તે છેડા હલાવી હવા ખાવાની ટેવ હોય, વારંવાર પાછું વાળી પગની પાની જોતી હોય, જમણા હાથનાં કંકણુ ખખડાવી અવરની નિગાહ

પોતાપર પડવા સુચના કરતી હોય તેવી સ્ત્રી સારૂં શું કરી દેખાડશે ? કંઇજ નહિં, પણ ઉલટી માબાપના અને સાસુ સસરાના નામને કલંક લગાડશે, જ્યારે પતિને વ્યવહારમાં નીચું જોવરાવશે.

" સુંદરીનું વર્ણન."

(કવિત.)

કોમળતા કંજતે, ગુલાબ તે સુગંધ લેકેં,
ચદ તે પ્રકાશ લેકે, ઉદ્દીતા ઉજારો હે;
રૂપ રતિ આ નંનતે, ચાતુરી સુજાનનતેં,
નીર લે નવાનનતે, કાતુક નીવરો હે;
ઠાકુર કહત મસાલો બીધી કારીગર.
ઉપમાની હાર કયોં ન હોત ચિત્ત ચોરો હે;
સાનેકુકો રંગ લે, સ્વાદ લે સુધાકો;
વસુધા સુખ લુંટકે, બનાયો મુખ તેરાહે.........(૯૪)

અર્થ—કોઇ એક મુગ્ધા મનહર માનુનિને જતી જોઇ ઠાકોર કવિ તેનું વર્ણન કરે છે કે, હે સુંદરી ! તને જ્યારે વિરંચીએ બનાવી હશે ત્યારે તેને ભિન્ન ભિન્ન સ્થળેથી તારૂં કલેવર નિરૂપણ કરવા વસ્તુ મેળવવાની મહાન મહેનત થઈ હશે તે કેવી રીતે કે, તારા કલેવરની કોમળતા કમળ પાસેથી લીધી હશે, તારા શરીરથી આવતી સુગંધ ગુલાબ ફુલેથી મેળવી હશે, તારી ગૌરવતા ચંદન આગળથી લીધી હશે, તારૂં સ્વરૂપ કામદેવ આગળથી લીધું હશે, શીતળતા ચંદ્ર પાસેથી લીધી હશે, કાન્તી સુર્ય પાસેથી લીધી હશે એટલુંજ નહિ પણ સુવર્ણનો રંગ અને તારા અધરોષ્ટપરની મીઠાશ તે અમૃત પાસેથી અને તારા શરીરની સોંદર્યતા સઘળી શ્રૃષ્ટિને લુંટી તારા સ્થુળનેજ આપી,

---

" મુર્ખને બોધ. "

(કવિત.)

કહે તે સમજે નાંહી સમઝાયે સમઝે નહીં,
કવિ લોક કહે કહીએ અવીસારસી;
કાકકો કપુર જેસે. મર્કટકો ભુષણ જેસે;
બ્રાહ્મણકો મક્કા જેસે, મીરકો બનારસી;
બહીરેકેં આગે તાન, ગાયેકો સ્વાદ જેસે;
મુઘકે આગે મોતી લાગત અકારસી;
કહે કવિ ગંગ મનમાંહી તો બિચાર દેખો,
મુઢ આગે બીધા જૈસે અંધ આગે આરસી........(૬૫)

અર્થ—કાગડાને કપુર, વાંદરાને મણિનો હાર, બ્રાહ્મણને મક્કાપુરી, કાજીને કાશીપુરી, બૈરાંને ગાણું, મરઘાને મોતિ, જેમ નકામું લાગે છે તેમ મુર્ખને બોધ આપવો તે આંધળા આગળ આરસી ધરવા બરાબર છે.

" કાળ વ્યાળની ઝપટ. "

(અરલ)

જોગી કરતે જોગ, કે આસન સાધતે;
અખંડ ભભુત લગાય, જટા શીર બાંધતે;
સાધી કલપ કેદારકે તતપર હોયરે,
કાળ વ્યાળકી ઝપટ, બચા નહીં કોઈરે........(૬૬)

અર્થ—ભલે જોગી હોય કે જે જોગી દ્રઢ આસને રહી જોગ સાધતો હોય, જટા એટલે માથાપર કેશ વધારી આખા અંગે રાખ લગાડતો હોય અને કેદાર કાશી વગેરે સ્થાને અનેક વર્ષ સુધી રહી સાધનામાં સાવધ થયો હોય તો પણ તેને કા-

ળરૂપી ઝેરી નાગની ઝપટ લાગ્યા વિના નથી રહેતી કે જે ઝપટનો ભોગ આ સઘળું જગત્ છે.

" મુર્ખ મિત્ર કીયો ન કીયો. "

(સવૈયો.)

ગંગ તરંગ પ્રવાહ ચલે,
ક્ષીર કુપકો નીર પીયો ન પીયો,
અબહુ હૃદયે રઘુનાથ બસે,
તો ઔરકો નામ લીયો ન લીયો;
કર્મ સંયોગ સુપાત્ર મીલે તો,
કુપાત્રકો દાન દીયો ન દીયો.
કવિ ગંગ કહે સુન શાહ અકબર,
મુરખ મિત્ર કીયો ન કીયો.........(૯૭)

અર્થ—ગંગાજીનાં પવિત્ર, નિર્મળ અને અમૃત સમાન ગુણકારી જળ વ્હેતાં હોય ત્યાં ગયા પછી કુવાનું જળ ન પીધું તોય શું ? શ્રી રામચંદ્રજીની ભક્તિ અંતરમાં અચળપણે આવીને નિવાસ કરી રહી હોય તો પછી અવરનું નામ ન લીધું તોય શું ? સંસ્કારના પ્રભાવે સારૂં પાત્ર આવ્યા પછી નઠારા યાચકને ના આપો તો શું ? તેમ ગંગ કવિ કહે છે કે મુર્ખ મિત્રની સાથે સ્નેહ ન કરો તોય શું ? કાંઇજ નહિ, તે છતાં કરવો તો નુકશાન ખમવા તૈયાર થવું.

" બપૈયાને ઠપકો. "

(કુંડળીઆ.)

પપીહા તીહીકા મારો હો, છોડ દે હું મોર ગાંવ;
અર્ધ રાતકા બોલના, લે લે પીઉકો નાંવ.

લે લે પીઉકો નાંવ, ગાંવ હમરો નહીં ભુલે;
કઠીન તુંમ્હારો બોલ, આઇ હરદયમે ચુલે.
કહે ગિરધર કવિરાય, સુનોરે નિર્દય પપીહા;
નેકુ રહન દે મોહી, સૌસસુદે રહુ ઘહીકા.(૯૮)

અર્થ—પીયુ વિયોગે રિબાતી પ્રેમી પ્રિયા બપૈયાને બોલતો સાંભળી બપૈયાને કહેછે કે, હે બપૈયા ! તું જલ્દીથી મારૂં ગામ છોડી બીજે ગામ ચાલ્યો જા; નહિતર હું તારૂં મોઢું બોલતું બંધ કરીશ; કારણ કે તું રોજ હું વિરહિણી અબળાને સતાવવા અર્થેજ મધરાત્રીએ મ્હારા મ્હેલના ઝરૂખા કને આવી "પીયુ" "પીયુ" એમ બોલી મને પીયુનું સ્મરણ કરાવી પીયુના નામમાં ગાંડી કરી મુકે છે.

"ક્યાં ન રહેવું ?"

(કુંડળીઓ.)

સાંઇ તહ ન જાઇએ, જહાં ન અપના કોઇ;
બરન બીશે જાને નહીં, ગદહા દાખે ખાય.
ગદહા દાખે ખાય, ગઉ પર દ્રષ્ટિ લગાવે,
સભા બઠી મુશ્કાય, અહીં સબ નૃપકો ભાવે,
કહે ગિરધર કવિરાય, સુનોરે મોરે ભાઈ,
તહાં ન કરીએ વાસ, પ્રાતઃકાળે ચલી જાઇએ.....(૯૯)

અર્થ—ગિરધર કવિ કહે છે કે હે સજ્જન ? જ્યાં આપણું કોઈ ન હોય ત્યાં કદી જઇને રહેવું નહિ, એટલે કે આપણો પક્ષ ખેંચી આપણને દુઃખમાં મદદ કરે, અથવા તો આપણા ગુણને જાણી શકે તેવો કોઈ સજ્જન ન હોય ત્યાં ન રહેવું, અને કાળની પ્રબળતાએ કદાપી ત્યાં જઈ ચડીએ તોપણ જાણ્યા પછી પાણી પીવા પણ ન ઉભા રહેવું.

" પ્રીત રાખવી હોય તો શું કરવું ? "

(કવિત.)

પહેલે વિવાદ વ્યવહાર ધનકો ન કીજીયે,
જાચિયે ન તાપે આઇ માંગે તાહી દીજીયે;
મિત્રકે ઘરમેં ઘરૂનીસો મીલી બેઠીયે ન,
હસીયે ન દુરી બેઠી બેન છોરી લીજીયે.
કાઉં ભેદ પારેં તો ન ભુલે દેવિદાસ કહે,
મનકી દુરાયેંન તાતે ભયે ખીજીયે.
પ્રીતી ખોયો ચાહીએ તો કીજીયે પરસુ પ્રીતી,
પ્રીતી રાખ્યો ચાહીએ તો ઈતનો ન કીજીએ.....(૧૦૦)

અર્થ—આ સંસારમાં ઉત્તમમાં ઉત્તમ એજ છે કે કોઈ સાથે મિત્રતા વધારવી નહીં, જો વધારવી હોય તો તેની પાસેથી નાણાંની લેવડ દેવડ કરવી નહીં. કદાપી મિત્રને જરૂર પડે અને આપણે સંપતવાળા હોઇએ તો પાછાં લેવાં છે એમ ધારીને નહીં પણ બક્ષિસ તરીકે ગણી તે લેવા આવે તો તેને આપવાં, પણ આપણે માગવા જવાં નહીં; વળી મિત્રની પત્નિથી જાહેરમાં કે ખાનગીમાં બીલકુલ મશ્કરી વ્યવહાર વધારવો નહીં. કદાપિ કર્મની પ્રબળતાએ મિત્ર આપણાથી અલગ રહેતો હોય તો તેપર ખીજવું નહીં.

" સત્સંગ વગર ન રહેવું. "

(સવૈયા.)

આદરભાવ વિવેક નાહીં,
આહી ઠોરકો ત્યાગ કર્યો ચાહીયે,
જીનસેં અપની મરજી ન મીલે,
તીનસેં નીરલેપ સદા રહીયે;

આનહીં જાત કુસંગ કરો મતી,
પ્રેમ સદા સત્સંગ રહીયે,
જહાં સત્સંગ નહીં તુલસી,
ઓહી ઠોર જન્મભર ના રહીયે.........(૧૦૧)

અર્થ—જેના ઘરમાં પરાયા માણુસને સત્કાર નથી મળતો, જેના હ્રદયમાં માણુસાઈ તરીકેનો વિવેક, નમ્રતા, મીઠાશ ભરી વાણી વીગેરે નથી, જેનાથી આપણાં ચિતને આનંદ ન થાય એવા ઓને ત્યાં અથવા તો તેવાઓના સમુદાયમાં સજ્જન પુરૂષોએ કદી ન વસવું, એટલુંજ નહીં પણુ જ્યાં સત્સંગનો લેશ પણુ વાસ ન હોય તે સ્થાને તો જીવ જાય તોપણુ ન રહેવું.

"રામ રાખે તેમ રહેવું."

(કવિત.)

કબુક બાગ હાથ બાજતે નગારે સાથ,
કબુક પાઉં પ્યાદે શીશ બોજ સહીયે;
કબુક આપ દ્વાર ભીર હે ભિખારનકી,
કબુક પરદ્વાર યાચનોહી ચાહીયે,
કબુક મેવા અરૂ અંબસેં અજીર્ણુ હોત,
કબુક મુષ્ટીભર ચુગનો ન પાઈએ;
હારીયે ન હિંમત બીસારીયે ન હરિ નામ,
જાહી વીધી રખે રામ તાહી વીધી રહીએ....(૧૦૨)

અર્થ—વીધવીધ કારીગરીથી અનેક માણેક મોતી જડેલ સુવર્ણુની અંબાડીથી સજેલા હાથીપર હમેશ બેસતા હોઈએ ને આગળ નોબત નીશાનના અવાજ થતા હોય તો કોઈ દીવસ પારકા માણુસનો ભાર માથા ઉપર ઉપાડી વેતરૂં કરવાનો પણુ સમય આવે છે. કોઈ દીવસ પોતાના દરવાજામાં અસંખ્ય ભિખારીઓ

માગવા આવતા હોય અને તે સર્વને જોઈતી ચીજ આપી તેનાં મન સંતોષી શકતા હોય તેને કોઇ દીવસ પારકાને ત્યાં દિનકંગાળ માફક હાથમાં કાચલી લઇ માગવાનો વખત આવે છે. હમેશાં દ્રાક્ષ, લીંબુ, નારંગી, સંતરાં, સક્કરજંદ અને હાફુસ પાયરી વિગેરે કીમતી મેવાના દેશાવરથી કંડીઆ ખાવા માટે આવતા હોય કે જેમાંથી બીજાં અનેક માણુસો ખાઈ આનંદ લઇ શકતાં હોય તેને કોઈ દીવસ એક ચપટી ચણા મમરાની પણ દુર્લભ થાય છે. એટલેકે આજે ચઢતી હોય તો કાલે પડતી આવે છે; પણ ચઢતી હોય કે પડતી હોય પણ કોઈ દીવસ માણુસે ધર્મને વીસારી હીંમત તજી ન દેવી, પણ તેને પ્રાણુના જોખમે સાચવી રાખી, હર્ષ શોક નહીં લાવતાં જેમ પેદા કરનાર માલેક (પ્રભુ) રાખે તેમ આનંદથી રહેવુ એજ સજ્જનતા છે.

"વલ્લભવિયોગી વામાના ઉદ્ગાર."

(કુંડળીઓ.)

મોતી લેને પીયુ ગયે બાર સમુદર તીર,
મોતી મીલે ન પીયુ ફરે નૈનાં ટપકત નીર;
નૈનાં ટપકત નીર પીર અબ કાસા કહીએ,
બીતી બારહ માસ કહા અબ કયસી રહીએ;
કહે ગીરિધર કવિરાય નીંદભર કબહું નસોતી,
જર જાઓ વહ સીન્ધુ જહાં નીપજત હે મોતી(૧૦૩)

અર્થ—કોઇ એક પ્રેમી પ્રેમદાનો પતિ મોતીનો અભિલાષી બનીને સમુદ્ર કિનારે મોતી લેવા અર્થે ગયો અને જતી વખતે પ્રેમદાને કહ્યું કે મોતી લઈને હું બે માસની મુદત અંદર આવી મળીશ. તે પતિના વિરહમાં તલખતી પત્નિ ઉર્મી બતાવે છે કે બે માસની મુદત આપી પિયુ સમુદ્ર કિનારે મોતી લેવા ગયા છે, જેને બાર માસ વીતિ ગયા તોપણ પતિ મોતી લઈને અથવા તો મોતી વગર પણ પાછો ન ફર્યો ને તેના વિયોગે

મારૂં જોબન મને પજવે છે ને રાત કે દીવસ બે ઘડી પણ સુખે નિદ્રા નથી આવતી ને એકલી મુંજાઈ નેત્રમાંથી પાણી ખરે છે અને ઝુર્યા કરૂં છું. તો હે પ્રભુ! જે સમુદ્ર કિનારે મોતી નિપજતાં હતાં તે સમુદ્રનેજ બાળી મુકો એટલે કોઈ મારા જેવી પ્રેમી પત્નિને એકલી મુકી તેનો પતિ મોતીના લોભે તે સમુદ્ર કિનારે ન જાય.

"જમાનો કેવો આવ્યો ?"

(કવિત.)

પુન્ય ગયો પુરવ પ્રતિત ગઈ પછીમમાં,
દયા ગઈ દખનકો ધર્મ ઉત્તર ધાયો હે,
શરમ ગઈ સરિતા ઔર ભરમ ગયો ભાગી
થવાયો ઔર બૈઠો કાહુબી લેઈ ઠરાયો હે,
બૈરામલ કહે ગજબ ચલી ચતરાઈ હોગી,
હાય દેખોજી જમાના કોન આયો હે.....૧૦૪

અર્થ—પુન્ય, પુર્વમાં ગયું. વિશ્વાસવૃત્તિ પશ્ચિમમાં ચાલી ગઈ. દયાવૃત્તિ, દક્ષિણ દિશામાં નાશી ગઈ. ધર્મ, ઉત્તર તરફ ગયો. લાજ શરમ, પાણીના પ્રવાહમાં તણાઇ ગઇ. મર્યાદા ત્રુટી ગઈ. એમ સઘળું માણસાઇના પ્રમાણમાં જે છાજતું હતું તે એક પછી એક ચાલ્યું ગયું ને ન ધારેલું તે પણ અનિષ્ટ રૂપ હતું તેપ્રચાર પામ્યું એ ખરેખર આ કળીકાળનોજ પ્રભાવ છે.

"પ્રધાન કેવો જોઇએ ?"

(દુહા.)

જેસે ભાગ્ય હે ભુપકે, સબ જાને સંસાર;
મંત્રિ આગે મીલ રહે, એસે બુધ્ધિ ઉદાર.
રૈયત સબ રાજી રહે, મીટે ન રાવત માન;
આમદ ઘટે ન રાજકી, સો પરધાન પ્રમાણ(૧૦૫)

અર્થ—રાજાનું શુભ નામ દેશના એક છેડાથી બીજા છેડા સુધ્ધી માનવંતું કરી જશનામી બનાવે, વખતે વખત રાજાને સારી બુદ્ધિ આપે, રૈયતનાં દીલ જીતી રૈયતના હક રૈયતને આપી પ્રાણુ સમાન પ્રીય ગણે. પોતાના અમલમાં અધિકારીનાં યોગ્ય માન સચવાઈ કામદાર વર્ગનાં કામની કદર બુજી શકતો હોય, રાજ્યની આવક ઓછી ન થતી હોય એટલા ગુણુ જાણુનાર માણુસ ખરેખર પ્રધાન પદને યોગ્ય ગણાય છે.

" મનુષ્યનું કર્તવ્ય શું ? "

(કવિત)

આગેસેં ધસીયે ના ધસીયે તો ખસીયે ના,
શુરકે સમિપ જાકે મારીએ કાં મરીએ;
બુદ્ધ બીન બોલીએ ના, બોલીયે તો ડોલીયે ના,
બોલ એસો બોલીએ જો બોલીયેં સો કીજીએ;
અજાણ પ્રીત જોડીએ ના, જોડીયે તો તોડીયે ના,
જોડ એસી જોડીયે જો જીવન પેં જડીયે;
કહે કવિ કાનદાસ સુનોજી બીહારીલાલ,
ઉખરમેં શીશ ડાર કહો મુસલસે ડરીએ....(૧૦૬)

અર્થ—યુદ્ધ પ્રસંગ હોય ત્યાં વગર વિચારે હુડી કાઢી હોંશીલા બની જવું નહીં, ને જવું તો પછી રૂધિર કે તરવારને જોઇ જીવ લઇ ન્હાસી ન આવવું, પણુ સામે પગલે લડી શત્રુઓને મારવા અથવા તો મરવું. સમજ વગર કોઇ પ્રસંગે બડાઇની વાત બોલવી નહિ; અને બોલવું તો બોલેલું પ્રાણુ જાય અને ગમે તેવી મુશ્કેલી આવે તોપણુ પાળી આપવું. અજાણ્યા માણુસથી સ્નેહ બાંધવો નહીં, ને બાંધવો તો પછી મુકવો નહીં, પણુ આખર સુધી નિભાવવો એજ મનુષ્યનું કર્ત્તવ્ય છે, એમ કાનદાસ કવિ કહે છે.

" દુરાચરણી સ્ત્રીની મીત્રાઇ ન કરવી. "

(કુંડળીઓ.)

રંડી મિત્ર ન કીજીએ, અક્કલ ભ્રષ્ટ હો જાય;
ભક્તિ ગુમાવે ઈષ્ટકી, જીવત નરકુ ખાય.
જીવત નરકુ ખાય, જહાં લગ હોય અસંગા;
વહાં તક નરકા નેહ, પલંગપર કર પ્રસંગા.
કુથેસુ કવિયાં કાન, રકે સંતોસે મંડી;
અકકલ ભ્રષ્ટ હો જાય, મિત્ર નહી કરનાં રંડી.(૧૦૭)

અર્થ—વેશ્યાની સાથે કોઈ પણ પુરૂષે સ્નેહ કરવો નહીં; કેમકે તેનો સંગ કરવાથી સુબુદ્ધિનો નાશ થાય છે. પ્રભુના નામપર અભાવો રહે છે અને અનેક જાતની ચિન્તામાં વ્યગ્રતા રહે છે. તે કેવળ પૈસાનીજ ભુખી હોય છે, એટલે જયાંસુધી તેને અનેક અધર્મની રાહેથી પણ પૈસો મેળવી આપશો ત્યાંસુધીજ તે તમને પોતાના વિષય સ્થાનરૂપ પલંગપર સુવા દેશે, પણ જયારે તમે પૈસાથી ખુટશો ત્યારે તે તમને ખાસડાંથી મારી બેઆબરૂ કરી હાંકી કાઢશે.

" પતિવિયોગે જીવવા કરતાં મરવું સારૂં છે. "

(સવૈયો.)

જા દીન કંથ બીદેશ ચલે,
ગલહુન લગી ન પરી ચરના;
તા દીનસેં તન તાપ રહ્યા,
મન ઝુર રહી પીયુકા મીલના.
સુખ ભુલ ગઈ દુઃખ ડુબ રહી,
દોઈ નેન લગે ગીલકા ઝરના;
કબિ ગંગકી નાર બિચાર કરે,
પીયોકો બીછરી સો ભલા મરના....(૧૦૮)

અર્થ--જે દીવસ પતિએ પ્રદેશ પ્રયાણ કર્યું તે દીવસે જતી વખતે પતિની ગર્દન સાથે ગર્દન મીલાવી પ્રેમપુર્વક આલીંગન ન કર્યું કે માનસહુ તેને પગે પડી કડવાશની માફી ન માગી તો તે દીવસથી તે વિચારમાં અકળાતી અને પીયુના વિયોગમાં પીયુ સુખને યાદ કરતાં ઝુરતી, એટલુંજ નહિ પણ સત્વર પીયુના પ્રેમાળ અંગને પ્રેમપુર્વક ભેટવાને અધિરી થઈ જતી પ્રેમદા પતિ સંયોગનું સુખ ભુલી ગઈ અને વિપત્તિના દુઃખમાં ડુબી ગઇ તથા પાણીના પ્રવાહુની માફક નેત્રમાંથી નીર ઝરવા લાગ્યાં. આખરે અકળાઇને તે પ્રેમદા કહે છે કે, હે પ્રભુ! પતિવૃતા પત્નિને પતિ વિયોગે જીવન ગાળવા કરતાં મરણને શરણુ થવું તે હજાર દરજ્જે ઉત્તમ છે, પણ વિયોગમાં જીવવું તે દુઃખરૂપ છે.

"અશ્રુનાં બીંદુથી કપાળનો ચાંલ્લો કેમ ભીંજાયો ?"

(સવૈયો.)

જા દીન કંથ બિદેશ ચલે,
સખી તા દીનસે બહુ લાગત જીકો
અંગ શ્રંગાર અંગારસેં લાગત,
માનુની કે મન લાગત ફીકો.
સેજ સમે કમલા ભઈ વ્યાકુલ,
સીસ રહ્યા લટકી તરૂની;
કવિ ગંગ કહે સુન શાહ અકબર,
નેનુ કે નીરમેં ભીંજત ટીકો....(૧૦૯

અર્થ—અકબર બાદશાહે પુછયું કે, ગંગકવિ! નેત્રનાં પાણીથી કાંઇ સ્રીના લલાટપરનો ચાંલ્લો ભીંજાતો હશે? તેના પ્રત્યુત્તરમાં ગંગ કવિ કહે છે કે, દેવિ પ્રેમને સમજનાર પ્રેમી દંપતિ, વખતની પ્રબળતાએ જુદી પડે તે દીવસે સ્વામિ વિયોગે સ્રીને કોઈ રીતે કાંઈ ગોઠતું નથી ને અનેક જાતના સુખ વૈભવની સા-

ધના કે શરીરે ધરેલ કિંમતી વસ્ત્રાલંકાર પણુ તેને અગ્નિના જેવાં અણુગમતાં થઇ પડે છે, એટલુંજ નહિ, પણુ રાત્રે જ્યારે શયનગ્રહમાં જાય છે ત્યારે સ્વામિ સંયોગનું સુખ યાદ આવતાં છેવટમાં તે પલંગપર બેભાન થઇ પડે છે, કે જે બેભાનીમાં તેની ગરદન પલંગની બહાર ફળની માફક લટકી રહે છે; જ્યારે તેની આંખમાંથી વહેતાં આંસુ ભ્રમરપર ને, ભ્રમરપરથી લલાટપર થઇ વાળવાટે નીચે ખરે છે તે વખતે લલાટપરને ચાંદ્લો તે પાણીથી ભીંજાય છે.

"પ્રભુ કાંઇ દુર નથી."

(દુહો.)

જાણે હર દુર હે પણુ હર હે હ્રદયામાંય,
ભીતર તાટી કપટકી, તાં સુધી સુજે નાંય.(૧૧૦)

અર્થ—અજ્ઞાની લોક પ્રભુનાં દર્શન કરવા પરદેશમાં જાય છે, પણુ પ્રભુ તો પ્રતિદિન સ્વમંદિરમાંજ હોય છે. પણુ તે અંદર રહેતી જ્યાંસુધી કપટની ભીંત નથી ભાગી ત્યાંસુધી તે દેખાતા નથી.

"કોણુ કેવી પદ્વિ લહે ?"

(છપ્પય.)

જાચક લઘુ પદ લહે, અસન લાલચી લહે ગદ;
લોભી દુર્જશ લહે, કામી જન લહે કલંક પદ.
મુરખ અવગુન લહે, લહે પઢી પઢી ગુન પંડિત;
શુર સુરસ જય લહે, રહે રનમેં મહી મંડીત;
નીર્વાન સુપદ જોગી લહે, જોન ગહી મમતા સુમતી.
સુખ ભગત જગત જન લહતકે, કરે જુતા
બીધી ભક્તિ અતી....(૧૧૧)

અર્થ—જે ભિક્ષુક માણુસ હોય તેને વકર કાંઇજ હોતો નથી. મતલબ કે, તે હલકી પદવિનો અધિકારી થાય છે. લાલચુ માણુસ

હોય તે બેશરમ કહેવાય છે. લોભીયો હોય તે અપજશ મેળવે છે. ભોગનો તરશ્યો હોય તે કલંકી ઠરે છે. મુર્ખ હોય તે ગુણ જોતો નથી, પણ અવગુણનેજ પ્રાપ્ત થાય છે. વિદ્યાવિલાસી પંડિતાઇ લે છે. શુરવીર હોય છે તે જય મેળવે છે. જોગી હોય તે મુક્તિનું પદ મેળવે છે. ભક્ત હોય તે ભક્તિ પ્રાપ્ત કરે છે.

" દુનિયા શાથી શોભે છે ? "

(છપ્પય.)

નરપતિ મંડન નીત્તિ, પુરૂષ મંડન મન ધીરજ;
પંડિત મંડન વિનય, તાલરસ મંડન નીરજ.
કુલિનીય મંડન લાજ, વચન મંડન પ્રસન્ન મુખ;
મતિ મંડન કવિ કર્મ, સાધ મંડન સમાધ સુખ.
નિતહે મુજબળ મંડન ક્ષમા, ગૃહપતિ મંડન વિપુલ ધન;
મંડન સિદ્ધ રૂચી સંતકહી, કાયા મંડન બસ્ત્ર ન ધન.(૧૧૨)

અર્થ—કુળ આબરૂથીજ શોભે છે. મુખ સુવાક્યથીજ શોભે છે. કવિલોક રૂડી બુદ્ધિથીજ શોભે છે. સાધુ સમાધી લક્ષણથીજ શોભે છે. હાથ ક્ષમાથીજ શોભે છે. ઘરવ્યવહાર પૈસાથીજ શોભે છે. રાજા નીતિથીજ શોભે છે. પુરૂષાર્થ અથવા તો પુરૂષપણું હિમતથી અને શાન્તિથીજ શોભે છે. વિદ્વાન નમ્રતાથીજ શોભે છે અને શરીર છે તે અલંકારથી નહીં, પણ સદગુણ અને સમજ શક્તિથીજ શોભે છે.

" કર્મ મિથ્યા થતું નથી. "

(સવૈયા.)

તારાકે તેજમેં ચંદ્ર છુપે નહીં,
સુર છુપે નહીં બાદર છાયો;

રંન ચડયો રજપુત છુપે નહીં,
દાતા છુપે ન ઘર માંગન આયો.
ચંચલ નારીકો નેન છુપે નહીં,
પ્રીત છુપે નહી પુઠ દેખાયો;
કવિ ગંગ કહે સુન શાહ અકબર,
કર્મ છુપે ન ભભુત લગાયો............(૧૧૩)

અર્થ—સીતારાના પ્રકાશબળથી ચંદ્રનો પ્રકાશ ઝાંખો થતો નથી, વાદળાંની ઘટાથી સુરજ અંધકાર ધરતો નથી. કેશરિઆં કરી જંગમાં રમવા તૈયાર થયેલો રાણીજાયો રજપુત તલવાર ભાલાના પ્રકાશ, બંદુકના અવાજ અને તોપના પ્રતિધ્વની સાથે વીરહાક સાંભળી ઘરમાં ભરાઇ બેસતો નથી. દાન કરવાનું જેને વૃત છે તે આંગણામાં યાચકને જોઇ સંતાતો નથી. ચતુર સ્ત્રીનાં ચપળ નેત્ર પોતાની સ્ફુરતાની ટેવ તજતાં નથી પણ નીરંતર સહુવાસમાં આવનારને મોહિત કરવાને સાવધજ રહે છે. મુખ ફેરવી બેસીએ તો પણ હૃદયમાં રહેલો અચળ પ્રેમ ઘટતો નથી, તેમ જોગી થઇએ તો પણ નસિબમાં રાજ્યસુખ ભોગવવાનું લખ્યું છે તે કોઈ કાળે મિથ્યા થતું નથી.

"પદરનું પાછું દે, મોજ નથી જોઇતી."

(કવિત)

દાતા સુન્યો તોકો, જબ બિક્રમસોં જાન્યો દીલ;
બાત દઈ દુઃખકી, કહી કે બતાઈ મૈં.
તબ તો ન દીન્હો, જબ મોજસો સ્વભાવ ચીન્હો,
બીબીધ પ્રકાર તેરી, બહુ કીર્તી ગાઈ મેં;
ગુન તેં ભયો ન પ્રશ્ન, તબ તો મેં જાન્યો કૃશ્ન,
તે જી ભરતાં ફુલ, જ્યાં કંબળ દીખાઈ મેં;
ખુદ હે ઉદ્ધાર ખાતા, દેખ્યા સુન શંખદાતા,
મેરી ચીજ દે દે, તેરી રીઝ ભરપાઈ મેં............(૧૧૪)

અર્થ—કોઈ એક પરદેશી પ્રવાસી કવિએ કોઈ એક રાજકર્તા દાતાર છે એવું સાંભળ્યું એટલે તેની યોગ્ય અલંકારમાં કવિતા બનાવી કવિ તેની હજુરમાં ગયો અને કાવ્યરીતિ અનવય બનાવેલી કવિતા સંભળાવી તોપણ તે રાજકર્તાએ તેને કંઈ ઇનામ ન આપ્યું ને મૌન્યજ રહ્યો; જેથી કવિએ જાણ્યું કે આ રાજા વિક્રમ જેવો પરદુ:ખભંજન દાતાર હશે, જેથી ફરી નિજ દુ:ખના બ્યાન ભરી કવિતા સંભળાવી, પણ રાજા ખુશી ન થયો. ત્યારે જાણ્યું કે રાજા ભોજરાજ જેવો દાતા હશે; એટલે રાજાના ગુણનું કવિતામાં વર્ણન કર્યું તો પણ રાજાને મોજ ન આવી એટલે જાણ્યું કે શ્રી કૃષ્ણચંદ્ર જેવો દાતાર હશે, એટલે કે મુઠીભર તાંદુલ લીધા પછીજ દાન આપવાની ટેવ હશે એમ ધારી મુઠીભર તાંદુલ કીમતની પોતાની પાસે ધાબળી હતી તે ધરી, તો પણ રાજા ન રીઝયો; ત્યારે કવિએ જાણ્યું કે રાજા પાસે નકી ઉધાર ખાતુંજ એટલે કે ઉધાર રાખવાની બાબતમાંજ સમજે છે પણ કોઇને આપવાનું સમજતો નથી, એમ ધારી રાજાને કહ્યું કે હે રાજન! તું દાતા તો ખરો પણ શંખ (લપોડ શંખ) જેવો દાતાર છે, તો હવે તારી મોજ અને નથી જોઈતી પણ મારૂં મુળગું મને પાછું આપ (કા૦ર સાંભળ્યાંતે પાછાં આપ) તો તારી મહેરબાની.

"પ્રભુને કોણ પ્યારો?"

(સવૈયો.)

શીલ સુશીલ સુબુધ્ધ સુલચ્છન,
ધીર ગંભીર મીલે જગ જયારે.
ધર્મ દયા નીર લોભ નીરંતર,
નિર્ભય ભકિત આરાધન હારે.
ધરે કરે સો કરે પ્રભુ અર્પન,
ચાહત નહીં જવું બુદ્ધિ ઉજારે,

સાત્વિક જ્ઞાન અનીન કહે,
સોઈ ભકત સદા ભગવંતહી પ્યારે........(૧૧૫)

અર્થ—ઉત્તમ લક્ષણવાળો, સારી બુદ્ધિવાળો, શુભ વિચારવાળો, ધિરજ અને ઉદાર વૃત્તિવાળો, ધર્મ અને દયાને પાળવાવાળો, હમેશાં લોભ વગર રહેવાવાળો, પ્રભુભક્તિપર પ્રેમ રાખનારો, અંગ મહેનતથી અને તે પણ પવિત્ર રસ્તેથી પોતાની આજીવિકા મેળવી તેમાંજ પોતાનું ગુજરાન નિભાવી લેનારો, જે કંઈ સત્કર્મ કરે તે પ્રભુ અર્થેજ કરનારો તેવોજ પુરૂષ પરમાત્માની પ્રીતિ સંપાદન કરે છે.

"ઉદયનો અસ્ત થયો."

(અરલ.)

ઈંદ્રપુરી સામાન, વસતી નગરીયાં;
ભરતીજલ પનીહાર, કનક સીર ગગરીયાં.
હીરાલાલ ઝવેર વેકતા તાંસહી;
એસી પુરી ઉજાડ, ભયંકર હો ગઈ.......(૧૧૬)

અર્થ—ઈંદ્રપુરી એટલે અમરાવતિની સાહેબી અને શોભાને શરમાવે તેવાં શહેરો કે જેનાં પુરવાસીઓની પત્નિઓ માથા ઉપર સોનાનાં બેડાં લઇ દરરોજ સરિતા કિનારે પાણી ભરવા જતી તેવા વૈભવવાળા લોકથી ભરપુર હતાં અને ઉદયથી અસ્ત સુધી જેનાં બજારોમાં વેપારીઓ અમુલ્ય ઝવેરાતનોજ વેપાર કરતા હતા, તેવાં શહેરો પણ આ પૃથ્વિ ઉપરથી ઉજડ વેરાન થઈ ગયાં.

"અવિશ્વાસથી અનીતિનો ઉપદ્રવ થાય છે."

(દુહો.)

જો દીજે પરધાન પદ તો કીજે બિશ્વાસ;
જો બિશ્વાસ ન હોઈ તો સો પરધાન નાદાર.....(૧૧૭)

અર્થ—કોઈ પણ ખાતાંના ઉપરી તરીકે જે માણસને રાખવો તેની પ્રથમથી કસોટી કરીને રાખવો અને રાખ્યા પછી તેના કામમાં કોઇ દીવસ અવિશ્વાસ લાવવો નહીં, કેમકે અવિશ્વાસ એ અનીતિને ઉત્તેજન આપનાર છે.

" કૃષ્ણ લિલાનું વર્ણન. "

(કવિત.)

રાધા તી સકલ કર્મ સાધતી સો રાધા કહી;
માયા નામ પતિ તાકો કૃષ્ન નામ કહીયે;
બંદ્રાબન વૃંદ નામ કહીએ સમસ્ત દેહ;
ગો નામ ઇંદ્રીયકો તત્વ નામ હું તે લહીયે.
નાહીકો ચરાવન પ્રવરતી દેખો યાન મધ્ય.
મુરલી બજાવનો અનહદ નાદ કહીયે;
મન ગોવરધન હે, ઇંદ્રીયનકો વર્ધન તે,
એસા જશવંત અર્થ નિત્ર નીત્ય લહીયે....(૧૧૮)

અર્થ—કેટલાંક અજ્ઞાન પામર પ્રાણીઓ શ્રી કૃષ્ણને શ્રંગારી પાત્ર તરીકે કહે છે, જ્યારે રાધાને તેની માશુક તરીકે બેશર્મિ વૃત્તિની કહી નિંદે છે; અને તેણે તે નિંદારૂપ કાર્ય એકાંતમાં એટલે વૃંદાવનમાં જઇને કર્યાં ને રાધાને મોહ કરવા મોરલી બજાવી, કે જ્યારે માશુક અને પોતાના સંગાથીને બચાવવા પર્વત તોળ્યો આમ અનુમાન કરે છે પણ તે મિથ્યા છે. આત્મિક જ્ઞાનદ્રષ્ટિએ જોતાં એમ છે કે શ્રીકૃષ્ણચંદ્ર પરમાત્માનો પુર્ણાંશી અવતાર છે. રાધાજી મહામાયા એટલે તેની વિભુતિ છે. વૃંદાવન સ્થુળરૂપ છે. ગાયો તે ઇંદ્રિયો છે. તેમને ચરાવવું તે પ્રવૃતિ છે. મોરલી તે ઓંકાર નાદ છે. ગોવર્ધન તે મનરૂપી પર્વત છે.

"પ્રથમ કોને નમવું ?"

(દુહો.)

ગુરૂ ગોવિંદ દોનો ખડે, કીનકુ લાગું પાય;
બલીહારી ગુરૂ દેવકી, જીન્હે ગોવિંદ દીયો બતાય.(૧૧૯)

અર્થ—ગુરૂ અને ગોવિંદને એક સાથે ઉભા જોઈ શિષ્યે મનમાં વિચાર કર્યો કે હવે આ બંનેમાંથી પ્રથમ વંદવા યોગ્ય કોણ કહેવાય અને મારે પ્રથમ કોને નમન કરવું ? વિચારને અંતે જણાયું કે પ્રથમવંદન કરવા યોગ્ય ગુરૂજ છે, કે જેણે મને ગોવિંદ પ્રાપ્ત કરવાનો રસ્તો બતાવ્યો છે.

"દાદ કયાં માગવી ?"

(કુંડળીઓ.)

નરહર બીનતી કહા કરે, જનની સુતા બીખ દેત;
બાર ખેતકું જો ચુગે, સાધો પરધ ન લેત.
સાધો પરધન લેત, નાવ ઘર ત્રીયા જો બોરે;
જહાં પેરૂ હોય ચોર, પ્રીત પ્રીતમ કર તોરે.
નૃપતી પ્રજાકુ દેત દુઃખ, કહાં શમશેર કર ધર.
ક્ષીતીપતીઅકકબરશાહસુનો,કહાબીનતીકરનરહરી(૧૨૦)

અર્થ—માતા સંતાનને હળાહળ ઝેર ખવરાવી મારી નાખે, ક્ષેત્ર અનાજને ખાય, સાધુ સંત પારકા દ્રવ્યની ચોરી કરે, સ્ત્રી ઘર ફના કરે, વૃક્ષ ફળને ચોરે, સ્નેહી સ્નેહને છેહ મુકે, રાજા પ્રજાને દુઃખી કરી રિબાવે, તો તેની ફરીયાદ કોની પાસે કરવી ?

"પરસ્ત્રી-ગમનથી શો ફાયદો ?"

(કવિત.)

પરકીય રસબસ ભયો કર્નઘેલો તણ,
ગુર્જનમેં યવન પ્રવેશકીની ખ્વારી હે,

રાવલ પતાઈ જાકી કીરતી સવાઈ ગઈ,
આઈ માઈ કાલી જેએં બુરી ચિત ધારી હે,
મહિપત મલ્હાર સો ખાર હૈ કે ગયો કેદ,
યાકીહી બીચારો ભેદ તહું પરનારી હૈ,
કહે નીલકંઠ કેતે કેતેમેં ગીનાંઓ જીને,
કીન્હી બદકારી યાને બડી જખ મારી હે....(૧૨૧)

અર્થ—પારકી સ્ત્રીના રંગરસમાં રમવાને જ્યારે કર્ણ ઘેલાનું મન લલચાયું ત્યારે તેનો પતન થયો, એટલુંજ નહીં પણ કાચા સોના તરીકે ગણાતી ગુજરાતપર મુસલમાનોની રાઇદુવાઈ ફરીને આખી રજપુત કોમની ખુવારી થઈ. મલ્હારરાવ જેવો મહાન નરવર પણ કેદ પકડાયો. એમ દરેક માણસો હેરાનગતિના ભોગ તો કોઇએ કદી પણ પરસ્ત્રી ગમન કરવું નહીં.

" દુષ્ટ મિત્રોથી દુર રહેજો. "

(કવિત.)

કેત હો કુમતિ રીત પ્રિત ચિત્તકી ન હોત,
બોલે મુખ એન બેન, મનમેં હે કુરજી;
વિત વિદ્યા વનિતાકો, ઉરમેં લેનેકી આશ,
તાકો મિત હો ઈ સબ, રહત હજુર જી;
દેખતેં જયું તાકોં, મુજ બાજતો સ્નેહ નેન,
સત બેન મિત્ર મુજ માનીએ જરૂરજી;
સુંદરસેં નીમ કહે, એસે મિત હોત એમ,
હોત ગુન ચોર યાકે, જીવતમેં ધુરજી.....(૧૨૨)

અર્થ—નઠારા મિત્ર એટલે કપટી મિત્રનું હેત અંતરનું નહીં, પણ તે ઉપરનું અને વળી બનાવટી હોય છે, તેવા મિત્રની દાનત સામા મિત્રની પાસે ધન હોય તો ધન, અને સારી સ્ત્રી હોય તે સ્ત્રીની અભિલા-

પાથીજ અને તે બંનેમાંથી જેની ઇચ્છા હોય તે ઇચ્છા પાર ન પડે ત્યાંસુધી દરેક પ્રસંગમાં સાનુકુળ રહે છે. મીઠું મીઠું બોલે છે અને દરેક કામ સેવકની માફક બજાવી લાવવામાં તત્પર રહે છે, પણ જ્યારે તેનો હેતુ પાર પડે છે ત્યારે તે વાંદરાની પેઠે ગુલાંટ મારી દુર જાય છે; તો હે સજ્જનો તેવા મિત્રની મિત્રાઈ નહિ રાખતાં તેના મોઢામાં ત્હમે ધુળની ચપટી નાખજો.

" મીલ ગયે ગર્દમે "

(અરલ)

જાકે મુછાં શીશ કે નીંબુ છેરતે,
વકટ ઠહાં કે વીછ કે ભાલા ફેરતે;
જુદ્ધ વેલે ઝુઝાર નમાતે જર્દમે,
એસે જોધ્ધ અપાર ગયે મીલ ગર્દમે.........(૧૨૩)

અર્થ—હે પામર પ્રાણી! આ જગતમાં જેની મુછ ઉપર લીંબું લટકતાં, એટલે કે સુકૃતનાં કાર્ય કરી જેણે સવાઈ લીધેલી અને પારકાના ખરાબ વખતમાં ખરેખરી અમુલ્ય મદદ કરેલી અને વીરત્વથી રણમેદાનમાં ઉભેલા સામેના સૈન્યને હંફાવી કાઢતા તેવાઓ પણ અંતે પૃથ્વીપર પથારી કરી સદાને માટે સુઈ ગયા તો પછી ત્હારા જેવા નિર્માલ્યની તે શી તાકાત છે ?

" -હૃદયનો ભેદ ખોલવાનું કયાંએ ઠેકાણું નથી. "

(કવિત.)

રૂપહે ન રસહે ન ગુણહે ન ગ્યાન કહુ,
સત્યહે ન શીલ શર્મ નીરસ જમાનો હે;
રીતહે ન પ્રીતહે ન નીતહે ન ન્યાવ કહુ,
દેખોકર બીચાર હીએ હરખ હૈસં ન હો;

પ્રાણુલાલ કહે એ તે ભુલે સંજોગ જોગ,
નિકટ અજોગ લોગ સમે બીરાનો હે;
કાયે કહીએ કહાં જઇએ કહાં પહીચે બીર,
મન બહેરાઇ બેઠો ઠોર ના ઠીકાનો હે.....(૧૨૪)

અર્થ—ધુનિક સમય એવો છે કે કોઈના ચ્હેરા ઉપર દૈવિ કાન્તી નથી, પૃથ્વીપર જોઇએ તેવા રસ નથી, ગુણુની કદર કરનાર નથી, જ્ઞાનભરી સમજણુ નથી, સત્યનો પાયો નથી, સુલક્ષણુ નથી, માણુસાઇ નથી, પ્રેમ નથી, નીતિ નથી, અને હૃદયમાં આનંદ નથી. એવાં માણુસો ઠામેઠામ નજરે પડે છે, ત્યાં આપણા હૃદયની વાત કોને અને કયાં કહેવી? મતલબ કે કોઈ સત્ય વાત પીછાણુનાર નથી; ને હુશે તોપણુ સેંકડોમાં એકાદ.

"પુત્ર કરતાં કન્યા ભલા કયારે?"

(છપ્પય.)

ગયા પીંડ જો દેઈ, પીતરૂકો અપને તારે;
કરજ વાય કર દેઈ, લહે પરિવાર સંભારે.
હરી ભુમી ગઈ લેઈ, દ્રવ્યના શીર ખડગ બજાવે,
પર ઉપકારજ કરે, પુરૂષમેં શોભાપાવે.
સોઈ બંસ સહરાઇએ, તઅ વૈરી સબદલમલે
યતનો કામ જો ના કરે, પુત્ર બેર કન્યા ભલે.(૧૨૫)

અર્થ—ખરો પુત્ર ત્યારેજ કે, મૃત પિતાની પાછળ ગયાજીમાં જઇ પિત્રુશ્રાદ્ધ કરી પુર્વજોને સંતોષે, બાપનું કરજ બાકી રહેલું તે ચુકતું કરે, સ્વ-કુટુંબનું ભરણુપોષણુ કરે, ગયેલી જમીન પાછી ઘેર લાવે, બાપની કમાઈ અને આબરૂમાં વધારો કરે, પરના ઉપર સદાય ઉપકારજ કરે, જન મંડળમાં માન મેળવે, અને બાપના વૈરીને હંફાવે. નહીતો પુત્રને બદલે કન્યા એટલે પુત્રી થઇ હોય તોપણુ સારી છે.

" પ્રીત નિભાવવી કઠણુ છે. "

(દુહો)

નેહા સબ કોઉ કરે, કહા કરે મૈ જાત;
કરીઓ ઔર નીબાહીઓ, બડી કઠીન એહી બાત(૧૨૬)

અર્થ—પ્રીત તો દરેક ઇન્સાન કરી જાણે છે અને કરે છે; પણ તેની કૃતિ ભિન્ન ભિન્ન છે; સત્ય પ્રીત તો એજ કે જે કર્યા પછી તેને અંત સુધી એક સરખી નિભાવી જાણે છે માટે પ્રીત કરવી તો સહેલ છે, પણ નિભાવવીજ મુશ્કેલ છે.

" સુકાવ્ય વિના સર્વ નકામુંજ છે. "

(રાલા.)

જન્મ કહા બીન-યુવતિ,
યુવતિ કહા સુ બીન-યૌવન;
કહા યૌવન બીન-ધનહી,
કહા ધનહી બીન-અરોગ્ય તન;
તન સુ કહા બીન-ગુનહી,
કહા ગુન જ્ઞાનહીન;
જ્ઞાનહી બિધા હીન,
કહા બિધા સુકાવ્ય બીન...........(૧૨૭)

અર્થ—જીવન, સ્ત્રીવગર નકામું છે. સ્ત્રી, સ્વરૂપવગર નકામી છે. સ્વરૂપ, દ્રવ્યવગર નકામું છે. દ્રવ્ય, નિરોગી શરીરવગર નકામું છે. શરીર, ગુણવગર નકામું છે. ગુણ, જ્ઞાનવગર નકામો છે. જ્ઞાન વિદ્યાવગર નકામું છે; અને વિદ્યા, કાવ્ય અલંકારની ગતિ ન સમજાય તો નકામી છે.

" સત્ય સાંઇ (સાધુ) કોણુ ? "

(કુંડળીઆ.)

સાંઈ સબ સંસારકો, સંતત ફીરત અસંગ;
કામ ઝારી કીન્હો ભસમ, મૃગનની અર્ધંગ;
મૃગનૈની અર્ધંગ, દાસ આસન મૃગછાળા;
સુનીએ દીનદયાળ, ગલે નર શીશકી માળા;
સુનીએ દીનદયાળ, કરો અજ ગુત સબ ઠાંઈ;
કર્ણુ ગહે કુંડલીય, બીદીત ભચ હાણુ ગોંસાઇ.(૧૨૮)

અર્થ——સાંઇ એટલે ફકીર અર્થાત ગુંસાઈ કે સંત(સાધુ) ક્યારે કહેવાય કે જ્યારે તે એકાંત સ્થાનમાં એકલો કામ વાસનાને બાળી ખાક કરી મૃગનાં નેત્ર સમાન નેત્રવાળી સ્ત્રીને છોડી મૃગછાલાનું આસન જમાવી કેવળ પરમાત્માના ધ્યાનમાંજ મચી રહ્યો હોય અને ગળામાં મૃત મનુષ્યના માથાંની માળા પહેરી નીજ આનંદમાં રહેતો હોય.

" વૃજચંદ્રની સાથે મીલાવ. "

(સવૈયો.)

સખીતોં મહ યાચન આઈ હો મૈં,
ઉપકાર કે મોહી જીયા વહી તું;
તોહી તાતકી સૌ નીજ ભ્રાતકી સૌ,
યહ બાતન કાહુ જનાવતી હું;
તુંવ હોહો ઉગી દાસ સદા,
ઠકુરાઇ ન મેરી કહાવતી હું;
ફરી ફંદ કછુ મોહી યા રજની,
સજની વૃજચંદ્ર મીલાવહી તું.... (૧૨૯)

અર્થ——શ્રી કૃષ્ણચંદ્રના પ્રેમમાં મસ્ત બનેલી રાધાજીને શ્રી કૃષ્ણચંદ્રની પ્રીત યાદ આવતાં તે શુધબુદ્ધ વગરની મળવા

અધીરી બની, પણ તેને કેવી રીતે અને ક્યાં મળવું તેની સુજ ન પડી એટલે પોતાની દાસી કે જે નિરંતર પોતાની ખીજમત કરતી હતી તેની આગળ ગઈ અને દીનતાથી તેને કરગરી કહેવા લાગી કે, અરે બ્હેન! હું મારા બાપ તથા ભાઈના સોગંદ આપી કહું છું કે તું મારી વાત અન્યને કોઈ પણ કહીશમા. વળી હુકમ ચલાવીને નહિ, પણ ખાસ ગરીબાઈથી આજીજી કરૂં છું કે તું ગમે તે યુક્તિપ્રયુક્તિએ મને મારા વ્હાલા વલ્લભની સાથે મીલાવી દે, કેમકે તેના વીરહમાં હું રીબાઉં છું.

"સ્વાર્થી સ્નેહીથી અલગ રહેવું."

(કવિત.)

બાત બાત ઉપર ખુશામદી કરતહે જે,
મુંહપર મીઠી પીછે ચવાઈ નીકોંગરોં;
સંપતિ કે સાથી સ્યાર મકસુંદી બે હુસ્યાર,
લેવેંકો હુસ્યાર એસેં ચાકરકુ વાપરોં,
કૃત્ય કોન માને એક ડરેડર જાને જેઠા,
રજમેં અરજઠાને તીહોં બીનાહી સરો;
દેવીદાસ સરે પેટ સેવક નીવી વીસોધ,
એસેંની અલુફાતોં સીખ દે વીદા કરો.(૧૩૦)

અર્થ—દરેક વાત પ્રસંગે ખુશામદ ભરી હા હા કરે અને હાજરીમાં મીઠું બોલી પાછળથી મુર્ખ બનાવે, સ્નેહીનો દાવો કરે અને સ્વાર્થ સાધવાથી હરેક ચીજ હરી લેવાનું જેનું સતત્ ધ્યાન છે એવા સ્નેહી કે સેવકને હાથ જોડીને તુરત છુટો કરવો.

"જમદુતો લઇ ગયા."

(અરલ.)

બંકા કિલ્લા બનાય, કે તોપાં સાજીયાં,
મસ્તમેં દ્વાર કેત તે તાજીયાં;

નિત પ્રત આગે આય, નચંતી નાયકા,
યાકુ ગયે ઉપાડ, દુત જમ રાયકે....(૧૩૧)

અર્થ—બહુ બહુ મહેનતે સીમેંટથી કાળમીંઢ પથ્થરનો મજબુત કિલ્લો બનાવી તેનાપર રાક્ષસી તોપો ચોતરફ ગોઠવી રંગબેરંગી મ્હેલમાં લખલુટ મોજવૈભવ સુખમાં મસ્ત રહેનારા અને પ્રતિદીન વારાંગનાઓના નાટારંભથી ખુશી થનારા કે જેઓ જાતવંત ઘોડા અને મદ ઝરતા હાથીની સાહેબી ધરાવતા હુતા તેવાઓને પણ જમના દુતો આ તખ્તાપરથી દીન બંધુ કરી ઉપાડી ગયા.

"રામનું નામ અખંડ રહેશે."

(સવૈયો)

દેખત જાનત હે જીતનો,
ઈતનો સબદેખત નાશ બનેગો;
રાવ ગયે પુની રંક ગયે,
સુનતા વકતા કરી કોન રહેગો?
જોગી ગયે ઓર ભોગી ગયે,
પુની રોગી ગયે સ્થીર કોન રહેગો;
યાહી તે આનંદ રૂપ બની ભજ
રામકો નામ અખંડ રહેગો....(૧૩૨)

અર્થ—રાજા, મહારાજા, ભીક્ષુક, કે કંગાળ, કહેનાર, સાંભળનાર, જોગી જતી, સંસારી, નિરોગી કે રોગી એ.સર્વનો નાશ થવાનો છે. માત્ર રામ નામજ એક અખંડ રહેવાનું છે.

"સઘળું એક સરખું હોતું નથી."

(છપ્પય.)

સર સર હંસ ન હોય,
બા ગજરાજ ન દરદર,

તરત્તર સુફલ ન હોત,
નાર પતિવ્રતા ન ઘરઘર;
તન તન સુમતિ ન હોત,
મોતી જલ બુંદ ન ઘનઘન,
ફન ફન મની નહીં હોત,
સર્વ મલીયા નહીં બનબન;
કહુ રન હોઈ ન શુર સબ,
નરનર હોત ન ભકિત હર;
નરહર કવિ સુકુવિત કીય
સત્ર ન હોઈ એકસર............(૧૩૩)

અર્થ—દરેક જળાશયના કિનારા ઉપર હંસનો નિવાસ નથી હોતો, દરેક રાફડામાં પાંખવાળા સર્પ નથી રહેતા, દરેક વૃક્ષને અમૃત ફળ નથી લાગતાં, દરેક પુરૂષને પતિવૃતા સ્ત્રી નથી મળતી, દરેક માણુસ શુભ બુદ્ધિના નથી હોતા, દરેક મોસમમાં વરસાદનાં બુંદનાં મોતી નથી પાક્તાં, દરેક સર્પનાં શીરપર મણીરત્ન નથી હોતાં, દરેક વનમાં મલીયાગીરી ચંદન નથી હોતું, દરેક નર શુરવીર કે પ્રભુનો ભક્ત નથી હોતો, મતલબ કે લાખોમાં કોઈક જ નિવડે છે.

"સૌ રોતાંજ રહ્યાં."

(અરલ.)

પુષ્પે સેજ બીછાય, કેતાપર પોઢતા,
આછે દુપટા શાલ, દુશાલે ઓઢતા;
લેકે દરપન હાથ, નીકે મુખ જોવતે,
લે ગયે જમ ઉપાડ, રહે સબ રોવતે.....(૧૩૪)

અર્થ—જે લોકો તાજાં અને રંગબેરંગી ચંપા આદી પુષ્પોની સૈયા બનાવી મનગમતી નવોઢા સ્ત્રીની સાથે આરામ કરતા, શરી-

રપર અમુલ્ય શાલ દુશાલા વિગેરે વસ્ત્રાલંકાર પહેરતા અને પોતાના ચોવન તથા ખુબસુરતીને વારંવાર આરસીમાં જોઈ વખાણતા, તેવાને પણ જમના દુત ઉપાડી ગયા અને તેનાં સગાંવહાલાં સૌ રોતાં કકળતાં રહી ગયાં.

"પ્રભુને કેવા સંત પ્યારા છે."

(છપ્પય.)

ગોવીંદકે ગુન ગાત,
ચાત નહીં સ્વાદુ રસ હે;
મન લગન લેલીન,
કીન્હ જેહી રસના વસહે.
તીકત મીષ્ટ તમતમા.
ખુબ રસ ખાટા ખારા;
પાડ પુષ્ટ કે હેત,
સજે ઝટ ન્યારા ન્યારા.
સર્વાન્ન મિત્ર કર કે સદા,
એક ટંક લેત અહારકુ;
કહે બ્રહ્મ મુનિ જગ સંતજન,
સો પ્યારા કીરતારકુ...........(૨૩૫)

અર્થ—પ્રભુનું ભજન કરવામાં જેનું મન એક તારથી લાગી ગયું છે તે વ્યવહાર તરફ કડવાશથી પણ ઉંચી નજર કરી જોતો નથી, તેમ શરીરે પુષ્ટ રહેવા ખાતર સાકર, ઘી, દુધ વિગેરે સાત્વિક ખોરાકની અભિલાષા રાખતો નથી; અને અનાયાસે વગર માગ્યે જે કંઈ મળ્યું તે સર્વનું મિશ્રણ કરીને જેઓ આખા દીવસમાં એકજ વખત જમે છે તેવા સંત પ્રભુને અવશ્ય પ્યારા છે.

" નામર્દાઇનાં લક્ષણ. "

(છપ્પય.)

ધીંગ દેખકે ડરે, ગરિબકુ બ્હોત સતાવે,
બોલે મિથ્યા બોલ, તોલ મનમેં નહી આવે;
ચાડી ચુગલી ખાય, હરામે બ્હોતહી ભાવે.
સન્મુખ આવે શુર, ઉનીસે ભાગા જાવે;
રીઝ બુઝ જાને નહીં, નહીં સંઆતી દર્દકે,
કવિ મુલચંદ મેંમદ કહે, યહ લંછન નામર્દકો.....(૧૩૬)

અર્થ—બળવાનની પાસે બકરી જેવો અને ભીખારી સન્મુખ સીંહ જેવો રહેતો પોતાના બોલનો તોલ નહીં સમજતાં પરનરની ખોટી ચાડી ખાનારો, ચડીને આવે ત્યારે ખુણે બેસનારો, ખીજ કે ખુશીને નહીં જાણનારો પુરૂષ જગતમાં પુરૂષ ગણાતો નથી.

" પ્રીતની રીત "

(છપ્પય.)

સંત પ્રેમ પરિબ્રહ્મ, તાપસીતહુ તન ટાવે,
સ્વામિ ધર્મ શુર, પ્રેમ પરી અંગ કટાવે.
સતી શ્યામ કે પ્રેમ, અંગ અગનીમેં ઝારે,
યહે રીતસે પ્રીત, સોય ભાવિક બીચારે,
સાધન વીશેસ સોસોસરે, ચિત અનુમાન દઢાઇએ,
સિદ્ધા વદંત સાગર સુનો, પ્રેમ નેમ ઓપાઇએ..(૧૩૭)

અર્થ—પ્રેમની રીતી એજ કે સંત સાધુ લોકનો જ્યારે પ્રેમ પ્રભુના પર શુદ્ધ હૃદયથી લાગે છે ત્યારે તે અગ્ની અથવા તો ટાઢને સહે છે. સેવક શુરવીરનો પ્રેમ જ્યારે પોતાના માલીકપર સચોટ થાય છે ત્યારે તે માલીક માટે મેદાનમાં શત્રુની તરવાર ધાર

તળે પોતાનું શરીર કપાવે છે. જ્યારે સ્ત્રીનો સ્નેહ સ્વામિ પ્રત્યે વધે છે અને તે પતિવૃતાની ફરજ પુરી સમજવા શક્તિવાન થાય છે, ત્યારે તે પતિના મૃત્યુબાદ પોતાનું શરીર પતિની ચેહમાં બાળી મુકવા લેશ પણ વીચાર નહીં કરે.

" દીલનું દુઃખ મનમાંજ સમજો. "

(દુહો.)

મનકો દુઃખ મનમેં રખો,
ન કરો બદન બીલાપ,
દુર્જન હરખે દેખીને,
સજ્જન ધરે સંતાપ...............(૧૩૮)

અર્થ—સમજુ માણસનું એજ કામ છે કે અનાયાસે જ્યારે પોતાના શીરપર ઘણું દુઃખ આવી પડે ત્યારે તે દુઃખ રોઈ રોઈને બીજાને વિદીત ન કરવું પણ મનમાં સમજીને સહન કરી લેવું; કારણ કે કોઇને કહેવાથી તે દુઃખ કોઈ નાશ કરી શકતું નથી, ને નકામાં આપણું દુઃખ મુર્ખ કે ઈર્ષાળુ માણસો સાંભળી આપણી મશ્કરી કરે છે, ત્યારે બીચારાં સર્જન પુરુષો આપણું દુઃખ જાણી અંતરમાં દાઝે છે.

" ભલા બુરા આદમીની કસોટી. "

(કવિત.)

ગુરૂજનકી રસના ઔર બાસના કુલેલનકી,
બોલે બીન બોલે બીન કહો કેસે જાનીએ;
સોદા તો સોદાગરકા મિજલ તો મલુકનકી,
ગુનીજન ગેંવાર બાકો બોલતે પીછાનીએ;

મોતી સબ એક રંગ મોતીમેં અમોલ નંગ,
મીલેગા ઝવેરી જબ કીંમત કર જાનીએ;
કહત કવિ બીરબલ સુનો શાહ અકકબર,
આદમીકો તોલ એક બોલમાં પીછાનીએ....(૧૩૯)

અર્થ—સાધુની વાણી અને અત્તરની વાસ બોલ્યાકે ખોલ્યા વિણુ સારી નરસી જણાતી નથી. લેવડ દેવડ થયા સિવાય સોદાગરની ચતુરાઈની અને સભા મળ્યા સિવાય ભાષણકારની પરીક્ષા થતી નથી, ગુણવાન છે કે મુર્ખ છે તે બોલ્યા વગર જણાતો નથી, મોતી ન કામ છે કે અમુલ્ય છે તે ઝવેરી મળ્યા શિવાય સીદ્ધ થઇ શકતું નથી. એવી રીતે પુરૂષ સારો કે ખરાબ છે તે પણ તેના મુખમાંથી નીકળતા બોલ સાંભળ્યા શિવાય કહી શકાતું નથી.

"નકામો ડોળઘાલુ પુરૂષ."

(છપ્પય.)

પહીર ઝીંગલે પટા; પાગ શીર ટેઢી બાંધે;
ઘરમેં તેલન લુન, પ્રીતી ચોરીસેં સાંધે;
બાતન મેં ચટ લેથ, યુદ્ધ અ ખીન નહી દેખે;
અવઘટ ઘટમેં જાય, ત્રીયાંસે લેખા ચુ માંગે;
જાનત હે સો જાતન સબૈ, દુઃખ સુખી શાથી કર્મકે;
બૈતાલ કહે બિક્રમ સુનો, એ લક્ષણ ના મર્દકે.(૧૪૦)

અર્થ—ઘરમાં દીવો બાળવાને તેલ કે શાકમાં ત્રાંબીઆનું નીમક લેવાની ત્રેવડ ના હોય અને બાહેર ફાંકડેશાવની માફક ઇસ્તરીબંધ સફેદ કપડાં અને વાંકી પેચદાર પાઘડી બાંધી અક્કડ થઇને છાતી કાઢી ફરે—વાતો આસમાનને ફોડી શકવાની શક્તિ ધરાવતો હોય તેવી કરે અને ઘરની સ્ત્રી પોતાનાં નામનાં છા _ યાં

લેતી હોય અને પોતે ચોરી કરીને પણ વેશ્યાઓને ત્યાં વિષય ભોગવતો હોય, એવાં લક્ષણવાળો પુરૂષ સંસારમાં પુરૂષ નથી કહેવાતો.

"સ્ત્રી શા વગર સુની હોય ?"

(છપ્પય.)

સશી બીનુ સુની રૈન,
પત્ર બીન તરૂવર સુનો;
કુળ સુનો બીન પુત્ર,
જ્ઞાન બીન હ્રુદયો સુનો;
ગજ સુના બીન દંત,
લલીત બીન સાયર સુનો;
બીપ્ર સુનો બીન બેદ;
બાંસ બીન પુહપર સુનો;
સુનો રાવ સામંત બીના,
સોંચટ્ટા સુન બીન દામની;
બૈતાલ કહે બીક્રમ સુનો,
પતિ બીન સુની કામની............(૨૪૧)

અર્થ—રાત્રી ચંદ્ર વગર નકામી છે, હ્રુદય જ્ઞાન વગર નકામું છે, કુળ સપુત પુત્ર વગર નકામું છે, વૃક્ષ પાન વગર નકામું છે, હાથી દંતુશળ વગર નકામો છે, બ્રાહ્મણ વિદ્યા અને વેદ જાણ્યા વગરનો નકામો છે, રાજા અમીર વર્ગ વગર નકામો છે, ઘેરાયેલું વાદળ વિજળી વગર નકામું છે, એટલે કે તે સર્વે જેમ શોભતાં નથી તેમ સ્ત્રી પણ આ સંસારમાં સ્વામિ વગર શોભતી નથી, પણ નકામી છે.

" પર્વતપર માછલી કયારે ચડી ? "

(છપ્પય.)

અવધ છાંડ રઘુનાથ, જાય બન ખંડ પહુંચે,
ત્રીયા હરી દશકંધ, વહાં સંગ્રામ હી ગુચ્છે,
લર્યો એકશું એક, લષણ શકિત ને પછાર્યો,
પવન સુત હનુમંત, જાય દ્રોંના ગીરી ધાર્યો;
બંદી સમુદ્રકી હદ બલ, નીરલ હર ઉપ બરી,
બૈતાલ કહે બીક્રમ શુનો, તાદીન મચ્છ ગીરીવર ચરી૧૪૨

અર્થ—અયોધ્યા છોડી શ્રી રામચંદ્ર વનમાં ગયા, વનમા રાવણ સીતાજીને હરી લંકામાં લઇ ગયો. અને તેથી રાવણ સાથે રામચંદ્રને યુદ્ધ લડવાનો પ્રસંગ આવ્યો. યુદ્ધ પ્રસંગની પુષ્ટી માટે સમુદ્રપર પર્વતોની પાજ બાંધી એટલે સમુદ્રની ઉછળતી લ્હેર પાજ તરીકે બંધાયે પર્વતપર પડી કે લ્હેરમાં સમુદ્રની માંછલી હતી તે લ્હેર સાથે પાજના પર્વતપર પડી અર્થાત ચડી.

" કંઇ પણ બગડે શાથી ? "

(છપ્પય.)

અટકત બીગડત નાર,
ઝાડ બીગડત બગ બેઠે;
બીગડત પુત્ર હુલાય,
બેટી બીગડત સુખ દેતે;
બીગડત કલેશ કુટુંબ,
સ્નેહ બીગડત ધન માગે;
બીગડત શેવક શેઠ,
હૃદય બિશ્વાસ હી માગે;

ઉતમસેં અધમજ મીલે,
બાંકી બીગડત હે મતિ;
બૈતાલ કહે બિક્રમ સુનો,
જોગસેં બીગડત હે જતિ............(૧૪૩)

અર્થ—હરરોજ ઘરોઘર રખડવાથી સ્ત્રી બગડે છે, ઝાડપર બગ–કાગ બેસવાથી તેનાં લીલાં પાન બગડે છે (પાન પર હુંગાર પડવાથી પાન બગડે છે.) પુત્રને ખોટા લાડ લડાવવાથી પુત્ર બગડે છે, પુત્રીને સ્વચ્છંદથી ઉછેરવાથી પુત્રી બગડે છે, કંકાસ કરવાથી કુટુંબની એકત્રતા બગડે છે, મિત્ર સાથે નાણુાંની લેવડ દેવડ કરવાથી સ્નેહ બગડે છે અને જેમ શેવક પ્રત્યે અવિશ્વાસ લાવવાથી શેવકની વૃત્તિ બગડે છે, તેમ ઉત્તમનો નીચની સાથે સ્હવાસ થવાથી ઉત્તમની શુભ મતિ બગડે છે.

" હે મુર્ખ !જરા વિચાર કર !"

(કવિત. સવૈયો.)

કુનગામ ગઈ નર બુદ્ધી તેરી,
વિખ પીત અમીરસ ઢોલતા હે;
કેઈ પેટકે કાજ અકાજ કરે,
દીલ હોઈ ડાહ્યા થઈ ડોલતા હે;
કહો કોન સગા કહાં જાઉગામૈં,
એસી બાત હૃદય નહીં તોલતા હે;
બ્રહ્માનંદ કહે ધીક જીવનમૈ,
બક બક કયા મુખસેં બોલતા હે........(૧૪૪)

અર્થ—સગાં સ્નેહીમાં ગુંચાઇને ઉદર ભરવા અર્થે અનેક પ્રપચ અને અધર્મનાં કામ કરવાને પાછું વાળી નહીં જોતાં ખટ-પટમાં ખબરદાર રહી ડહાપણુ ડોળતો ફરે છે; પણુ હે મુર્ખ !

તું જરા વિચાર કરીને જો કે આ સંસાર મિથ્યા છે. તારૂં કોઈ નથી. કાળરૂપી ઉંદરે આયુષ્ય દોરી કાપવા માંડી છે, એટલે તું દુનિઆનો બે ઘડીનો મેહમાન છે; માટે હરિ ભક્તિ રૂપ અમૃત ત્યાગી પાપ કર્મરૂપ વિખને પીતાં કંઈક શરમ રાખ.

" જેને વિતી હોય તે જાણે. "

(સવૈયો.)

પાનીકે જંતુ કહા પહીચાનત,
ગ્રીષ્મકે તપને ગરદીકી;
કેશરકી કરહીં કહા કીંમત,
હેન પરીખ જહાં હરદીકી;
કાયરકુ કલ નાંહી પરે,
કછુ શુરનકી શુધ્ધી મરદીકી;
બેદરદીન પ્રબીન લહે કચ્છુ,
જાન તરે દરદી દરદીકી..............(૧૪૫)

અર્થ—પ્રતિદીન પાણીમાંજ રહેનાર પ્રાણીને ઉનાળાના ઉકળાટથી અકળામણ કેવી દુઃખદાયક હોય તે શું જાણે? જે હળદરની કીમત નથી કરી જાણતો તેવો માણસ કેશરની પરીક્ષા શું કરી જાણે? શુરવીરતા ધરાવનાર માણસ યુદ્ધ પ્રસંગે કેવી શૈલીથી લડાઇ જીતે છે તે કાયરશી રીતે સમજી શકે? તેમ દર્દીની વેદના કેવી છે તે દર્દ વગરનું દીલ કેમ જાણી શકે?

" કળિયુગનો મહિમા."

(કુંડળીઓ.)

હંસા ઉપવાસી રહે, કૌવા ચુગે કપુર;
રાજ ગયો સુત જુગકો, કળજુગ આયો પુર.

કળજુગ આયો પુર, ઉચકુ નીચ નમાવે;
મૂર્ખ પાવે માન, પંડિતકુ દૂર બીઠાવે;
કહે ગિરધર કવિરાય,મેરે મનમેંહી શંશા;
કૌવા ચુગે કપુર, ઉપવાસી રહે હંશા.....(૧૪૬)

અર્થ—સત્યયુગ જતાં કળજુગ આવ્યો એટલે શું થયું કે; નીર ક્ષીરને જુદું કરી શકે અને જે કેવળ મોતીના આહાર-પર નિરવાહ કરી નભી શકે, તેવું પવિત્ર પક્ષી તે ભુખ્યું મરે અને એંઠા-ભોગી કાગડો તે હમેશા ઉત્તમ કપુરથી પેટ ભરે. વિદ્યાવિલાસીનું અપમાન થાય અને મૂર્ખ મતિના ઢોંગી ધુતારા મન ગમનાં આદરમાન પામે, ઊંચ જાતિનાં માણસો નીચ જાતિની ખીદમત-ખુશામદ અને ચાકરી કરે એ કળીનો મુખ્ય પ્રભાવ છે.

" બેમાંથી એક આપો. "

(કવિત.)

દીજીએ તુરંગ કે કુરંગ છાલાકટકો,
દીજીએ કમંડળ કે રાજ મહીમંડળકો;
દીજીએ ગજરાજ બીરાજીએકો બિંદ્રાબન,
દીજીએ આવાસ કે નિવાસ ગંગા તટકો;
સંહાસન આસનકો તુંબા એક વાસનકો,
ચંદન ચઢાઉ પેં બિભુત ચાહુ ઘટકો;
એસે હો બીહારીલાલ જીમેં બિચાર કીનો,
દોમેં એક દીજીએ પડયો ન બીચ ભટકો.....(૧૪૭)

અર્થ—હે જગતને બનાવનાર માલેક! તું હું મુજ રંક પ્રાણી ઉપર કૃપાવંત થયો હો તો તારી પાસે મારી એજ યાચના છે કે, જો તારે મને કંઇ બક્ષિશ આપવી હોય તો હમેશાં સ્વા-રીને માટે અશ્વ આપજે અને અશ્વ ન આપવો હોય તો પછી એક કટકો આસનાર્થે મૃગચર્મ આપજે; અથવા તો પૃથ્વીનો

પણી બનાવજે કે હાથમાં કમંડળધારી બનાવજે; રહેવા માટે રંગ બેરંગી બંગલા દેજે અથવા તો પછી ઘાસ પાનથી છવાયેલ ગંગા કિનારે એકાંતમાં ઝુંપડી આપજે; સુખ વૈભવ માણવા સુવર્ણનું સિંહાસન આપજે અથવા તો પછી કડવી તુંબડીધારી સન્યાસી પદ આપજે; સુંદર અલબેલી સુઘડ મુગ્ધા સ્ત્રી પોતાની કમળદળ જેવી હથેલીથી પ્રેમપૂર્વક શિતળ ચંદન શરીરે ચોપડતી હોય તેમ કરજે અથવા તેના અભાવે પછી શરીરે ભસ્મ ધરવા આપજે, પણ તે બંનેમાંથી એક પણ ન આપવામાં તું લોભ કરીશ માં; નહીંતો હું નહીં રહું વાટનો કે ઘાટનો.

" સત્ય બોલથી ફરવું નહીં. "

(છપ્પય)

બચન ચહ્યો બલીરાય
બચન કૈરવ કુળ ખંડયો;
બચન કરન લગે કેશ,
બચન કૈરવ બન મંડયો.
બચન લાગ હરીશ્ચંદ્ર,
નીચ ઘરં નારી સમર્પે;
બચન લાગ જગદેવ,
શિશ કંકાલીહી અર્પે.
બાચા બાચ બૈતાલ ભનત,
તો કર ગ્રહી જીવ્હા કાઢીએ;
જર જાય લક્ષ બીક્રમ તનય,
સો બોલી બચન મત પલટયે..........(૧૪૮)

અર્થ—બોલને માટે બળી જેવો રાજા પાતાળમાં ચંપાયો; કૈરવ કુળ નાશ થયું; હરીશ્ચંદ્ર નીચ ઘેર વેચાયો; જગદેવે કંકાલીને માથું આપ્યું, તો હે બંદા ! તું તારા બોલ હજારો આપત્તિ ઊઠાવીને પણ સત્ય કરવા ન ચુકતો, નહીંતો જાણ કે

તારૂં જીવન, તારો આનંદ અને તારો આ સંસાર એ બધું મુળ-ધાણી ને વા પાણી છે.

" માણુસની ખાલ શાથી નકામી છે!"

(કવિત)

હાથીકે દાંતકે ખીલોના ભાત ભાત હુંકે,
બકરેકી ખાલ સોતો પાની ભર પીલાવેગી;
સાબરકી ખાલસેં અટકે હે સીપાઈ લોક,
ગેંડેકી ઢાલ રાજા રાના મન ભાવેંગી;
મૃગકી મૃગછાલા સો ઓઢત હે જતિ સતી,
સિંહનકી ખાલ શિવશંકર મન ભાવેંગી;
નેકી આર બદી દોનો સંગ ચલે મયારામ,
માનસકી ખાલ કચ્છુ કામ નહીં આવેગી....(૧૪૯)

અર્થ—હાથીનાં હાડકાંના ચુડા તથા રમકડાં થાય છે કે જે સ્ત્રીઓ શણગાર તરીકે હાથમાં પહેરે છે તથા બચ્ચાંઓ રમી આનંદ ભોગવે છે. બકરાંની ખાલની પાણી સિંચવાની બોખ થાય છે, કે જે વડે કુવામાંથી પાણી ખેંચી નિર્જળ પ્રદેશમાં માણુસો તૃષા શાન્ત કરે છે. સાબરની ખાલના પટાઓ સિપાઇ લોક પહેરે છે, ગેંડાની ખાલની ઢાલ બને છે, કે જે મેદાનમાં રક્ષકઠા-રક નીવડવાથી અનેક શુરવીરો તથા રાજામહારાજા હોંશથી હાથમાં રાખે છે, હરણની ખાલ યોગી મુનિઓ આસન તરીકે વાપરે છે. સિંહચર્મને મહેશે ધારણ કર્યું છે, એમ દરેક પ્રાણીના પિંડ—શરીર ઉપયોગમાં આવે છે, પરતુ માણસનું શરીર કે જેનો સંગ ઉત્તમ અનાજ ચોવીશ કલાક કરે છે તો તે પણ વિષ્ટાના રૂપમાં ફેરવાઈ જાય છે, તેવું શરીર કશા કામમાં આવતું નથી; પણ માત્ર એ સજીવ હોય છે ત્યારે એ વડે નેકી યાને બદીનાં કામ કરવામાં તે સાધન રૂપ હોય છે. માટે હે બંદા! એવા શરીરસાધન વડે બદી

નહીં પણ નેકીનાં કામ કરવા તત્પર રહેજે કે જે કામ પરિણામે તને સ્હાયકારક થાય.

" સ્નેહીનું ધ્યાન કઇ બાજુ હોય છે ? "

(સવૈયા.)

મોરકી ધ્યાન લગી ઘનઘોરસેં,
દોરસેં ધ્યાન લગી નટકી;
દીપક ધ્યાન પતંગ લગી,
પનીહારીકી ધ્યાન લગી મટકી;
ચંદ્રકી ધ્યાન ચકોર લગી,
ચકવાનકી ધ્યાન દિને ચટકી;
મીન મનોજળ ધ્યાન શું સાગર,
પંથ પ્રબીન બીના રહી અટકી............(૧૫૦)

અર્થ—મોરનું ધ્યાન અમરમાં અંબર અંધારેલા મેઘ પ્રત્યે હોય છે દોરપર ચડેલા નટનું ધ્યાન દોર પ્રત્યે હોય છે, પતંગીઆનું ધ્યાન દીવાની જ્યોતપ્રભા પ્રત્યે હોય છે, પાણી ભરનારીનું ધ્યાન માથાપર મુકેલ જળથી ભરેલ ઘડા પ્રત્યે હોય છે, ચકોર પક્ષીનું ધ્યાન ચંદ્ર પ્રકાશ પ્રત્યે હોય છે, ચકવા પક્ષીનું ધ્યાન સૂર્ય ઉદય પ્રત્યે હોય છે, અને માછલીનું ધ્યાન પાણી પ્રત્યે હોય છે, તેમ સ્નેહીનું ધ્યાન અન્ય તરફ નહીં, પણ માત્ર પ્રેમી પ્રત્યેજ હોય છે.

" બળદીઓ કોણ ? "

(સવૈયા)

ખારો કીયોહે પયોદધિકો પય,
કારો કીયો પીકસો અનુમાનો;
કંટકદાર ગુલાબ કીયો,
અરૂ ચાતક બારહીં માસ તૃષાનો.

પંકજકો અંક કીયોહે મયંકમેં,
ભાગ કીયો હે ચકોર કોબાનો;
સાગર મીત સબેં પરખા ફરી,
હંસપતિ હરવાહન જાનો............(૧૫૧)

અર્થ—અગાધ જળથી ભરેલો સમુદ્ર ખારો કર્યો, સુગંધીથી ભરેલી ગુણકારી કસ્તુરી કાળી કરી, ગુલાબમાં કાંટા લગાવ્યા, ચાતક જેવાં પ્રેમી પક્ષીને અંગારાનો આહાર આપ્યો, અને પ્રેમીઓને વિયોગી બનાવ્યાં, તો તે રચના ઉપરથી, પ્રવિણ કહે છે કે, હે પ્રીતમસાગરો હંસપતિ (બ્રહ્મા–વિધિ) ની અકલ હરવાહન) શ્રી શંકરનું વાહન બળદ) ના જેવી હશે, નહીંતો દેખીતી ઉઘાઈ ન કરે.

" કુદરતની ગતિ ન્યારી છે ! "

(સવૈયો.)

સીત હરી દિન એક નિશાચર,
લંક લઈ દિન એસોહી આયો;
એક દિનાં દમયંતી તજી નલ,
એક દિનાં ફીરહીં સુખ પાયો;
એક દિનાં બન પાંડવ કે અરુ,
એક દિનાં છીતી છત્ર ધરાયો;
શોચ પ્રબીન કછુ ન કરો,
કિરતાર એહીં બિધિ ખેલ રચાયો.......(૧૫૨)

અર્થ—વિયોગી દશામાં આશક પોતાની ગુણવાન માશુકને શાન્તિ આપવા અર્થે સંદેશો કહાવે છે, કે હે પ્રવિણ ! (ચતુર) શ્રી રામચંદ્ર દેવ, કે જે પ્રાણી માત્રના અધિષ્ઠાતા ઇશ્વરતુલ્ય ગણાય છે તેની સ્રી સતી દેવી જાનકીજી એક પ્રસંગે રાવણ હરી ગયો હતો; તો બીજે પ્રસંગે એજ રાવણની રાજધાની લંકા જેવી વૈભવી

નગરી શ્રી રામચંદ્રજીએ જીતી પ્રસર કરી. નળ જેવા પુણ્યશાળી રાજાએ અઘોર જંગલમાં પોતાની પ્રાણુ સમાન સતી શ્રી દમયંતીનો વિણુવાંકે ત્યાગ કર્યો; તો બીજે પ્રસંગે પુનઃ એ પ્રેમ દંપતીભાવથી એક બીજા સાથે હળીમળી સુખી થયાં. એક દિવસે ધર્મપરાયણ પાંડવો કાપડી વેશે વગડે વગડે રખડતા હતા, તો બીજે પ્રસંગે તે છત્રધારી થયા હતા; પ્રભુની લીલા ગહન છે, માટે સંયોગમાં કે વિયોગમાં, સુખમાં કે દુઃખમાં ગભરાવું નહીં, પણ એ ગહનગામીનું ભજન કરવાની સાથે દરેક પ્રસંગમાં શાન્તિજ રાખવી.

" પાણીનું પાણીમાં "

(સવૈયો.)

મહિયારી ચલી મહિ બેચનકુ,
પાણી મીલાઈ ભઈ સપ્ર રાણી;
લોભકે લચ્છન પાપ કરે જીવ,
જાનત રે એક આતમજ્ઞાની;
જાઈ બજારમેં બેચ દીયા,
તબ હોનો ભઈ મનમેં હરકાની;
બાનર ન્યાય કીયો અતી સુંદર,
દૂધકા દૂધ ઓર પાનીકા પાની........(૧૫૩)

અર્થ—લોભી પ્રકૃત્તિવાળાં પ્રાણી સમજતાં નથી કે લોભના અંગે જે કંઈ અન્યાયી કામ કરવામાં આવે છે અને તે કાર્ય જગત્નો પેદા કરનાર માલિક તલેતલ જાણી પરિણામે તે ન્યાયજ આપે છે કે જેનો એક દાખલો આ પ્રમાણેઃ— એક આમડયન ભરવાડણ શીરપર દૂધનું વાસણ લઇ નજદીકના શહેરમાં તે દૂધ વેચવા ચાલી, રસ્તામાં નદી આવી ત્યાં શીરપરનું દુધ ભરેલું વાસણ નીચે મુકી પાણી પીધું. પાણી પીતાં લોભી મહિયારીની વૃત્તિ ફરી અને વિચાર થયો કે વાસણ દૂધથી અર્ધું ભર્યું છે

તો તે પાણી નાખી પુરેપુરૂં ભરૂં તો મને ખમણા પૈસા પેદા થાય, એમ ધારી તેણે પાણીથી દૂધનું વાસણ પુરૂં ભર્યું અને શહેરમાં જઇ સઘળું દૂધ રોકડી કીમતે વેચી દીધું. પછી પોતાને ઘેર જવા નીકળી. રસ્તે થાક લાગવાથી રસ્તાના કિનારે એક વાવ આવી કે જેની પાસે બે ચાર વડવૃક્ષ ઉગેલાં હતાં તેના છાંયે બેસી થાક વિસ્મૃત કરવા બઇ, અને દૂધના લીધેલા પૈસા પેલા વાસણમાં મુકી મહિયારી થાકના લીધે ઘસઘસાટ ઉંઘી ગઈ. એટલામાં વાંદરાંની ટોળી આવી, તે માંહેના એક વાંદરાએ પેલું વાસણ તપાસ્યું તો તેમાં પૈસા દીઠા, તે લઈ તે ઝાડપર ચડી બેઠો. એટલામાં પેલી મહિયારી જાગી અને પોતાના પૈસા કે જે દૂધ વેચી મેળવ્યા હતા તે ઝાડપરના વાંદરાના હાથમાં દીઠા. વાંદરો પૈસાની રમત કરવા બેઠો, રમતમાં એક પૈસો વાવમાં (કુવામાં) નાંખવા માંડ્યો ને એક પૈસો પેલા વાસણ તરફ ફેંકવા લાગ્યો. બે ઘડીમાં સઘળા પૈસા તેવી રીતે વહેંચ્યા. પોતાના પૈસા અર્ધા વાવમાં પડવાથી મહિયારી પેટ પકડી રડવા લાગી રસ્તે ચાલનાર મુસાફરે તેની સઘળી વાત સાંભળી છાની રાખી અને કહ્યું કે પાણીના પૈસા પાણીમાં ને દૂધના તને મળ્યા. તેમાં રૂવે છે શાની ? ઇશ્વર હકનાજ પૈસા આપે છે.

" સાચો સ્નેહ આનું નામ. "

(દુહો.)

દાહ લાગ્યો તબ વન જલ્યો,
જલન સબે વન રાય;
હમ જલતહેં પાંખ બિન,
તુંમ જલતહો કાંઈ.
પાન બીગાર્યો ફલ ચુગ્યો,
બૈઠે શીતળ છાંય;

તુંમ જલો હમ ઉડીયે,
જીવન કો ફલનાંય,
થર થર થર થર કંપતે,
ધીરજ ક્યોં ન ધરેહ;
ચાખો ચાહો પ્રેમ રસ,
જોખમ ક્યોં ન ચહે...............(૧૫૪)

અર્થ—વનમાં આગ લાગી ત્યારે સર્વ બળવા માંડયું. તે વખતે એક પક્ષીનું જોડું જે ઝાડ ઉપર બેઠું હતું તેને એક બળતાં ઝાડે કહ્યું કે, અરે પક્ષી તમે ઉડી જાવ, નહીંતો અમારી સાથે તમે પણ બળીને ખાક થશો. ત્યારે પક્ષીએ કહ્યું અમે તમારી શીતળ છાંયડીની ઓથે બેસી આનંદ કરતાં, તમારાં મીઠાં ફળ ખાઇ ક્ષુધા શાન્ત કરતાં અને હુગારથી તમારાં પાંદડાં ભરતાં છતાં તમે બળો અને અમે ઉડી નીકળીયે તો અમારા જીવતરને ધિક્કાર છે! સ્નેહીનું એજ કામ છે કે પ્રેમરસ ચાખતી વખતે આનંદ કરવો અને દુઃખી સ્નેહીના દુઃખમાં ભાગ લેવો પણ જો દુઃખથી કંપારી છુટે તો પ્રથમથીજ પ્રેમરસ ચાખવાની ટેવ ન રાખવી.

"સત્સંગ દુર્લભ છે."

(છપ્પય.)

મીલહી ભૂમિકો રાજ,
સાજ સુખ સંપત્તિનાના,
મીલહી સ્વર્ગ સુરલોક,
પ્રબળ અમૃત કોપાના;
મીલત ઇંદ્ર અધિકાર,
મીલતક્રમ કરીપદ વીધીકો,
અષ્ટ સિધ્ધ પુની મીલત,
મીલત સંગ્રહ નવનિધિકો;

સુતભ્રાત તાત વીનતા મીલે,
ખુબ ખજાના નંગ હે,
બ્રહ્મ મુની સબહી મીલે,
એક દુર્લભ સત્સંગ હે.........(૧૫૫)

અર્થ—હે પ્રાણી ! આ સંસારમાં તપના અંતે ઘણા પુરૂષોને રાજ પ્રાપ્ત થાય છે, વૈભવવિલાસનાં સાધન પ્રાપ્ત થાય છે, સ્વર્ગ મળે છે, અમૃત આહાર મળે છે, અમરાવતીના અધિષ્ઠાતાનું પદ મળે છે, નવનિધિ અને અષ્ટમાં સિદ્ધિ મળે છે, માબાપ, ભાઈ, સ્રી અને અખટ દ્રવ્યથી ભરેલા ખજાના મળે છે; એમ સઘળું મહેનત કરે તો મળી શકે છે, પણ સાધુ પુરૂષનો સત્સંગ કે જે સત્સંગ ચોરાશીનો ફેરો નષ્ટ કરવા સમર્થ છે તે મળવો મહા મુશ્કેલ છે.

" બનાવટી—બાવા "

(કવિત–સવૈયો.)

કંઠી ધાર ટીકા કીયા ભેખનકા,
બની ઠીક ઠીકાં ચલે રાવનેમેં;
સબે પાય લાગે ધરે ભેટ આગે,
બહુ ચતુરી લોક બોલાવનેમેં;
સાખીબોત શીખી કરે બાત તીખી,
ઘણી રીત ગને ગુણ ગાવનમેં;
બ્રહ્માનંદ કહે બ્હોત જ્ઞાન જાને,
તેરી તાળ તો રાંડ રીઝાવનેમેં........(૧૫૬)

અર્થ—ગળામાં બે ચાર માળા પેહેરી લલાટે ગોપીચંદનનું તિલક કરી, જનસમાજમાં જઇ અગડમબગડમ એટલે કે સાંભળેલાં બે ચાર બોધનાં વચનોમાં મીઠું મરી ભભરાવી વિસ્તારથી વર્ણન કરતા, અને સિદ્ધ તરીકેનું નામ ધારણ કરી બધાને પગ પૂજાવતા

અને બાહેર ત્યાગીપણું જણાવતા પણ અંતરમાં તો એમે તે પ્રયત્ને ધનવાન વિધવાઓને ફસાવી તેનાથી મન માનતો આનંદ મેળવવામાંજ વિચાર રમી રહ્યો હોય છે. (તેવા નકલી સંતોથી પ્રભુ બચાવે.)

"કેવા સંતની બલિહારી ?"

(સવૈયો.)

તીન તાપકી ઝાલમેં નાહીં તપે,
આંહી છોડતા જીવ અનંતકીજી;
સદા શીલ સંતોષકી અંગ શોભે.
અચ્છી જાનત બાત એકાંતકીજી;
રસબસ રહે નીત્ય રામહુસેં,
સબે જાન રહસ્ય સિદ્ધાંતકીજી;
બ્રહ્માનંદકે બાર હજાર મેંતો,
બલિહારી જાઉં એસે સંતકુજી........(૧૫૭)

અર્થ—સંસારની કહેવાતી અંધારી માયામાં નહીં લોભાતાં સદા નિર્લેપ અને નિર્વીકારથી રહે છે, પોતાના સહુવાસમાં આવતાં અનેક પામર પ્રાણીના હૃદયમાં અજ્ઞાનતારૂપ છવાઇ રહેલી મલીનતાને કાપી શકનાર, સ્વભાવે શાંત અને સર્વ બાબતની સહનશક્તિ ધરાવનાર એકાંત સમાધી લક્ષનેજ પ્રિય ગણનાર, હમેશ રામભક્તિરૂપ પાન કરીનેજ રહેનાર, સાધકપણું પાળનાર એ લક્ષણવાળો સંત કહેવાય છે અને તેવા સંતની સંસારમાં ખરેખર બલિહારીજ છે.

"વખત પ્રમાણે વર્તવું."

(કવિત.)

હીલી મીલી જાને તાસો, હીલી મીલી લીજી આપ,
હીલી મીલી જાને અસો, હેતુ ના બિસારવો;

હોય મગરૂર તાસો, દુની મગરૂરી કીજે,
લઘુતાસેં ચલે તાસો, લઘુતા નીબાહીએ;
બોધા કવી નીતીકો, નીબેરો એહી ભાંતી કરો,
આપકો સરાહે તાહી, આપ હું સરાહીએ;
દાતા કહા સુર કહા, સુંદર પ્રબીન કહા,
આપકો ન ચાહે, તાહીં આપહુ ન ચહીએ.(૧૫૮)

અર્થ—આ સંસારમાં વ્યવહારૂ નિયમ એવો છે કે જે ઇન્સાન આપણાથી હળીમળીને સદા રહેતું હોય તેના સાથે હમેશ હળીમળીનેજ રહેવું, મતલબ કે તેનું મળતાપણુ ગમે તેવા સંજોગમાં ભુલી ન જવું. જે આપણી તરફ કટાક્ષ કરે તેની સાથે કટાક્ષથી વર્તવું, જે આપણી સાથે નિરાભીમાની રહે તેના સાથે તદન્ નિરાભીમાની થઇ રહેવું. જે આપણા અણીના વખતે મદદમાં આવે તેને અવશ્ય મદદ આપવી એજ ઉત્તમ છે; કોઈ દ્રવ્યવાન હોય અથવા શુરવીર હોય તોપણ તે આપણને ન ચાહે છતાં પરાણે તેની ચાહના રાખવી એ કેવળ મૂર્ખતા તથા નિર્માલ્યતા છે.

" પ્રેમી પત્નિનો પ્રેમ. "

(સવૈયો

સાગર મીત પુકાર સુનો,
અબમેં પુની આપહીં સંગમે આઉં;
જો તુમ અંગ ભભૂત લગાવો તો,
મેં પુની અંગ ભભૂત લગાઉં;
જો તુમ ભીખકે ભોજન પાવો તો,
મેં પુની ભીખકે ભોજન પાઉં;
જો તુંમ નાથ અલેક જગાઓ તો;
મૈં પુની નાથ અલેક જગાઉં........(૧૫૯)

અર્થ—એક સર્વાંગે સુંદર, અને ચતુર તથા પ્રેમી મુગ્ધા રાજકુમારી પોતાના પ્રેમી પ્રિતમના વિયોગમાં ઝુરી ઝુરીને થાકી, તોય પ્રિતમથી ન મળી; એટલુંજ નહી: પણ પ્રિતમ ક્યાં વસે છે તે પણ તે વિરહણી વનિતા પત્તો ન પામી; જેથી તે અંતે કાયર થઈને અંતર ઉર્મીથી કહે છે કે, હે મારા પ્રાણાધાર! પ્રેમી પ્રિતમ! આ પ્રેમ દુઃખમાં પીડાતી અબળાની અરજ સ્વિકારી મને તમારી સાથેજ રાખો. જો તમે શરીરે ભસ્મ લગાવી હશે તો હું પણ પ્રેમની ખાતર મારાં કિમતી વસ્ત્રાલંકારો ત્યાગી શરીરે ભસ્મ ચોળીશ. જો તમો ભિક્ષા માગેલું ભોજન જમતા હશો તો હું પણ બત્રીસ ભાતનાં તાજાં અને સોજાં ભોજન ત્યાગી તમારી સાથે ભીક્ષાનું ભોજન જમીશ અને કદાપી તમે ગલીએ ગલીએ અલેક જગાવશો તો હું પણ તમારી સાથે લોકલાજ ત્યાગી અલેક જગાવીશ. મતલબ કે તમારા પ્યાર ખાતર હું મારૂં સર્વસ્વ છોડીશ, પણ મને સાથે રાખો.

"કોણ ચુલ્લામાં પડે?"

(કવિત.)

જેહી પુરૂષકો પર પ્રેમદાસે પ્રેમ લગ્યો.
પરપુરૂષકો નેહ લગ્યો જેહી નારીકો;
નરક નિવાસ ત્રાસદાયક તેંહી કોહોત,
જગત્‌મેં જશની રહત જારીકારીકો;
ધિઃક અવતાર તાકો હોત ધરણી તલમેં,
જીન્હેં લજાયો કુલ તાત મહતારીકો;
તેબીન નહિ સો પુની નહિ રસ સાગરકો.
ચુલ્લીમેં પર્યો ચતુર પનો વ્યભિચારીકો.....(૧૬૦)

અર્થ—ગમે તેવો પુરૂષ ચતુર હોય પણ તે પારકી સ્ત્રીનો વ્યસની હોય તો તેને, અને ગમે તેવી ચતુર સ્ત્રી હોય છતાં તે પારકા પુરૂષની પ્યાસી હોય તો તેને, બન્નેનો આ જગત્‌માં સુજશ

મળતો નથી, જનસમાજની દ્રષ્ટિમાં ધિક્કારપાત્ર થાય છે. માતપિતાનાં કુળને પાતાલમાં નાખે છે, અને પરભવે સુખી નહીં થતાં નર્કના અધિકારી થાય છે; તો એવાં વ્યભિચારીની ચતુરાઈ સુલામાં પડો.

" મનુષ્ય-વાણીનું પરાક્રમ. "

(કવિત.)

બાતનસે દેવી અરૂ દેવતા પ્રસન્ન હોત,
બાતનસે સિધ્ધ ઔર સાધુ પતી આતહે;
બાતનસેં ખાન સુલતાન નરેશ માને,
બાતનસેં શ્યાણે લોક લાખન કમાતહે;
બાતનસેં ભૂત ઔર દૂત સબ તાબે હોત,
બાતનમેં પુન્ય ઔર પાપ હો જાતહે;
બાતનમેં કીર્તિ અપકીર્તિ સબ બાતનમેં,
મનુષ્યોંકે મુખમેં સોબત કરામાનહે....(૧૧)

અર્થ—માણુસની વાણીમાં એવી તો અલૌકિક મહત્વતા રહી છે કે જે વાણીથી પંચભૂતના પુતળાથી નિરૂપણુ થયેલું માણુસ દેવી અને દેવને પ્રસન્ન કરી શકે છે. વાણીથી સાધુપણું કે સિદ્ધપણું પામી શકે છે. વાણીથી રાજા-મહારાજા સન્મુખ અમુલ્ય માન મેળવે છે. વાણીથી લાખો કરોડોની પુંજી કમાઇ શકે છે. વાણીથી ભુત પણ નોકરી બજાવે છે. વાણીથી પાપ કે પુન્ય પણ મળે છે. વાણીથી અપકીર્તિ કે કીર્તિ પણ મેળવી શકે છે. અરે વાહરે માણુસના મુખની વાણી! તારો પ્રભાવ તો અજબ છે!

" અમુલ્ય જીંદગી એળે ગુમાવી. "

(કવિત.)

હોસેં તેં ન સેવા કરી હરિકી મંદિરમેં,
તેસેં ગિરિ મંદર ના તપ્યો તપ જાપકે;

રજો ગુની રાજનકી આસતેં ન પ્યાસ બુઝી,
સુમતિકે સંગ સોનાં કુમતિ મંજાયતે;
રવિરામ આનંદકે કંદ વૃજ ચંદ બુકી,
અમલ કથાકો નાંહીં અથા મતિ ગાઇતેં;
કીયો હીં સ્વારથ, ના કીયો પરમારથયોં,
અકારથ અનમુલી ઉંમર ગવાઇતેં...........(૧૧૨)

અર્થ—હે પામર પ્રાણી ! આ સંસારમાં આવીને જો તેં હરિમંદિરમાં જઈ ભાવથી પ્રભુની પૂજા ન કરી કે પર્વતની ગુહા ગુફામાં એકાંત ચિતે પ્રભુનું ધ્યાન ન કર્યું અને પ્રતિદીન આધી વ્યાધિ અને ઉપાધીનેજ આપનારી લક્ષ્મી અને તેના અંગે મળતાં વૈભવ સુખ કમાવામાંજ જીંદગી ગાળી તો જાણુ કે તારો ફેરો અફળ ગયો.

" વિષ્ટાહારીતો વિષ્ટાનેજ ચાહે છે. "

(સવૈયા.)

સ્વાધિન હે ધરૂકી તરૂની,
બરની રવીરામ સુરૂપસરાહે,
તોઉ કુજાત કુનારીકો સંગ,
કરે સોઈ નીચમેં નીચ ખરાહે;
જયોં સરપુર ભરે જલકો.
તજી કાક પીયે જલ કુંભ ભર્યોહે,
ગારીહી ખાત જપાટહીં જાત,
પુની ફીર આત ન લાજ જરાહે...........(૧૧૩)

અર્થ—સુંદર અને નિર્મળ નીરથી ભરેલા અનેક જળાશયો છે, તોપણ તેને ત્યાગી વિષ્ટાભોગી કાગડો પાણીયારીના મુખની ગાળો અને ઝપાટો ખાય છે, તો પણ તેના શીરપર બીરાજતો કુંભ બોટે છે તેમ નીચ અને કુલાંગાર પુરૂષ પોતાને ઘેર ચતુર

સ્વરૂપવાન અને સુઘડ તથા સુશીલ સતિ સ્ત્રી, સમાન વયની હોય છે છતાં તેઓ વેશ્યાને ત્યાં ભટકયાજ કરે છે અને તેનાં કડવાં વચન તથા પગની લાતો ખાયાજ કરે છે.

" પ્રભુ તો દાસાનુદાસ છે "

(દુહો.)

જેસે ફીરતે રહતહે, બીવાહ કાજ નરનાર;
તેસે ફીરે હરી ભકિતમેં, (તો) સંગ ફીરે કિરતાર. (૧૪૬)

અર્થ—લગ્ન પ્રસંગે વરઘોડામાં વરની પાછળ જેમ સ્ત્રીવૃંદ ગીત ગાતી ફરે છે તેમ પ્રભુભક્તિમાં પ્રાણી પ્રતિદીન રહેતાં હોય તો તેમની પાછળ પ્રભુ અવશ્ય ફર્યા કરે–મતલબ કે તેવી ભક્તિથી પરમાત્મા વશ રહે છે.

" પાણીનો પ્રભાવ. "

(કવિત.)

પાની બીન ઝવેરી મોતીકુ ખરીદત નહીં,
પાની બીન સુઘડ શીરોઇ કોન કામકી;
પાની બીનહયકુ સુખદાઇમેં ખરીદત નાંહી.
પાની બીન દામની દમકે સોના કામકી;
પ । બીન પુરૂષકો નામભી રહત નાંહી.
પાની બીન કીંમત નાંહી હીરેકે જામકી;
અરે નર જ્ઞાની તું પાનીકા જતન કર.
પાનીકે ગયે જીંદગાની કોન કામકી....(૧૪૫)

અર્થ—પાણી વગરનું મોતી હોય તો તેને ઝવેરી લેતો નથી. પાણી વગરની ઠાલી સુવર્ણની સરાઈ પણ નકામી છે. પાણી વગરનો ઘોડો રાજદરબારમાં પ્રિય ગણાતો નથી. પાણી વગરની (ચોમાસાં વગરની) વિજળી પણ આકાશમાં શોભતી નથી, પાણી વગરનો પુરૂષ નિર્માલ્ય લેખાય છે. પાણી વગરનો હીરો કામનુંલે

વેચાય છે. મતલબ કે આ સંસારમાં જે વસ્તુમાં પાણી નથી તે નકામ છે; માટે હે સુઘડ પ્રાણી ! તું બનતાં સુધી તારી અંદર કુદરતની બક્ષિસ રહેલું પાણી (ટેક–શક્તિ) તું પ્રાણ જતાં પણ ગુમાવીશ નહીં, નહીતો પાણી વિના તારૂં જીવન તદન નકામું છે.

" રાજ્યલક્ષ્મી પચાવવા માટે શું કરવું જોઈએ ? "

(કવિત.)

ઉડદકે પચાયવેકુ હીંગ ઔર સુંઠ જેસે,
કેલાકે પચાયવેકુ ઘુપ નીરાધાર હે;
ગોરસ પચાયવેકુ સોહાગો પ્રબળ દંડ,
આમકે પચાવનેકુ નિંબકો અચાર હે;
શિતળ કવિ કહત પરધન પચાયવેકુ,
કાનન છુવાયે હાથ કેરો હી નકાર હે......(૧૬

અર્થ—અડદનો ખોરાક પાચન કરવા માટે હીંગ (વઘારણી) તથા સુંઠ છે, કેલાં પચાવવાને માટે ઘી છે, દુધ પચાવવાને માટે કસરત છે, આમને પચાવવા નિંબનું અથાણું છે, પારકું દ્રવ્ય પચાવવા માટે કાન આડા હાથ ધરી નકાર શબ્દ છે.

" થવાનું તે થાય છે. "

(કવિત.)

રામહુ ન જાન્યો લંકે રાવન હરેગો સત,
નંદહું ન જાન્યો રિધ્ધિ દધીહું મેં જુઠ હે;
ઈંદ્રહુ ન જાન્યો ગુરૂ ગૌતમ કે ઘર જાત,
ગૌતમેં ન જાન્યો કછુ કુકરેમેં કુર હે;
ગાંધારી ન જાન્યો રેન અંધારીમેં અંબ કેસો,
પાંડવે ન જાન્યો કછુ જુગટામેં જુઠ હે;

દેવતા ન જાની બાત માનવકી કહાતાગાત,
હો તબકી બાત સો તો હોબત સો હોતરે....(૧૬૭)

અર્થ—જગતના અધિષ્ટાતા ગણાતા પ્રભુ રામચંદ્ર મહારાજાએ જાણ્યું નહોતું કે લંકાપતિ રાવણ, જાનકીજીને વનમાંથી લઈ જશે. ઈંદ્રમહારાજે વિચાર્યું નહી કે ગુરૂપત્નીથી ગમન કરતાં ભગંદર રોગ નફામાં મળશે. ગોતમરૂષીએ સ્નાન કરવા અર્થે પર્ણકુટી ત્યાગી ત્યારે કુકડાની વાણી કપટરૂપ છે તે સમજી ન શકયા. પાંડવના પ્રતાપી પુત્રોએ ન જાણ્યું કે જુગટું રમતાં રાનવેરાન રખડવું પડશે. એમ જે થવાનું છે તે દેવતા નથી જાણી શકતા તો બીચારાં ઇન્સાન તે કોણ માત્રમાં છે ? પણ જે થવાનું છે તે હર બહાને થયાજ કરે છે; તેમાં ડહાપણ કે ચતુરાઇ કશું કામ નથી આવતું.

"બે ચંદ્ર."

(સવૈયો.)

ચા ચર ચંદ બી લો ક ન કુ,
નીકસેં સબ લોક હતે બૃજબાસી;
કુંમકુમ અક્ષત ચંદન લે માનું,
ચર્ચીત સોમ સદા સુખ રાશી;
શ્રીજરાજમુખી બ્રખુભાન સુતા,
ચઢ દેખન આઇ ઉદેખુ અગાસી,
મુજી એ કૌન મયંક મહા,
ઈનતેં દુજીયા ઈત પુરનવાસી..........(૧૬૮)

અર્થ—શરદપુર્ણીમાના ચંદ્રને ઉદય થયલો જોઈ વૃજનગરની નવલ વારાંગનાઓ નગરબહાર કુમકુમ, ચંદન, પુષ્પ અને અક્ષત વીગેરે મંગળ વસ્તુથી તે ચંદ્રને પુજવા અર્થે આવી. આ વખતે

વૃજ નાયકની સુતા રસવંતી રાધીકાજી પણ ચંદ્રનાં દર્શન નિમિત્તે અગાસીમાં આવી ઉભી. એક તરફથી જેવો ચંદ્રમા પ્રકાશે છે તેવીજ રીતે બલકે તેથી પણ વિશેષ પ્રકાશીત રાધીકાનું મુખકમળ પ્રકાસે છે; જે જોઈ નગરનીવાસી સ્ત્રીવૃંદ વિચારમાં પડયું કે આ બન્ને ચંદ્રમા સાથેજ ઉદય થયાં તેમાં કયા ચંદ્રનું પુજન કરવું ?

"ભામાનું તન કે ભયાનક વન!"

(કવિત)

કામિનીકો તન માનું કહીએ સઘન બન,
વહાં કોઉ જાય સોતો ખાસ ત્રાસ પડતું હૈ;
કુંજર હૈ ગતિ કટી કેશરિકો ભય જામેં,
એની કાલી નાગની ઉફનીકુ ધરતું હૈ;
કુચહે પહાર જહાં કામ ચોર બસે તહાં,
સાધીકે કટાક્ષ બાન પ્રાનકુ હરતુ હૈ;
સુંદર કહત એક ઔર ડર જામે અતિ,
રાક્ષસી બદન ખાઉં ખાઉં હીં કરતું હે.....(૧૬૬)

અર્થ—સ્ત્રીનું શરીર અને જંગલ એ બંનેને એક કવિએ સમાન ગણ્યાં છે. અને જેમ જંગલમાં હાથી હોય છે તો સ્ત્રીની ચાલ એ હાથી સમાન છે, જંગલમાં સિંહ હોય છે તો સ્ત્રીની કમર સિંહ સમાન છે, જંગલમાં ઝેરી નાગણુ હોય છે તો સ્ત્રીને નાગણુ સમાન વેણી હોય છે, જંગલમાં પર્વતો હોય છે તેમ સ્ત્રીને બે ઉર હોય છે. જંગલના પર્વતની ખોહમાં તીરભાથા લઈને શીકાર કરવા ચોર શીકારી છુપાય છે તેમ સ્ત્રીનાં શરીરમાં કામરૂપ ચોર શીકારી નેત્ર નજરરૂપ તીરવડે આશક રૂપી શીકારને ઘાયલ કરવા સાવધ હોય છે.

" ભુખ ક્યારે ભાગે ?"

(સવૈયા.)

જો દસ વીસ પચાસ ભયે તબ,
હોય હજાર તું લાખ મગેગી;
કોટી અરબ ખરબ અસંખ્ય,
ધરાપતિ હોનકી ચાહ ધરૈગી;
સ્વર્ગ પતાલકુ રાજ કરો,
તૃષ્ના અધિકી અતિ આગ લગૈગી;
સુંદર એક સંતોષ બીના શઠ,
તેરી તો ભુખ કદી ન ભગૈગી............(૧૭૦)

અર્થ—કર્મસંજોગે દસ મળ્યા તો વીસની, વીસ મળ્યા તો પચાસની, પચાસ મળ્યા તો હજારની, હજાર મળ્યા તો લાખની, લાખ મળ્યા તો ક્રોડ અને અબજની આશા થાય છે. અબજ મળ્યા તો પૃથ્વીપતિ થવાનું ચાહે છે. પૃથ્વીપતિ થાય તો સ્વર્ગ કે મૃત્યુના રાજપદનો લોભ થાય છે અને આશા અગ્ની બુઝાતી નથી, બલ્કે વધતી જાય છે; પણ તે બુજાય ક્યારે કે રગે રગમાં સંતોષ સ્ફુરે ત્યારે.

" ચંદ્રની ગરમી નથી ખમાતી."

(કવિત.)

દુલત આસપાસકાસ બીમલ અકાસ ભયો,
રહી ન નીશાની કહું મહી મેં ગરદકી;
ગુંજત કમલદલ ઉપર મેધુપ મૈન,
છાપસી દીખાય આની વીરહી ફરદકી;
શ્રીપતિ રસીકલાલ આલીબનમાલ બીન,
કચ્છુના ઉપાય મેરે દીલકે દરદકી;
હરદ સમાન તન દરદ ભયો હૈ અબ,
ગરદ કરત મોહી ચાંદની શરદકી....(૧૭૧)

અર્થ—શ્રીકૃષ્ણચંદ્રના વિયોગમાં ઝુરતી વિરહી રાધાનું શુષ્ક શરીર દેખી સખી કહેછે કે હે રાધા ! શર્દપુર્ણીમાનો આનંદમય દીવસ આવતાં સર્વ વૃજ ખુશનુંમા દેખાય છે. એટલુંજ નહીં પણ આકાશ નિર્મળ થયું. કમળવન ખીલ્યાં અને ખીલેલાં કમળપર પરાગ ભોગી ભમરા ગુંજારવ કરવા લાગ્યા, છતાં મનમાં ઉદાસી અને ગોરરંગ ત્યાગી પીળાશવાળી રોગી દશામાં કેમ દેખાય છે. ત્યારે તેને રાધાજી ઉત્તર આપે છે કે હે બ્હેન ! તમોને શર્દપુર્ણીમાનો દીવસ આનંદમય લાગે છે પણ મને તો મારા વલ્લભ વિયોગે પુર્ણીમાંના ચંદ્રની ગરમી એટલી બધી લાગે છે કે હું નિરાધાર અબળાથી કોઈ રીતે ખમાતી નથી.

" નાગણુ નમેરી થઈ. "

(દુહો.)

નાગીન બેઠી રાહમેં, બીરહી પહોંચી આય;
નાગીન દરમેં છુપ ગઇ, બીરહી ડશી ન જાય,(૧૭૨)

અથ—વલ્લભ વિયોગે વ્યાકુળ બનેલી વનીતા વીરહ દુઃખને ન ખમી શકી એટલે મેદાનમાં ખીજવાઇને બેઠેલી નાગણુ સમીપે ગઈ અને તેની પાસે કરગરવા લાગી કે, હે ઝેરી નાગણુ ! તું કૃપા કરીને મને ડંસ દે, કે જે ડંસના પ્રભાવે હું મારો પ્રાણુ ત્યાગ કરૂં, કેમકે હવે મારાથી વલ્લભ વીરહનું દુઃખ નથી સહેવાતું, પણુ નાગણુ તેને નહીં ડસતાં ચુપચુપ મેદાનને ત્યાગી પોતાના દરમાં ભરાઈ બેઠી—(અરે વાહરે દુઃખનું પ્રાધાન કે દુઃખી માણુસને દુઃખી જોઇ નાગણુ પણુ ડરી જાય છે કે તેને ડંસ દેતાં રખેને તેપોતેજ દુઃખણી થઇ પડે ?

" હરી–હરમાં ભેદ. "

(કાવત.)

કહાવે દાસ કૃષ્નરામકે, ગુલામદામ ચામકે,
જેસે સ્વાન ગ્રામકે ડોલે ઘર ઘરમેં;

કંઠી કંઠી ધારે પેરે કુબુદ્ધિ ન નીવારે,
ભારે કામ ભોગ લગ્યો વૃત્તિ દશોદિશ ભરમેં;
શાલીગ્રામ કર પુજા મીટે નહીં ભાવ દુજા;
આંખસેં ન સુજા ભેદ દ્રષ્ટિ હરી—હરમેં;
વીર્નુંકે જો ભકત સર્વ યુકત એ વીરકત નાહીં,
એશ્યામેં આસકત ભરમ બુદ્ધિ મિત્ર ઘરમેં.....(૧૭૩)

અર્થ—જગતમાં કૃષ્નબલરામના ખાસ સેવક તરીકે પોતાને ઓળખાવી કંઠમાં માળા ધરીને તથા લલાટપર તીલક કરીને અવનવા રસમય પ્રસાદ તથા વસ્ત્રાલંકારના ઠાઠમાં આસકત રહી સિદ્ધાઇ જણાવે છે, પરંતુ તેની ભાવનાઓ લક્ષ્મીમાંજ નીરંતર ફર્યા કરે છે, એટલુંજ નહી પણ લક્ષ્મીની આશાએ બીચારાં ભોળાં આસ્તીકને પોતાની સેવા કરવાથી સ્વર્ગ મળશે એવું ઉલટું સમજાવી હડકાયા કુતરા માફક ઘરોઘર પગલાં કરે છે, એટલુંજ નહી પણ તેની દ્રષ્ટિ પ્રતિદીન સેવકની ભાર્યા ભગીની કે સુતામાં જ ફરતી હોય છે. પ્રસંગે પોપટીઆ પાઠની એકાદ બે અજ્ઞાની અંધ શ્રદ્ધાળુ પાસે પ્રાકૃત કથા (વાર્તા) કહી સંભળાવી જ્ઞાની તરીકે પોતાને ઓળખાવે છે; પરંતુ પોતે તો હરી (કૃષ્ન) તથા હર (શ્રી શંકર) કે જે બંને એકજ સ્વરૂપી ગણાય છે તેમાં અભેદ વૃત્તિથીજ જોવે છે. અને નિજ શેવક ગણીને તેવું જોવાને સુચવે છે.

" હમેશાં અસંતોષી કોણ ? "

(કુંડળીઆ.)

ભિક્ષુ બાલક ભારજા, પુનઃ ભુપતિ યહ ચાર;
ન જાને અસ્તી નાસ્તી કછુ, દેહી દેહી પુકાર.
દેહી દેહી પુકાર, નીસીબાસો આઠો જામું;
જાગ્રત સુપના માંહી, દુરના દુસર કામું;
કહે ગીરિધર કવિરાય, જગતમેં કોઇ તીતુક્ષું,
જીનકો તૃષ્ણા નાંહી, કહોકો એસો સુસુક્ષુ ?–(૧૭૪)

અર્થ—દીવસ રાત્રીના આઠ પહોરને બત્રીસ ઘડી જાગતાં કે ઉંઘતાં સ્વપ્નામાં પણ પેટ ભરવા માટે રાંકાં રોટલો માગે છે, બાળકો રમતગમતના માટે અવનવી અનેક ચીજો માગે છે, સ્ત્રી કપડાં, ઘરેણાં યાતો ગૃહકાર્યના અંગે વપરાતી વસ્તુ માગે છે અને રાજા પાણીવેરો, ઘરવેરો, ઉભડવેરો અને અનાજવેરો એમ અનેક જાતના કર માગે છે; એટલે ગીરધર કવિ તે ચારેને એકજ સંજ્ઞામાં મુકે છે; અને તેનું પ્રાધાન કાર્ય માગવાનું જણાવે છે, કે જે માગવું યોગ્યાયોગ્યનું નથી હોતું પણ તે સામાની પાસે છે કે નહીં તથા તે આપવા શક્તિવાન છે કે બીનશક્તિવાન છે તેની તુલના કર્યા વગર માગ્યાજ કરે છે, તો હે સજ્જન! આ સંસારમાં એવો કોઈ માગણ—રાંક યા ભિક્ષુક નહીં હોય કે તે માગેજ નહીં, અને આપવા છતાં લેવાની ના પાડે.

" વખતનું પરિબળ. "

(કુંડળીઆ.)

સાંઈ અવસરકે પડે, કો ન સહે દુઃખ દ્વંદ,
જાય બીકાને ડુમઘર, વૈ રાજા હરીશ્ચંદ.
વૈ રાજા હરીશ્ચંદ, કરે મરઘટ રખવારી,
ફીરે તપસ્વી વેષ, ફીરે અરજુન બલધારી;
કુહે ગીરધર કવિરાય, બનાઈ ભીમ રસોઇ,
કોન કરે ઘટી કામ, પરે અવસરકે સાંઈ.......(૧૭૫)

અર્થ—હે પ્રાણી! આ સંસારમાં આવતા વખતને અવશ્ય માન આપવું પડે છે. જોકે ઉત્તમ અવસરને સર્વ કોઈ ઇચ્છે છે, તો પણ દૈવગતિથી જ્યારે નેષ્ટ અવસર આવે છે ત્યારે તે પસાર કરવામાં અતિ અણુગમો થાય છે, તથાપી તે ભોગવ્યા શિવાય છુટકો થતો નથી, કારણકે હરીશ્ચંદ્ર જેવા મહારાજાએ પણ તેવા વખતને માન આપી ભંગીને ઘેર વેચાઇ સ્મશાનનું રખોપું સ્વી-

કાર્યું, અરજુન જેવા બાણાવળી બાવાવેશે ફર્યા, અને ભીમ રાંધનાર તરીકે રહ્યો, તો તું કોણ માત્રમાં છે ?

" અવગુણનું ઘર કોણ ? "

(કુંડળીઆ.)

સાચો ઝેર અફીણ હે, ખરચ રૂપીઓ ખાય,
સુંઘેથી કડવો લગે, ખાયે અંગ સુકાય.
ખાયે અંગ સુકાય, મિત્રસેં બાંધે દાવો,
ઘરમેં સંપત ઘટે, માગતો ફીરે જ્યું બાવો;
કહેતે કરસનદાસ, અફીનસેં કબુ ન રાચો,
અવગુણ કરે અપાર ઝેર અફીણ હે સાચો,....(૧૭૬)

અર્થ—હે સજ્જન ! તું કોઈ દીવસ અફીણ જેવી અનીષ્ટ ચીજ ખાવાની ઇચ્છા કરીશ નહી, કારણકે અફીણ એ ખરેખર દરેક અવગુણનું ઘર છે, મતલબ કે તે દુઃખરૂપ છે. અફીણ ખાનારા રૂપીયા આપીને ઝેરરૂપ અફીણ ખરીદી ખાય છે, કે જે અફિણ સુંઘવાથી તદન કડવું, દેખાવમાં કાળું અને ખાવાથી અંગ સુકાવનારૂં, સ્નેહીમાં વીવાદ કર.વનારૂં, કેફથી સાનભાન ભુલાવનારૂં, સુસ્તીને આણનારૂં, ઘરમાં રાંક દશાને ઘસડી લાવનારૂં અને ભિખારી વેશ ધરાવનારૂં છે.

" સંસારમાં શ્રેય કર. "

(છપ્પય)

જગમેં પ્યારૂં કોન ? કોન હે જગત સુધારન ?
જગમેં લેવો કહા ? કૈસો રખીયે હથીયારન ?
રજની પતિ હે કોન ? કૌન હે શોભા ઘરકી ?
પંથે ચલવો કહા, બહુત ભોજન કહા ખરકી?

ગદ્ધબંકો ગોપન સરસ કૌન ? કૌન સરસ હે કાજ?
અગમ કૌનસેં ચેતચો? જલ શશીધા રાજ.....(૧૭૭)

અર્થ—આ જગતમાં વ્હાલું શું ? (શ્રી હરી–હરનું નામ), સંસાર સુધારનાર કોણ ? (સદગુરૂ), આ જગતમાં લેવાનું શું ? (સુજશ–કીર્તી.), હથીયાર કેવું ધારણ કરવું ? (ક્ષમરૂપ), રાત્રીનો પતી કોણ ? (ચંદ્ર), ઘરની શોભારૂપ કોણ? (સુઘડ અને સદ્વર્તનવાળી પતિવૃતા સ્ત્રી), કયે રસ્તે ચાલવું ? (ધર્મ રસ્તે), ઉત્તમ ભોજન કયું ? (પરસેવાની કમાણીથી મેળવેલું), કીલ્લો કયો સરસ અને મજબુત ? (મર્યાદાનો), ગોવાળ કોણ સરસ ? (ધર્મ પ્રમાણે સર્વને ચલાવનાર સમર્થ આચાર્ય), સારૂં કામ કયું ? (નીતિની રીતિએ થાય તે), હુમેશાં કોનાથી ચેતીને ચાલવું અર્થાત કોનો ભય રાખવો ? (કાળનો).

" કોણ કોનું ગ્રાહક? "

(દુહો.)

ગૌરી ગ્રાહક રત્નકી, ગુન ગ્રાહક રાજન;
કવિતા ગ્રાહક રસિકહે, ભુપતિ ભોજસમાન.(૧૭૮)

અર્થ—સ્ત્રીઓ અનેક જાતનાં આભુષણની લાલચુ છે. શુદ્ધ રાજ્યકર્ત્તાની ઓલાદનો રાજા ગુણવાન પુરૂષનો લાલચુ છે અને ભોજ જેવા ચતુર અને નવરસને જાણનાર સજ્જન પુરૂષો કવિની કવિતાના લાલચુ હોય છે.

" દુઃખ પછી સુખ. "

(દુહો.)

દુખમેં સેં સુખ હોતહે, ડર મત દેખી દુઃખ;
જીતનો દુઃખહી તાપકો, ઇતનો વૃષ્ટિ સુખ....(૧૭૯)

અર્થ—હે ભાઈ! દુઃખી દશાને જોઈ તું તારા હૃદયમાં લેશ પણ અકળાઇશ નહી, કારણકે ઉનાળાનો સખ્ત તાપ જેટલો જગતજનને તપાવી અકળાવે છે, એટલીજ પાછી ચોમાસામાં જળ વૃષ્ટિ થઈ સર્વને શીતળતા ઉપજાવે છે. તેમ જેટલું દુઃખ થશે તેટલુંજ પાછું સુખ પ્રાપ્ત થશે, એટલે જે કંઇ થાય તે સારાને સારૂ એમ સમજી સબુરી રાખી નીતિથી રહી સહન કરી લે.

" સંસારમાં સર્વ સ્વાર્થીજ છે. "

(દુહો.)

સ્વારથી સબ સંસારહે, બીન સ્વારથી ન કોય;
સબ અપની મતલબ લીયે, મિત્ર અમિત્રહીં હોય.(૧૮૦)

અર્થ—આ સંસારમાં સર્વે કોઇ સ્વાર્થમય છે. સ્વાર્થ વગરનું કોઈ નથી, અને શત્રુ કે મિત્ર થાય છે તે પણ એક સ્વાર્થનેજ માટે.

" કોયલા નહિ તેમ રાખ પણ નહિ. "

(દુહો.)

લકડી જલ કોયલા ભયા,
કોયલા જલ ભઇ ખાખ;
મેં બીરહીની એસી જલી,
કોયલા ભયા ન રાખ..............(૧૮૧)

અર્થ—જળ વિયોગે રીબાઇ રીબાઈને લીલું વૃક્ષ સુકું લાકડું થયું અને તે લાકડું બળ્યું એટલે તેના કોયલા થયા. કોયલા બળ્યા તેની રાખ થઈ, પણ હું પાપીણી પીયુવિયોગે વીરહાગ્નિથી એવી તો અર્ધદગ્ધ બની છું કે, ન હું કોયલા સમ થઈ કે ન રાખ સમ થઇ.

" અમૃત તે ઝેર અને ઝેર તે અમૃત. "

(કુંડળીઓ.)

મીસરી ઘોરે ઝુંઠકી, એસે હોય હજાર;
ઝેર પીલાવે સાચકો, સો વીરલા સંસાર.
સો વીરલા સંસાર, પટંતર ઉનકા એસા,
મીસરી ઝેર સમાન, ઝેર હે મીસરી જૈસા;
કથે સુકવિયાં કાન, ભુલમત જૈયો ભોરે,
જીનકે શીર પૈજાર, જુઠકી મીસરી ઘોરે.....(૧૮૨)

અર્થ—આ જગતમાં જ્યાં જોઇએ ત્યાં સમય પ્રમાણે વર્તનાર અને મીઠું મીઠું બોલનાર સ્વાર્થી ખુશામતીયા હજારો બલકે લાખો હોય છે; પણ કડવાં વચન કહી સત્ય સમજાવી હિત બતાવનાર કરોડોમાં એકજ હોય છે, પણ ખુશામતીયાના મીઠા બોલ પરીણામે ઝેર સમાન નુકસાન કરે છે, ત્યારે હિતનાં કડવાં ઝેર જેવાં જણાતાં વચનો પરીણામે મીઠાં અમૃતથી પણ અધિક ગુણકારી થાય છે.

" રામ રૂઠે તો બુરૂં. "

(કવિત.)

નગર નરેશ રૂઠે ખાન સુલતાન રૂઠે,
અમીર ઉમરાવ રૂઠે રૂઠે સબ સહીયે;
ભાઈબંધ બાપ રૂઠે કાકાહીં કુટુંબ રૂઠે,
સાસરીયાં રૂઠે તોય દીલમાં ન લાઇએ;
જનની જનક રૂઠે સુતા સુત સબ રૂઠે,
અપર પડોશી રૂઠે તાહુ કહા કહીયે;
કહત કવિ કાન યારો, દીલમેં બીચાર દેખો;
એતે સબ રૂઠે; ન રામ રૂઠો ચાહીએ........(૧૮૩)

અર્થ—શહેરનો ચક્રવૃતિ શહેનશાહ કોપે, રાજા કોપે, રાજયના અધિકારીઓ કોપે, માબાપ; પુત્ર, પુત્રીઓ, કાકા, મામા, સ્ત્રી, સ્નેહી, પાડોશી કે સઘળો સંસાર પણ જો આપણાપર કોપે અને એક રામ (માલીક) ની આપણાપર રહેમિયત હોય તો તે સર્વ કોપનારાંનો કોપ નકામો છે; પણ તે સર્વની રહેમિયત હોય અને (માલીક) રામનો કોપ હોય તો સઘળી રહેમિયત નકામી થાય છે. રામના કોપથી આપણો ભોગ થાય છે, માટે હે બંધુ, બીજાં સર્વની રહેમિયત લેવા કરતાં રામની રહેમિયત વધારે મેળવજે.

"માન સહિત લેવું."

(કવિત.)

માગ માગ લેનહાર માગે પરદેનહાર,
ઐસા બેશહુરદાર જાન બીચ જે તેહે;
માગે બીન દેનહાર દીયે નહી લેનહાર,
ઐસામેં શોધતા હું નીતિવાન કેતે હેં;
માગે નામર્દ જાય મરદ જાય માગે ના,
મરદાકુ મર્દ દાન મના મના દેતે હે;
કહત હે કલ્યાન ભુપ માનીયો સુજાનહમ,
મરદુંકા દાન માત્ર માન સહીત લેતે હે.....(૧૮૪)

અર્થ—કોઇ એક રાજા આગળ એક પ્રવાસી કવિ ગયો એટલે રાજાએ તેની આગળ અમુક રકમ ધરી તેને લેવાને જણાવ્યું તો પણ તે કવિએ સ્વીકાર ન કર્યો, ત્યારે રાજાએ તેને પુછ્યું કે તમે કેમ લેતા નથી? ત્યારે તે કવિએ જણાવ્યું કે આ જગતમાં માગીને લેનારા ઘણા છે તેમ માગી લેનારને આપનાર પણ ઘણા છે; પણ માગ્યા શીવાય આપનારા અને આપે તોપણ ના કહેનારાને હું શોધું છું, પણ તેવા કોઇ અત્યાર સુધી મને મળ્યા નથી તેથીજ હું નથી સ્વીકારતો; કારણ ખરો પુરૂષ માગતો નથી. હું ખરો પુરૂષ છું તેથી પુરૂષનુજ હું દાન લઉં, પણ તે

ફ્કવો પુરૂષ હોય કે જે મનાવી મનાવીને પરાણે આપનાર હોય તોંજ હું સ્વીકારૂં છું, નહીતો વગર લીધે ચાલ્યો જાઉં છું.

" ક્યાંનો નિવાસી ? "

(દુહો.)

હમ વાસી ઉંન દેશ કે,
(જહાં) બારે માસ બીલાસ;
અમી ઝરે બીકસે કમલ,
તેજ પુંજ પ્રકાશ..........................(૧૮૫)

અર્થ—હું (પ્રાણ-જીવ) ત્યાંનો રહેવાશી છું કે જ્યાં પ્રતીદિન આનંદ, આનંદ; અને આનંદજ છે. વળી અખંડ ધારાથી અમૃત ઝરે છે કે જે અમૃતના લીધે કમળ પ્રફુલ્લ રહે છે અને તેજનો પ્રકાશ છવરાયોજ રહે છે.

" હંમેશાં દુરજ રહેવું. "

(સવૈયો.)

બાલસેં ખ્યાલ બડેસેં બીરોધ,
અગોચર નારસેં ના હંસીયેં;
અન્નસેં લાજ અગંનસેં જોર,
અજાને નીરમેં ના ધસીયેં.
બૈલકુ નાથ ઘોડેકુ લગામ,
હસ્તીકુ અંકુશમાં કસીયેં;
કવિ ગંગ કહે સુન શાહ, અકબર,
કુરસેં દુર સદા બસીયેં..................(૧૮૬)

અર્થ—બાળકની સાથે રમત ન રમવી, મોટાની સાથે શત્રુતા ન બાંધવી, એકાંત સ્થળે પરસ્ત્રીની મશ્કરી ન કરવી, અનાજથી લાજ એટલે કે ખાવામાં શરમ ન રાખવી, અગ્નિ આગળ જોર ન કરવું અને અજાણ્યા ઉંડા નીરમાં જેમ પડવું

નહી તેમ કપટી માણુસની સાથે કામ કોઈ દીવસ પણ પાડવું નહી. કપટીથી સદા છેટુંજ રહેવું; કારણ કે બળદને વશ રાખવા નાથ છે, ઘોડાને વશ રાખવા ચોકડું છે, અને હાથી જેવા મહાન મસ્તને વશ રાખવા અંકુશ છે, પણ ક્રુર પુરૂષની ક્રુરતા છોડાવવાને કાંઈ પણ ઉપાય નથી.

" બાર જણાને બાંધીને સમુદ્રમાં નાંખો. "

(સવૈયો.)

પુત કપુત કુલચ્છન નાર,
લડાક પડોશી લજાવક સારો;
ભ્રાત અદેખો લંપટ પ્રોહીત,
લોભિયો મિત્ર અતિત ધુતારો;
ચાકર ચોર નીશાનક ઢોર,
સારખ સુમ દીવાન કુઢારો,
કવિ ગંગ કહે સુન શાહ અકબર,
એ બારકો બાંધ સમુદ્રમેં ડારો.

અર્થ—કુળને કલંક અપાવનાર દીકરાને, જારમાં પ્યાર રાખનાર સ્રીને, ટંટો કરનાર પાડોશીને, શરમાવનાર સાળાને, અદેખા એટલે સારૂં દેખી ખુશી ન થનાર ભાઇને, નીચ વૃત્તિના કુળગોરને અથવા વિષયભોગી ગુરૂને, લોભથી ભરેલા સ્નેહીને, ધુતાર વેડા રાખનાર સન્યાસીને, ચોર લક્ષણના નોકરને, હરેડા ઢોરને, મખીચુસ શેઠને, કપટી દીવાનને, એ બાર જણાને, સજન કહે છે કે બાંધીને સમુદ્રની મધ્ય વચમાં જઇ જીવતાંજ ડુબાડી દેવા લાયક છે, કે જેથી કરી તેમના દુર્ગુણનો ચેપ બીજાને લાગતો બંધ થાય.

" અગ્નિથી અધીક અકારૂં શું ? "

(સવૈયો.)

ચંચળ નારીકી પ્રીત ના કીજે,
પ્રીત કીયે દુઃખ હોત હે ભારી,
કછુ કાલ પરે કછુ આનપરે,
નારીકી પ્રીત હે પ્રેમ કહારી;
લોહકો ઘાવ દારૂસે મીટે,
અરૂ દીલકો ઘાવ ન જાય બીસારી,
કવિ ગંગ કહે સુન શાહ અકબર,
નારીસી પ્રીત અંગારસે ભારી..................(૧૮૮)

અર્થ—પરસ્ત્રી ભલે ગમે તેવી સુઘડ, સુંદર અને ચતુર હોય તોપણ તેની સાથે સ્નેહ નહી કરતાં સદા દુરથીજ તેને નમસ્કાર કરવા, કારણ કે પરસ્ત્રીના સ્નેહની કટારી એવી તો કાતીલ હોય છે કે તે અનાયાસે અંતર આવી ઘા કરે છે, કે જે ઘા કોઈ રીતે રૂઝાતો નથી; મતલબ કે લોઢાની કટારીના ઘાને મટાડવા દારૂ છે, પણ સ્નેહ કટારીનો લાગેલો ઘા કોઈ રીતે મટતોજ નથી. વળી પર સ્ત્રી અગ્નિના અંગારા જેવી છે, એટલે સ્પર્શતાં ભોગવતાં કે પાસે રાખતાં તે દુઃખરૂપજ છે.

" પોષણનો આપનાર સદા સમર્થ છે. "

(છપ્પય.)

મોર મેરૂપર ચુગે, ચુગે હંસા જલ સરવર;
શેર જંગલમાં ચુંગે, ચુગે પછી જલ તરવર,
ગજ કજલી વન ચુગે, ચુગે પાતાળ ભુજ ગમ,
મચ્છ કચ્છ સબહી ચુગે, ચુગે ઘરબંધેતુરંગમ;
જીવજંત સબહીં ચુગે, વાકી ગાંઠ કયા ગર્થ હે,
ચિન્તા મત કર નીચીંત રહે, પુરનહાર સમર્થછે,(૧૮૯)

અર્થ—પાસે દ્રવ્ય કે અનાજ યા કાંઈપણ સાધન નથી હોતું છતાં પણ મોરપક્ષી પર્વતની ટેકરીપર નીવાસ કરી ત્યાં પોતાનું પોષણ કરે છે, હંસપક્ષી સરોવરના કીનારાપર રહી પોતાનું પોષણ કરે છે, સિંહ આદિ જાનવરો વનમાં વસી પોતાનું પોષણ કરે છે, પક્ષી વૃક્ષપર રહીને પોષણ કરે છે, હાથી અઘોર જંગલમાં રહી પોષણ કરે છે, સર્પાદી પ્રાણી પૃથ્વીમાં રહી પોષણ કરે છે, એમ મચ્છ કચ્છ વિગેરે સર્વ પ્રાણી માત્ર પરમાત્માની કૃપાથી પોતાનું પોષણ કરે છે, તો હે મુરખ નર ! તું શા માટે નકામો આવલાં મારી અથડાય છે ? જરા શાન્તી રાખ, જેણે પેદા કર્યો છે તે તને આપશે.

" મહી(દુધ)ને રોવું કે મટકીને ? "

(સવૈયો.)

નૃપ માર ચલી અપને પીયુસે,
પીયુ સર્પ ડસ્યો દુઃખમે પર હું;
લે ગયે ચોર બીદેશનકુ,
ઉન બેચ દીની ગુનીકા ઘરકુ;
પાપસંગ ભયો જલને ચલીહુ,
નીર પુર ભયો નીરકે ચલીહું;
છત્રપતિ મહારાજા સુનો અબ,
છાસકો સોચ કહાં કરીહું..................(૧૯૦)

અર્થ—શીરપુર દુધની મટકી લઈ એક દૈવગતિથી મહીયારી થયેલ સ્ત્રી દુધ વેચવા શહેરના દરવાજામાં પ્રવેશ કરવા લાગી, એવામાં સામેથી બે ગોધા લડતા આવ્યા અને તેની ઝપટમાં તે મહીયારી આવી; પડી ગઇ અને માથાપરની દુધ ભરેલી મટકી ફુટી ગઈ, એટલે ઉઠીને બાજુ ઉભી રહી તે મહીયારી મનમાં હસવા લાગી. આ વખતે તે શહેરનો રાજા અશ્વારૂઢ થઇ ફરવા જતો ત્યાં

નીકળ્યો. તેણે મહીયારીને હસતી જોઇ પુછ્યું કે હે બેન! તને નુકશાન થયું છતાં હસવું કેમ આવે છે? મતલબ કે ફુટી ગયેલ માટ(મટકી)નો કે ઢોળાઈ ગયેલ દુધનો તને પસ્તાવો કેમ થતો નથી? ત્યારે તે મહીયારી તેને કહેછે કે હે રાજન! પતિના માટે મારા રૂપમાં મોહાંધ બનેલ સરદારને મારી નાખી પતિ આગળ ગઈ તો પતિ સર્પના કરડવાથી મરણ પામ્યો અને હું નિરાધાર બેભાન થઇ ગઈ. તે બેભાનીમાં મને ચોર ઉપાડી ગયા અને વેશ્યાને ત્યાં વેચી. વેશ્યાને ત્યાં બેભાન સ્થીતીમાંજ મારૂં પતિવૃત ગયું અને તે પાપના પ્રાયશ્ચિત કારણે હું નદી કિનારે બળી મરવા ગઈ પણ નદીમાં પુર આવવાથી હું તણાઇ ગઈ. તેવામાં એક ભરવાડે મને તણાતી જોઇને બચાવી અને ઘરમાં રાખી, તો કહો હવે હું કોનો પસ્તાવો કરૂં?

" માશુકની વફાદારી. "

(દુહો.)

આઓ પ્યારે નેનમેં, મુંદ પલક તોહી લેઉં;
ના મેં દેખો ઔરકો, ના તોહીં દેખન દેઉં.....(૧૯૧)

અર્થ—એક પ્રેમી માશુક પોતાના પ્રેમી આશકને કહે છે કે, હે આશક! તું જલદી આવ એટલે હું તને મારી આંખોમાં છુપાવી આંખો બંધ કરી દઉં એટલે પછી તારા શીવાય હું કોઈને ન દેખી શકું તેમ તને આંખમાં રાખ્યાથી તને પણ કોઇને ન જોવા દેઉં.

એજ મતલબની બે ફારસી લીટીઓ નામીચા શાએર હાફેઝની એક ગઝલમાંથી અત્રે ઉતારી લઇ તેનો અર્થ આપવો પ્રસંગોપાત થઇ પડશે;

ગર દીદે ઓ દેલમ કોનદ આહન્ગે દીગરી,
આતેશ ઝનમ દર આન દેલો દીદે બર આરમત.

અર્થ—મારી આંખો અને હૈયું જો કોઈ બીજાની ઈચ્છા કરે તો તે હૈયાને આગ લગાડું અને એ આંખો તમને બાહેર ખેંચી કહાડું.

"કોનાથી શું જાય ?"

(કવિત.)

સુમસે તોં જસુ જાય ગરવતેં લચ્છી જાય,
કુનારી તેં કુલ જાય જોગ જાય સંગતે;
ભુખ તેં અજાદ જાય લડા [illegible]ં પુત જાય,
સાચ તેં શરીર જાય શીલતા કુસુંગ તેં;
કપટ તેં ધર્મ જાય લોભ તેં બડાઇ જાઈ,
માગીવે તેં માન જાય પાપ જાય ગંગ તેં;
નીતિ બીન રાજ જાય ક્રોધ સે તપશ્યા જાય,
દે વદાસ રજપુતી જાય સુરે જંગ તેં............(૧૯૨)

અર્થ—શુભ લક્ષણ એટલે કંજુસાઈ રાખવાથી જશ (કિર્તી) નષ્ટ થાય છે, અભિમાન રાખવાથી ઉત્તમ લક્ષણ નષ્ટ થાય છે, ખરાબ ચાલની સ્ત્રીથી કુળની ગૌરવતા નષ્ટ થાય છે, સોહબતમાં આવવાથી જોગી લોક જોગથી નષ્ટ થાય છે, ક્ષુધાથી નેક ટેક નષ્ટ થાય છે, સંગ્રામ જાગવાથી ભરજુવાન કંધોતર પુત્ર નષ્ટ થાય છે, સત્યપણું રાખવાથી શરીરકાંતિ નષ્ટ થાય છે (સત્યવાનને ઘણું ખમવું પડે છે.) નીચની સંગતથી વિવેકવૃત્તિ નષ્ટ થાય છે, કુડપણું રાખવાથી નિજ ધર્મ નષ્ટ થાય છે, લોભથી મોટાઈ નષ્ટ થાય છે, માગવાથી માન નષ્ટ થાય છે, ગંગાજીમાં ન્હાવાથી પાપ નષ્ટ થાય છે, ન્યાયવગર રાજ્યનો વૈભવ નષ્ટ થાય છે, રોશ પ્રકર્તિ રાખવાથી તપશી જનની તપશ્યા નષ્ટ થાય છે, તેમ દેવિદાસ કહે છે કે, લડાઈની ભીતિ રાખવાથી રજપુતની રજપુતવટ અને શુરવીરતાઈ નષ્ટ થાય છે.

" હથેળીના પાણીમાં હાથી શી રીતે ડુબ્યો ?"

(સવૈયા.)

સોળ સીંગાર સજી અતિ સુંદર,
રૈ'ન રમી સો પીયા સંગ રાની;
ઉઠ પ્રભાત કમળ સુખ ધોવત,
ટીકી ખશી હથેરી લપટાની.
તામેં ચિત્ર હતો ગજરાજ
અજીવક બુંભક કાહુ પીછાની;
કવિ ગંગ કહે સુન શાહ અકબર,
ડુબત હાથી હથેરીકે પાની............(૧૯૩)

અર્થ—અકબર જેવો વિદ્યાવિલાસી અને બહાદુર બાદશાહ ગુણવાન ગંગકવિને પુછે છે કે હે કવિરાજ ! હથેળીનાં પાણીમાં હાથી શી રીતે ડુબી શકે ? ત્યારે તેનો પ્રત્યુત્તર આપતાં કવિરાજ કહે છે કે સર્વાંગે સુંદર અને નવિન યોવનના બહારમાં ખીલી રહેલી નવલ મુગ્ધા પોતાના પ્રેમી વલ્લભ સાથે કામરસ ખેલવાની હોંશે કેલીગૃહમાં ગઇ કે જ્યાં દંપતિવર્ગ મનગમતી રીતે રંગરસમાં ભીંજાય. શિથીલ અને શાન્ત થયા બાદ પ્રભાત પ્રકાશતાં કેલીગૃહનો ત્યાગ કરી તે મુગ્ધા પોતાનું કાન્તિવાન મુખકમળ કરવડે પાણીથી ધોવા લાગી. એટલે લલાટ ઉપરનો ચાંદલો કે જેમાં હાથીનું ચિત્ર હતું તે પાણી ભરેલી હથેળીમાં પડી ગયો, એ રીતે હથેળીનાં પાણીમાં હાથી જેવડું મોટું પ્રાણી બુડી ગયું.

" સુમનું સ્વપ્નું."

(કવિત.)

સુમ કહે પત્નિકો, સુપનેકી બાત સુન,
અકથ કહાની એક બર-બસ હોયો તો;

ચાંદીકો ધર્યો તો જોર, જોરકે કર્યો તો ગાડ,
જમિમે ધર્યો તો ફીર, હાથમેં નીકાર્યો તો;
કુંદન કહત કવિ આયો એક તાહી સમે,
કવિતા પઢેતેં વાકો દેવા અનુંસાર્યો તો;
હોત કુલ ડાગ બડો સુતકો અભાગ જોમેં;
જાગ ના પરે તો યે રૂપીઆ દે ડાર્યો તો......(૧૯૪)

અર્થ—એક મખ્ખીચુસ માણુસ પોતાને સ્વપ્નું આવ્યું તેની બીના પોતાની સ્ત્રીને કહી સંભળાવે છે કે હે સ્ત્રી! આજે મને એક સ્વપ્નું આવ્યું હતું. સ્વપ્નામાં રૂપીઆનો એક ચરૂ પ્રાપ્ત થયો, તે ચરૂને મેં જમિનમાં ઉંડો ખાડો કરી દાટયો અને તેમાંથી રૂપીઆ ઘટયા કે નહીં તે તપાસવા માટે પાછો એ ચરૂ મેં બાહેર કાઢયો. એવામાં એક કવિ મારી પાસે આવ્યો અને કવિતામાં મ્હારાં વખાણુ કરવા લાગ્યો, એટલે મ્હારૂં હૃદય કે જે જાગ્રત અવસ્થામાં આટલી ઉમર થઈ છતાં એક પાઈ પણ દાન તરીકે આપી શકવાને કઠોર થઈ રહ્યું છે તે હૃદય જરા પીગળ્યું અને વખાણુના બદલામાં રૂપીઆ ભરેલા ચરૂમાંથી એક રૂપીઆ લઈને કવિને આપવા હિમતવાન બન્યું; પણ એવામાં મ્હારા, મ્હારા બરિઆપરિઆનાં અને પુત્રના અહોભાગ્ય કે મારી આંખ ખુલી ગઈ અને સ્વપ્નું નષ્ટ થયું; નહી તો નક્કી સ્વપ્નામાં એ કવિને હું રૂપીઓ આપી દેત ને તેથી મારી મખ્ખીચુસપણાની ટેકને જરૂર કાળો ડાઘ બેસત.

શું કરવાથી કલ્યાણ થાય ?

(અરલ.)

કુંજર મનમેં મત, મરે તો મારીયે;
કામિની કનક કલેશ, ટળે તો ટાળીયે;
હરી ભકતન સો નેહ, પળે તો પાળીયે,
રામ ભજનમેં દેહ, ગળે તો ગાળીયે.....(૧૯૫)

અર્થ—અરે હે પામર પ્રાણી ! આ અસાર સંસારમાં આવ્યા પછી જીવન સફળ કરવાની અભિલાષા રાખતો હોય તો જેમ બને તેમ મદઝર હસ્તીની માફક નિરંકુશ એટલે અભિમાની બનેલા મનને નિરાભિમાની કરવું. સ્ત્રી, દ્રવ્ય અને કામ ક્રોધ ઉપરથી પ્રીતિ ઓછી કરવી અને સર્વદા હરીના ભક્ત સંતસાધુની સાથે અઢળક સ્નેહ નિભાવી (સતસંગ કરી) પ્રભુ ભજનમાં શેષ આયુષ્ય વિતાવવું કે જેથી પરિણામે તારૂં કલ્યાણ થાય.

" પતિવ્રતા કોને કહેવી ? "

(સવૈયો.)

ખાનરૂ પાન બીમાનસે યાન,
સુજાન મહાન શ્રીમાન કુમારિ,
જોબનમેં છબમેં છનમેં,
તનમેં મનમેં અતિ ચેન પ્રજારી;
અંત પ્રયંત ન કંત મિલ્યો,
પરકંત હુપે નહી દ્રષ્ટિ પ્રસારી;
એસી પતિબ્રત અન્ય નહી બહુ,
ધન્ય પ્રબીન પતિબ્રત ધારી.......(૧૯૬)

અર્થ—બાળવયમાં વેદવિધીના નિયમ પ્રમાણે લગ્ન થયા પછી દૈવગતિની પ્રબળતાએ જન્મ સુધી પતિના વિયોગે જીવન ગાળવાના નિમિતમાં આવી પડેલી બાળા બાળપણાને વિતાવી યૌવનમાં આવી હોય; ખાવાને માટે રસમય ભોજન હોય, ચાલવાને માટે ગાડી, મ્યાના, કે રથ આદી વાહનો હોય; કામકાજ અને હુકમ ઉઠાવવા હજારો દાસદાસીઓ હાજર હોય, રાજકર્ત્તાને ત્યાં જન્મ હોય અને વળી તે રાજકર્ત્તાને સંતતિમાં માત્ર તે એકલીજ હોવાથી અત્યંત લાડકપણામાં સ્વચ્છંદથી ઉછરી હોય, શરીર ઉપર જુવાનિનો બહાર ખિલી રહ્યો હોય, દરેક અવયવોનાં

રૂવેરૂવેથી મદનરસ ઝરતો હોય, કામદેવ કાળજું કોરતો હોય અને કોક આદી અનેક પ્રેમકળાનાં શાસ્ત્રને શીખી પ્રવિણ થઈ હોય તથા સર્વાંગે સુંદર અને ખુબસુરત હોવા છતાં પણ પરનર પ્રત્યે અન્ય ભાવે તો નહીજ પરન્તુ ભ્રાતૃ ભાવથી પણ ઉંચી નજર કરી ન જોતી હોય પ્રતિદિન શાન્ત ચિત્તે સ્વ સ્વામિના રટનમાંજ જુવાનિ વિતાવી વૃદ્ધપણાને પામિ મરણ શરણમાં વિરામતી હોય, એવી પત્નિનેજ પતિવ્રતા કહી શકાય.

" પર–સ્ત્રી–ગમનની સજા શું ? "

(સવૈયો.)

જો કોઉ કાહુકી નીકી ત્રીયા તકી,
લેત આલિંગન કામકે મારે,
તાકો આલિંગન ધર્મ લેવાવત,
લોહકે થંભ તપાવત ભારે;
આંખીનમેં કટુ કાંટે ચુંબાવત,
જો પરનારી દુષ્ટ નીહારે,
યો હરદાસ કહ્યા રૂષી નારદ,
કીજીયેં કર્મ બીચારકે પ્યારે................(૧૯૭)

અર્થ—કામી પુરૂષ પોતાની કામ દ્રષ્ટિથી પરસ્ત્રીનાં દરેક અવયવો તાકી તાકીને વિષય વાસનાથી નિહાળે છે અને પ્રસંગ આવે તેના અંગનું ભાવ સહીત આલિંગન કરે છે. તેવા પુરૂષોને મરણ બાદ જમના ઝાલીમ દુતો પરસ્ત્રીનાં શરીરને વિષય વાસનાની લાલચે દેખ્યાના બદલામાં નેત્રમાં તિક્ષણ અણીવાળા સોયાઓ ભોંકે છે અને આલિંગન કરવાના બદલામાં અગ્નિથી તપાવેલા લોઢાના સ્થંભ સાથે દબાવીને બાથ ભરાવે છે કે જે દુઃખ અસહ્ય થઈ પડે છે. માટે હે પુરૂષો ! તમે પરસ્ત્રીથી સદાય દુર રહેજો એટલે પરિણામે તેવાં દુઃખોની આફત ન આવે.

" વગર વિચારે કરવાથી શું થાય ? "

(કુંડળીઓ.)

બીન બીચારે જો કરે, સો પાછી પછતાય,
કામ બીગારે આપરો, જગમેં હાંસી થાય;
જગમેં હાંસી થાય, ચિત્તમેં ચૈન ન પાવે.
ખાનપાન સન્માન, રાગરંગ મનહી ન ભાવે;
કહે ગિરધર કવિરાય, દુઃખ કછુ ટરત ન ટારે,
ખટકત હે દીલ્લમાંહી, કીયો જો બીના બીચારે(૧૯૮)

અર્થ—શાન્ત ચિત્તથી વિવેકપુર્વક વિચાર કરીને કોઇ કામ કરવામાં નથી આવતું તો તેથી તે કામ સફળ નહીં થતાં નુકસાન થાય છે, એટલુંજ નહીં પણ સજ્જન પુરૂષોમાં મશ્કરિ થાય છે, કે જે મસ્કરિ અને નુકશાનના આગાહથી વિચાર વગરનું કાર્ય કરનારના ચિત્તમાં અનેક જાતની ચિન્તા પેદા થાય છે અને ખાવાનું, પીવાનું, સુવાનું કે મૌજ-વૈભવ ભોગવવાનું મન થતું નથી, પણ ઉલટું તે પ્રત્યે અભાવ થાય છે. તે કારણે જે કંઈ કરવું તે વિચારીનેજ કરવું અને વિચાર કરવાની શક્તિ ન હોય તો સમર્થ સજ્જન પુરૂષની સલાહ લઈનેજ કરવું.

" ખરો ફકીર કોણ ? "

(દુહો.)

ફીકર સબકુ ખાત હે, ફીકર જગતકા પીર;
(સો) ફીકરકી ફાકી કરે, વાકા નામ ફકીર........(૧૯૯)

અર્થ—સંત, સાધુ કે ફકીર જનના માથાપર ઓળખાણ માટે કંઈ નિશાની નથી હોતી પણ જે જગતમાં આધિ, વ્યાધિ અને અનેક જાતની ઉપાધિ રૂપ ચિન્તા કે જે ચિન્તાના ભોગી સર્વ સંસારીજન થાય છે, તે ચિન્તાનીજ જેણે ફાકી કરી છે એટલે કે એ ચિન્તાને સમુળગી ગળીને પચાવી ગયા છે [ચિન્તા રહિત થયા છે] તેનું નામજ સંત, સાધુ યા ફકીર છે.

" અમૃત શેમાં રહ્યું છે ? "

(કવિત.)

કોઉ કહે અમૃત ગગનકે નિવાસીમેં,
કોઉ કહે અબલા કે અદ્ધર પેં રાજતેં;
કોઉ કહે રત્નાગર સાગર કી લ્હેરોમેં,
અજ્ઞાની ઐસો નિજ બાની મેં બાજતેં;
કવિ ખીમરાજ ખુબ દેખ્યો પ્રસારી દ્રષ્ટ,
રત્નાગર, અદ્ધર, યા ચંદર કે કાજતેં;
સ્થાન સબ ખાલી હે અમૃત બીહીન બાત,
માન્યો મન અમૃત ગુન ગોબીંદમેં ગાજતે...(૨૦૦)

અર્થ—કોઈ કહે છે કે અમૃત આકાશના રહેવાશી ચંદ્રની અંદર છે કોઈ કહે છે કે સર્વાંગે સુંદરી વૃંદના હોઠમાં છે. કોઇ કહે છે કે સમુદ્રના તરંગમાં છે, પણ જો ચંદ્રની અંદર હોય તો તો તેની વધઘટ ન થાય [સદાય પુનમના પ્રમાણમાંજ દેખાય]; જો સ્ત્રીઓના હોઠ ઉપર હોય તો તે હોઠને ચુસનાર તેના પતિનું મૃત્યુ ન થાય (પતિ અમર રહે) અને જો સમુદ્રમાં હોય તો તે ખારો ન થાય જેથી તે સર્વ સ્થળે અમૃત નથી, પણ ખીમજી કવિ કહે છે કે ખરૂં અમૃત તો એક શ્રી હરીની ભક્તિમાંજ રહેલું છે કે જે ભક્તિરસનું પાન કરનાર પ્રાણી અમર થાય છે—અર્થાત મુક્તિપદ મેળવે છે.

" મોતિ પાકતો દરિયો બળી જજો. "

(કુંડળીઓ.)

મોતિ લેને પીયુ ગયે, ખાર સમુદ્રે તીર;
મોતિ મિલે ન પીયુ ફીરે, નૈનાં ટપકત નીર;
નૈનાં ટપકત નીર, પીર અબ કાસો કહીયેં;
બીતે બારહ માસ, પીયા બીનાં ઘરહીં રહીયેં.

કહે ગીરધર કવિરાય, નીંદભર કબહુ ન સોતી,
જર જાઓ વહી સિન્ધુ,જહાં નીપજતહે મોતી(૨૦૧)

અર્થ—મોતિનો લાલચુ પતિ હું નવયૌવન બાળાને એકલી અટુલી છોડી જે સમુદ્ર કિનારે મોતિ પાકે છે ત્યાં મોતિ લેવા માટે બે માસની મુદત આપી ગયો છે; પણ ન તો મોતિ તેને મળ્યાં કે ન તે પાછો આવ્યો અને બાર માસ વિતી ગયા, તો હવે મારાથી પતિ વિયોગમાં એક ક્ષણભાર રહેવાતું નથી; એટલુંજ નહીં પણ મદન દેવ મને એવી તો અકળાવે છે કે નથી ભોજનમાં રૂચી થતી, નથી સુવામાં રૂચી થતી, પણ પ્રતિદિન અંતરમાં પચુનીજ રટના લાગી રહી છે, પણ પતિ ન આવ્યો ! તો હે પ્રભુ ! મહેરબાની કરીને જે દરિયામાં મોતિ પાકે છે તે દરિયાને સમુળગા બાળીને ખાખ કરી દે કે, જેથી તેમાં મોતિ ન પાકે તો મારા જેવા તના લાલચુ પતિની માફક અન્ય કોઈ મારા જેવી નવયૌવનાં સુંદરીને તજી તેના પતિ મોતિ લેવા ન લલચાય.

" ગત વેળાનો ગમ ના કર. "

(કુંડળીઆ .

બીતી તાહીં બીસારદે, આગેકી સુધી લેઇ
જો બની આવે સહજમેં, તાહીમેં ચિત દેઈ,
તાહીમેં ચિત દેઇ, બાત જોઈ બની આવે,
દુર્જન હસે ન કોઇ, ચિતમેં ખેદ ન પાવે;
કહે ગીરધર કવિરાય, યહે કરૂં મમ પરતીતી,
આગેકો સુખ હોઈ, સમજ બીતીસો બીતી...(૨૦૨)

અર્થ—હે બંદા ! આગળ ઉપર તારા શીર જે કંઈ વીતી ગઇ હોય તેનો તું ચાલુ સમયમાં વિચાર કરી ખેદીત ના બનીશ; કેમકે ખેદ કરવાથી આગળ કામમાં તારૂં મગજ વિચારવા અશક્ત બનશે એટલે તને ચાલુ કામમાં નુકસાન થશે. વળી તેથી તારા

દુશ્મનો ખુશી થશે માટે ગઈ ગુજરી કરી ચાલુ સમય જે હોય તેમાં આનંદથી પ્રવર્ત થા.

" કોણને ધિક્કાર ? "

(છપ્પય)

ધિક માગન ગુનબી નહીં, ગુન સુધિક સુનત ન રિઝે;
રિઝક ધિક બીન મૌજ, મૌજ ધિક રહત જો ખીજે;
દેવો ધિક બીન સાંચ, સાંચ ધિક ધર્મ ન ભાવે,
ધર્મ સુ ધિક બીન દયા, દયા ધિક અરિકહ આવે;
અરિ ધિક ચિત્તન સાલહી, ચિતધિક જડાંન ઉદાર મતિ;
મતિ ધિક કેશવ જ્ઞાન બીન, જ્ઞાનસુ ધિક હરી ભકતી બીન.
(૨૦૩)

અર્થ—ગુણ વગરના માણસને ધિક્કાર છે, સાંભળ્યા છતાં જે ન રિઝે તેવા ગુણવાળાને ધિક્કાર છે, મૌજ વગર એટલે ઉલટ હોંશ વગર રિઝનારને ધિક્કાર છે, પોતાને ત્યાં રહેનાર ઉપર ગુસ્સો લાવે તેવા મૌજવાળાને ધિક્કાર છે, સાચ વગરનું આપવું ધિક્કાર છે, ધર્મ ન પ્રીય લાગે એવા સાચને ધિક્કાર છે, દયા વગરના ધર્મને ધિક્કાર છે, શત્રુના ઉપર ઉતરતી દયાને ધિક્કાર છે, શત્રુ ચિતમાં આગાધ ન કરી શકે તેવા નાદાન શત્રુને ધિક્કાર છે ઉદાર વૃત્તિ વગરનાં ચિત્તને ધિક્કાર છે, જ્ઞાન વગરની વૃત્તિને ધિક્કાર છે પ્રભુ ભક્તિમાં પ્રીતી નહીં એવાં જ્ઞાનને ધિક્કાર છે.

" ચાડીઓ કદી ન ચુકે. "

(કુંડળીઓ.)

ચુગલન ચુકે કબહુકો, અરૂ ચુકે સબ કોઈ;
ગોલનદાઝ કમાનીયા, ચુક હુત ઉંસે હોઇ,

ચુક ઉન હુંસે હોઇ, જે બાંધે બરછી ગુલ્લા;
ચુક ઉન હુંસેં હોઇ, પઢે જે પંડિત મુલ્લાં,
કહે ગીરધર કવિરાય, કલા હુ તેં નટ ચુકે;
ચુગલ ચોકસીદાર, સસુર કબહુ નવ ચુકે...(૨૦૪)

અર્થ—તોપખાનાના ઉપરી કે જેની નિમણુંક તોપના અવાજ કરવા ઉપર છે અને તે તોપ ફોડવામાં કાબેલ ગણાય છે તો પણ તે કોઇ પ્રસંગે ભુલી જાય છે, તિર મારનાર પણ કોઇ દીવસે ઘા ચુકી જાય છે, ઢાલ અને બરછી ધારણ કરનાર શુરવીર પણ કયારેક ચુકી જાયછે, ભણેલો પંડિત પણ વખતે ભુલી જાય છે, દોર ઉપર નૃત કરનાર નટ પણ દોરથી ચુકી જાય છે, મતલબકે જગતમાં સર્વ કોઈ ભુલે છે, પણ જેને ચાડી ચુગલી કરવાની ટેવ છે એવો માણસ ચાડી કરવી કદી પણ વિસરી જતો નથી.

"મોટા થોડું કરે પણ વખણાય."

(કુંડળીઆ.)

સાંઇ એકે ગીરીધર ધર્યો, ગરીરધર ગીરીધર હોય,
હનુમાન બહુ ગીરીધર્યા, ગીરીધર કહે ન કોય;
ગીરીધર કહે ન કોઈ, હનું દ્રોણાગીરી લાયો,
તાકો કટકા તુટ, પર્યો સો કૃષ્ન ઉઠાયો;
કહે ગીરીધર કવિરાય, બડેનકી બડી બડાઈ,
થોરોમેં જશ હોય, યશો પુરૂષનો સાંઈ.......(૨૦૫)

અર્થ—હનુમાને મોટો દ્રૌણાગીરી પર્વત ઉપાડયો, છતાં તેને કોઈ ગીરીધર એટલે પર્વતને ધરનાર તરીકે ઓળખતું નથી; પણ તેજ દ્રૌણાગીરીની અંદરનો એકજ નાનો ભાગ કે જયારે હનુમાને દ્રૌણાગીરીને હાથમાં લીધો ત્યારે દ્રૌણાગીરીમાંથી તુટી ગયો કે જે નકામો ધારી હનુમાને ત્યાંજ રહેવા દીધો. એવા નાના ટુકડાને કૃષ્ણે હાથ લીધો એટલે કૃષ્ણ ગીરીધર એટલે પર્વતને

ધરનાર તરીકે વિશ્વ વિખ્યાત થયા. એ ઉપરથી સમજવાનું એજ કે નાનો માણસ ગમે તેવું પરાક્રમ કરે તોપણ તો ધ્યાનમાં ન આવે અને મોટો માણસ એક રજ સમાન કરે તોપણ તે મહાન મેરૂ સમાન ગણાય, એ પણ એક આ દુનિયાની ઉલટીજ રીતિ છે.

" શું કરવાથી કલ્યાણ થાય ? "

દુહો.

મુખ, શ્રવણ દ્રગ, નાશીકા
સબ હીં કે ઈક ઠૌર,
કહબો, સુનબો દેખબો,
ચતુરનકો કુચ્છ ઔર.

અર્થ—દરેક ઈનસાનને મોઢું, કાન, આંખો અને નાક, એ ચિજ પરમાત્માએ સરખીજ આપી છે. છતાં એક લાખું દેતાં પણ નથી મળતાં એવાં મોંઘાં માનથી રહે છે અને એક ત્રાંબીયાના ત્રણ પાનશેરીને ભાવે પણ આકરાં પડે છે તેનું કારણ એજ કે સજન મોઢામાંથી સત્યજ બોલે છે, પારકી નીંદા સાંભળતો નથી, આંખથી કોઇનાં છિદ્ર જોતો નથી જ્યારે અજ્ઞાન નર, મોઢે ગમે એમ બોલે છે, કાને પારકી કથણી સાંભળે છે. અને આંખથી પારકાં છિદ્રોનેજ દેખે છે.

" સ્ત્રી સુઅંગ. "

(કવિત.)

મૃગકી ચપલ આંખે, ચપલા લજાની માનું;
ભોંયે ધન હરે સાંપ, ધનમેં થીપાના નાહે;
નાસીકા બીલોકી બન ડોલત રહત કીર,
કાલે દાંત ઐસે બેઠે ભોર ક્ષીતી માનું હે;

સંપુટ કવલ્લ કુચ નારંગી શોભા દેત,
રીઝેરી બીહારીલાલ તો બીનું દુઃખારી હે;
સિંહ જેસી લંક જીની ઝુંઝત પવન લાગે,
આલી ગજરાજ તેરી ચાલમેં બીકાનો હે....(૨૦૭)

અર્થ—હરણનાં નેત્રથી પણ જેની આંખો ચપળ અને રૂપાળી છે. કાન્તીમાં વીજળીથી પણ વધારે છે. નાક પોપટની ચાંચ જેવું નમણું છે. કાન સીપના જેવા છે. કેડ કેશરી સિંહની કટીથી પણ પાતળી કે જેને પવનનો ઝપાટો લાગવાથી લચકાઈ જાય છે અને ચાલવામાં મદઝર હાથીને પણ લજ્જા પમાડે તેવી સર્વાંગે સુંદર અને નવયૌવના બાળા જે પુરૂષના ઘરમાં નથી તે પુરૂષનું જીવન કાગળનાં રંગીન પુષ્પ જેવું છે.

"વૃદ્ધ રાજાની માળા."

(કવિત.)

તસ્બી લે હાથમેં સુપાત્ર કરે બંદગીમે,
મનમે કપટ સો જપે જાય જપકે,
દઘાસે બોલાકે ભાઈ ચોકમેં ચુનાય દીનો;
માર્યો નિજ તાત છત્ર લીનલોનો છપકે;
દુસરે ભાઈ ઘેર લાયો અધમ દુધાઇ ફેરી.
નાશ કીનો કુટુંબ તમામ ચપ ચાપકે;
ભુખન મન તે શન છંદી મતિ મંદ ભયો.
સો સો ચુવા ખાયકે, બીલાય બઠી તપકે...(૨૦૮)

અર્થ—એક કવિ પોતાના રાજાને વૃદ્ધાવસ્થાએ ઝરૂખામાં પ્રભાતના હાથમાં તસ્બીહ લઇ બંદગી કરતાં જોઇ કહેવા લાગ્યો કે, હે શાહ! આટલી અવસ્થાએ તેં હાથમાં તસ્બીહ લીધી તો ખરી, પણ તે

તસ્બીહ હાથમાંજ ફરતી હશે ! જ્યારે તારૂં મન તો હજી ખલ્કને ખુણે ખોચરેથી પણ કપટકળાનો સંગ્રહ કરવા ફરતું હશે. વળી જીંદગીમાં બે ભાઈઓ અને બાપ આદી નિજ કુટુંબનો ઘાટ ઘડ્યો અને અમલના પ્રતાપે અનિષ્ટ અધર્મિનાં ઝુલ્મી કામો કરવામાં પાછું વાળી જોયું નથી, પણ જ્યારે તું સૈન્યથી, શરીરથી, દ્રવ્યથી અને બુદ્ધિથી વૃદ્ધ થયો મતલબ કે તારૂં સર્વ દૈવત હરાઈ ગયું ત્યારે તેં બુઢી બીલાડીની પેઠે ભક્તિ ગ્રહણ કરી.

" ચતુરાઇનો ચમત્કાર. "

(કવિત.)

શશીકે પ્રકાશ પાસ માણીકકી કેતી જ્યોત,
રવીકે પ્રકાશ તારા તેજ નહીં ધરત હે;
શુરવીર આગે કયુ કાયર ન ઠેરત હે,
ભુજંગકી દ્રષ્ટિ આગે દીપ ન ઝરત હેં;
કસ્તુરેકી બાસ આગે કેવડો કપુત લાગે,
ત્યોંહી કરમ આગે રૂપ પાણી ભરત હે;
કહત કવિ ભોજરાજ સુન કયું ન કાન દેત,
ચતુરકી ચારો વરણ ચાકરી કરત હે....(૨૦૯)

અર્થ—ચંદ્રની આગળ માણેક પ્રકાશ નિર્માલ્ય છે, રવીના તેજ આગળ તારાનો ચમકાર નિર્માલ્ય છે, વીરત્વ પુરૂષની આગળ બીકણ નિર્માલ્ય છે, મણિધરની દ્રષ્ટિ હોય ત્યાં દીવાનું અજવાળું ઝાંખું છે. કસ્તુરિની સુવાસ આગળ કેવડાની વાસ નિર્માલ્ય છે, કરમની આગળ ખુબસુરતી નિર્માલ્ય છે તેમ ચતુરની આગળ મુર્ખની સાહેબી નિર્માલ્ય છે, મતલબ કે, ચતુર પોતાની ચતુરાઇથી મુર્ખ સાહેબીવાળાને પોતાની અક્કલના દોરપર વાંદરા માફક નચાવી શકે છે.

" મુરખ કોણુ ? "

(છપ્પય.)

બુદ્ધ બીન કરે બેપાર, દ્રષ્ટિ બીન નાવ ચલાવે.
સુર બીન ગાવે ગીત, અર્થ બીન નાચ નચાવે.
ગુન બીન જાય બીદેશ, અક્કલ બીન ચતુર કહાવે;
બલ બીન બાંધે યુદ્ધ, હોંશ બીન હેત જનાવે.
અન ઈચ્છા ઈચ્છા કરે, અન દીઠી બાતાં કહે,
બેતાલ કહે બીક્રમ સુનો, એ મુરખકી જાત હે....(૨૧૦)

અર્થ—હુશિયારી વગર વેપાર ચલાવે, આંધળો હોય છતાં વહાણુ કે આગબોટ ચલાવે, ગળામાં સુરીલો રાગ ના હોય છતાં ઉસ્તાદીનાં ગાણાં ગાય, પ્રસંગ શિવાય અનેક નાચ તમાસા કરાવે, હુન્નર ન જાણુતો હોય અને બુદ્ધી-ચતુર ન હોય છતાં પરદેશ જાય, સુમતિ ન હોય છતાં ચતુર તરીકે ગણાવા ચાહતો હોય, આપબળ ના હોય છતાં બળવાનની સાથે વૈર બાંધે, ઉમંગ ના હોય છતાં બનાવટી-પરાણે સ્નેહ બતાવે, ન થઈ શકે ને ન બની શકે એવી વસ્તુની કલ્પનાથી ઇચ્છા કરે અને જન્માંતરે પણ જે બીના ન જોઇ હોય છતાં જોઈ છે એવી ડોળ બતાઉ વાતો કરે વિગેરે સ્વભાવવાળો માણુસ કેવળ વ્યવહારમાં મુર્ખ કહેવાય છે.

" કોણુ રહેશે ? "

(સવૈયો.)

દેખત જાનત હે જીતનો,
તીતનો સબ દેખત નાશ બનેગો;
રાવ ગયે પુની રંક ગયે,
સુનતા બકતા કહો કોન રહેગો;
જોગી ગયે ઔર ભોગી ગયે,
પુની રોગી ગયે સ્થીર કોન રહેગો;

યાહીતે આનંદ રૂપ બની,
ભજ રામકો નામ અખંડ રહેગો........(૨૧૧)

અર્થ—આ દ્રષ્ટિમય દેખાતી દુનિયામાં જે જે કંઈ દેખાય છે તે સઘળું નાશ થવાનું છે. રાજા, રાંક, કહેનાર, સાંભળનાર, જોગી, જતી, ભોગી, રોગી વિગેરે કોઇ પણ રહેવાનું નથી. માત્ર એક રામનું નામજ રહેવાનું છે; માટે શુદ્ધ મનથી ભાવયુક્ત હે પ્રાણી ! તેનું ભજન કરી લે.

"મરે કોણ ?"

(છપ્પય.)

મરો અખેલન બેલ, મરો બીરંગી ટટ્ટુ;
મરો બેરાંની નાર, મરો ખસમ નીખટ્ટુ;
વેહ બામન મરજાવ, જુઠ બેરાની ખાવે;
પુત્ર સોઈ મરજાવ, કુલમેં લાજ ગમાવે;
બચન હિન રાજા મરો, ઈતને સુવે સુખ સોહીજો,
બૈતાલ કહે બીક્રમ સુનો, ગુંન સમારકા રોઇજો.(૨૧૨)

અર્થ—ખોટી ધરને ધારણ કરનાર બળદીઓ મરવા લાયક ગણાય. વખતો વખત સ્વારી પ્રસંગે અટકી ઉભો રહેનાર અગર તો દુગળો અડીયલ ટટ્ટુ (ઘોડો) મરવા લાયક ગણાય, બહારચલી અગર તો કુવડ ને કદરૂપી સ્ત્રી પણ મરવા લાયક ગણાય, મીથ્યા વાણીના આધારે પેટ ભરનાર બ્રાહ્મણ પણ મરવા લાયક ગણાય, કુળને બોળનાર કપુત પુત્ર પણ મરવા લાયક ગણાય, વચન આપીને પલટી જનાર રાજા પણ મરવા લાયક ગણાય, અર્થાત એ સર્વે જીવતાં મુવા જેવાંજ લેખાય ને કદાપી સત્ય મરણ શરણ જાય તો તે દરેકનો એટલો બધો સંતોષ હોય છે કે તેનું સ્વપ્નામાં પણ સ્મરણ રહેતું નથી તો તેના વિયોગથી નેત્રમાંથી દુઃખનું એક બીંદુ અથવા તો નિરાશાની હાય ભરેલો એક શ્વાસ પણ કયાંથી નીકળે ?

"બંને સાથે શું ન હોય ?"

(દુહો.)

જૈસો રૂપ દીયો દઈ, ન તેસો ગુણુ નીબંધ;
એ દોઉ કહાં પાઇએ, સોનો ઔર સુગંધ....(૨૧૩)

અર્થ—જગતમાં ઘણાં સ્વરૂપવાન ઈનસાન જોયાં અને તેના અનુભવમાં આવ્યો એટલે ખાતરી થઈ કે માલીકે જેનું કલેવર ખુબસુરત બનાવ્યું તેનામાં ઇનસાનને હોવી જોઈતી અક્કલ પુરી નથી હોતી મતલબ કે ખુબસુરત છે તેવા અક્કલવાળા નથી હોતા એટલે વીચાર્યું કે માલેક બંને ગુણુ એક સ્થાને કદી પણુ એકઠા કરતો નથી.

દુખમય શું ?"

(દુહો.)

પ્રીતમ પ્રીત વીનાશ હે, ભુલ કરો મત કોય;
મીલતે દુઃખી બીછુરત દુઃખી, સુખ કબુ ના હોય(૨૧૪)

અર્થ—હે રાજન! આ જગતમાં સ્નેહ એ એક જબરામાં જબરૂં દુઃખ છે, માટે કોઈએ સ્નેહ કરવો જ નહીં; કેમકે સ્નેહીને સ્નેહી ન મળે ત્યારે તેની મળવાની લગનીમાં તે દુઃખી થાય છે અને મળ્યા પછી તેનો વિયોગ થશે એમ ધારીને દુઃખ થાય છે.

"શાન્તી કયારે ?"

(કુંડળીઓ.)

આશ્રય આશા દોનું તજી, ખાવે ટુકડો માગ;
કહું કિનારે પડ રહે, રાખ ટાંગ પર ટાંગ.
રાખ ટાંગ પર ટાંગ, ચાહ ચિન્તા સબ ખોવે;
ભાવૈં જાગે નીશીભર, યાતો દીનભર સોવે.
કહે ગીરધર કવિરાય, ઠાકર દ્વાર ઉપાસરે;
ધર્મ સાલ પુન છાંડ, રહે ભીક્ષુકં બીન આશરે. (૨૧૫)

અર્થ—આધિ,વ્યાધિ અને કેવળ ઉપાધિરૂપ ગણાતા અને વળી અંતે મિથ્યા મનાતા આ અસાર સંસારમાં સુખ કોને કે જેણે ચિત્તમાં શાન્તિને સંપુર્ણ સ્થાન આપ્યું છે તેનેજ અને તે શાન્તિ કેવી કે કોઇ પણ ઇનસાનનો આશ્રો કે આશા છેક ત્યાગીને જે કાળે જે રીતિનું અનાયાસે આવી મળ્યું તેમાંજ સંતોષ માની મસ્તપણે પવિત્ર નદીના કિનારાપર વાસ કરી રહે છે અને આનંદની ધુન લાગે તો મરજી પડે ત્યાં સુધી જાગ્યા કરે અને ઠીક જણાય તો ગમે ત્યાં સુધી સુઇ રહે. વળી મંદિર ધર્મશાળામાં પણ નિવાસ કરવાનું બંધનરૂપ ગણતો હોય તેવા નરને અવશ્ય આ સંસાર સુખરૂપ નીવડી પરભવમાં પણ આનંદ પ્રાપ્ત થાય છે.

"દુનિયા દુઃખરૂપ શ્યાથી ?"

(કવિત)

અકારણ કલેશ કરે ઇર્ષામેં અંગ ધરે,
રંગ દેખી રીઝે નહી દ્રષ્ટિ દોશ ભરોહે
આપકો ના કરે કાજ પરકો કરે અકાજ,
લોકનકી છાંડી લાજ અસુયામેં અડયોહે;
મન બાની કાયા કૂર ઔરકું સતાવે શુર,
કામ ક્રોધ હે હજુર બિધિને કયા ઘડયોહે ?
કહત હે કબિ ગંગ શાહનકે શાહ શુરા,
દુન્યામેં દુઃખ એક દુરીજનકો ખડો હે. (૨૧૬)

અર્થ.—કારણ વગર સામા માણસથી કજીઓ કરે, શરીર હમેશાં દ્વેશ (ખાર) થી ભરેલું રાખે, પારકાનું સુખ જોઈ મનમાં બળે અને નિજ આંખેથી કોઈનું શુભ ન જોઇ શકે, પોતાનું વ્યવહારીક કાર્ય રખડતું મુકી પારકાનું કાર્ય બગાડવામાંજ જીવકટોકટ કોશીશ કરે, કોઈની શરમ કે ઠપકાથી બીતો નથી, મનથી, વાણીથી અને કાયાથી નઠારાં કામ કરી અન્યને સંતાપવાનીજ

ટેવ પડી છે અને ગરિબ કને શુરાતન બતાવે છે, કામ (વિષય) અને ક્રોધને નિરંતર પોતાના અંતરમાં અચળ સ્થાન આપે છે; વિગેરે ગુણુવાળા માણુસને દુનિયા નભાવી રહી છે; મતલબ કે તેવા માણુસ આ દુનિયામાં નજરે દેખાય છે અને તેથીજ તેવા માણુસની કૃતિથી આ દુનિયા દુઃખરૂપ કહેવાય છે.

" લાકડી કેવી રાખવી જોઇએ ? "

(કુંડળીઆ.)

લાઠીમેં ગુન બહુત હે સદા રાખીએ સંગ,
ગહીરી નદી નારાં જહાં તહાં બચાવે અંગ;
તહાં બચાવે અંગ જપટી કુતાકર મારે,
દુશ્મન દાવા ગીર હોય તીનહુકો જારે;
કહે ગિરધર કવિરાજ સુનોહો ધુરકે બાઠી,
સબ હથીઆરન છાંડ હાથમાં લીજે લાઠી. (૨૧૭)

અર્થ—અરે ભોળા માણુસો ! હાથમાં રેશમની છત્રી કે નાજુક એ રૂપીયાભાર વજનની પાતળી સોટી રાખ્યા કરતાં દરેકે હાથમાં વાંસની જાડી મોટી લાકડી રાખવી, કે જે લાકડી નદીનાળે જતાં કે અંધારામાં કાંકરાવાળી જગ્યોએ ચાલતાં એક ટેકારૂપી થાય છે; એટલુંજ નહી પણ પડતાં આખડતાં બચાવે છે. વળી રસ્તે ચાલતાં કરડક કુતરાને મારવા થાય છે. ઉપરાંત આપણો દુશ્મન દાવાદાર કદાપી ઠોંસો મારવાની ઉમેદે આપણી ઉપર ધસી આવે ત્યારે તેને એકદમ તેનાથી ઝુડી શકાય છે અને વળી તેનો સરકાર દરબારનો પરવાનો પણ નથી જોઇનો.

" ખુબસુરત સુંદરી પ્રત્યે વિદ્વાનની વિસ્મયતા. "

(કવિત.)

કોમળતા કુજતે ગુલાબતે સુગંધ લેઈકે,
ચંદ્રતે પ્રકાશ લેકે ઉદીત ઉજેરો હે;

રૂપરત આનંદતે ચાતુરી સુજાનનતે,
નીર લે નવાનનતે કૌતક નીવેરો હે,
ઠાકોર કહત એ મસાલો બીધી કારીગર.
ઉપમા નીહાર કયો ન હોત ચિન ચેરો હે,
સોનેહુંકો રંગ લઈ સ્વાદ લઈ સુધાકો.
વસુધાકો સુખ લુટકે બનાયો મુખ તેરો હે......(૨૧૮)

અર્થ—એક નવયોવના સ્વરૂપા સરવાંગે સુંદર સુંદરીને જતાં જોઈ પાસે ઉભેલો વિદ્વાન વીસ્મત થઇ બોલ્યો કે, હે સુંદરી તારા શરીરની કોમળતા કમળ પુષ્પ પાસેથી, તારા શરીરની સુંગધ ગુલાબ પાસેથી, કાન્તિ ચંદ્ર કનેથી, ઉજાશ સુર્ય પાસેથી, ખુબસુરતી રતી પાસેથી, ચાતુરી સુજાન પાસેથી, તારા શરીરનું પાણી નવાણનાં નિર્મળ નીર પાસેથી, તારા શરીરનો રંગ સોના પાસેથી, તારા અધરોષ્ટનો રસ અમૃત પાસેથી, એમ આખા વિશ્વનું સુખ લુટીને વિધીએ વિવીધ કારીગરીથી તારૂં કલેવર નિરૂપણ કર્યું છે એમ ખાત્રી થાય છે; એટલે હવે હું તને કોની ઉપમા આપું ?

મનુષ્યજન્મનું સાફલ્ય શામાં રહેલું છે ?

(સવૈયો.)

કબહુ મન રંગ તરંગ ચઢે,
કબહુ મન સોચત હે ધનકુ,
કબહુ મન માનુની દેખી ચલે,
કબહુ મગ્ન હોઈ ફીરે બનકુ;
કબહુ મન રંગમેં ભંગ કરે,
કબહુ મન સાજત હેરનકુ,
કહે તુલસી સુવિચાર કરી,
કર શાન્ત સદા કપટી મનકુ.........(૨૧૯)

અર્થ—માણુસનું મન કોઈ વખતે મનસુબા રૂપ ઘોડા ઉપર ચઢે છે, કોઇ વખત ધન મેળવવાના વીચાર કરે છે, કોઈ વખત સ્રીની વાસના રાખે છે, કોઈ વખત પશુવૃત્તિવત બની નદી, નાળાં, પર્વત અને બીઆબાન જંગલમાં ફરે છે. વખતે ઉદાસી ધરે છે, કોઇ વખતે શુરપણામાં પ્રેરાઈ લડાઇ જીતવા ઇચ્છે છે. આવી રીતે ચંચળપણું ધરનાર મન કોઈ રીતે હ્રદય મંદિરમાં સ્થીર રહી શકતું નથી, અને જ્યાંસુધી તે સ્થીર થતું નથી ત્યાંસુધી એવી વ્યર્થ વાટે રખડતું નહીં અટકતાં મુક્તિપદ આપનાર માલીકના ભજન પ્રત્યે પ્રેરાતું નથી અને એથી કરી પરિણામે તે જીવને ચોરાશીના ફેરમાં જવાનું મજબુત અનિષ્ટ સાધન રૂપ થઈ પડે છે તો જેમ બને તેમ તેવાં મનને શાન્ત કરી પ્રભુ ભક્તિમાં વાળવું એજ મનુષ્ય જીવનું સાફલ્ય છે.

"કુલટા સ્રીનાં લક્ષણ."

(સવૈયો.)

ભ્રકુટી દ્રગનાક કપોળ ન ચાઈ,
ફરે બતીઆં હરી ઠીઠી દઈ,
છતીયાં દરસાવતી હે કહી.
તો શહીયે સરસાવતી મૈન મહી;
રસમેં રસ દેતી સહેતસબે.
હિતસો ચિત પ્રીતકી પ્રીતી દઈ,
કુલટા વ્યભિચારીકો એ લચ્છન,
અહી લોકનમેં પરલોક ભયે.........(૨૨૦)

અર્થ—આંખોની ભમર, નજરના મચકારા, નાકનું વળણુ અને કપાળનો થનગનાટ એ સર્વ એક સાથેજ કોઇની સાથે વાત કરતાં કરતાં થાય અને ઘડી ઘડીમાં દાંત કાઢી હસે, છાતી ઉપરથી સાડી વખતો વખત બાજુએ કરતી, વાતોમાં હ્રદયની ઉતરતી સ્થિતી જણાવતી, રસભરી વાતોમાં હલકી વાસનાનો રસ ઉમેરતી

અને મનમાં સામાની સાથે સ્નેહ કરવાને ઉર્મિઓ બતાવતી એ સઘળાં લક્ષણુ કુલટા વ્યભિચારી સ્રીનાં કહેવાય છે અને તેવી સ્રીઓ આ લોકમાં જગબત્રીશીએ ચઢી પરલોકમાં નર્કગામી થાય છે.

" ખોટા ઢોંગથી પ્રભુ પ્રસન્ન થતો નથી. "

કવિત.)

છાપા મુદ્રાલય પકૈય ચઢાવે તનમેં બીભુતી,
કહે કવિ તોશ સંત ભેખઉં બનાવે યતુ;
ઓઢી મૃગછાલા જપમાળ લઈ કરણ કૈતી,
જટાકો બઢાવે કીતની રૂહ ઘુટાવૈતુ;
બાતસો ઉઠાવૈ તીરથસો ધ્યાવે નંગે,
પાય જાય ગીરીદરો સમાધી લગાવૈતુ;
રામકો ન ભાવ કતી કલાકો દેખાવે જોન,
પ્રેમ ઉન ગાવે કરી સરલ સુભાવૈતું......(૨૨૧)

અર્થ—હાથ અને છાતીપર છાપ, કપાળમાં તીલક કરી આખા શરીર ઉપર રાખનો જાડો રગડો કરી લગાવે અને ઓઢવામાં મૃગછાલા, હાથમાં જળપાત્ર તરીકે કડવી તુંબડીનું સુકું ફળ (તુંબડું) રાખવા, ગળા અને હાથમાં મોટા પારાવાળી કાષ્ઠની માળાઓ ધારણ કરવી અને માથાપર મોટા ટોપલા જેવડી જટા વધારી બાંધવા, તેમજ હોઠેથી ગમે તેવી ડાહી વાતો કરવાથી કે અડસઠ તિર્થ નાવાથી અને પર્વતનાં ઉદરો (ગુફાઓ) માં સમાધી લગાવવાથી યોગી થવાય અને માત્ર તેમ કરવાથી પ્રભુ પ્રસન્ન થાય એવો પ્રભુ ભોળો નથી; પણ તેવું કાંઈ ન કરે અને માત્ર અંત્તર ઉરમીથી પ્રભુને ચાહી પ્રભુને જે કામ પ્રિય છે તે કામ કરવાની ટેવ રાખવાથી પ્રભુ સત્વર પ્રસન્ન થાય છે અને સંસારમાં બેડો પાર કરે છે.

પ્રભુની કૃતિ ન્યારી છે.

(કવિત.)

કહુ કહુ પથરમેં હીરાકી ખાંન હોત,
કહુ કહુ સાગરમેં મોતિનકો વાસ હે;
કહુ કહુ ધરતીપર મેવા મીષ્ટાન્ન હોત,
કહુ કહુ ધરતીપર ઉપજત નહી ઘાસ હે;
કહુ કહુ એકનકુ ભોજન અનેક હોત,
કહુ કહુ એકનકુ ખાનેકુ સાંસ હે;
કહત હે દયારામ ધન તેરી સાહેબીકુ,
આપ શ્રૃષ્ટિ રચાયકે દેખત તમાશ હે.....(૨૨૨)

અર્થ—કોઈ કોઈ પથ્થર, તોડતાં પણ તુટે નહી, તો કોઈ કોઈ પથ્થરના પેટમાં કિમતી હીરાઓની ખાણો હોય છે; કોઇ કોઈ સમુદ્રોનાં તળીઆં શંખસીપ અને કોડીઓથી ભરેલાં હોય છે ત્યારે કોઈ કોઈ સમુદ્રમાં કેવળ મોતિ પાકે છે. કોઈ કોઈ જમિનના ટુકડા ઉપર બારે માસ હરીયાળી સજીવ રહી તેમાં અનેક જાતનાં સ્વાદીષ્ટ ફળો આપનારાં વૃક્ષો નવપલ્લવથી ઝુમિ રહ્યાં હોય છે ત્યારે કોઇ કોઇ જમિનના ટુકડા ઉપર અતિ મેઘવૃષ્ટિ થયા છતાં પણ ઘાસનું એક તણખલું ઉગતું નથી; કોઈ કોઈ માણસને તાજા ઘીની વાનીઓથી અજીર્ણ થાય છે ત્યારે કોઇ માણસને ઉદર પોષણ અર્થે મુઠ્ઠીભર ચણા પણ મેળવવાને મુશ્કેલી વેઠવી પડે છે; આવી રીતે અનેક રચનાથી જગતને નિપજાવનાર માલીક! તારી સાહેબીને ખરેખર ધન્ય છે કે આવી લીલાનો તમાસો તું નિરાળો રહી નિરખ્યા કરે છે.

"શી રીતે દુર્મતિ, સુમતિ થાય ?"

(દુહો.)

રચે શઠહી બુધ્ધ આપ સમો બૈન સુનાય અનુપ
જેસે ભ્રંગી કીટકો કરત સૈન નીજ રૂપ.......(૨૨૩)

અર્થ—બુદ્ધિશાળી માણસ, મુર્ખ માણસને પોતાના સંગથી પોતાના જેવોજ બુદ્ધિશાળી બનાવે છે, જેવી રીતે ભમરી કીડાની કીડાકૃતિ ફેરવી પોતાના સહવાસથી ભમરીરૂપ બનાવે છે તેવી રીતે.

" વિદ્યા કરતાં ભાગ્ય બળવાન છે. "

(દુહો.)

ભાગ્ય ફલત હે સકલ સ્થળ
નહી બિદયાબલ બાહ
પાયો શ્રી અરૂ ગરલકો
હરીહર નીરધી માંહ..................(૨૨૪)

અર્થ—વિદ્યા કરતાં ભાગ્ય બળવાન છે અને તેથી ભાગ્યવાળો, વિદ્યાવાળા કરતાં વધારે સુખ વસ્તુ મેળવી શકે છે, જેવી રીતે સમુદ્ર મથતાં નીકળેલી લક્ષ્મી તે હરીને મળી અને વિખ તે હર એટલે શંકરને મળ્યું તેવી રીતે.

" ખાલી બકવાથી કંઇ થતું નથી. "

(દુહો.)

તારો નહી કછુ હોત જો
બકે વૃથા બહુ વાર.
પુરન જલ બરસે નહી
જ્યું ઘન ગરજનહાર...............(૨૨૫)

અર્થ—જેમ ગાજતો મેઘ વરસતો નથી તેમ બકવાદ કરનારો માણસ કંઈ કરી શકતો નથી.

" બોલની કિમ્મત. "

(કવિત.)

એકનીકો બોલ બોલ તોલ હલુકેરે મોલ,
એક કોડી હીકે અવિચારની સમીત હે;

કડીકી રહીતો ભલે ન રહીતો અતી ભલે,
એસેતો મનુષ્ય મહી કૌનુ જાને કેત હે;
સાંચ સીર લીએ વીરલે સરલ દેવીદાસ,
રેની દીન આપને બીચારમેં સચીત હે;
તાહીતે બડે પુરૂષ બોલે બડી બેર કયૈજુ,
બોલ કાજે બોલતા પુરૂષ જાન દેત હે.......(૨૨૬)

અર્થ—એક માણસના બોલની કીંમત સોનામોહોરનાં મુલે ગણાય છે ત્યારે બીજાના બોલની કીંમત કોડીના મુલે પણ ગણાતી નથી; તેનું કારણ માત્ર એજ કે જે ઇન્સાનની રહેણી કહેણી વિચારવાળી હોય અને પોતાનાથી પળે એટલાજ બોલ તે પણ સમજી સમજીને બોલતો હોય એટલુંજ નહી પણ બોલેલો બોલ સત્ય કરવા માટે સમય આવે પ્રાણને પણ સમર્પણ કરી દેવા જેને દ્રઢતા બંધાય છે તેના બોલ સોનામોહોરની કીંમતમાં અંકાય છે; પણ જેને બોલની કીંમત નથી, બોલેલો બોલ પાળવાની શકિત નથી અને બોલ પળે તો પણ ઠીક છે, ન પળે તો પણ ઠીક છે, એવી જેની માન્યતા હોય તે વક્કર વિનાનો કહેવાય છે અને તેવાના બોલની કીંમત એક કોડી પણ ગણાતી નથી.

" અને દાનીનો સંવાદ. "

(કવિત.)

સુમ કહે ધન લઈ ધરાને ધરી રાખીએ સુ,
એસે કામ જબહી બીપતી આની ચુરી હે;
દાની કહે કાહેકો બીપતી આયે ધનીનકે,
દેવીદાસ પુરન પુરૂષ હે સો પુરી હે;
સુમ કહે તેરો પુરન પુરો જો પુરૂષ,
હોય તબ સંચિત બીહીન તુબી સુરી હે;
દાની કહે સુઢ પરમેશ્વર કુપીત ભયે,
ધરનીમેં સાંચ્યો તે સુવાતે કહાં દુરી હે......(૨૨૭)

અર્થ—સુમ સ્વભાવનો માણસ, દાનવૃત્તિવાળા નરને કહે છે કે, ધનવાન થાય ત્યારે જમીનમાં ઉંડો ખડો ખોદી ધનને દાટી રાખવું કે તે જ્યારે આપત્તિ આવે ત્યારે કામ આવે. ત્યારે દાની કહે કે ધનવાન કે જે હમેશાં લોકહિતાર્થનાં કાર્યમાં પોતાનું દ્રવ્ય વાપરે છે તેને કોઈ દીવસ ભગવત આપત્તિનો વખત આપતો નથી કે ધન વગર રાખતો નથી. ત્યારે સુમ કહે કે અરે ભગવત કોપે છે ત્યારે તો જેટલું દેખાતું હોય તેટલું તરતમાંજ કોણ જાણે કયાં ચાલ્યું જાય છે, માટે દાટી રાખવું. ત્યારે દાની કહે કે અરે મુઢ તે જ્યારે કોપશે ત્યારે દાટેલું હશે ત્યાંથી ઉંદરોને લઈ જતાં શી વાર લાગશે ?

" બબામય દોહરો. "

દુહો.

બડી બડાઇ બડબડી, બોદાયન બદબાત;
બાદ બીબાદ બીભેદતા, બીશય બીશમ બીશભાંત.
........(૨૨૮)

અર્થ—બહુ મોટાઇની વાતો, નકામો વધારે બડબડાટ, વધારે પડતું ડહાપણ, ખરાબ વાણી, વિલાસ, વિખવાદ, ભેદભરેલી વૃત્તિ, વિષયને વધારે વ્હાલુ કરવું અને કડવાશ ભરેલા શબ્દો કહેવાની ટેવ એ સર્વ પરિણામે નુકશાન કરનાર છે.

" કાળના કોળીઆ. "

(અરૂ.

નવલ ત્રીયાકે નેહ પલક નહી છોડતે,
મછરાલે મગરૂર કે મુંછ મરોડતે;
તીખે કરતે તરક ગરક મદપાનમેં,
ગયે પલકમેં ઢલક તલવ મેદાનમેં.........(૨૨૯)

અર્થ—હમેશાં મગરૂરીમાં મસ્ત બની, મુછને મરડી આંકડા વાંકડા રાખતા અને રાતદીવસ નવયૌવના સંગે રંગે રમતા એટલુંજ નહીં પણ મનમાં અવારનવાર અનેક મનસુબાને જન્મ આપી મદીરામાં ચકચુર રહેતા અને મહાન માની કહેવાતા કે કાળની પણ પરવા ન કરતા, તેવાઓ પણ એકજ પલકમાં કાળના કોળીઆ થઈ ગયા અને રાખમાં રોળાઈ ગયા.

" કયા રંગ વિના સર્વ ખોટું? "

(સવૈયો,)

કંચન મોલ સચીસમ કામિની,
વાંચ્છીત ભોગ સદા રહે ખાતે,
તાતે તુરંગ બડે ગીરીસે,
ગજ ચાર પલાય રહે મદમાતે;
પ્રૌઢ પ્રતાપી પ્રજાપતિસેં,
રહે ગંધ્રવ વાસ સદા ગુણ ગાતે,
એસો ભયો તો કહા મુકતાનંદ,
શ્રી વ્રજચંદ્રકે રંગન રાતે................(૨૩૦)

અર્થ—પાખરીઆ ઘોડા અને પર્વત સમાન ઉંચા મદોન્મત હાથીઓનાં યુથ જેના દ્વારે અહોનીશ બાંધ્યા રહે છે, સુવર્ણના મહેલ મંદિર હોય, મનગમતી સર્વાંગે સુંદર સ્ત્રી હોય, ભાતભાતનાં ભોજન ખાવાને હોય, મહાન કિર્ત્તી દેશ વિદેશમાં પંકાઈ ગઈ હોય અને નિરંતર જેની સન્મુખ ગાંધર્વ કન્યા જેવી ગાયકાઓ નૃત્યકળાથી ગાયન ગાતી હોય, એવી સર્વ વૈભવી સાહેબી મળે તો પણ મુક્તાનંદ કવિ કહે છે કે જો તે શ્રી કૃષ્ણની ભતિકરસ રૂપરંગથી રંગાયો નહી તો તેના સર્વ વૈભવ ધુળધાણી અને વાપાણી છે.

" વિયોગ દશા. "

(સવૈયો.)

શ્રોન કુચ્છુ ન સુને બતીયાં,
જબ તે બતીયાં રસ પ્રેમ પીવાયો,
યા રસના કુચ્છુ ઓર ન જંપત,
નામ પ્રબીન પ્રબીન પઢાયો;
યા મન ઓર ન ચાહત હે,
જબ તે મન આપહી કેસે મીલાયો,
નેન કુચ્છુ ન નીહારત હે,
જબ તે મુખચંદ જેસો દરસાયો.......(૨૩૧)

અર્થ—કાનની ઇંદ્રીએ જયારથી તારી મીઠી વાણીભર્યા રસની સ્નેહ વાતો સાંભળી છે ત્યારથી તે કંઇ અન્ય વાત સાંભળતી નથી અને જીભ ઉપર પ્રવિણ એટલે સર્વ સુકળામાં કુશળ એવું જે તારૂં નામ પાઠે કર્યું છે ત્યારથી તે અન્ય કંઈ બોલ બોલતી નથી અને મનને જયારથી તેં તારા મન પ્રત્યે વાળ્યું છે ત્યારથી તે કોઇને ચહાતું નથી, તેમજ નેત્રને પણ જયારથી તેં તારૂં પુર્ણ ચંદ્રમાના જેવું સુંદર શિતળ અને અમૃતભર્યું મુખાર્વિંદ દેખાડયું છે ત્યારથી દુનીઆની કોઈ વસ્તુને તે નેત્ર દેખતું નથી કે દેખી શકતું નથી. આવી દશા હું તારા વિયોગમાં દુઃખીતપણામાં વિતાવું છું.

" આયુષ "

(દુહો.)

જીનકી આયુશ જગતમેં, અબ્ઢ સહસ્ત્રહી એક
એસે જન મુની મર ગએ, બીતે બર્ષ અનેક....(૨૩૨)

અર્થ—અરે અલ્પ જીવન નીમાંણુ કરીને આવેલા પામર જીવ! તું આટલો બધો તે શીદને ગોહ કરી મનમાં મલકાય છે

અને મસ્તાન બની અધર ચાલ્યો જાય છે? જરા વિચાર કર કે મોટા મોટા તપેશ્વરિ કે જેણે તપના બળથી અકેક હજાર વર્ષનું આયુષ મેળવ્યું હતું તે પણ આ અસાર સંસાર છેડી ચાલ્યા ગયા તો પછી તારૂં શું ગજુ છે?

" વિરક્ત લક્ષણ. "

(કુંડળીઆ.)

ભીક્ષા ખાવે માંગકે રહે જ્યાં તહાં સોય,
કામ ન રાખે કીસીસો જો હોવે સો હોય;
જો હોવે સો હોય વિરક્તકી યહી નિશાની,
બ્રહ્મ વિદ્યા વિના અવર બોલે નહી બાની;
કહે ગિરધર કવિરાજ જ્ઞાનકી દેવે શિક્ષા,
ક્ષુધા નિવૃત્તિ અર્થ માંગકે ખાવે ભીક્ષા.....(૨૩૩)

અર્થ—ભુખ નિવૃત્તિને માટે એટલે ઉદર અંદર રહેલા અસંખ્ય જીવોને સંતોષવા માટે જ્યાંથી મળ્યું ત્યાંથી અને જેવું મળે તેવું લઇ ખાવું; નિદ્રા વખતે જ્યાં જેવું સ્થાન મળ્યું ત્યાં તેવા સ્થાન ઉપર કેવળ તનહા સુઇ રહેવું અને ગમે તેવું થાય તો પણ કોઇ સંસારીની સાથે લેશ પણ નિસ્બત ન રાખવી અને બ્રહ્મ વિદ્યાવાણી શિવાય અન્ય બાબતની લવારી કરવાની બિલકુલ ટેવ ન હોય એવા નિયમ પાળનાર માણુસ આ સંસારમાં વિરક્ત દશામાં ગણાય છે.

" મલિન મોટાઇવાળાથી મળવાનું પરિણામ. "

(કુંડળીઆ.)

સાંઈ નદી સમુદ્રસો મીલી બડપનો જાની;
જાતી નાશ ભયો મીલતહી માન મહતકી હાની,
માન મહતકી હાની કહો અબ કૈસે કીજે;
જલ ખારી વહે ગયો તાહીકો કૈસે પીજે,

કહે ગિરધર કવિરાજ કચ્છ મચ્છ ન સકુજાઈ;
બડી ફજીહત ચાર ભયો નદીઅનકો સાંઈ...(૨૩૪)

અર્થ—સમુદ્ર જેવા મહાન માનવંતાની સાથે મળવાથી પોતાની વિશેષ મોટાઈ થશે એવું સમજી બિચારી ભલી અને ભોળી નદી સમુદ્રથી મિત્રાચારી બાંધવા ચાલી (તેનાથી મળવા ચાલી) અને આખરે નદી સમુદ્રને મળી પણ મળતાંવેતજ પોતાની જાતનો નાશ થયો, એટલે કે નદી નામ આળશી ગયું અને પોતે પ્રાણી માત્રની તૃષા ટાળવાની અને જળથી નિર્મળ કરવાની પોતાની શકિત મહાન ગણાતી તે મટી ગઈ, એટલુંજ નહી પણ સમુદ્રની ખારાશ ઉલટી પોતાને લાગવાથી પોતે સમુદ્રને મળી તદ્દન ખારી થઈ ગઈ કે જેને લીધે પોતાના મીઠા નીરમાં નીપજેલાં મચ્છ કચ્છ બિચારાં ખારાશના સ્વાદે મરણશરણ થયાં. આવી રીતે મોટાઈની સાથે મૈત્રી બાંધતાં વધારે મોટા ગણાવાનું તો એક બાજુએ રહ્યું પણ પોતાની જેટલી મ્હોટાઈ હતી તેટલી પણ નાશ પામી, તો આ સંસારમાં અંદરથી મલીન પણ ઉપરથી સફેદાઈ ધરી રહેલા (મિથ્યા મોટા)ની સાથે મૈત્રી બાંધવાની બિચારાં નાનાં પ્રાણીઓએ કદી પેરવી કરવી નહી.

" ફુટેલ કર્મની નિશાની "

(સવૈયો)

સાસુકે બીલોકે સીંહનીસી સમુહાઈ લેઈ,
સસુરકે દેખે બાધીનીસી મુહ બાવતી;
નનંદકે દેખે નાગીનીસી કુકુહારે બૈઠી,
દેવરકો દેખે ડાકીનીસી ડર પાવતી;
ભનત પ્રભાન મોછો ઝારતી પરોસીનકી,
ખસમ કો દેખે ખાઉં ખાઉં કર ધાવતી;
કુર્કશા કસાઇન કુબુદ્ધિની કુલચ્છની યૈ,
કરમકે ફુટે ઘર એસી નાર આવતી...........(૨૩૫)

અર્થ—સુકવિ પ્રભાન કહે છે કે કમનસીબને એટલે કે જેનો વ્યવહાર ધુળમળવાને નિર્માણ થયો હોય, ગૃહસ્થાશ્રમ, ચકલાના માળા માફક ચુંથાઈ જવાને કલ્પાયો હોય અને જેનો મનુષ્યાવતાર કે જે અવતાર કરોડો રૂપીયા ખરચતાં પણ પ્રાપ્ત થતો નથી અને જે અવતાર દેવતાઓને પણ દુર્લભ થાયછે તેવો અલૌકિક અમુલ્ય અવતાર બરબાદ જવાને નિજ લલાટ પટમાં વિધાત્રીની અવળી કલમથી લેખ લખાયો હોય તેના ઘરમાં એટલે કે એ મનુષ્યને (પુરૂષને) એવી સ્ત્રી મળે છે કે તે સ્ત્રી સાસુ પ્રત્યે ભુખી સિંહણના જેવો પ્યાર બતાવે; સસરા પ્રત્યે બિભત્સ એટલે કે બિનશરમણીનો ભાવ બતાવે; નણંદના પ્રત્યે ખીજવાયલી સર્પણ (નાગણી)ના જેવો ભાવ બતાવે; દીયર (પતિના નાના ભાઈ) સાથે મનુષ્ય-ભક્ષક ડાકણના જેવો ભાવ બતાવે; આડોશીપાડોશી સાથે શ્વાન માફક એટલે કે હાઉહાઉ અર્થાત કંકાશમય ભાવ બતાવે અને પોતાનો સ્વભાવ એવો સતત્ નિભાવી રાખે કે સંજોગમાં આવનાર સગાં સ્નેહી કે અન્ય જન સમુદાય પ્રત્યે ખાઉં ખાઉં (વડચકાં)નો ભાવ બતાવે એટલુંજ નહી પણ તે ઉપરાંત તેની વૃત્તિ કર્કશા, કસાઈ, દુર્બુદ્ધિ અને નઠારા લક્ષણવાળાની વૃત્તિને પણ સારી કહેવરાવે એવી વૃત્તિને આબાદ રાખવામાંજ પોતાનો સ્ત્રીધર્મ ગણાય એવી માન્યતા માની બેઠેલ સ્ત્રી મળે છે.

"આવી સ્ત્રીથી બચવા પુરૂષે તથા એવા પુરૂષથી બચવા સ્ત્રીએ એમ અરસપરસ વ્યક્તિએ લગ્નગાંઠથી જોડાયા પહેલાંજ ઉભય પક્ષના ગુણદોષથી માહિત થવાની પુરતી જરૂર છે અને તે માહિતી મેળવવા માટે હાલની લગ્ન પદ્ધતિમાં જરૂર જોઇતા સુધારા વધારાવાળું બંધારણ બાંધવાની જરૂર છે."

"સુ-વાણીની પ્રાધાનતા."

(દુહો.)

કાગા કીસકા ધન હરે, કોયલ કીસકુ દેત,
સુ વાણી-વિલાસથી, જગત પ્રસંશા લેત....(૨૩૬)

અર્થ-જગતમાં જશ યા અપજશ, લાભ યા ખોટ જે કંઈ

મેળવવું યા ગુમાવવું એ અન્ય ઉપર નહીં પણ ખાસ જબાન અર્થાત વાણી (બોલી) ઉપરજ રહ્યું છે; કહેવત છે કે, એક બોલી બંધાવે ને એક બોલી છોડાવે, એક બોલી અમૃત સમાન મધુર ગણાય છે અને એક બોલી ઝેરથી પણ અધિકઝાલી-મતાનો ગુણ ધરાવે છે, જેની ખાતરી માટે કોયલ અને કાગડાનો મુકાબલો આપી બતાવે છે કે કોયલ પક્ષી કોઈ ઇનિસાનને કંઈ દ્રવ્ય આપી દેતું નથી તેમ કાગડો કોઈનું દ્રવ્ય પડાવી લેતો નથી. એટલે કે તે જનસમાજને તો એક પણ વ્યકિત લાભ ખોટ કરતી નથી, તોપણ કોયલની જબાન ઉપર આનંદમય વાણી રહેલી છે અને કાગડાની જબાન ઉપર કઠોર વાણી છે અને તેથીજ કાગડો બોલતો હોય તો તે અરૂચિકર જણાતાં તેને ઉરાડી મુકવાનો પ્રયત્ન કરવો પડે છે અને કોયલ બોલતી હોય તો તે વધારે વખત સુધી બોલ્યા કરે તેમ સર્વ કોઇ ઇચ્છે છે.

" મુક્તાને પ્રષ્ન. "

(દુહો.)

નથની પરકા મોતિકુ, દેખ સુ કવિયાં કેત;
કીસ જપ તપકે કારણે, અધરનકો રસ લેત....(૨૩૭)

અર્થ—સર્વાંગે સુંદર નવયૌવનાના અધર–હોઠપર લટકતા નાકની નથની મોતિને જોઈ સારો કવિ તે મોતિને પ્રશ્ન કરે છે કે હે મોતિ! તેં એવી શું મહાન તપશ્ચર્યા કરી છે કે જેનાં પરિણામે તું આ અણુચાખેલ તાજા અને અમૃત સમાન મીઠા (અધરપરના) રસનું પાન નિરંતર કર્યા કરે છે ? આ પ્રશ્નથી મોતી પેલા સુકવિને ઉત્તર આપે છે કે,

---

" મુક્તા ઉર્ફે મોતિનું મહાન તપ
અર્થાત
મુક્તાનો ઉત્તર."

(દુહો.)

સીપ તજ્યો સાગર તજ્યો, કાળજું કોરી દેત;
ઈસ જપ તપકે કારણે, બૈઠ અધર રસ લેત.(૨૩૮)

અર્થ—હે સુ કવિ! તું અજાયબ ન થા અને સાંભળ કે આ અધરપરના અમૃતમય રસનું પાન કરવાની અભિલાષાએ મેં એવું તો કઠીણ તપ કર્યું છે કે જેવું તપ આ દુનિયામાં બીજું કોઈ નહીં કરી શકે. તે એવું કે હું જેનાથી પેદા થયું એવુ મારૂં વ્હાલું માવીત્ર અર્થાત માબાપ (સીપ) ને તજ્યાં, રહેવાનું ઉત્તમ લેખાતું સ્થાન (સમુદ્રને) તજ્યું, એટલુંજ નહીં પણ પણ મારાં સઘળાં સાથીઓને તજ્યાં. વિશેષમાં મારાં કલેજામાં શંકુથી છીદ્ર પડાવી કલેજું આરપાર કાણું કરાવ્યું કે જે સઘળાં અદલ અત્યારે હું નિર્ભય રીતે અધર રસનો સ્વાદ ચાખી મારી ઉપર જણાવી સર્વ આપત્તિ-વિપત્તી ભરેલી વેઠેલ વેદનાને શાંત કરૂં છું.

" પીયુ ચાહના. "

(દુહો.)

આઠ પહર ચોસઠ ઘડી, ખડી પુકારત પીય;
જેસે ખલ લોહારકી, સાસ લેત બીન જીય.....(૨૩૯)

અર્થ—પીયુ વીજોગણ પ્રેમદા પોતાના પીયુ વીરહે એટલી તો આતુરપણે નીશદીન ઉત્સાહથી પીયુનું રટણ કરે છે કે જેમ લુહારની લોઢું ગાળવાની ધમણ ઉપરાઉપરી ઉત્સાહથી શ્વાસ લેછે.

" સંપતિ પામ્યા પછી પ્રતિદીન શું વિચારવું? "

(દુહો.)

સજ્જન સંપત પાયકે, બડો ન કીજે ચિત્ત;
અહોનિશી સંભારીયે, હરી, અરિ, અપતો મિત.(૨૪૦)

અર્થ—સંપત્તિ અર્થાત્ ધન, ધામ અને વૈભવ વગેરે સાધનો મળ્યા પછી સજ્જન પુરૂષોએ પ્રભુનું સ્મરણ, સ્નેહી પ્રત્યે પોતાની ફરજ અદા કરવાનું અને દુશ્મનનો (અપકારથી નહી પણ ઉપકારથી) બદલો વાળવાનું કદીપણ વિસરી જવું નહી.

" ગુરૂ મહત્તા. "

(દુહો.)

ગુરૂ ગોવીંદ દોનુ ખડે, કીનકુ લાગું પાય;
બલિહારી ગુરૂ દેવકી, ગોવીંદ દીયો બતાય.....(૨૪૧)

અર્થ—ગોવીંદ અર્થાત પ્રભુ અને ગુરૂ (કે જેણે પ્રભુ મીલનનો રસ્તો બતાવ્યો હોય) તેમાંથી પ્રથમ વંદનિય કોણ ઠરી શકે ? જેના ખુલાસા તરીકે કોઈ અનુભવી મહાત્માએ જણાવ્યું કે પ્રથમ ગુરૂને વંદન કરવા, સબબ કે ગુરૂએ ગોવીંદ અર્થાત પ્રભુ મીલનનો રસ્તો બતાવ્યો છે.

" નામ મહિમા. "

(દુહો.)

નામ લીયા સો સબ લીયા, સકલ બેદકા ભેદ;
બીના નામ નરકે પડે, પઢતે ચારૂ બેદ. (૨૪૨)

અર્થ—અન્ય ઉપાધી રૂપ ઉપાસનાને ત્યાગી ફક્ત જેણે પ્રભુના નામનુંજ શુદ્ધ હૃદયથી અને નિષ્કામ વૃત્તિથી ભજન કર્યું તેણે ચારે વેદ, શ્રુતિ, શાસ્ત્ર અને પુરાણોનો ભેદ સમજી લીધો એમ મનાય છે, પણ તેમ નહી કરતાં ચારે વેદ ભણવામાંજ જેણે કેવળ પોતાનું વય વીતાવ્યું તે ખરેખર નર્કેજ ગયો એમ લેખાય છે; કારણ કે વેદ વગેરે ભણવાનો કે જાણવાનો મુદ્દો એજ છે કે કોઇ રીતે તે સાધનથી પ્રભુ નામની લેહ લાગે, પણ તે ભણ્યા છતાં લેહ ન લાગે તો પછી તે નકામા થઇ પડે છે.

" સંસારી સગાઇ. "

(દુહો.)

માત પીતા સુત સુંદરી, રાખત અતીશે પ્યાર,
સુક્ત કહે ચેતન ગયે, સબ મીલી કાઢત બાર.(૨૪૩)

અર્થ—માબાપ, દીકરા અને સ્ત્રી આદી અનેક સંબંધીઓનો પ્યાર અતીશે દેખાય છે પણ તે ક્યાં સુધી કે શરીરમાં પ્રાણ છે ત્યાં સુધીજ. પ્રાણ ગયા પછી તે સર્વે સાથે મળીને એક ઘડી પણ મકાનમાં નહીં રહેવા દેતાં નિર્દય વૃત્તિ ધરી બાળી દેશે.

" કોણ નહીં નમે ? "

(છપ્પય.)

નમે તુરી બહુ તેજ, નમે દાતા ધન હેલે,
નમે અંબ બહુ ફલ્યો, નમે જર હરબરસ[illegible];
નમે સિંહ ગુણવાન, નમે ગજ બેલ સ[illegible],
નમે સોં ભારી હોય, નમે કુળવંતી [illegible]
કંચન થન કસીઓ નમે, [illegible]
સુકા કાષ્ટ અજાન નર, ભાંગ પડે પણ ન[illegible] ..(૨૪૪)

અર્થ—જાતવાન અને ચાલાક ચપળ ઘોડો [illegible] ગરદન નીચી દેખાય તેમ ચાલે છે, અર્થાત [illegible] કરનારો શ્રીમંત નિશદિન નમ્રપણે એટલે નમતો રહે છે. [illegible] આંબો નમે છે. નભમાં ચહડેલો વરસાદ પણ વરસતી વખતે નમે છે. મેઘને ગરજતો જોઇ વનરાજ નમે છે એટલે કે [illegible] છે. હાથી અને બળદ જાનવર પણ સ્વારી વખતે નમે [illegible] એટલે કે હાથી ઝુલતો રહે છે અને બળદ ગાડાને લઈને સ્વારી વખતે નીચી નજરે ચાલે છે. કુળવંતી એટલે ખાનદાન ઘરની સ્ત્રી પણ હમેશાં નમ્ર નજરે રહે છે, અર્થાત નમે છે [illegible] જગતમાં નમે છે અને જે નમે છે તે ઉંચ, ઉત્તમ [illegible] છે; પણ સુકાઈ ગયલું લાકડું અને અજ્ઞાન પુરૂષ મરણ પર્યંત પણ નમતો નથી.

" મોહિની. "

(કવિત.)

પ્યારી રસાલ રાતકી ન જાણું કોણ જાતકી;
આલી અનેક ભાતકી સો ભાવ ભેદ હે ગઇ;
ચુરી હરી હેં હાથમેં સખી સહેલી સાથમેં,
બીધું બીધું જગતમેં, સો મોજ મોજ હે ગઈ.
સિંહ લંક કામની દમક દહ દામની,
સ્વરૂપ રૂપ ભામિની દયાલ ઇચ્છતે ગઈ;
જરાક નેન જોરતે કચાટ ભવાં મોરકે,
ચટાક ચિત્ત ચોરકે કપાટ પાટ હે ગઇ.......(૨૪૫)

અર્થ—નવયોવન બાળા પ્રથમ દર્શનમાંજ પુરૂષોનાં તન મન કેવી ત્વરાથી હરી ચાલી જાયછે તેની યુક્તિ બતાવવા એક કવિ કહે છેકે કોઇ એક સુઘડ પુરૂષની નજરે રાત્રીના વખતે એક નવયોવનાએ દેખાવ દીધો કે જે યોવનાએ સોળ શૃંગાર ધારણ કર્યા હતા, જેના શરીરનો રંગ રૂપેરી અર્થાત વીજળીની રેખા જેવો હતો. પ્રેમનાં બીન્દુ વધારે પ્રમાણમાં વેરતી હતી ને તે બીન્દુની લ્હેરોના વંટોળીયામાં જોનારનું સાનભાન ઉરાડતી હતી અને જેની જાત ભાત ન જાણી અને જેણે લેશ પણ વાણી-વિલાસની વાંનકી ચખાડી નહી અને તરતમાં પાછી સાહેલી સાથમાં મળી ગઈ અર્થાત ચાલી ગઈ પણ તે જતાં જતાં જોનારના ચિત્તરૂપ કબાટને સદાને માટે બંધ કરતી ગઈ અર્થાત જોનારનું દીલ સંસારની અન્ય પ્રવૃત્તિની મીઠાશપરથી એકદમ પાછું વળ્યું, ઉદાસી બની કેવળ એ કામનીની લટક મટક અને ચટકમાં જ મોહી રહ્યું.

" પ્રેમદાની પ્રબળતા. "

(કુંડળીઆ.)

નયના જબ પરબસ ભયે,
ઉત્તમ ગુણ સબ જાય;

વૈં ફીરી ફીરી સીરી કરૈ,
યે ફીરી ફીરી લપટાય;
યે ફીરી ફીરી લપટાય,
નેત્ર બહુરી ભરી આવૈ.
ખાન પાન સુખ ત્યાગ;
રાત દીનહી દુઃખ પાવૈ,
કહે ગિરીધર કવિરાય,
સુનો તુમ શ્રવણુની બયનાં;
લોક દેહી અકલંક,
પરૈજબ પરબસ નયનાં.......(૨૪૬)

અર્થ—જ્યારે નેત્ર પારકે વશ થાય છે અર્થાત તે જ્યારે પ્રેમદાના પ્રીતિના ફાસલામાં ફસાઇ પડે છે ત્યારે તેની દશા કેવળ પરાધિન થાય છે, ને ફસાયા પછી ભલે પ્રેમદા અપમાન કરે તો પણુ તેની તે દરકાર કર્યા વગર ફરી ફરીને પણુ ત્યાંજ એટલે પ્રીતિના ફાસલામાંજ જાય છે. વળી ખાવું પીવું અને વિશ્વના વૈ-ભવ વિગેરે તરફ ભાન નહીં રાખતાં તે સર્વને જતા કરે છે ને પ્રીત વિજોગે પ્રતિદિન આંખોમાંથી પાણી પાડે છે, એટલુંજ નહીં પણુ લોક નિંદાનું પાત્ર થાય છે, તોપણુ તે પ્રીતિના ફાસલાને ત્યાગતું નથી, પણુ પુર ખુસાલીથી તેના અંગે આવતાં દુઃખ અને અપમાન પુષ્પ માફક પ્રીય ગણી સહે છે.

" દારિદ્ર ભુજંગ કોને ડસે ? "

(દુહો.)

નિમિષન ગુરૂપદ રતિકરત, ચાહત વિષય કુસંગ;
ફસનડસહી તેહી કોહકરી, દાલીત દુઃખ ભુજંગ....(૨૪૭)

અર્થ—આ સંસારમાં મનુષ્ય કોટીની અંદર જન્મ્યા પછી સમર્થ સદગુરૂના શરણુમાં પ્રીતિ કરી નીતિની રાહે ચાલવાનું અને પરમાત્માનું યશોગાન ભુલી અને કેવળ કુસંગ અર્થાત નઠારી

સોહબતમાં રહી વિષય વાસનાનો અભિલાષી રહે છે તેને નક્કી દારિદ્રરૂપી સર્પ કરડે છે, મતલબ કે તે હુમેશાં રીબાઇ પોતાનું કિંમતી મનુષ્ય જીવન બરબાદ કરે છે અને અંતે નર્કનો ખાલી ખાડો પુરે છે.

" મુક્તામાં પાણી છે. "

(કવિત.)

સોંધેકો અધાર જાહી, કીસ્મસ આહાર જાકો,
ઝીનો અંક લંક મુખ ચંદ સરસાનીહે;
એસી અરીનારી શીવરાજ વીર તેરે ત્રાસ,
પાયનમેં છાલે પરે કંદ મુળ ખાતી હે;
ગ્રીષ્મ કે તાપ એસી બીપતન સુની કાન,
કંજકી કલીસી બીન પાની મુરઝાની હે,
ઓરીકે છરાંસેં અપ્સરાસીઓની ચોરે કહે છે;
તુંમજો કહંત કંથ મુક્તામેં પાની હે....[૨૪૮]

અર્થ—જેની લંક એટલે કેડ પાતળી, અંગ નાજુક, મુખારવિંદ ચંદ્રમા જેવું તેજસ્વી અને જેનો આહાર દ્રાક્ષ વિગેરે સ્વાદિષ્ટ અને રસવંતા મીઠા મેવાનો હતો એવી દુશ્મન પત્નિઓ, હે શિવાજી તારા ત્રાસથી અકળાઇને બ્યાબાન જંગલમાં એવી તો ઉઘાડે પગે રખડે છે કે પગમાં છોડાં પડે છે, શરીરપરનાં રેશમી વસ્ત્રોના લગરા બને છે, એટલુંજ નહી પણ ઉનાળાના મધ્યાન સૂર્યના તાપે સરોવરના કમળની કુમળી કળી કરમાઈ જાય તેમ તે સ્ત્રીઓનાં નાજુક કલેવરનો ગુલાબી રંગ કરમાઈ સ્યામ વર્ણો થાય છે અને તૃષાથી એવી ટળવળે છે કે પોતાના પતિએ વખાણી વખાણી આ પાણીદાર પોતાની માળા છે, આ મોતીના છરા વધારે પાણીદાર છે, એમ કહીને મોંઘામુલાં સાટવી સ્ત્રીના ગળામાં પહેરાવેલાં ને આબાદ હતાં તેને તોડીને તૃષા શાન્ત કરવા માટે મુઠી ભરી મોતીને દાબતી મુખમાં નીચોવતી હતી; પણ પાણીદાર મો-

તીમાં પાણી ન હોવાથી તેને ફેંકી દેતી. આવી સ્થિતિ શિવાજીએ યવન સરદાર અને તેના કુટુંબની કરી હતી.

" ત્રાસવંત ત્રિયા. "

(કવિત.)

ઉંચે ઘોર મંદિર કે અંદર રહનવાલી,
ઉંચે ઘોર મંદિર કે અંદર રહાતી હે;
કંદ મુળ ભોગ કરે કંદ મુળ મોજ કરે,
તીન બેર ખાતી સોઈ તીન બેર ખાતી હે.
ભુખન શિથિલ અંગ ભુખન શિથિલ અંગ,
બીજન ડોલાતી સો તો, બીજન ડોલાતી હે;
ભુખન ભનત શીવરાજ, નારી બૈરીનકી,
નગન જનાતી સોઈ, નગન જનાતી હે....(૨૪૯)

અર્થ—શિવાજી શુરવીરનાં વખાણ કરતાં ભુખણ કવિ દ્વિભાવનું કવિત કહી બતાવે છે કે હે શિવાજી! તારા ભયથી તારા દુશ્મનની સ્રીઓની હૈયાતી છતાં કેવી દશા થઇ છે કે જે સ્ત્રીઓ હમેશાં ઉંચા ભવ્ય મકાનમાં રહેતી તે હવે તેવા મકાનના અભાવે પર્વતની ગેબી ટોચપર રહેવાનું સલામત લેખે છે. હમેશાં વિવિધ ભાતનાં કંદમુળને ઝંખે છે તોપણ પ્રાપ્ત થતાં નથી, જેના કલેવરનાં દરેક અવયવો નાજુકતા ભર્યાં શિથિલ હતાં તે રાન રાન રખડી રખડીને તદન શિથિલ એટલે નાકઉવત થઈ ગયાં છે, અને જેના પગ પાનાં (એક જાતનું પગે પહેરવાનું ઘરેણું) ઉપર જડેલાં નંગને કોઇ જોઇ શકતું નહી, અર્થાત કોઇને ન દેખાડવામાં સાવધ રહેતી, મતલબ કે તે પરદામાં રહેતી તે સુવસ્રના અભાવે પુરાણા ફાટેલ વસ્ર ફરવાથી શરીરનો કેટલોક ભાગ દેખાય છે. આવી રીતે શિવાજીના ત્રાસથી દુશ્મશની પત્નિઓને વિપત્તિ ખમવી પડી હતી.

" જગતમાં મુશ્કેલ શું છે ? "

(કવિત.)

ગહીબો અકાશ પુની લહીબો અથાગ થાહ,
અતિ બીક્રાલ વ્યાલ ખ્યાલહી લરાઇબો;
સેલ સમસીર બાન સહીબો ત્રવાર બાન,
ગજ મૃગરાજ દોઉ હાથ નલ રાયબો.
ગીરીતે ગીરન પંચ જવાલમે જરન અરૂ,
કાશીમેં કરોત તન હીમમેં ગરાયબો;
પીબો બીશ બીશમ કબુલ કવિ નાગર પૈ,
કઠીન કરાલ એક નેહકો નિભાવબો........(૨૫૦)

અર્થ—આકાશથી બાથ ભરવી; સર્વ દેશ દેશાંતરને પગવતી ફરી લેવો, મણીધરને ફુલમાળા માફક વગર મંત્રથી હાથમાં રમાડવો, હાથી અને સિંહને વગર હથીયારે હાથવતી ઝાલીને સામસામા લડાવવા, જ્વાળામુખીમાં બળી મરવું કે બરફના પહાડમાં ધરવું અને હળાહળ ઝેર પીવું એ સર્વ સુકવિ કહે છે કે સહેલાં છે, પરંતુ સ્નેહીથી સ્નેહ નિભાવી રાખવો તે મુશ્કેલ છે.

" હળીમળીને ચાલવું. "

(દુહો.)

તુલસી યે સંસારમેં, ભાતી ભાતીકે લોગ;
સબસેં હીલમીલ ચાલીયેં, નદી નાવ સંજોગ.....(૨૫૧)

અર્થ—કવિશ્વર તુલસીદાસ સર્વને કહે છે કે આ સંસારમાં અનેક પ્રકૃતિનાં લોકો વસે છે. તે સર્વની સાથે જેમ નદી અને નાળાં એકબીજાથી હળીમળીને ચાલે છે તેમ ચાલવું એમાંજ જીવન સફળતાવાળું ગણાશે.

" જેવી ભાવના તેવો સાર ગ્રહે. "

(દુહો.)

તુલસી મનકો મુકરહે, લખે સુલચ્છન કોઈ;
જૈસો જાકો ભાવહે, તેસો દેખે સોઈ....(૨૫૨)

અર્થ—કવિશ્વર તુલસીદાસ કહે છે કે લેખક તો દરેક રીતિનું ધ્યાન રાખીનેજ અમુક લેખકે કૃતિ નીતિમય રજકણોથી ભરપુર શૈલીથી લખી જાય છે, પણ તે અવલોકવાવાળાં મનુષ્ય જેવી પોતાની બુદ્ધિ તેવો ભાવ તેમાં દેખે છે.

" કોના મોહોડાંને કાજળ લાગે ? "

(દુહો.)

તુલસી નિજ કીર્તિ ચહે, પરકી કીતિ ખોય;
તીનકે મુખ મસી લાગહીં, મીટે ન મરી હેં ધોય...(૨૫૩)

અર્થ—કવિશ્વર તુલસીદાસજી પોતાના અંગત અનુભવથી લખી ગયા છે કે જે ઇન્સાન અવરની રૂડી કીર્તિને નાશવંતી થવાની ઈચ્છા રાખી પોતાની કીર્તિ વધારવાને ચાહે છે તે ઈન્સાનના મોઢાપર એવો તો કાજળનો ડાઘ લાગે છે કે પછી તે ધોઈ ધોઇને મરી જાય તોપણ તે જતો નથી.

" પુન્યનું ફળ શું ? "

(દુહો.)

કોટી જન્મકે પુન્ય જબ, ઉદય હોત એક રંગ;
છુટત મનકી મલિનતા, અરૂભાવત સતસંગ.....(૨૫૪)

અર્થ—અનેક જન્મમાં કરેલાં પુન્ય (સતકર્મ) પ્રગટ થાય છે ત્યારે ઇન્સાનના હૃદયમાંથી કામ, ક્રોધ, મોહ, મદ મત્સર અને પ્રપંચ વીગેરે દુર થાય છે, અને મતિ સારી સંગતમાં સત્વર પ્રેરાય છે.

" ધુળના ઢગલા થયા. "

(અરલ.)

હોતી જાકે શિષ, કે છત્રી છાંઈઆં;
અદલ ફીરંતી આણ, દશે દી માંહીયાં.
ઉદે અસ્તલુ રાજ, જનુકા કેહાવતા;
હો ગયે ઢરી ધુળ, નજર નહી આવતા....(૨૫૫)

અર્થ—જેના માથાપર સતત્ મેઘાડમ્મર જેવું માનવંત છત્ર ધરાતું, જેની આજ્ઞા ચોતરફ પ્રીયથી મનાતી, અને ઉદયથી તે અસ્ત સુધીમાં એટલે કે દરેક દેશને તાબે કરી ચક્રવતિ તરીકે ગણાતા તેવા મહારાજાઓ પણ અંતે રાખમાં રોળાઈ ગયા છે કે જેની રાખની એક કણિકા પણ અત્યારે આપણને દ્રષ્ટિગોચર થતી નથી, તો પછી હે પામર મનુષ્ય! તારૂં તે શું ગજું છે કે તું પ્રતીદીન છળકપટ અને દગા પ્રપંચમાં મચ્યો રહી કેવળ મનમાં ફુલણસી માફક ફુલાઇ મદાંધપણે ફરે છે?

" ચુપ કોણ ન રહે? "

(છપ્પય)

ચુપ કર રહે કોઈ ચોર, રેન અંધીયારી પાયે;
સંત ચુપ વૈ રહે, મઢીમેં ધ્યાન લગાવે.
બધિક ચુપ વૈં રહેં, ફાંસી પક્ષી લૈ આવે,
છેલ ચુપ વૈ રહે, સેજ પરનારી પાવે.
પીપલ પાત્ર હસ્તી શ્રવણ, કોઈ કવિ કુછ કુછ કરે;
બૈતાલ કહે બીક્રમ સુનો, ચતુર ચુપ કૈસે રહે....(૨૫૬)

અર્થ—અંધારી રાત્રીમાં ખાતર દેવા નીકળતો ચોર મુંગો રહે છે. સાધુ પુરૂષ પોતાની પર્ણકુટીમાં ઇશ્વિરનું ધ્યાન ધરે છે, ત્યારે મુંગો રહે છે. ફાંસલો બાંધી તેમાં પક્ષીને પકડનાર પારધી પણ તે વખતે મુંગો રહે છે. પરસ્ત્રીની સેજ પર ચઢતો અની-

તિમાન પુરૂષ પણ મુંગો રહે છે અને કોઈ કોઈ વખતે વૃક્ષનાં પાન વીગેરે મુંગા અર્થાત સ્થીર ગતિથી રહે છે એમ કવિ જન વર્ણવે છે, પણ વૈતાળ કહે છે કે હે વિક્રમ રાજા! ચતુર પુરૂષ કોઈ દીવસ મુંગો રહેતો નથી, મતલબ કે તે જેવું દેખે તેવું વીણુ ખામોશે ચોખ્ખું રૂબરૂમાં કહી બતાવે છે.

"જમાનાનો જોગી."

(ત્રિભંગી.)

જગ કાવત જોગી, સબ બીધી ભોગી
અંતર રોગી અધ ઓઘી;
મદમાંસ ભખેણી, ભુત જયોગી,
લજ્યા ખોની, કામોગી.
તન કાન ફ્ટોગી, બેશુધ હોગી,
કરત હે પુંગી કુકંદા;
સદગુરૂકા બંદા, બ્રહ્માનંદા,
સાચ કહંદા સબ હંદા.........(૨૫૭)

અર્થ—આધુનીક સમયના જોગીનાં લક્ષણનું બ્રહ્માનંદ કવિ વર્ણન કરે છે કે તેઓ નામે જોગી કહેવાય છે પણ તેની ભોગમાં નિરંતર પ્રીતિ રહે છે. દુનિયાના વૈભવ માણવાના જેના અંતરમાં સતત્ ધખારા રહે છે, ડગલે ને પગલે પાપ કરી પાપના ઢગલા બાંધે છે, માંસમદિરા ખાય છે, મલીન હેતુ પાર પાડવા માટે ઇશ્વર આરાધના ત્યાગી ભુત પ્રેતની ઉપાસનામાં વય વિતાવે છે, લાજને ત્યાગી કામવાસનાને ચાહે છે, દેખાવ કરવા કાન વીંધાવી મુદ્રા પહેરે છે, અને સંત લક્ષણની શુધબુધને ત્યાગી પ્રતિષ્ઠા વધારવા પુંગી નામનું વાજું બજાવે છે. આવા જોગી ઢગલે ઢગલા દેખાય છે પણ સત પુરૂષ તો જવલ્લે કોઇ વીરલોજ હશે.

" સત્સંગ શું કરે છે ? "

(છપ્પય.)

તીન તાપકી ઝાલ, ઝર્યો પ્રાની કોઉ આવે;
તાકુ શીતળ કરત, તુરત દીલ દાહ મીટાવે.
કહી કહી સુંદર બેન, રેન અજ્ઞાન નિકાશે;
પ્રગટ હોત પહેછાન, જ્ઞાન ઉર ભાન પ્રકાશે.
વૈરાગ ત્યાગ રાજન વિમળ, ભવ દુઃખ કહાત જંતકો,
કેહે બ્રહ્મમુનિ આ જગતમેં, સંગ અનુપમ સંતકો. (૨૫૮)

અર્થ—બ્રહ્માનંદ કવિ કહે છે કે આ જગતમાં સત્‌સંગ એટલે સંતનો સમાગમ કેવો મહાન છે કે તેની પાસે ત્રણ તાપથી એટલે કે આધિ, વ્યાધિ અને ઉપાધિથી વ્યાકુળ થયેલો પ્રાણી જાય તો તેને સર્વ રીતે શાન્ત કરે છે અને મધુર વચન (બોધ) થી તેની અજ્ઞાનતા કાપે છે અને સત્ય જ્ઞાનનું ભાન કરાવે છે; એટલુંજ નહીં પણ જન્મ મરણના દુઃખથી મુક્ત કરી ચોરાશીના ચક્રથી દુર રાખી પરમાત્માના પરમપદને પ્રાપ્ત થવાને યોગ્ય બનાવે છે.

" ખરા પુરૂષનાં લક્ષંણ. "

બેઠે જગા સંભાળ, સમજ પગ ધરે ધરનપર;
બોલે અવિચળ બેન, લેખ લખ્યો પત્થર પર.
ખાય ઔર ખીલવાય, પહેરે ઔર પહેરાવે;
રનમેં તેજ અપાર, ધામ શીતળ સુખ પાવે.
શીળવંત શોભા સુરત, સુખ દધી કમળા સર્વકે;
કવિ મુલચંદ સુખથી ભણે, એ લક્ષન સબ મર્દકે.(૨૫૯)

અર્થ—મુળચંદ કવિ મર્દના લક્ષણનું વર્ણન કરે છે કે જે પુરૂષ હંમેશ સારા નરસા સ્થળને પીછાણી, નરસાને ત્યાગી, સારા સ્થાનપર પ્રીતિ કરી શકે છે; સમજી સમજીને પગલાં ભરે છે, અર્થાત હરેક કામ કર્યા પહેલાં પ્રથમ વીચાર કરે છે, અને પો-

તાનું વચન પાળવા માટે પ્રાણુની પણ દરકાર કરતો નથી. હંમેશા રસભર્યાં ભોજનનો અહાર કરે છે અને સુશોભિત ગજા પ્રમાણે વસ્ત્ર આભુષણુ પહેરે છે તથા અવર જે આશા કરીને આવે છે તેને અતી આદરમાનથી ખવરાવે છે તથા ઇચ્છા પ્રમાણે વસ્ત્રાભુષણુ પહેરાવે છે. સંગ્રામમાં શુરવીરતા અને પોતાના મકાનની અંદર સંસારી સુખને સારી રીતે ભોગવી શકે છે, એક પત્નિવૃત્ત પાળનાર સ્વરૂપવાન અને હંમેશાં જેનું મુખ પ્રસન્ન રહેતું હોય અને પારકા દુઃખ દેખી તેને દુર કરવાનો પ્રયત્ન કરે તથા સુખી દશામાં ફુલાય નહી કે દુઃખી દશામાં દુઃખાય નહી વિગેરે સ્વભાવનો પુરૂષ તે ખરો પુરૂષ કહેવાય છે.

પ્રેમાળ વ્યક્તિની પ્રશંસા.

(સવૈયો.)

ભ્રંગ, પતંગ, કુરંગ ભુજંગમ,
કુંજ શીખા સુર પુંગીન લેહે;
મોર પપીહ, ચકોર, ચુપ કજ,
ઘોર, વૃષા, શશી, સુર ચહેહે;
હારન, મીન, મરાલ, જુરાફુહી,
કાષ્ટ, જલં, સરજોરી જુરેહે;
દેહકુ છેહ દઇએ ઇતને પર,
નેહકુ છેહ પ્રબીન ન દેહે...........(૨૬૦)

અર્થ—ભમરો કમળને ચાહે છે, પતંગીયું દિપકને ચાહે છે, મૃગલું નાદને ચાહે છે, સરપ મોરલીને ચાહે છે, મોર ગર્જનાને ચાહે છે. ચકોર ચંદ્રને ચાહે છે, બપૈયો વરસાદને ચાહે છે, કમળ સુર્યને ચાહે છે, હારન નામનું પક્ષી સુકાં કાષ્ટને ચાહે છે, માછલું પાણીને ચાહે છે, હંસ સરોવર કિનારાને ચાહે છે, મતલબ કે તે એકબીજા ઉપર આશક છે. અર્થાત તેનાં જીવન તેના વડીએ નભી રહે છે, તો જેનાં જે આશક હોય તેની માશુકથી તેને જુદાં

પાડવા કરતાં તે આશકને મારી નાંખવાં એ શ્રેષ્ટ છે; પણ માશુક વગર તેને રિબાતી દશામાં રખડાવવાં એ મહાન નેષ્ટ છે હે સજ્જન, કોઇ આશકને માશુકથી એટલે કે સ્નેહીને સ્નેહીથી જુદાં પાડવાને પ્રયત્ન સ્વપ્ને પણ ન ઇચ્છવો.

"પીયુ વીયોગી પ્રેમદાના અંતર ઉદગાર."

(સવૈયા,)

જાઈ કહો ચિત્ત ચાહી ચકોરકુ,
કાહીકુ ચંદ્રપે ચિત્ત લગાવે;
આર કહો સબ કંજનકો,
તુમ ગંજન બીન કયુંહી કુમલાવે;
નીરજકુ તુંહી ધીરજ દેહ કયું,
નીર બીનાં નહી ધીર ધરાવે;
દેહુ સીખામન સો સબકું,
સખી તોરી સીખામન મોકુ ન ભાવે.....(૨૬૧)

અર્થ—પીયુ વિયોગી પ્રેમદાને પીડાતીજોઇ તે પ્રેમદાને તેની હુચરી શીખામણ આપે છે કે, હે સુંદરી! તું આવી તે કેવી કોમળ હૃદયની છે કે તને વારંવાર પીયુ વિયોગે વ્યાકુળતા થઇ આવે છે? જરા ધીરજ ધર અને વિચાર કર કે તારી આવી દશા થવાથી તારૂં માનપણાનું ગૌરવ લુંટાઈ જાય છે. આ શીખામણથી ચીડાઇ પેલી સુંદરી સખીને ઉત્તર આપે છે કે, હે સખી! તું મને શીખામણ આપે છે તે નિરૂપયોગી છે, કેમકે તારી શીખામણ મને બીલકુલ અસર કરનારી નથી; માટે હું તેને નથી ઇચ્છતી તો તું ચકોર કમળ, મીન વિગેરેને શીખામણ આપ, કે જેની દશા ચંદ્ર, ભમર અને પાણી વિના ખરાબ થાય છે તે થતી અટકે.

" સઘળી સંપત્તિ ચર્ણમાં કયારે છુંદાશે ? "

(કવિત.)

ધીરજ ન છાંડીયે રૂદયા ચીયેન ધનધામ,
દીન બચન ભાખે નહી દીનતા મરેગી;
ચિન્તામન માનો ચિત ચાતુરી ન ત્યાગો,
શીર નિચકો નવાયે નહી આપદા ટરેગી;
રઘુવીર અદ્ભમ આધિન હોય મતે રહો,
શેખીકે છાંડે નહી સંપદા ભરેગી;
જા દીન રઘુનાથ હાથ છાંય ધરેગી આય,
ત્યાં દીન સંપત્તિ આય પાયનમેં પરેગી.(૨૬૨)

અર્થ—હે સુઘડ નર! વિપત્તિ વખતમાં વિપત્તિ વિદારી સંપત્તિ મેળવવા માટે શાંન્તીનું અને ધીરજનું ખુન કરી પ્રવત્તિને પોષી કોઈ પાસે દિનતા ભાખવાથી એટલે પોતાની દુર્બળતા છતી કરવાથી કે કોઇને વીંનતી કરવાથી અથવા તો પુરૂષપણાનું અભિમાન અળગું કરી કેવળ નિરમાલ્યપણે આધિપણાંએ વર્ત્તવાથી સંપતિ મળશે નહીજ. કદાચ મળશે તોપણ તે મિથ્યા એટલે અલ્પ વખત નભિ રહે અને પાછી ત્વરીત નાશ પામે તેવી મળશે. પણ જ્યારે તારાપર પરમાત્માની કૃપા થશે ત્યારે વગર પ્રયાસે વગર ઇચ્છે સંસારની સર્વ સંપતિ તારા ચર્ણમાં છુંદાશે અર્થાત પ્રાપ્ત થશે.

" પંડિત પરીશ્રમ કોણ જાણે ? "

(દુહો.)

પંડિત જનકો શ્રમ મરમ, જાનત જે મતિધિર;
કુબહુ બાજ ન જાન [illegible], તન પ્રસુતકી પીર.....(૨૬૩)

અર્થ—ઘણા ઈનસાન પંડિત કવિ અને લેખકની કૃતિ જોઈ સુગ ધરે છે અથવા તો તે કૃતિનાં છિદ્ર તપાસી તેમાંથી પોતાની ખળ માન્યતા પ્રમાણે ખોટ કાઢી પોતાનું ડહાપણ દાખવવા પ્રયત્ન

કરે છે. પરન્તું તે કૃતિ નિપજાવતાં તેને કેટલો પ્રયત્ન પડયો છે અને તેને કેવી કેવી વ્યક્તિઓ પ્રત્યે લક્ષ રાખવું પડયું છે તેનું તેઓને ભાન થતું નથી. તે કેવી રીતે કે જેમ વાંઝણીને પ્રસુતાની પીડાની માહીતી નથી તેવી રીતે પણ તેનું ભાન તો જે સજ્જન હોય છે તેનેજ થાય છે.

"ગ્રહણ કેમ ન થયું ?"

(કવિત.)

એક સમે પુરણ ઉદ્દોત જોત સસી ભયો,
સુની કે ગ્રહન દેખેં લોક સબ ધાય કે;
જ્યોતિ કીસી જ્વાલબાલ ઇંદુસો મુખારવિંદ,
કહે ગુનદેવ મ્હેલ ઠાઢી ભઈ આઈ કે;
ચંદ્ર આર ચંદમુખી યાહી ગ્રસું એક ગ્રસું,
એસેહાં બિચાર નિશી સારીહી બીનાઈ કે;
ચંદ્ર ભયો અસ્ત ચંદ્રમુખી નિજ ગ્રહ આઈ,
રાહુ ગયો ગેહ નિજ હીયે પસ્તાઈ કે......(૨૬૪)

અર્થ—પુનમનું ગ્રહણ છે એવું પંચાંગદ્વારા જાણીને રાત્રે જ્યારે ચંદ્રમા ઉદય થયો ત્યારે નગરનિવાસી નર નારીઓ પોતપોતાના વાડામાં ઉભાં રહી ચંદ્રને કેવી રીતે ગ્રહણ લાગે છે અર્થાત રાહુ ચંદ્રને કેમ ગળે છે તે જોવાને ઉભાં અને તેજ મીસાલે એક સરવાંગે સુંદર મુગ્ધા કે જેનું મુખ ચંદ્રની સમાન પુર્ણ પ્રકાશમય હતું તે પોતાના મહેલના ઝરૂખાએ મુખ બાહેર કહાડી ચંદ્રગ્રહણને જોવા ઉભી. વખત પ્રમાણે રાહુ આવ્યો પણ તે રાહુએ એક તો આકાશમાં ઉગેલો અને બીજો ઝરૂખામાં ઝુકેલો (પેલી ચંદ્રમુખી મુગ્ધાનું મનોહર મુખ) એમ બે ચંદ્ર દીઠા અને તેમાં ખરો ચંદ્ર કોણ અને કોને ગ્રહુ એવા તર્કવિતર્કમાં સારી રાત વિતાવી એટલે પ્રભાત સમય નજદીક આવ્યો અને ચંદ્ર અસ્ત થયો. પેલી મુગ્ધા મંદિરમાં ગઇ અને ચંદ્રને ગ્રહયા

શિવાય તર્કવિતર્કની ભ્રમણામાં વખત ગુમાવનાર રાહુ જેમનો તેમ પોતાને સ્થાનકે ગયો. ગ્રહણ થયું નહી જેથી લોકો અજાયબીમાં પડયાં.

" સ્થાન કયારે છોડી જવું ? "

(કુંડળીઆ.)

હંસા હ્યાં રહીએ નહીં, સરવર ગયે સુકાય;
જો રહીયેં તો શીશપર, બગુલા ધરી હે પાય.
બગુલા ધરી હે પાય, કંહાં આદર નહીં વહે;
જગત હસાંહીં હોઈ, બહુરી મનમેં પછી તહે.
કહે ગીરીધર કવીરાય, દીન હીન બાઢે સંસા;
યાહુસેં ઘટી જાય, તબૈ ક. કરી હ હંસા. (૨૬૫)

અર્થ—સુકાઇ ગયલા સરોવરપરના હંસ પ્રત્યે ગીરધર કવિ કહે છે કે હે હંસ સરોવર સુકાઈ ગયા પછી ત્યાં રહેવું નહીં, કારણકે સુકાઈ ગયલાં સરોવરના કિચડના કિડા ચુટી ખાવાને ત્યાં અનેક કીડાભોગી કાગડા આવશે જે સઘળાઓ તારી હાંસી કરી તને પોતાની ચાંચો વતી પ્રહાર કરશે, એટલુંજ નહી પણ ન છાજતી રીતિએ તને ગુણહિન સમજી તારૂં અપમાન કરશે તો એવા અપમાનમાં રહેવું એ તારા જવા નિરક્ષિરને જુદાં કરવાને શકિતવાળા અને મોતીનો આહાર કરનાર હંસને લેશ પણ ઘટીત નથી. માટે ઉડી જા, અને તારા લાયક અન્ય સ્થળે જઇ નિવાસ કર (સજ્જન પુરૂષ પ્રતિકુળ સંજોગના પ્રભાવે તદન નિર્બળ સ્થીતીમાં આવી આવી પડયો હોય અને તેવે સમે દુર્જનનું પ્રાધાનપણું હોય ત્યારે તે સ્થળને ત્યાગી તેણે અન્યસ્થાને વસવું એ ડહાપણ ભરેલું છે.

" પ્રધાન લક્ષણ પ્રશંસા. "

(કવિત.)

એસો બોલ બોલે નાંહીં, આપ હું ન બાંધ્યો જાય;
બાતહુકો આપ કે, બનાય કહે જાનીયે;

ચંચળતા ધીર ગુન, હેમન હસાબ સુધો;
લેખન પઢન સબ, ચાતુરી સો જાનીયે;
ધરે હીન રંક છાંડ, બડે કુન ગ્રહે રહે;
અદલ નીયા વહીં કો, મેટત ન માનીયે;
એસી રીત દેખી એસી, જગત ખાને જસુ;
એસી રીત કારભાર, ઉંનકો બખા જાનીએ;.......(૨૬૬)

અર્થ--બોલતાં કે લખતાં એવું સાવધપણું વાપરે કે તે બોલ કે તે લેખ પોતાને કોઇ દીવસ બંધનકર્તા ન થાય, તિવૃતા, ધિરતા અને ગુણજ્ઞતાને નિજ હૃદયમાં નિરંતર વાસ આપનાર, દરેક જાતની ભાષા બોલી જાણતો હોય, લખી જાણતો હોય અને વાંચી વિચારી જાણતો હોય, રાંક પ્રત્યે કટાક્ષથી ન જોતો હોય તેવો, પ્રજાના શુભમાં અને રાજ્યની આબાદિમાંજ પોતાનું હિત માનનાર અને ન્યાય અન્યાયની ત્રાજવીનાં પલ્લાં અદલ રીતે ઉંચકી શકે વગેરે લક્ષણવાળો પ્રધાન પ્રધાનપદને લાયક દેખાય છે, અને તેવો પ્રધાન દરેક રાજાએ પોતાને ત્યાં આદરમાનથી રાખવાનો પ્રયત્ન કરવો કે જેના લીધે રાજા પ્રજાનું ગૌરવ આબાદ જળવાઈ રહેશે.

"ભામાનું હૃદય કયારે ભેદાય ?"

(સવૈયો.)

તમ ગાઢ નીસા ઝરી બદરકી,
તડીતા તરપે તરસેં છતીયાં;
કહે માન ઉચાર ઉઠે મુરવા,
ઘન બાગનતેં લપટી લતીયાં;
પંતીયાં ન મીલે પીયાકી કરકે,
ઘરકી છતીયાં ન સુની બતીયાં;
અલી આજ મનોજ લીયે કીતીયાં,
તીય બેદન શ્રાવનકી રતીયાં.........(૨૬૭)

અર્થ—શ્રાવણ માસની ભર હેલીમાં અંધારી મધ્યરાત્રીએ આકાશમાં વિજળી ચમકે છે અને વરસાદની ગર્જના થતાં મોરનાં ગણુ બોલે છે તે વખતે વલ્લભ વિયોગી વામાનાં ચિત્ત (હૃદય) એકલ અવાસમાં સેજને વિષે ભેદાય છે.

" કોનું જીવન ભુત સમ ગણાય છે ? "

(દુહો.)

મુકત મનુષ્ય તન પાયકે, કરીન હરીસેં હેત;
પાપભાર સીરપર ભરે, જીવત સેજે પ્રેત..........(૨૬૮)

અર્થ—અનેક જન્મના પુન્ય જ્યારે ઉદય થાય છે ત્યારે પ્રાણીને મનુષ્યાવતાર પ્રાપ્ત થાય છે કે જે મનુષ્યાવતાર પ્રભુનું ભજન કરી મુક્તિપદ મેળવવાને એક અમુલ્ય સાધનરૂપ ગણાય છે. તેવો અવતાર પામ્યા છતાં પણુ હરીને નહીં ભજતાં કેવળ પ્રપંચ અને પાપ વૃત્તિમાંજ સતત્ દીવસો ગાળે છે તેનું જીવન જગત્‌માં ભુત્ પ્રેતના જેવું ગણાય છે.

" પ્રેમનો પ્યાલો. "

(દુહો.)

પ્રેમ પીયાલા જીન પીયો, તાકો શુધ્ધ ન બુધ્ધ;
બાનાસુર તન્યા છકી, લખી છબી અનિરૂધ્ધ....(૨૬૯)

અર્થ—પ્રેમ નિશાનું પાન જે કોઈ નરનારી કરે છે તે એવાં તો દૈવી મસ્તીમાં ડોલે છે કે તેને પોતાના શરીરનું ભાન કે સંસારનું મિથ્યા ભાન રહેતું નથી. તે કોની પેઠે કે, ચીત્ર લયાના કરથી આળેખેલી અનિરૂદ્ધની છબી જોઈ બાણાસુરની પુત્રી ઓખાની જેવી રીતે દશા થઇ.

" કોણ કોનું ગ્રાહક ? "

(દુહો.)

ગૌરી ગ્રાહક રત્નકી, ગુન ગ્રાહક રાજન;
કવિતા ગ્રાહકકો રસિક, ભુપતિ ભોજસમાન(૨૭૦)

અર્થ—નવયોવના સુંદરી રત્નને ચાહે છે, એટલે કે અનેક જાતનાં કિમતી અને ભિન્ન ભિન્ન રંગ જાતનાં માણેક મોતિ વિગેરે જવાહીરને ચાહે છે. અનેક પ્રકારના ગુણને રાજકર્ત્તા ચાહે છે (રાજકર્ત્તામાં અનેક જાતના ગુણ હોય તોજ તે સઘળી પ્રજાનું ભલું કરી જગતમાં પોતે નમુનેદાર રાજકર્ત્તા તરીકે પંકાય છે) અને રસિલા પુરૂષો કવિની કાવ્ય કૃતિને ચાહે છે કે જે કાવ્યથી તેને દરેક જાતના રસની માહિતી મળે છે.

" જોડાથી કોને વધાવવો ? "

(કવિત.)

ચંચલ લવારી ચોર ચુગલ હરામખોર.
કુડેહી કુપાત્ર એસે, તે સેકુન ધારીયે;
ગીતાહી પુરાન શ્રુતિ નિંદાહી કરત રહે,
એસેહીં અધમહુકી સંગહુતે હારીયે;
પુત્રી અરૂ ભગિનીપર દુષ્ટ જો કુદ્રષ્ટિ કરે,
દોસ્તીમેં દગા બચન ચુકે વો નીવારીયે;
હીરાલાલ કહે યારો ચાતુરકુ શીખ દેની,
એસેંહી મનુષ્ય વાકુ જુતા દો દો મારીયે(૨૭૧)

અર્થ—અસ્થિર મનવાળો, બોલકો, ચોર, ચાડી કરનારો હરામનું ખાવામાં હોંસીલો હોય એવાને, ગીતાજી, પુરાણ શાસ્ત્ર અને નીતિની નંદા કરી તેના મહાન પવિત્ર વાકયોપર પગ ધરનારો એટલે કે તેનો અસ્વીકાર કરનારો હોય દીકરી, બેનપર ખરાબ નજર નાખનારો, દગાભરેલી દોસ્તી સાંધનારો અને

આપેલા વચનમાં પલટી જનારો હોય એવાને હીરાલાલ કવિ કહે છે કે સુજન નામ સારા માણુસે જોડાથી અર્થાત્ પગરખાંથીજ વધાવવા.

" પૈસાનો પ્રતાપ. "

(કવિત.)

દામહીંસો આઠો જામ, બુદ્ધિકો પ્રકાશ હોત,
દામહીંસો સબે ઠોર હોત બડો નામહે;
દામહીંસો ભૈયા બન્ધુ આય સબ રૂજુ હોત,
દામહીંસો બનહુમેં હોત સબ કામહે;
દામહીંસો સભામાંહી, આદરકો પાવત એહ,
દામહીંસો ઘરમાંહી હોત બીશ્રામહે;
કહે કવી હેમધર બાંનીપેં બિચારી દેખો,
મેરે મન બીસો બીશ્વા દામહીકા કામહે....(૨૭૨)

અર્થ—આ જગતમાં પૈસાનો એટલો બધો પ્રતાપ છે કે પૈસાવાળાની બુદ્ધિ ખીલે છે, એટલે કે તેના મગજમાં અનેક જાતની કલ્પના સ્ફુરે છે, ઠેકાણે ઠેકાણે તેનું નામ સારા રૂપમાં ગવાય છે. ભાઈ બહેન વિગેરે કુટુંબ પ્યારથી પરાણે ચાહે છે. કદાચ પૈસાવાળો માણુસ જંગલમાં મંગળ, કરવા ધારે તો કરી શકે છે. રાજાધિરાજની સભામાં અધિક માન પામે છે. પોતાના અવાસમાં પુર દમામથી રહી શકે છે. મતલબ કે સંસારીનાં જેટલાં પ્રશંસા-પાત્ર સુખ ગણાય છે તે પૈસાવાળો સહેજ પ્રાપ્ત કરી શકે છે, અને તેથીજ પૈસાનું પ્રાધાનપણું ગણાય છે.

" ગજરાજ પોતાના શીરપર ધુળ શા માટે ચહડાવે છે ? "

(કવિત.)

મંજન અથાહ નીર બાસહે બીસાલ જહાં,
ઝારહે અઢાર ભાર વિંધ્યાચલ પારકે;

મેવા અહાર કાજ અનેક ભાત ભાતનકે,
કરીનીકે યુથ મધ્ય કરનો વીહારકે;
વેતો સુખ ગયે અબ રહે માર અંકુશકે,
જંજીર જરેહે લોહ પાયમેં પસારકે;
ડારત હે ગજરાજ રજ શીશપે ઉઠાય,
ઝુરત હે બારબાર વે દીન સંભારકે........(૨૭૩)

અર્થ—વિંધ્યાચળ જેવા મહાન પર્વતની તળેટીમાં આવેલી અઢાર ભાર વનસ્પતિથી ભરેલી ગેબી ઝાડીનાં વિશાળ વૃક્ષનાં કુંણાં કુંપળયાં અને રસથી ભરેલાં મીઠાં ફળનો અહાર કરી તેની શાખા ડાળીપર સુંઢને વિંટાળી હિંચોળા ખાધા બાદ યુવાન અને મદમસ્ત હાથણીઓના યુથમાં નજીકમાં આવેલા સરોવરમાં કે જેના પાણીનું માપ ન થઈ શકે તેટલું ઉંડું અને નિર્મળ તેમાં હાથણીઓ સાથે પડી તરવાના અને કેલી સુખ લેવાના દીવસ ગયા અને તેના બદલે હવે પરતંત્ર થઈ રહેવું, પગમાં લોઢાનાં મજબુત અને વજનદાર જંજીર અને નિર્દય માવતના અંકુશના માર ખાવાની વખત આવી, એ વિચારથી હાથી રસ્તે ચાલતાં સુંઢ વતી રસ્તાની ધુળ લઈ પોતાના માથાપર વેરે છે, અને આગલા સ્વતંત્ર સુખના દીવસને યાદ કરી હ્રદયમાં રોવે છે.

" આદીત કવિની યાચના. "

(કવિત.)

પાડાહું કે કાંધ જેસી ફલેતીન ફસલકો,
ગામકો સમીપ જાસો કાલહુમેં જીજીયેં;
ખાતરકી ભારી કાલી રહત રસાલી સદા,
દેખ દેખ કુંનબીકો મનહું પતીજીયેં;
બાડ ઝાડ ગઢ બહુ ધરાજયો ધમંડે રહે,
ત્રાંબા પત્ર લીખીવાય એસી જમી દીજીયે;

દામાજીકે નંદ ગાજી સુનચે શ્રી માનારાવ,
આદીત કવિસર દરદ દુર કીજીયેં....(૨૭૪)

અર્થ—દામાજી રાજના પુત્ર આગે જઇ આદીતરામ કવિએ પોતાના અર્થે થોડીએક જમીન માગી તે એવી જમીન આપવા જણાવ્યું કે જે જમીન ગામના નજીક ભાગોમાં હોય, ખાતરથી ભરેલી, રંગમાં કાળી, સદૈવ રસવાળી, કીલ્લા જેવી જેને ફરતી ઘાટી અને જબરી વાડ હોય તેવી વરસમાં ત્રણ વખત પાક આપતી હોય તેવી, જેને જોતાં કૃષીલોક મોહ પામે તેવી જમીન ત્રાંબાના પત્રામાં બક્ષિશપત્ર લખી આપી મારૂં દળદર દુર કરો.

"મુરખની મતિ કેવી?"

(સવૈયા.)

વિધિ ભેદ નિષેધ ન જાને કછુ,
મનકે અનુંસાર લહી સોલહી;
નહી રીતહે વેદ પુરાન નકી,
અનરીત ચુંટેક ઠહીસો ઠહી;
સમુજાય નહી સમજ ગુરૂકે,
ઉરકે અનુમાન કહીસો કહી,
યહ તામસી જ્ઞાન આને ન કહે,
હઠી મુરખ ગાંઠ ગહીસો ગહી.........(૨૭૫)

અર્થ—શ્રૃષ્ટિ બનાવનાર બ્રહ્મા તરફ શ્રષ્ટિવાસીઓએ કેવી રીતે વર્તવું ? તે નિયમને લેશ પણ નહી અનુસરતાં આપ મતિ પ્રમાણે ઠીક જણાય તે પ્રમાણેજ વર્તવું. વેદ, પુરાણનાં ફરમાનની પરવા તજી જે રસ્તો મળ્યો તે રસ્તે જ જવાને ટેવાવું, અને વડીલ–માબાપ–કે બુદ્ધિશાળી ગુરૂ પણ તેમ ન કરવા સમજાવે તો તે તરફ બિલકુલ લક્ષ ન આપવું અને સદૈવ અગ્નિના જેવા ભડકા વાળો સ્વભાવ રાખવો એટલે વાત વાતમાં દરેકની સાથે તપી જવું

અને વગર સમજ્યે તકરારનું બી રોપવું એ સધળાં મુર્ખ માન- વીનાં લક્ષણ છે.

" જશ વગરની દોલત કેવી ? "

(છપ્પય.)

જરો રૂપ ગુન પખે,
જરો બીન તેજ તુરંગમ;
જરો મિત્ર સું કપટ,
જરો દુરિ જન સું સંગમ-
જરો અર્થ બીન બાત,
જરો ભાવત બીન હાંસો;
દુઃખ બીન દારૂ ઝરો,
જરો એકલડો વાસો,
પાંત ફુલ ફલ બીન જરો,
સો સોમલ રૂપ અકલ ફલ;
કવિ ગદ્દ કહે રે ગુની જનો,
જશ બીન સંપત જાઓ જલ....(૨૭૬)

અર્થ—પાણી વગરનો ઘોડો એટલે કે અડીયલ ટટ્ટુ–મિત્રની સાથે કપટથી વર્તનાર મિત્ર, દુષ્ટની સોબત, ફાયદા વગ- રની બેમતલબની વાત, મરજી વગરની મશ્કરિ દરદ વગરનું ઓસડ, જ્યાં આપણું કોઇ નહી ત્યાં એકાએક વસવું, પાન, ફળ અને પુષ્પ વગરનું ઝાડ એ સર્વ વસ્તુ બાળી દીધા જેવી છે. તેવીજ રીતે જશ વગરની દોલત પણ બાળી મુકવા જેવી છે. મતલબ કે દોલત હોય અને જશ અર્થાત નામના, ખ્યાતિ સારી ના હોય તો તે દોલત હોવાથી શું ફળ ?

" પરમ સ્નેહિનો વિયોગ કેવો લાગે છે ? "

(કુંડળીઓ.)

મિત્ર બીછોહા અતિ કઠીન,
મત દીજે કિરતાર;
વાકે ગુન જબ ચિત્ત ચડે,
બર્ત ન નયન અપાર,
મેઘ સાવન ઝુરી લાઇ;
અબ બીછુરે કબ મીલો,
કહો કૈસી બની આઈ,
કહે ગિરધર કવિરાય,
સુનો હો બીનતી એહા;
હે ! કિરતાર દ ' ' ઉ,
દેહ નહીં મિત્ર વિછો‿ ....(૨૭૭)

અર્થ—ઇન્સાનને આ માઇક પદાર્થવાળા વૈભવથી ભરેલા ક્ષણીક મોહક સંસારનાં અન્ય જે જે દુઃખનાં આવરણો આવે છે તે સહન થઇ શકે છે, પરન્તુ વ્હાલાંના વિયોગથી અર્થાત્ તેનાથી વિમુખ થયાથી તેનું દુઃખ લેશ પણ સહી શકાતું નથી, કારણ કે જ્યારે તેના ગુણ, શીલ, અને વર્તન યાદ આવે છે, ત્યારે શ્રાવણ માસની મેઘવૃષ્ટિ માફક નેત્રમાંથી આંસુની ધારા થાય છે; અને હવે ક્યારે અને ક્યાં મળું એવી ઝંખનાના ગેબી સ્વર હૃદયની ક્ષિણમાંથી પળે પળે ઓહ્યા કરાય છે, તો હે પ્રભુ ઈન્સાનને તેનાં વ્હાલાથી કોઇ દીવસ જુદાં ના કરતો.

"અણુજના આશ્રયીને જીવતો મુવો સમજવો."

(કુંડળીઓ.)

હીરા અપની ખાનકો, બારબાર પછીતાય;
ગુણ કીંમત જાને નહીં, તહાં બીકાનો આય.

તીહાં બીકાનો આય, છેદ કરી કહીંમેં બાંધ્યો;
બીન હરદી બીન લવન, માંસ જ્યોં કુહવર રાંધો.
કહે ગિરધર કવિરાય, કહાં લગી ધરીયે ધીરા;
ગુણુ કીંમત ઘટી ગઈ, એહી કહી રોયો હીરા.(૨૭૮)

અર્થ—અમુલ્ય હીરો વિચાર કરે છે કે હું મારી ખાણુમાંથી બહાર નીકળ્યો એ ભુલ કરી છે અને એમ કહી પસ્તાયો. બહાર પછી જે ઈન્સાન ગુણુને સમજતો નથી એવાના હાથમાં પડયો એથી દીલગીર બન્યો અને જેમ કુવડ ઓછી આવડતની કમઅક્કલ સ્ત્રીના હાથમાં આપેલી રાંધવાની વસ્તુમા નહીં મસાલો, નહીં, મીઠું હળદર નાખે ને એમનું એમ બાફી આપે તેવીજ રીતે હીરાનો ગુણુ નહીં જાણુનારે તેને છિદ્ર પાડી કેડપર બાંધ્યો ત્યારે તો પોતાની લેશ પણુ કીંમત નહીં, એવું માની હીરો પોક મુકીને રડયો. * * * જ્યાં ઈન્સાનની માણુસાઇની કીમત કે કદર થતી નથી તેવા અજ્ઞાનને પનારે પડી રહેવું એ જીવતે મુવા જેવું છે.

" અમિ રસને બદલે અંગારા. "

(દુહો.)

જીન નેંનોસે દેખતે, કહાં ગયાં વો નેન;
પ્રીતમ પ્રીતિ બડાયકે, અબ લાગે દુઃખદેન.(૨૭૯)

અર્થ—જે નેત્રને જોતાં વ્હાલભર્યાં અમિરસનાં વેગવંત ઝરણાં વરસી રહેતાં એ નેત્ર બદલાઈ ગયાં અને તેને સ્થાને એવાં તે કેવાં નેત્રો ગોઠવ્યાં છે, કે જેમાંથી અંગારા ઝરે છે?

" પિયુ વિયોગી પ્રેમદા. "

(દુહો.)

પંખ નહી બીન પંખહો, કહ વીધ ઉડકે જાઉં;
દરસ પિયારે શ્યામકો, બીન પંખ કૈસે પાઉં.(૨૮૦)

અર્થ—પ્રીતમ વિયોગી પ્રેમી પ્રેમદા નિરાશ થતી ઉદ્ગાર કહાડે છે કે હે પ્યારા ! તને મળવાને તલસું છું, પણ પરમાત્માએ મારા પીંડમાં પાંખો ન આપી એટલે હું શી રીતે ઉડી આવું ? ને પાંખ વગર હવે તને શી રીતે મળી શકું ?

" ઇશકથી અલગ રહેવું. "

(દુહો.)

ઉપજે ઇશ્ક જુ અંગતે, રહે અંગકે બીચ;
હાડ માંસ ગલીવો કરે, ઈશ્કન જાનત નીચ. (૨૮૧)

અર્થ—ઇશ્કનાં એવાં તો બેઇમાની લક્ષણ છે કે–તે જે હૃદય (અંગ)થી જન્મ પામે છે તેજ અંગનાં હાડ અને માંસ ઉપરાંત રૂધીર પણ સુચી લે છે. આખરે તે અંગને ખાલી ખોખાં જેવું બનાવી દે છે. મતલબ કે ઇશ્ક વીંછીનાં બચ્ચાં જેવો છે, એટલે કે વીંછીનું બચ્ચું જે માદાથી પેદા થાય છે તેજ માદાનો તે ભક્ષ કરે છે. અરે ભલાં અને ભોળાં સહોદરો તમે આવા ઉત્પત્તિનાં સ્થાનને ખાનારા ઇશ્કથી સદા અલગ રહેજો.

" કયારે તરશો. "

(સવૈયો.)

દુઃખ ઔ સુખ પાપ યો પુન્ય દુઔ.
રસ રાજકુ રોવત ગાવ તુ હૈ;
ગુન આગુન નેકિ બદિ હીતુ વૈરિ,
સુધા વિષ એક સુ ભાવતું હૈ;
કવિ બોધા અનાદર આદર ઉપર;
તૈ જીય તો સુખ પાવતે હૈ,
દિલ દારપૈ જયાલો ન ભેટ ભઈ,
તબ હયાં તરીબો ક્રા કહાવતુ હૈ............(૨૮૨)

અર્થ—ઇનસાન કહે છે કે આ સંસાર સાગરને તરી જવો છે પણ તે તરનાર તો કોઇક વીરલાજ હોય છે; કારણ કે જ્યાંસુધી દુઃખ ને સુખ, પાપ ને પુન્ય, રૂદન–હર્ષ, ગુણ–અવગુણ, વૈરિ મિત્ર, અમૃત–ઝેર, એ સમાનતા નહીં ગણવામાં આવે ને તે સમાનતા ગણ્યા પછી પણ દીલદાર એટલે દીલના યાર (પ્રભુ) ને પ્યારો ગણી તેને નહીં ભેટવા મથો ત્યાંસુધી તરવું છે, તરવું છે, એમ કહેવું નકામું છે.

"પ્રેમના માટે શું કર્યું ?"

(સવૈયો,)

રાજ તજી સુખ સાજ તજી,
ગજબાજ તજી ગતિ પાઉંસે કીની;
માતરૂ તાત તજી કુલ જાત,
શ્રીપાત ભયે તજી ભ્રાત ભગિની;
દેહ રૂગેહસેં નેહ તજીકે,
વીદેહ દશા દીલમેં ધરી દીની;
મેરે લીયે સુખ સાગરકુ તજી,
સાગર સદય બીરાગીરી લીની............(૨૮૩)

અર્થ—રાજ્ય છોડયું, વૈભવિ સાધાન છોડયુ, હાથી ઘોડા વિગેરે વાહન છોડયાં, મા, બાપ, ભાઇ, બેહેન, નાતજાત છોડયું. શરીર અને અવાસનો સ્નેહ છોડયો અને પગે ચાલવાનું પસંદ કરી વિદેહ દશામાં રહેવાનું યોગ્ય માની માત્ર પ્રેમને માટે એકાએક બુદ્ધિનો સાગર સાગર ચાલી નીકળ્યો.

"કેવાને દુરથી પ્રણામ કરવા"

(કવિત.)

ઉપરકે લેખ અતિ સુંદર બનાવત હે,
ભિતર તો શીશ લો શ્રૃંગાર રસ ભર્યો હે;

જપ તપ ધ્યાન પુજા કરત દીખાય વેકો,
ચાહત બડાઈ એસે અવગુન ના ટર્યો હે;
આપકું ન બોધ સબ જગત પ્રબોધત હે,
ભાખે પરમારથકો સ્વારથમેં પર્યો હે;
ઈન્સે જો મીલે સો તો ગયે સન્માર્ગસેં,
દુરસેં પ્રનામ કવિ રઘુરાય કર્યો હે....(૨૮૪)

અર્થ—લેખદ્વારા, કાવ્યદ્વારા અને ભાષણદ્વારા સારાં આચરણ રાખી નીતિમાં રહેવાનું સર્વને કહે છે અને પોતે પગથી તે માથા સુધી શ્રંગારમાં ભર્યો રહે, પવિત્રતા બતાવવા જપ-તપ, ધ્યાન, પુજાપાઠ વિગેરે કરે છે; પણ અંતરનો અવગુણ અર્થાત મલિનતા છોડતો નથી, પારકાંને પરમાર્થ કરવાનો બોધ આપે અને પોતે તો સ્વાર્થ શિવાય બીજું અન્ય કૃત્ય કરવા ચુકતો નથી, એવાને છેટેથીજ નમસ્કાર કરવા; મતલબ કે તેવા દાંભીકના સંગમાં ભુલે-ચુકે પણ ન આવવું. નહીં તો માણસાઈ ભુલાવી પ્રેત વ્યક્તિમાં ઘસડી જશે.

" મસ્કો કોને લગાડવો ? "

(સવૈયો)

દ્રૌપદી ઔ ગનીકા જગ ગૈધ;
અજામીલ સો કીયો સોન નીહારો;
ગૌતમ ગેહીની કૈસી તારી;
પ્રહલાદકો કૈસે હર્યો દુઃખ ભારો;
કાહેકો સોચ કરે રસ ખાની,
કહા કરીયે રવીનંદ વીચારો;
તાખન જાખન રાખીયે માખન,
ચાખન હારો સો રાખન હારો..........(૨૮૫)

અર્થ—જગતની જંજાળમાં ઉદર નિમિત અર્થે અભિમા-નથી ભરેલાં માટીનાં પુતળાંની ખીજમત કરી જીંદગી હારીએ

છીએ તેના કરતાં તેવી ખીજમત જો પ્રભુની કરીએ તો આપણું ક્યારનુંએ કલ્યાણ થઈ ગયું હોય. અર્થાત કે જે મસ્કો ધનવાનને લગાડી કાયર થઈએ છીએ ત્યારે ધનવાનો ઉદર જેટલું અને અંગ ઢાંકવા જેટલું આપે છે પણ તે માખણ માલીકના માટે રાખીએ તો માલીક ઉદર જેટલું અને અંગ ઢાંકવા જેટલું આપી અંતે મુક્તિ આપી આપણો બેડો પાર કરે છે. તેમાં પણ જો શંકા રહેતી હોય તો વિવેક બુદ્ધિથી વિચાર કરો કે, કાળાગ્રહથી પાંડવની પટરાણી દ્રૌપદીને, વેશ્યાને, વર્ણસંકર અજામીલને, ગુડના ઝપાટામાં સપડાયલા હાથીને, પથ્થર થઇને પડેલી રૂષી ગૌતમની સ્રી અહલ્યાને, પિતાના કોપના ભોગ થઇ પડેલા કીશોર કુમાર પ્રહલાદને (તપાવેલા લોઢાના થંભમાંથી પ્રગટી બચાવ્યો) એવા અનેકને બચાવ્યા તો તે આપણને શા માટે આશ્રય નહીં આપે ? પણ વાંધો માત્ર એજ કે એ દ્રઢતા આપણાથી સાંગોપાંગ રહેતી નથી અને જ્યાંસુધી નહી રહે ત્યાંસુધી આપણા પર જન્મ મરણના ફેરા અને ફેરેફેરે અભિમાનીઓની ખીજમત કરવાનું દુઃખ ટળવાનું નથી.

" સુંદરીનું સૌંદર્ય. "

(કવિત.)

દેખે દેવતાલી જહાં નુપુર ઉતાલી બને,
સખી મતવાલી જાય ધાય લાલ પરસે;
સાલી રંગવાલી, મન ઘાલી હેમનોજ પાલી,
કંજ મુખવાલી પગ લાલી મહી દરસે;
રંગ રંગવાલી, લતી કાલી ખટપટવાલી,
ચંદ કરપાલી આય ભુમીપર લરસે.
તરસે હમારો જાય પીય પરસન હેત;
રસરાસ રાસમેં, સરસ રસ બરસે;........(૨૮૬)

અર્થ—સર્વાંગે સુંદર શ્યામા સ્વામિને મળવા જતી જોઈ કોઈ ગુણગ્રાહીના ધ્યાનની તાલિ તેના માથે લાગી અને તેથી તેઓ તેનું વર્ણન કરે છે કે વાહુવાહુ ! કેવી ખુબસુરત છે કે કામમાં મસ્ત થયલી ઉતાવળે પગે પોતાના પીયુને મળવા ચાલી જાય છે કે જે ચાલથી પગનાં ઝાંઝરની ઘુઘરીઓ તાલ અને તાનમય બાજી રહી છે; શરીરે પચરંગી સાડી પહેરવાથી તેની ચમકચમકી રહી છે; શરીરે કસ્તુરિનું મર્દન કરેલ હોવાથી અંગ પ્રદેશ સુગંધથી બ્હેકી રહ્યા છે; કમળ પુષ્પના જેવું મુખારવિંદ પ્રફુલ્લતા ધરાવી કાન્તિને ઝળકાવી રહ્યું છે; પગમાં મેંદીની લાલીથી શ્વેત મિશ્રીત લાલ મિક્ષર નાજુક પગ પંજાને ખિલાવી રહ્યું છે અને શરીરજ્યોતિ જોતાં એમ જણાય છે કે ચંદ્રનો અર્ધ ભાગ અત્યારેજ આકાશમાંથી ઉતરી આવ્યો છે, સબબ કે તેનાં નવે અંગનાં રૂવાંમાંથી પ્રેમરસ અમૃત ઝરણુની માફક વરસી રહ્યા છે તે મળતાં તેના પતિનો જીવ તો તૃપ્ત થશે પણ તેને જોઈ અમને તો ધડપાપડ થઇ છે.

" કોણના વિના કોણ નકામું ? "

(ઝુલણા-કવિત.)

અશ્વ બીન દોર નહીં, હુકમ બીન તૌર નહીં;
બ્યાહ બીન મૌર નહીં, વહી જે બપાઇ.
દયા બીન દાન નહીં, દ્રવ્ય બીન સાન નહીં;
તાલ બીન તાન નહીં, જાત * * ગાઈ.
ડોર બીન ચંગ નહીં, તેગ બીન જંગ નહીં;
અંગ બીન રંગ નહીં, હોત * * ભાઈ.
યોગ બીન યુક્તિ નહીં, ગુરૂ બીન ભક્તિ નહીં;
રામ બીન મુક્તિ નહીં, બેદ * * ગાઈ....(૨૮૭)

અર્થ—ઘોડા વગરનું દોડવું નકામું, વિવાહ વગરનો મોડ નકામો, દયા વગર દાન આપવું નકામું, દ્રવ્ય વગરનું ડહાપણ

નકામું, તાલ વગરની તાન નકામી, તરવાર વગરનું યુદ્ધ નકામું, શરીર વગરની કાન્તિ નકામી, યોગ સાધના વગર વિધિ નકામી, ગુરૂમુખ વગર ભક્તિ નકામી, શમ વગર મુક્તિ નકામી, મતલબકે સાધન વગર કશું મળી શકે નહીં ને જો મળે તો તે ન મળવા જેવું નકામું થઇ પડે છે.

" પ્રભુ કેવી સ્ત્રીથી પનારો ના પાડે "

(સવૈયો.)

ભાતકો માંડ કરે નહી રાંડ,
સો ગુની સાંભર સાગમેં ડારે;
ભુલકે ખાંડ લૈ ડારત ડાલમેં,
હીંગ કુલાયકે ખીર વઘારે;
ચાકતે રોટીકુ મોહી કરે,
અરૂ કાચીહી રાખે કે નીરહીં ડારે;
ભુતસી ભનીમૈં ટાઢી રહે,
પરમેશ્વર એસીસો પાલો ન પારે....(૨૮૮)

અર્થ—ચોખા કચોખા રાંધે એટલે કે તેમાંથી શાળનાં ફોતરાં, કાંકરા અને કોદરા વીણી ચુંટી કાઢયા શિવાય જેમના તેમ આંધણમાં ઓરે (રાંધે); અડદની દાળમાં ખાંડ–સાકર નાંખે; ખીર (દુધપાક) ને હીંગ અર્થાત વઘારણીથી વઘારે; તાવડીનાં અનુમાન કરતાં પણ હમેશાં રોટલો મોટો ઘડે અને તેથી તેને કાચો રાખે અથવા તો બળેલો (દાઝેલો) રાખે આવું રાંધણું કરી જાણે એ સ્ત્રીમાં સ્ત્રી તરીકેના બીજા ગુણ શું હોઈ શકે ? અને તેવા ગુણ ના હોય ત્યારે તેમાં સ્ત્રી ધર્મ સમજવાનું ભાન તે ક્યાંથી હોય ? ને એ સર્વ ન હોય ત્યારે તો તે સ્ત્રી નહીં પણ ભુતડીજ સમજવી ને તેવી ભુતડીથી હે પ્રભુ તું પાનો ન પાડીશ.

"સમ લક્ષણુવંત ક્યારે કહેવાય?"

(દુહો.)

વિષય દુરાશા ત્યાગકે, જબ હોવે મન શાન્તી;
સમ લચ્છન સો જાનીયેં, વેદ કહત સમભાન્તી.(૨૮૯)

અર્થ—વેદ જેને સમ–બરાબર વૃત્તિનો એનેજ કહે છે કે, જે સાંસારીક સુખ વિલાસ ભોગને મિથ્યા માને અને દુષ્ટ અર્થાત મલીન આશાઓનો ત્યાગ કરે.

આવી રીતે વરતે તેનું મન અને વૃત્તિ શાન્ત થાય છે અને જ્યારે મનવૃત્તિ શાન્ત થાય છે ત્યારે સત્યનું ભાન થાય છે.

શિકાર–વ્યસની શ્યામની અને સ્વામિભક્ત સ્યામાની બ્રહ્માને પ્રાર્થના.

(દુહો.)

રાજન શિકારે જાયેંગે, નેંન મરેંગે રોય;
વીધ તું એસી રેનકર, ભોર કભી ના હોય.(૨૯૦)

અર્થ—પતિવૃતા સ્રીનો પુરૂષ શિકારી હશે ને તે જ્યારે શિકારે જાય ત્યારે ઘણુા દીવસ વિતાવતો હશે અને પાછળ પતિવૃતા તેનાં દર્શન વિના ભુખીતરશી પીયુના રટણમાંજ બેભાની દશામાં વખત ગાળતી હશે, તેવી સ્રી બ્રહ્માને કહે છે કે, હે બ્રહ્મા! તું એવી રાત બનાવ કે પાછું કોઇ દીવસ પ્રભાતજ ન થાય, ને પ્રભાત ન થાય એટલે મારો સ્વામિ શિકારે ન જાય ને સદા મારા સહુવાસમાંજ રહે.

"રટન કર્યોથીજ બેડો પાર."

(સવૈયા.)

નહીં જાનત વેદ પુરાનકો નામ,
ન જાનત જન ઓ ધ્યાન કહાંકો;

નહીં જાનત સંત સમાજકો સંગ,
ન જાનત નેમ ઔ ધર્મ તમાકો;
નહીં જાનત ચાલ કુચાલ કહા,
નહીં જાનત માંય ઓ મોહ બનાકો;
શીવદત કહે નહીં જાન કછુ,
એક જાનત હે શીવ શંભુ ઉમાકો.....(૨૯૧)

અર્થ—વેદ શ્રતિનાં ફરમાન મુજબ વર્તવું એ શ્રેષ્ઠ છે, કે ન વર્તવું શ્રેષ્ટ છે એવું કંઈ સમજતો ના હોય, તપ અને ધ્યાનમાં પણ લક્ષ ના હોય, સંત સમાજની સોહબતમાંજ શ્રેય છે એવું જેને ભાન ના હોય, વૃત્ત ઉપવાસ કરી શકતો ના હોય, રૂડી અથવા ખરાબ સોહબત કરવાથી શુભ અશુભ શું એ પરિણામની તુલના કરી શકતો ન હોય—એ વિગેરેનું જ્ઞાન ના હોય અને માત્ર એક ભોળે ભાવે શુદ્ધ હૃદયથી પેદા કરનારનું નામ રટતો હોય અર્થાત્ ભજન કરતો હોય તો તેના દરેક અપરાધ ક્ષમ્ય થાય છે અને અંતે અક્ષય પદને મેળવે છે.

" ગુરૂ ચરણનો મહિમા. "

(દુહો.)

મહિમા ચરન સરોજકી, ઈક મુખ કહી ન જાય;
અડસઠ તિર્થ નિત વસે, ગુરૂ ચરનામેં આય.(૨૯૨)

અર્થ—સદ્‌ગુરૂની સેવાનો એટલો બધો અગાધ મહિમા છે કે તે મનુષ્યના એક મુખથી વર્ણન કરવું પુરતું નથી. પણ ટુંકાણમાં એટલુંજ કે કાશી તિર્થ પાપહારક કહેવાય છે તેવાં અડસઠ તિર્થનું સામટું પુન્યબળ એક સદ્‌ગુરૂનાં ચરણ સેવાની બરાબરી લેખાય છે.

" ઉદરની અનંતતા. "

(કવિત.)

પેટ સોન બલી જાકે, આગે સબ હારી ચલે,
રાવ અરૂ રંક એક, પેટ જીતી લીએવે:

કોકી બાઘ મારત, વીદારત હે કુંજરકુ,
એસે શુરવીર પેટ કાજ પ્રાન દીએહે;
યંત્ર મંત્ર સાધન આરાધન સમાન જાઈ;
પેટ આગે ડરત નીડર એસે હીએહે;
દેવતા અસુર ભુત પ્રેત તેનું લોક પુની,
સુંદર કહત પ્રભુ પેટ જેર કીએહે..............(૨૯૩)

અર્થ—આ સંસારમાં પ્રાણીને પેટની પંચાત એટલી બધી છે કે પેટની પ્રબળતા આગળ ભલભલાની મતિ પણ ગુંચવાઈ જાય છે; કારણ કે શુરવીરો, જ્ઞાનીઓ શ્રીમંતો, તપેશ્વરિઓ, મંત્ર-તંત્ર અને યંત્રની કળા જાણનારાઓ ભુત પ્રેત વગેરે સર્વ વ્યક્તિ-ઓ એક પેટના પાપે પરવશ થઇ પડે છે.

“ ઇન્સાન રૂપે પશુ કોણ ? ”

(સવૈયા.)

દેખત મેં નરસો ખર ડોલત,
નારી ખરી મુખ લાત ખમી હે;
ગ્રામકથાસેં વિરામ ન પામત,
કામરૂ ક્રોધમેં બુદ્ધિ ભ્રમિ હે;
“હું-હું” કીયાઈ રહે નીચ વાસર,
વ્યાકુળતા ઉરમેં ન સમી હે;
બ્રહ્મ મુનિ કહે ઔર સબે ગુન,
પુંછ નહી તન એક કમી હેં............(૨૯૪)

અર્થ—દેખાવમાં પુરૂષ, પણ મતિ ગધેડાના જેવી, કુલટાઓ સ્ત્રીઓનાં અપમાન, લાતો અને તિરસ્કારભર્યા તમાચા ખાઇ મુખ કાળું થયું હોય, જગતના કાજીની પદવિ આપખુદીથી લઇ વગર કહ્યા-કહેવરાવ્યા શિવાય શહેરનાં માણસોની સાચી ખોટી વાત અને પારકાં છીદ્રો ખુલ્લાં કરવામાં ઘડી પણ નવરો ના રહેતો હોય, બુદ્ધિ

હમેશાં કામ અને ક્રોધમાં ડુબી રહેતી હોય, હું-મારૂં એવો ભેદ રાખતો હોય, અનેક જાતના શેખ સહીસાઈ મનસુબાથી હૃદયમાં વ્યાકુળતાના વમળો કાયમ ઉપડતા હોય, એવો પુરૂષ પશુ તરીકે ગણાય છે. મતલબ કે મનુષ્યની લાયકીમાંનું એક પણ ચિન્હ તેની પાસે હોતું નથી, એટલે મનુષ્ય કોટીમાં જન્મ્યો છતાં તે પશુજ ગણાય છે.

" કરેલો કોલ વિચારો. "

(સવૈયો.)

દર માસ રહ્યા જબ ગર્ભ મહીં,
તબહી પ્રભુસે તુને કોલ કીયા;
મૈં બહાર વે હરીભક્તિ કરૂં,
તેહી કારન ઓહી નીકાર દીયા;
ઈત આઈ જગતમેં ભુલી ગયા,
તેહી કારન લોક ભયે દુઃખીયા;
કબી દીહલહે મન ચેત કરો,
ભજરામ સીયા જીન જન્મ દીયા....(૨૯૫)

અર્થ—માતાના ઉદરમાં જ્યારે પ્રાણી હોય છે ત્યારે તે દુર્ગંધવાળી ઓરમાં ગુંચાઈ પડે છે; પીંડ પોષણના માટે રૂધિર વિગેરે હોય છે અને મળમુત્રનું સ્થાન નજદીક હોવાથી તેનાથી તે બહુ કંટાળી દુર થવા પ્રભુને વિનંતી કરે છે અને કબુલ કરે છે કે હે પ્રભુ ! જો તું મને હવે આ વખતે અહીંથી છોડાવે તો બાહેર આવીને હું તારી ભક્તિ કદી નહી ચુકું. આથી પ્રભુને દયા આવી અને ઉદરમાંથી મુક્ત કર્યો. મુક્ત થઈ સંસારમાં આવતાંજ તે કબુલાત અને ભક્તિ કરવાનો કરેલો દ્રઢ નિશ્ચય ભુલી જાય છે અને બાળકરૂપે તરતજ " તું ત્યાં ને હું આંહીં " એ મતલબનું રોણું " હું આંઉ તું આંઉ " શરૂ કરે છે અને ત્યારથીજ તે ભક્તિ

વિસારવાનો પાઠ પકકો કરતો જઇ છેલ્લે સરવાળે વચમાં વધારો થતાં વ્યવહારમાં લોભાઇ રચ્યોપચ્યો રહે છે અને તે સબબથીજ પ્રાણી અહીં પીડાય છે અને અંતે અધોગતિમાં જાય છે.

"પ્રભુનું નિશદિન સ્મરણ કેવી રીતે કરવું ?

(કવિત.)

ઘરમેં ઘનશ્યામ કહો આંગન અનંત કહો,
દ્વારે દામોદર કે દાસ હોય રહુરે;
ઠાઢ હોત ઠાકુર કહો બૈઠત વિશ્વંભર કહો,
ચલત ચતુરભુજ કે ચરણ ચારૂ ગહુરે;
પંથ પુરૂષોતમ કહો બીદેશ બાસુદેવ કહો,
નદિ નારસિંહ કહો પાપ સબ દહુ રે;
દીન દીનાનાથ કહો રાત રાધા રમણ કહો.
આઠો યામ સીતા–રામ, સીતા–રામ કહુ રે,...(૨૯૬)

અર્થ—આ સંસારમાં આવ્યા પછી ત્યાગી થઇને અર્થાત શરીરે રાખ ચોળી જંગલમાં વસવાથીજ ભક્તિ થાય એવું નથી, પણ વ્યવહારમાં વર્તવાથી પણ ભક્તિ થાય છે અને તે એવી રીતે કે ચાલુ જે કામ કરવાનું નિર્માણ થયું હોય તેમાં સત્ય–નેકી વાપરી કામ કરતાં જવું અને તેની સાથે પ્રભુ સ્મરણ કરતા રહેવું.

રોટીનો ચમત્કાર.

(કુંડળીઓ.)

રોટી તુજકુ રંગ હે, પાવત સબ સંસાર;
જ્ઞાનિ ધ્યાની જોગી જતી, જબ લગ લે આહાર;
જબ લગ લે આહાર, પાર ગતિ પ્રેમકી સુજે;
ભુખ સમય કછુ બાત, ઔર નર કછુ ન બુઝે;
કહે દીન દરવેશ, દેખ દેવનસેં મોટી;
પાવત સબ સંસાર, રંગ હે તુજકુ રોટી.......(૨૯૭)

અર્થ—વાહવાહ ! આ વ્યવહારમાં રોટી–રોટલી–રોટલાનો મહિમા દેવથી પણ અધિક મોટો અને પ્રાણથી પણ પ્રિય લેખાય છે અને તેનું કારણ એજ કે વૈભવ, વિલાસ પોષાક, ઘાટ, ઘરેણાં, માબાપ, દીકરો, સ્ત્રી વિગેરે વિના ચાલ્યું જાય છે પણ દિનભર પાશેર અનાજ પેટમાં ન મળે તો નથી ચાલતું અને તેજ પ્રમાણે જો ત્રણ દિવસના કડાકા થાય તો ચોથે દિવસે તો કલેવર સ્મશાન અથવા તો ઘોરમાં સુવાને લાયક નિવડે છે. ખરેખર રોટી તો રો-ટીજ, માટે રોટી મળવાનો આધાર સાચવવો.

દુશમનમાં કેવી રીતે રહેવું?

(કવિત.)

આયુન એકલો આસુપાસુ સબ બૈરી તબ,
દાંતની મેં જીભ જૈસી તૈસી ભાંતિ રહીયે;
જાનીયે નીકસી પેઠી ચાલીયે નરમ હેકે,
બહુ કરે તોપેવા સ્નેહસો ન બરીયે;
અનમિલે મીલ્યો સોં દીખાઇ પરેઇતેપર,
સતાવે તો દેવિદાસ સમો પાઈ સાહીયે;
દાઉપરે એક બોલું એસો બોલીયે જુ જુઠો,
આરપૈ દીવયે જબ ઠેરૂ કયોં ચરીયે..............(૨૯૮)

અર્થ—આપણે એકલા હોઈએ અર્થાત જે સ્થળે આપણુ સગુંસહોદર, સ્નેહિ કે પિછાણવાળું અથવા તો નાત–જાતનું પણ એક માણસ ન હોય તેવે સ્થાને રહેવાનું નકી થયું હોય અને શહેરમાં ચોતરફ દુશ્મનો રહેતા હોય તો તેવે સમે ત્યાં સજ્જન પુરૂષો કેવી રીતે સહિસલામત રહે છે, કે જેવી રીતે બત્રીશ દાંતની વચમાં જીભ રહે છે.

" મનને કેમ મારવું ? "

(દુહો.)

મનકો કહો ન કીજીયે, જહાંતહાં લે જાય;
મનકુ એસો મારવો, ટુકે ટુકે હો જાય.......(૨૯૯)

અર્થ—મનુષ્યનું મન એવું તો સ્વછંદી અને અથાહુ આગ્નિ છે કે તે ગમે ત્યારે ગમે ત્યાં પહોંચી જાય છે; એટલુંજ નહી પણ કદાપિ કાયાપર મનોરાજ્ય જમાવી કાયાને પણ પોતાને મન ગમતે સ્થળે ઘસડી જઈ મનેચ્છા સફળ કરે છે. માટે ડાહ્યા અને સજ્જન પુરૂષોએ તો એવા મત્ત બનેલા મનને દુશ્મન સમજી એવું તો વખતો વખત માર્યા કરવું કે તેના મનસુબાના ટુકડે ટુકડા થઈ જાય.

" પ્રભુ હજુર કાળું મોઢું કોણ લઇ જશે ? "

(દુહો.)

કહેતે સો કરતે નહીં, મુંકે બડે લબાડ;
કાળા મું લે જાયગા, સાહેબકે દરબાર ......(૩૦૦)

અર્થ—પારકાને જ્ઞાન બતાવવામાં શુરાપુરા પણ પોતે તો તેવું લેશ પણ પાળે નહી એવા જે પ્રપંચી હોય છે તેનું અંતે કાળું મોઢું થાય છે અને તે કાળું મોઢું લઈ માલેકની હજુર હાજર થાય છે.

" રતિ વગરનો માણસ એક રતીનો "

(સવૈયા)

રતિ બીન રાજ રતિ બીન પાટ,
રતિ બીન છત્ર નહીં એક ટીકો;
રતિ બીન સાધુ રતિ બીન સંત;

રતિ બીન જોગન હોય જતિકો;
રતિ બીન માત રતિ બીન ભ્રાત,
રતિ બીન માનસ લાગત ફીકો;
કુબી ગંગ કહે સુન શાહ અકબર,
નર એક રતિ બીન એક રતીકો..........(૩૦૧)

અર્થ—રતિ દૈવત—પાણી—માણસાઈ—અમે માણુસ તરીકેનું અભિમાન જે રાજામાં ન હોય તેને રાજપાટ, છત્ર વગેરે રાજ-સામગ્રી ટકતી નથી; રતિ વગર સાધુ—સંત અને જતિનો જોગ પણ ટકતો નથી; રતિ વગરનું સગું સહોદર પણ પરૂં થાય છે; એટલુંજ નહીં પણ જેમાં રતિ નથી એવો આદમી આ જગતના વ્યવહારમાં એક રતિ એટલે ચણોઠી ભારના વજનના સોળમા હિસ્સા જેટલો પણ તેનો તોલ કે વક્કર નથી હોતો.

" વિધિના કામમાં ભુલ. "

(કવિત.)

અનગડ તેરી બાતેં કહાલો બખાનો દઈ,
માનસમાં પ્રીતિ દીન્હી પ્રીતિમાં બીછોહ તો;
કુરન ધન દીનો સુધરન સોચ કીનો,
એસો નાહી કીનો જેસો જાહ સોહતો;
ઠાકુર કહત જોપે બી ધીમેં બીએક હોતો,
સુરનર અસુર પશુ પંછીકે મોહતો;
રૂપવંત માનસ જોપેં કસકવંત હોતો હોતી,
સોનેમેં સુગંધ તો સરાહ વેંકો કોહતો........(૩૦૨)

અર્થ—મનુષ્ય જાતમાં પ્રીતિનું ભાન આપ્યું તો પ્રીતિમાં વિયોગનું છેવટ મુક્યું. માખીચુસને પૈસો આપ્યો અને સમજુને નિર્ધન રાખ્યો એમ જ્યાં જેવું જોઈએ તેવું નહી આપતાં વિધિએ બધું ઉલટું સુલટું કરી મુક્યું છે. જાણે ખાંડમાં રેતી અને રાખમાં પાણીનો છંટકાવ.

"થવાનું હતું તે થઇ ચુકયું— બેવફા બૈરીનો પસ્તાવો."

(સવૈયો.)

અબકા સમુઝાવતી કો સમજે,
બદનામીકી બીજ તો બો ચુકીરી;
તબ તો ઇતનો ન બિચાર કર્યો,
યહ જાલ પરે કહું કો ચુકીરી;
કવિ ઠાકુર આરસ રીત રંગી,
સબ ભ્રાંત પતિવૃત ખો ચુકીરી;
અરી નેકી બદી જયો બદી હતી ભાલમેં,
હોની હતી સો તો હો ચુકીરી........(૩૦૩)

અર્થ—સખીની શિખામણ સાંભળી અજ્ઞાન આવેશમાં લુંટાઇ રહેલી સ્રી કહેછે કે હે બ્હેન ! હવે તું મને શું શિખામણ દે છે; કારણ કે બદનામીનું બીજ તો હું વાવી ચુકી છું. વિચાર કર્યા વગર પાપી જાળમાં ફસાઈ ગઇ છું. પતિવૃત ખોઇ ચુકી છું. અને નસિબમાં નેકીના બદલે બદી લેવાનું નિર્માણ હતું તે લઇ ચુકી છું. હવે હું ઘણી પસ્તાઉં તોપણ શું કામનું ?

"અગ્નિસમ હર–નામ."

(સવૈયો.)

કહા વૃત્ત નેમ ગજેંદ્ર કીયો,
કહા વેદ પુરાન પઢી ગનિકા;
અજામેલ કહા તપ ધર્મ કીયો,
જો બડી બીધ બેલ ચુરાપનીકા;
તિરથ કોન કીયે સદના,
જીને જીયનકી સુનાહ નીકા;
અધ બજા સમાન મેરૂ જલે,
હરનામ હુતાશનકી કનીકા..........(૩૦૪)

અર્થ—વૃત્ત ઉપવાસ હાથીએ નહોતા કર્યા છતાં ઝુંડપાસથી પ્રભુએ બચાવ્યો; ગુણિકા વેદપુરાણ નહોતી જાણતી છતાં પ્રભુએ બચાવી; અજામેલ જેવો વર્ણસંકર હતો તોપણ અંતકાળે "નારણ" નામ લેવાથી બચાવ્યોઃ આમ દરેક ક્રીયાહિન હતાં તોપણ ખાસ નામ રટણથીજ પ્રભુએ તેમને બચાવ્યાં તો ખાત્રી થાય છે કે એ નામ એવું ગુણવંતું અને બળવંતું છે કે મેરૂ પર્વત જેટલા પાપના ઢગલાને પ્રભુનું રજ સમ નામ અગ્નિ માફક તરતજ બાળી નાંખે છે.

" કોને જાનવર જેવો સમજવો ? "

(કવિત.)

નીર બીન કુપ કહા, તેજ બીન ભુપ કહા;
લચ્છન બીન રૂપ કહા, ત્રીયાકો બખાનવો;
કાલરકો ખેત કહા, કપટીકો હેત કહા;
દીલ બીન દાન કહા, ચિત્ત માંહી આનવો;
તપ બીન જોગ કહા, જ્ઞાન બીન મોજ કહા;
સપુત બીન પુત કહા, બુડયો કુલ જાનવો;
જીવ્હા બીન મુખ કહા, નેન બીન નેન કહા;
રામનામ બીન મુખ, જાનવર પહીચાનવો...(૩૦૫)

અર્થ—પાણી વગરનો કુવો, પ્રતાપ વર્ગનો રાજા, સારાં આચરણ વગરની ખુબસુરત સ્રી, વાવેતર ન થાય તેવું ક્ષેત્ર, દગા-બાજનું હેત-પ્રીત, હોંશ વગરનું દાન તપ વગરનો જોગ, સમજ વગરની મોજ, સપુત વગરનું કુળ, જીભ વગરનું મોઢું, કીકી વગરનાં નેત્ર એ સર્વ નકામું છે, તેમ જે મોઢામાં રામનો ઉચ્ચાર નથી તે માણસ પણ નકામું છે, અર્થાત્ પશુ જેવું છે.

" બિના સૌદા સાદાગર. "

(કુંડળીઓ.)

સાદાગર તું સમજ કે,
સાદા કરી ઈહી હાટ;
જે હ ઉઠી દીન હોય મેં,
પછી તે હૈ ફીરીબાટ,
પછી ત હૈ ફીરીબાટ,
બસ્તુ કચ્છુ ભલી ન લીની;
ચોંહી લંપટ હોઈ,
ખોઈ સબ સંપતિ દીની.
બરને દીન દયાલ,
કૌન ઓધી વ્હ હે આદર;
ગયે આપને દેશ,
બીના સૌદા સાદાગર..................(૩૦૬)

અર્થ—આ બંદો સૌદાગર તરીકે આ સંસાર વિદેશમાં સાદો નામ વેપાર કરવા આવ્યા છે જે તે વેપારને અંગે તેણે અહીંથી ઉત્તમ વસ્તુ લેઈ જવી અથાત્ વ્હોરવી જોઇએ છે. તે નહીં સમજતાં પૈસા આપીને ઉત્તમના બદલે નકામા કચરા જેવી વસ્તુ લઈ જશે તા તેના સાદો અંતે ખોટવાળા લેખાશે અને મુડી ખોઈ બેસશે.

નિંદવા જેવું શું ?

(કવિત.

આયે ગુની જાચક દુરાઇ મુંહ બેઠી રહો,
પરલોગ કાજ ધનુશીર ધરી લેઈગા;
બિના અપરાધ હકે ચાહકા સતાવે અબ,
જીતી તેનું લોગરાજ નીકો કરી લેઈગા;

બુરો નીતેં બચ્યો નાંહી સુક મતેં સંચ્યો નાંહી;
હેવદાસ જાન પન્યો માથે ભારી હેઇગો;
આયે શરનાંગત તેં આરતસેં રાખે નહીં,
અબ પુરૂષાર્થહી લેંકી બારી હેઇગો............(૩૦૭)

અર્થ—પૈસા મળ્યા પણ ગુણવાન, જાચક આશા કરીને જાચવા આવ્યો ત્યારે અવળું મોઢું કરીને પુંઠ ફેરવી બેઠો, અર્થાત તેને શક્તિ અનવ્ય આપીને સંતોષ્યો નહી તો તે પૈસો મૃત્યુ પછી શું તું ગાંઠડી બાંધી માથે લઇ સાથે લઈ જશે? વિનાં અપરાધે સંતસાધુ અને વિદ્વાનને સતાવ્યા તો શું તેમ કરી ત્રણે લોકનો રાજા થવાનો છે? સમજુ છે એવું અભિમાન રાખે છે; પણ ખરાબ કામ કરવામાં અટક્યો નહીં અને ભલાં કામમાં પ્રેમ ન કર્યો તો તે તારૂં શાણપણું શું કામનું? પુરૂષાર્થમાં શુરોપુરો છે એવું ડોળ બતાવે છે પણ તારે આશ્રે આવેલાને તેં મદદ ન આપી તો તારા પુરૂષાર્થને શું આગ લગાડવી છે? મતલબ કે એવું પુરૂષાર્થ, સમજશક્તિ, શુરવીરતા અને પૈસો એ સઘળું નિંદવા જેવું છે.

હરી હૈડામાં છે.

(દુહા.)

હૈયેમેં હરી હૈયો નહી,
હેરત ફીર્યો જહાન;
જ્યોં નીજમૈં મૃગ ભુલી મદ,
ખોજત ફીર્યો અજાન..............(૩૦૮)

અર્થ—પ્રભુ તો પોતાના હૃદયમાંજ છે પણ તે સમજ નહી પડતાં કસ્તુરિઓ મૃગ પોતાની નાભિમાંજ કસ્તુરિ છે એવું સમજ્યા વિના કસ્તુરિ લેવા જેમ દોડે છે તેમ તું હરીને ગોતવા આખા સંસારમાં નકામો આવલાં માર્યા કરે છે.

આપ રૂપ ધારીને ન જુવો.

(દુહા.)

બાર બાર પીયુ આરસી,
મત દેખો ચિત્ત લાય;
સુંદર કોમલ રૂપમેં,
દ્રષ્ટ કયું ન લગી જાય................(૩૦૯)

અર્થ—કોઇ એક સ્ત્રી પોતાનાથી પણ ખુબસુરત પોતાનો પતિ છે એવું સમજે છે અને તેથી મનમાં ભીતિ ધરે છે કે, રખેને મારા પતિને સમજ પડે કે સ્ત્રી કરતાં હું રૂપાળો છું તો મારા પરથી તેનો પ્યાર ઘટી જશે ને મને કુરૂપા કહેશે, એ ધાક ધર-નારી સ્ત્રી પતિને અરીસામાં પોતાનું મુખ જોઈ રહેવાથી કહે છે કે, પતિ ! ધારી ધારી અરીસામાં મુખ ન જુવો, નહીતો તમારી જ નજરની ચોટ તમારા રૂપ ઉપર લાગી જશે તો તેને નિવારવા ઉપાય નહી જડે.

પ્રેમનો કાંટો.

ભમરા લોભી ફુલકા, કલી કલી રસ લેત;
કાંટા લાગ્યા પ્રેમકા, હેરફેર જીવ દેત...........(૩૧૦)

અર્થ—પુષ્પનો મિઠો અને રસમય પરાગ ચુસવાની આશા-માં ભમરો મસ્ત થયો છે, પણ તે મસ્તીમાં પુષ્પની નીચેનો કાંટો તેને આરપાર વાગવાથી વિંધાયો છે; અર્થાત અન્ય સ્થળે ઉડી જવામાં ગતિમંદ થયો છે અને આખરે એ પુષ્પ–રસમાંજ પ્રાણ ગુમાવશે.

વયનો ક્રમ.

(છપ્પય.)

ભુમિ પરત અવતરત, કરત બાળક વિનોદ રસ;
પુની જોબન મદમત, તત્વ ઇંદ્રિ અનંગ બસ,

વિષય હેતુ જડ ફીરત, બહુરી પહુંચ્યો વૃદ્ધાપન;
ગયો જન્મ ગુન ગનત, અંત કચ્છુ ભયો ન આપન,
થિર રહત ન કોઈ નરપતિ, નબલ રહત એક યહું જુગજસ;
અજર અમર નરહર નીરખી જપતભકિત ભગવંત રસ (૩૧૧)

અર્થ—માના ઉદરમાંથી પ્રથમ બાળક રૂપે માણુસ પૃથ્વી ઉપર પડે છે. બાદ તે રફતે રફતે મોટું થતું જાય છે અને બાળકપણું પ્રાપ્ત કરે છે, કે જે બાળકપણું કાલી ઘેલી રમત રમવામાં ચાલ્યું જાય છે અને યુવાન દશાને પ્રાપ્ત થાય છે, આ યુવાવય પણ રસભોગી ઇંદ્રિયોની ઉમેદ પુરી કરવા માટે યુવતિના રાગ રંગમાં જઈ વૃદ્ધાવસ્થા (બુઢાપો) પ્રાપ્ત થાય છે અને આ બુઢાપામાં તો સર્વ શક્તિ શુન્ય થાય છે એટલે માણુસ કશું પણ પુરૂષાર્થ કરવામાં અશક્ત થાય છે અને અંતે જેમ આગળના મોટા ભુપતિઓ પણ કાળના ભોગી થઈ ગયા કે જેનાં નામ નિશાનનાં ઠેકાણાં પણ અત્યારે ભુંસાઈ ગયાં છે તેજ કાળના પંજામાં માણુસ સપડાઈને હતો નહોતો થાય છે.

કામધેનું સમાન કોણ ?

(કવિત.)

અરે મતિમંદ કયોં ન ત્યાગી દંદ ફંદ સબૈ,
સેવત સ્વચ્છંદ હે અનંદકી સુરાશી હૈ;
કટી મોહ ફાંસ ઐા છુટાવે જમ ત્રાસ હુતે,
સુખકો નિવાસ કરૈ, જ્ઞાનકી પ્રકાશી હૈ;
મહિમા મહેશ કહી પાવૈના હીરણ્ય ગર્ભ,
અઘ ઓઘ નાશી બસૈ યામેં અવિનાશી હૈ;
અર્થ ધર્મ કામ મોક્ષ ચારૂકો વિનાશીયહ,
કલીમેં સુ, કામનાકી કામધેનું કાશી હૈ........(૩૧૨)

અર્થ—હે ! મુર્ખ મતિ–મંદ ! અનેક જાતની આધિ વ્યાધિ અને છળકપટની લાલસારૂપ ઉપાધિને અળગી કરી સ્વતંત્રતાથી આનંદમય જીવન કરનારી કાશીને તમે કેમ ચાહતા નથી? કાશી મોહની જાળ કાપનારી છે, જમનો ત્રાસ મટાડનારી છે, જ્ઞાનનો દિપક પ્રગટાવનારી છે, સુખમાં રાખનારી છે અને પાપના પુંજને બાળનાર શ્રી મહાદેવજી જેમાં સાક્ષાત્ બીરાજે છે અને ધર્મ અર્થ, લાભ અને મોક્ષ એ ચાર વસ્તુને આપનારી છે, એટલુંજ નહીં પણ આ કળજુગમાં સર્વ સારી કામઈચ્છાને પુર્ણ કરનાર કાશી એક કામધેનું સમાન છે.

ચંદ્રમુખી ના કહો.

(કવિત.)

ચંદ્રમુખી કહેનાં નહીં કુબી ચુક હોતે શ્યામ,
ચંદ્રમે કલંક મેરો મુખ ના કલંક હૈ;
એક પક્ષ મંદ એક પક્ષમેં અમંદ શશિ,
મેરે તુંડપેં હમેશ્ય તેજ નિરશંક હૈ;
સાગરકી છાંયા પરે સાગરકે નંદ હુપેં,
મેરી રૂપ છાંયા સદા અવની અનંક હૈ;
કુહે કુબી નાથ કંથ બદનહો દેખે બીન,
કહાં શ્રી રામ અરૂ કહાં પતિ લંક હૈ............(૩૧૩)

અર્થ—પ્રેમી પિયુ પોતાની સ્વરૂપા પ્રિયાને ચંદ્રમુખીનું સંબોધન આપી બોલાવતો હતો, ત્યારે તે પ્રિયાએ કહ્યું કે પ્રાણનાથ! મને ચંદ્રમુખી કહો છો તેમાં મારી બદનક્ષી થાય છે, કારણકે ચંદ્રમાં કલંક છે અને મારૂં મુખ તો કલંકરહિત છે. વળી તે એક પખવાડયું ઘટે છે અને પખવાડયું વધે છે એવો ખોટીલો છે, અને મારા મુખમાં એ ખોટ નથી પણ મારૂં તેજ તો જેવું ને તેવુંજ સદા કાયમ રહે છે. વળી ચંદ્રના ઉપર તેના પિતા સાગ-

રની છાંયા લાગે છે, અને મારી છાંયા તો ઉલટી પૃથ્વીને લાગે છે, એટલે મારામાં ને ચંદ્રમાં સરખાપણું નથી, પણ રામ અને રાવણમાં જેટલો તફાવત છે તેટલો બલકે તેથી પણ અધિક મારામાં અને ચંદ્રમાં તફાવત છે; મતલબ કે હું ચંદ્રથી પણ વધારે સ્વરૂપવાન છું.

રોષ પચી જાય છે.

(કવિત.)

પચે નહીં ભાતુ દારી મુંગહુકી પચે નાંહીં,
પચે નહીં મીસી રોટી પેટ અહટાતી હે;
લવકી પરે દુદ્ધ હુસો કુંલી આવે પલકમેં,
કુલુકા ફ્લોરી પચે નાંહી યહ ભાંતીસે;
કઢીહુકે ચાટે દોદી બઢી હે નહીં સમાન,
દેવિદાસ એકોપીલ ઉદર ન માહીહે;
એસે મંદ ભુખ માંસ દેહ રાખી બેઠો એક,
પ્રભુકી કૃપાસે મેરી રીસ પચી જાત હે........(૩૧૪)

અર્થ—આ માંસના લોચાથી ભરેલા પીંડમાં ખોરાક જેવો કે ભાત, દાળ, રોટલી, દૂધ ભજીયાં, કચોરી, કઢી વિગેરે જઠર મંદ થવાથી મુદલ પચતા નથી, પણ ઇશ્વરકૃપાથી ક્રોધ પચી જાય છે. મતલબ કે અનાજ પાચન કરવાને જઠરાગ્નિ સતેજ હોય તેના કરતાં ક્રોધને પચાવનાર શક્તિ સતેજ હોય તો તે સર્વ રીતે તનબદન તૈયાર અને નિરોગી ગણાય છે.

પાપનું મુળ કોણ ?

(કવિત.)

જુઠતેં સકલ નેમ ધર્મ સુપુન્ન હાની,
જુઠતેં સંસાર દુઃખ સિંધુ ઓાલીયતુહે;

જુઠ બોલે સભામાંહી જુઠી સાખ ભરે તાકો,
પીત્ર નીંકે નરક ક્વાર ખોલીયેતુંહે;
અહીંલોક પરલોક જુઠેકો નઠોર કહું,
જુઠ સાચ કૈસેં એક સંગ તોલીયે તુહે;
દેવિદાસ કહે તીન તાપ આપદાકો મુળ,
પાપહીકો મુલ્ર જહાં જુઠ બોલીયે તું હે....(૩૧૫)

અર્થ—જુઠાપણું ઇન્સાનના ધર્મને અને પુત્રપરિવારની હાની કરાવનારૂં છે. મીઠો મનાતો ભવ મેરૂમણ ખારો કરાવનાર છે. સજન સમાજમાં અપકીર્તિ અપાવી પિતામહ પિતૃવર્ગને નર્ક અપાવનાર છે, એટલુંજ નહીં પણ આધિ વ્યાધિ અને ઉપાધિને વધારનાર અને પાપનું મુળ રૂપ છે; માટે જે ઇન્સાને પોતાનું ઇન્સાનપણું નભાવી રાખવાની ઉમેદ હોય તેણે સ્વપ્નાની કલ્પનામાં પણ જુઠું બોલવાનું કે જુઠું આચરણ આચરવાની લાલસા રાખવી નહીં, કારણ કે જુઠ એ સર્વ સુખનું વિનાશરૂપ છે માટે સત્યાગ્રહી થવું.

વસુધરા ભોગવી જશવંતુ કેમ થવાય ?

(કવિત.)

સુરબીર રાખે સોતો ભોગવૈ બસુંધરાકો,
કુબીનીકૌ આદરેગો સોઈ જસુ પાવૈંગો;
ભીર પરે તબૈ કોન લરે સુરબીર બિના,
કુબી નીકે દીયે બીનુ કોઉ જસુ ગાવેગો;
દેવદાસ કહે જાકે વ્હેઈ લવાજમેં હે,
જગમાંહી નીકી ભાંતિ સોઇ સરસાવે ગૌ;
ઠાકુર કો જાયો બડો ઠાકોર કહાયો ચહી,
સોતો ઈન વ્હે નહીંકો અંગી હેં લગાવે ગૈં....(૩૧૬)

અર્થ—રજપુત એટલે ક્ષત્રીની ઈચ્છા જો રાજા થવાની અને રાજા થઇને પોતાની સુખ્યાતિ આ વિશ્વમાં વખણાવવાની ઉમેદ

હોય તો તેણે બહાદુરો અને કવિજનોની અચ્છી ભરતી કરવી એજ ઉત્તમ છે, કારણ કે બહાદુરો પ્રસંગ આવે પ્રાણ સમર્પણ કરી તેના રાજાપણાનું રક્ષણ કરે છે, અને કવિ લોકો તેનામાં બદિની હોય તે તજાવવા એ શીખામણની વાતોથી તાનાં મારી કઢાવી સર્વાંશે સજ્જનતા શીખવી જશ ફેલાવે છે.

વિવેકથી વિચાર કર!

(અરલ.)

સુંદર પાઇ દેહ, નેહ કર રામસેં,
કયા બલધાવે કામ, ધરાધન ધામસેં;
આ તન રંગ પતંગ, સંગ નહીં આવસી,
જમહુકે દરબાર માર બહુ ખાવસી........(૩૧૭)

અર્થ—મનુષ્ય અવતાર કે જેને દેવતાઓ પણ ચાહે છે અને જે મહાન દુર્લભ અને અમુલ્ય લેખાય છે એવો દેહ મળ્યો છે. તો હે પ્રાણી! તું રામનું ભજન કરી લે એટલે તારો બેડો પાર થશે, પણ તેમ નહીં કરતાં જો તું જમીન, મકાન અને પૈસા જેવાં માઇક પદાર્થ મેળવવામાં મચ્યો રહીશ અને કાવાદાવા કરવામાં વય વિતાવીશ તો મનુષ્યાવતાર તારો કોડીની કીમતમાં ગણાશે. ઉપરાંત જન્મ-મરણનાં દુ:ખનો પરવાનો આબાદ રહેશે.

કોણનો કયો હીરો ?

(દુહો.)

ઝૌરીકા હીરા હીરા, કવિકા હીરા કવન;
તરૂની હીરા તન અરૂ, પદમીની મન પાવન....(૩૧૮)

અર્થ—ઝવેરી લોકનો હીરો (કીમતી વસ્તુ) તેની પાસે ઝવેરાત હોય છે તે ગણાય છે. કવિ લોકનું જવાહિર તેનામાં સારી વાણી હોય તે હોય છે. સ્ત્રીનું જવાહિર તેનાં શરીરની સૌંદર્યતા ગણાય

છે તેમ પદમણીનું જવાહિર પવિત્રતા ગણાય છે; એટલે કે ઝવેરી લોકો પાસે કિમતી જવાહિર હોવું જોઈએ, કવિ પાસે રસ અલંકારયુક્ત વાણી હોવી જોઇએ, સ્ત્રીઓમાં સુંદરતા હોવી જોઇએ અને પદમીનીમાં પવિત્રતા હોવી જોઈએ.

" જગ-દિપક કોણ થઈ શકે ? "

(દુહો.)

કુળ દિપક હોના કઠીન, દેશ દિપક દુર્લભ;
જગદિપક જગદિશકો, અંશ મનુષ્ય અલભ્ય. (૩૧૯)

અર્થ—આ સંસારના વ્યવહારમાં પોતાના ઘરના દિપક (કરમી) થવું કઠણુ છે, તેમાં પણુ દેશમાં દિપક થવું એતો દુર્લભજ છે. વિશેષ જગતના દિપક તો જેની ઉપર પરમાત્માની કૃપા હોય એજ થઈ શકે છે.

" રાજ્ય પદ્ધતિ સારી કઇ ? "

(દુહા.)

કૈસો રાજ્ય ચલાવનો, મે સૌ શીખ સુજાત;
લેસો લાગે ન લોગકો, દેશો સુખ સાક્ષાત....(૩૨૦)

અર્થ—રાજકર્તાનું બંધારણ ઉંચું અને વખાણુપાત્ર એજ કહી શકાય છે કે પ્રજા પાસેથીજ જે કર લેવામાં આવે તે કર તે પ્રજા હોંશે હોંશે વગર માગે આપવા જાય અને કોઈને રાજ્ય ખજાનામાંથી ઈનામ, બક્ષિસ કે નવાઝેશ આપવી તે આપતાં રાજાને પરમ આનંદ પ્રગટ થાય.

સેતાન સન્યાસી.

(ત્રીભંગી)

સન્યાસ સહુતા ખીનન થરૂતા,
કીરત વગુતા જગ ખુતા;

માયા કે પુતા ધન ધુતા,
ભૈરવ અરૂભુતા જપત સંજુતા,
રંડી રૂતા ન તરંદા;
સદગુરૂકા બંદા બ્રહ્માનંદા,
સાચ કહંદા અબ હંદા.........(૩૨૧)

અર્થ—સેતાન સન્યાસીનો લેબાસ ધારણ કરી તે લેબાસ વગોવતો ફરે છે, એટલે કે તે લેબાસ અને પદવિને ન શોભે તેવાં કાળાં ગોરાં કામ કરે છે. લક્ષ્મી (પૈસા) નો ઉપાસીક થઈ ફરે છે. કદાચ ભોળાને ભરમાવવા અને પોતાનો સન્યાસ સત્ય કથવા વસ્ત્રરહીત રહે છે, શરીરે રાખ ચોળે છે. ધન હરવામાં ધુતા એટલે ઠગારાપણું વાપરે છે. ભૈરવ અને ભુતની ઉપાસના કરી મંત્ર જંત્ર શીખે છે અને સ્ત્રીઓનાં મંડળમાં રહી તેની સભામાં ડાહી ડાહી વાતો કરી મતિની ગતિ બગભગતના જેવી રાખે છે. આવા સન્યાસીઓ જગત્‌માં મરકીના ચેપી રોગથી પણ ભુંડા છે; માટે પરીક્ષા કરીનેજ સંસારીઓએ સન્યાસી સેવવા કે જેથી પાછળથી પોક મુકી રડવાનો વખત ન આવે.

"પૈજારનો કયો પુરૂષ અધિકારી ?"

(કવિત સવૈયો)

જગ માંહી ફજેત બેહાલ ફીરે,
કામ કીંકર છુટલ કાછડેકા;
સોઈ ઉમર સોગટે જુગટેમેં,
તન લક્ષ રહ્યા રાંડ રાસડેકા.
લીયે હોકલી હાથમેં ડોલતા હે,
ખોટા બોલત યાર ખવાસડેકા;
બ્રહ્માનંદ કહે ભજે રામ કેસે,
અધિકાર તોકુ નર ખાસડેકા....(૩૨૨)

અર્થ—વ્યવહારમાં બેઆબરૂ થઈ ફરે છે; કામ વાસનાનો ગુલામ થઈ કુલટાઓમાં ભટકે છે; જીંદગી ચોગટાં ગંજીફા અને જુગટું રમવામાંજ ગાળવી પસંદ છે; સ્ત્રીઓના રાસડા (ગરબા) જોવા સાંભળવાનો અભિલાષી બની-બેશર્મિપણે ત્યાં એકલો ઉભો રહી તાકી તાકીને જુએ છે, હાથમાં હોકો લઇ ઠેકાણે ઠેકાણે ગપા મારતો ફરે છે અને નિશદિન સાચી નહી પણ આપ જોડીયાંની ખોટી વાતો કરવામાં ખુશી રહે છે અને પ્રભુનું નામ પણ લેતો નથી, તે પુરૂષ નક્કી ખાસડાં ખાવાને યોગ્ય છે, મતલબ કે તેવાના મુખપર ખરેખર લ્યાનત છે.

" સજ્જનનાં લક્ષણ. "

(છપ્પય.)

આભ્રમ હેમ અમુલ્ય, ઝરત હુતાસન જાને;
મહલ કીલા રંગ બાગ, મૃત્યુ નિજ કરી કે માને.
દ્રષ્ટ પ્રીય જયો જયો વસ્તુ, રાખે લખી કાલ ચવીના.
તુચ્છ જાનત તનુ આદી, વિવેકી સંત પ્રવિના;
પકવાન સ્વાદુ રસ સરસ પ્રીય, તામે નહીં લોભાત હે,
કહે બ્રહ્મ મુનિ બ્રહ્મમેં રહે, સો જગ સજ્જન કહાવતે.
(૩૨૩)

અર્થ—શરીરે ધારણ કરવા માટે અનેક જાતના અમુલ્ય વસ્રાલંકાર અને જવાહિરો હોવા છતાં તેને પોતાના મનથી સદા અગ્નિ સમાન દુઃખકારક લેખતા હોય; રહેવાને માટે રંગબેરંગી મહેલ, ફરવાને માટે ભવ્ય બાગબગીચા અને હુકમ ઉઠાવનાર હજારો દાસદાસીવૃંદ હોય, છતાં તે સર્વ ઉપાધિરૂપ માનતા હોય; સંસારમાં સુંદર દેખાતી સઘળી વસ્તુ કાળની દાઢમાં અંતે ચવાવાની છે એવું સમજતા હોય, સ્રીના અને ખાનપાનના રસ સ્વાદમાં લોભાઇ રચ્યાપચ્યા ન રહેતા હોય અને શરીરનું અભિમાન ન

ધરી પળેપળ પ્રભુના યશોગાનમાં મસ્ત રહેતા હોય એવા માણુ સૌ આ વ્યવહારમાં વિદેહી કહેવાય છે અને તેનુંજ જીવન ધન્ય ગણાય છે, મતલબ કે તેજ સજ્જન પુરૂષ લેખાય છે.

" નાશનાં કારણો. "

આપસફી ફુટ હુતે સારી હીંદવાન તુહી,
તુટયો કુલ રાવન અત અનીતિ કરતે;
પેઠીગો પતાલ બલી પ્રાજધર ઇર્ષાતેં,
તુટયો હરણ્યાક્ષ તુટી માન ચિત્ત ધરતે;
તુટયો મહીશેષ દૈત્ય અધર્મ બિચરતે....(૩૨૪)

અર્થ—અંદર અંદરમાં કુસંપનાં બીજ રોપાવાથી અને મતામત થવાથી હિંદુઓના અધિષ્ઠાતા ચક્રવતિ પૃથ્વીરાજના ઉપરથી દીલ્હીનું તાજ ઉતરી હીંદવાન મહારાજાનું પદ છીનવાઇ ગયું; અનીતિથી રાવણના કુળનો સંહાર થયો; બળી અદેખાઇનાં કારણે પાતાળમાં ચંપાયો; અભિમાનપણું વધી જવાથી હિરણ્યકશ્યપુનો સંહાર થયો; મહીશાસુર જેવો બળવાન દૈત્ય અધર્મમાં વધી જવાથી ભુંડે હાલ દેવીના હાથથી મરણ શરણ થયો.

" સખીની શિખામણ. "

(સવૈયો.)

સ્નેહ ધરે નહીં શ્રી હરિમેં,
પુની સ્નેહ નહિ ચુલ પાનનમેં;
સુરજ દેવહુ મે નહીં સ્નેહ,
નહિં પુની ગૌરી ગનેશનમેં;
સાગર સાગર નામ રટે,
હરિ નામ ન આવત આનનમે.
માનવ દેહ દિયો તુજકુ,
યહ ચુક પરિ ચતુરાનનમેં;....(૩૨૫)

અર્થ—આશકને યાદ કરવામાં બેભાન બનેલી માશુકને જોઇ સખી કહે છે કે, હે બાઈ તું તે દીવાની થઈ છે કે શું ? કારણકે આ અવતારમાં કોઇ દીવસ પ્રભુનું નામ ભજ્યું નહી; ગણેશ, દેવી કે મહાદેવની સેવા કરી નહી, સુર્ય દેવને પણ આરાધ્યા નહી ને પ્રતિ દીન આશકનેજ યાદ કરવામાં આ તારી ઉત્તમ મનુષ્યાદેહ વિતાવી નાખે છે તે તારી માણસાઈ ખરેખર નિંદવા જેવી બને છે, માટે સમજ અને પ્રભુ નામથી નેહ નિભાવી લે.

" શું વગર શું નકામું ? "

(કવિત.)

ગુન બીન માન જૈસે, ગુરૂ બીન જ્ઞાન જૈસે,
માન બીન દાન જૈસે, જલ બીન સર હૈ.
કંઠ બીન ગીત જૈસે, હેત બીન પ્રીત જૈસે;
બેશ્યા બીન રીત જૈસે, ફલ બીન તરૂ હૈ.
તાર બીન યંત્ર જૈસે, સ્યાને બીન મંત્ર જૈસે,
નર બીન નાર જૈસે, પુત્ર બીન ઘર હૈ;
વાણી બીન કવિ જૈસે, મનમાં બિચાર દેખો,
ધર્મ બીન ધન જૈસે, પક્ષી બીન પર હૈ...(૩૨૬)

અર્થ—ગુણ વગરનું માન નકામું, ગુરૂ વગરનું જ્ઞાન નકામું, સત્કાર વગરનું ધન નકામું જળ વગરનું સરોવર નકામું અવાજ વગરનું ગાણું નકામુ હેત વગરનો સ્નેહ નકામો, ફળ વગરનું ઝાડ નકામું, તાર વગરનું યંત્ર નકામું, શ્યાણપણ અર્થાત હુંશીયારી વગરનો કામદાર નકામો, પુરૂષ વગરની સ્ત્રી નકામી, સંતાન વગરનું કુટુંબ નકામુ રસભરી વાણી વગરનો કવિ નકામો, ધર્મક્રિયા વગરનું દ્રવ્ય નકામું અને પાંખ વગરનું પક્ષી નકામું, એમ પ્રભુ ભજન શિવાય મનુષ્યપણું નકામું.

" નામ રહેશે. "

(સવૈયા.)

રામ રહે ન રહે ઘનશ્યામ ન,
કામકી લોક કહાની કહેરી;
સુંભ નિસુંભ ગયે જગસો,
બલીરાજકો રાજન કોઉ લહેરી.
રાવણ લંક તજી સત ભાવન,
ગાવનકો અબગાથ ગહેરી;
દામ રહે નહીં ધામ રહે નહીં,
નામ સદા રનછોર રહેરી......(૩૨૭)

અર્થ—આ પૃથ્વીના તકતાપરથી રામ–કૃષ્ણ જેવા અવતારી પુરૂષો પણ ચાલ્યા ગયા છે; શુભ–નીશુભ જેવા અભિમાની અને ક્રુર દૈત્યો પણ ચાલ્યા ગયા છે; બળરાજા જેવા અનેક યજ્ઞ ઉપાસીકો અને માંધાતા જેવા મહાન નૃપતિ પણ ચાલ્યા ગયા છે અને રાવણ જેવા બળવાન પણ ચાલ્યા ગયા છે. મતલબ કે જે હતા તે ચાલ્યા ગયા છે. દેખતાં કેટલાક ચાલ્યા જાય છે અને હજુ જે કોઈ થશે તે ચાલ્યા જશે એટલુંજ નહી પણ સ્થાવર અને જંગમ મીલકત પણ દ્રવ્યની સાથે ફના થશે. માત્ર જો કાયમ રહે તો નેકી અને બદી ભરેલું કામ અગર નામ અને તેની કથા રહી જશે.

" પુરૂષનાં લક્ષણ. "

(છપ્પય.)

બેઠે જગા સંભાલ, સમજ પગ ધરે ધરનપર;
બોલે અબિચલ બોલ, લેખ લખ્યો પથ્થરપર.
ખાય ઔર ખીલવાય, પહેને આર પહેલાવે,
રનમેં તેજ અપાર, ધામ શીતળ સુખ પાવે.

શિયળવંત શોભા સુચી, મુખ દધી કમળા સહૈકે;
કવિ મુળચંદ મેં મદ કહે યહ લચ્છન સબ મર્દકે. (૩૨૮)

અર્થ—ખરાબ અગર તો સારી સમાજની તુલના કરી હમેશાં સારીજ સભામાં બેસવાને લોભાતો હોય, દરેક કામ વિચાર કરીને કરતો હોય, પથ્થરમાં લખેલું જેમ ભુસાતું નથી અને અચળ રહે છે તેવી રીતે પોતાનો બોલ અચળ રહેવા ખાતર જે બોલે તેજ પાળી આપવામાં ટેકી હોય; પારકે ઘેર ખાઇ આવે અને પોતાને ત્યાં પારકાને સત્કાર સહિત ખવરાવે; સંગ્રામમાં મક્કમ ને ઘેર સદા વૈભવિ હોય, એક પતિવૃત્ત પાળનારો અને મુખ જેનું હમેશાં પ્રસન્ન રહેતું હોય, એજ ખરો પુરૂષ કહેવાય છે.

"સ્નેહી વિરહ."

(દુહો.)

પંછી હોઉં તો ઉડ ચલું, ઘડી ન રાખું ધીર;
જયું જયું સ્નેહી સાંભરે, ચું ચું લાગત તીર...(૩૨૯)

અર્થ—સ્નેહીને સજ્જન સ્નેહીના વિયોગમાં એવું તો વસમું લાગે છે કે તેને પાંખો હોય તો તે એકદમ ઉડીને સ્નેહીને મળી શકે પણ લાચાર કે પાંખો હોતી નથી ને સ્નેહીને મળાતું નથી, એટલે તેને જેમ સ્નેહીના ઉપકાર અને લક્ષણ યાદ આવે છે તેમ તીરના ઘાવ જેવી હૃદયમાં વેદના સાલે છે.

"સાચા સ્નેહીની પિછાન."

(દુહો.)

મિત્ર મિત્રાઇ કઠીન હે, જયું મજીઠકા રંગ;
ધોયેસેં છુટે નહીં, જાય જીવકે સંગ......(૩૩૦)

અર્થ—સર્વ કોઇ સ્નેહપણું સાધવાને લોભાય છે, પણ તે મહા કઠણ છે. ખરો સ્નેહ મજીઠના રંગ જેવો હોય છે કે જેને અનેક વિપત્તી આવે તો પણ કાયમ રહી મરણ પર્યંત સુધી નભે છે.

પૃથ્વીરાજ તથા શહાબુદ્દીનની સૈન્યાનું યુદ્ધ વર્ણન.

(ભુજંગી.)

લઈ બગ કૈમાસ વીરં અમાનં,
ધમંકે ધરા ગોમ ગુંજે ગમાનં;
ઉતે ઉપરી બાગ તતારખાનં,
મીલે હિન્દુ મીરં દોઉ દિનમાનં....(૩૩૧)
બજે રાગ સિન્દુસું મારૂ દબજે,
ગજે સુર સુરં અસુરં સું ભજજો;
ચઢે વ્યોમ બિમાંન દેખંત દેવ,
બઢે સ્વામી કજેં સું સજે ઉભેવ...(૩૩૨)
છુટે નાલ ગોળા હવાઈ ઉછંગ,
નખત્ર મનો જાની તુટે નીહંગ;
કર ખેંચલે બાન બાનં કમાન,
ભઈ અંધ ધુધં ન સુજે સું ભાનં....(૩૩૩)

અર્થ—જ્યારે પૃથ્વીરાજ તથા શહાબુદ્દીન વચ્ચે છેલ્લી લડાઇ થઇ ત્યારે તેનું કિંચીત વર્ણન કવિરાજે એવું કરેલું છે કે હીંદુ તરફથી કયમાસ વગેરે ક્ષત્રીઓ અને શાહ તરફથી પવિત્ર દિનને માનનારા મુસલમાનો સામસામા રણક્ષેત્રમાં ઝુકી પડયા ત્યારે તેના ઘુંમવાથી પગના ધબકારે પૃથ્વી ધ્રુજવા લાગી, શુર ચહડાવનારા વાજાંમાં સિંધુડીઓ અને મારૂઓ રાગ વાગવા લાગ્યો, જેના પ્ર તાપથી બંને પક્ષમાં ખરા શુરવીર હતા તે ગર્જના કરી એક બીજાની સમીપે આવવા લાગ્યા, અને અસુર એટલે શુરવીર નહીં હતા એવા પાછળ હઠવા લાગ્યા, અને પોતપોતાના સરદાર સ્વા-

મીના માટે જ્યારે ખરા શુરવીરો હરીફોને મારી પોતે શમશેરના ભોગ થઇ પડયા ત્યારે તે દારૂણ યુદ્ધ જોવાને દેવતાઓ વમાન-દ્વારા અંતરીક્ષ ઉપર આવી રહ્યા. એક તરફથી તોપોના ગોળા છુટે છે, જેના અવાજના પડછંદાથી આકાશના નક્ષત્રો (તારાઓ) જાણે પોતાની જગ્યોએ ડગમગવા લાગ્યાં, અને બાણુની સામા-સામી વૃષ્ટિથી આકાશમાં છત જડાઈ ગઈ કે જેના લીધે સુર્ય પણ ન દેખાવા લાગ્યો.

" ચામુંડરાયનું વર્ણન. "

(છપ્પય)

પીયે દુધ મણ પંચ, પેંતીશ સેર સક્કર;
અન્ન નવ તાકડી, ખાય એક મોટો બક્કર;
કાળકુટ ત્રય શેર, સવામણ ઘૃત સુપોષન,
કસ્તુરિ એક શેર, શેર દો કેશર ચોપન.
મણચાર દહીં મહિષીતરન; ભોગરાજ ભટકી ભરે,
સવા પહોર દીન ચઢતહીં, શિરામણી ચામુંડ કરે.
(૩૩૪)

અર્થ—પૃથ્વીરાજની સૈન્યામાં મુખ્ય યોધ્ધો ચામુંડરાય કે જે ચામુંડા માતા (દેવી) નો ઉપાસીક હતો તે હતો, અને તેના ખોરાકનું તો નહીં પણ માત્ર એક દીવસ ઉગ્યામાં શીરામણી (નાસ્તા) નું વર્ણન કવિ કરે છે અને તે ઉપરથી સમજવાનું કે તે નાસ્તો જ્યારે એટલો કરે ત્યારે જમતો કેટલું હશે ? ને જ્યારે એ પ્રમાણમાં જમતો હોય ત્યારે તેનામાં કૌવત–તેનું કદ તેને સજવાનાં હથ્યારો અને લડવામાં તેની શક્તિ કેટલી હશે એજ વાચકવૃંદે વિચારી લેવાનું છે.

શીરામણી (નાસ્તા) ની વિગત.—

પાંચ મણ દુધમાં પાંત્રીસ શેર સાકર તેમાં એક શેર કસ્તુરિ

અને બશેર કેસર નાખી ગરમ કર્યું હોય એ દુધ સવારમાં જ્યારે ચામુંડરાય ત્રણ શેર અફીણનો કસુંબો પીતો ત્યારે તે દુધ પીતો ને તેની ઉપર એક બકરો—સાથે નવ પાનશેર અનાજના રોટલા, સવામણ ઘી, ભેંસના દુધનું કઢીને કરેલું ચાર મણ દહીં આટલી ચીજ સવારમાં તેને નાસ્તાની જોઇતી હતી.

ચામુંડરાયની સામે લડનાર એકાનું વર્ણન.

(પદ્ધરી.)

સુજ શેખ ખાત ઉજબક્ક નામ,
મીરાં પ્રધાન પુની જુદ્ધ ધામ;
ચાલીસ દુન જીન પીઠ ઢાલ,
ચાલીસ દુન ઉર કંઠ માલ....(૩૩૫)
પચાસ દુન પહેરે કવચ્ચ,
પચીસ દુન શીરટોપ રચ્ચ;
ચક માર પંચ મણુકો ઉદાર,
હજાર તીર જીન ભાથ ભાર....(૩૩૬)
કબાન પકર ઉજબક પીર,
દોઈ કોશપે'ન મુક્ત તીર;
શર લગત બાન પાષાન ફાર,
સુની પરાક્રમ અરી ગર્વગાર....(૩૩૭)

અર્થ—ચામુંડરાય સામે લડવામાં શાહુતરફથી જે યોધ્ધો હતો તેનું વર્ણન કવિ એવી રીતે કરે છે કે, ૮૦ મણ તોલની તે ઢાલ ધરતો, ૮૦ મણ તોલની તેને ગળે માળા હતી, ૧૦૦ મણ તોલનું તે બખ્તર પહેરતો, પચાસ મણ તોલનો તે માથે ટોપ પહેરતો, તેના ભાથામાં હજાર તીર સાથે રહેતાં, અને તેના તીરનો ઘા ચાર માઈલ સુધી ભુલાતો નહીં, અને તેનું તીર એટલા તો જોરમાં જતું કે કાળમીંઢ પથ્થરમાં લાગે તો તે પથ્થરને ભેદી આરપાર જાતું, કે જેને જોતાંજ શુરવીરોના ગર્વ ગળી જતા.

× × × ૮૦ મણુ ઢાલ, ૮૦ મણુ કંઠમાળ, ૧૦૦ મણુ અન્તર અને ૫૦ મણુ ટોપ એ રીતે ૩૧૦ મણુ ભાર તે યોધ્ધો શરીર ઉપર ધરતો. ઉપરાંત હજાર બાણુનો ભાથો બાંધતો એમ કવિ કહે છે.

તવા વિંધવા નિમીષે હાથમાં ધનુષ્યબાણુ લઇ ઉભેલા પૃથ્વીરાજને ચંદ કવિની બાદશાહને મારવાની શમસ્યા.

(છપ્પય.)

ઇહી બાણુ ચહુઆન, રામ રાવણુ ઉથ્થપ્યો;
ઈહી બાણુ ચહુઆન, કરણુ શીર અર્જુન કંપ્યો.
ઈહી બાણુ ચહુઆણુ, શંકર ત્રિપુરાસુર સંદ્યો.
ઈહી બાણુ ચહુઆન, ભ્રમર લચ્છમન કર વેંધ્યો;
સો બાન આજ તો કર ચઢ્યો, ચંદ બીરદ સચોચવે.
ચહુઆન રાન સંભરધની, મત ચુકે મોટે તવે(૩૩૮)

અર્થ—છેલ્લી લડાઈમાં પૃથ્વીરાજની હાર થઈ એટલે શહાબુદ્દીન તેને પરહેજ કરીગીજની લઈ ગયો અને તે દેખતો હશે તો ક્યારેક પણ મારશે એવી ભિતિ રહેવાથી તેના નેત્રમાં એવું કંઇ જહાહિર આંજી તેની પરાણે આંખો ફોડી નાખી કેદ કર્યો હતો. જ્યારે તેને ચંદ મળવા આવ્યો ત્યારે એજ પૃથ્વીરાજના હાથે શાહનું કામ કાઢી લેવા માટે ચંદે યુક્તિ શોધી કહાડી. તે એ કે પૃથ્વીરાજ આંધળો છે છતાં તે સાત સાત મણુ લોઢાનો તવો એવા સાત તવા એકજ બાણુથી સાથે વીંધી શકે એવો બાણુાવળી બહાદુર છે. શાહે પરિક્ષા લેવા તવા વીંધવાની યોજના કરીને પોતે પોતાના અમિર ઉમરાવ સહિત તે જોવા બેઠો. પૃથ્વીરાજે તવા વીંધવા જ્યારે બાણુ ચહડાવ્યું ત્યારે તે આંધળો હતો છતાં બાદશાહે તેની આંધળી આંખ ઉપર જાડા કપડાંના સાલમરા

પાટા બંધાવ્યા તોપણ તે તવા વીંધવા તૈયાર થયો. આ વખતે ચંદે તેને શુરાતન ચઢાવવા કહ્યું કે:—

જે બાણુથી રામે રાવણને લંકાની ગાદી ઉપરથી ઉથાપ્યો, જે બાણુથી કર્ણના ઉપર અરજુન કોપ્યો હતો, જે બાણુથી મહેશે ત્રિપુરાસુરને સંહાર્યો, જે બાણુથી લક્ષ્મણજીએ ઇંદ્રજીતના વધ અર્થે સુર્ય રથ ઉપર રહેતા ભમરાને વીંધ્યો હતો, એજ બાણુ એટલે એવીજ તકે આ બાણુ તારા હાથમાં અપાવવાની મેં ફરજીઆત યોજના કરી છે તો હવે શાહરૂપી તવાને મુકી તું બાંધેલા લોઢાના તવાને વીંધવાની ઉમેદ ન રાખતો; મતલબ કે આ બાણુથી તારે શાહનેજ મારવાનો છે.

"પૃથ્વીરાજનું પુતળું કેવી રીતે પિગળી ગયું ?"

(છપ્પય.)

જબ જન્મો પૃથ્વીરાજ, માતકો નુર ગુમાયો;
જબ જન્મો પૃથ્વીરાજ, પેટ પથ્થર નહીં આયો.
જબ જન્મો પૃથ્વીરાજ, સુતા કુળ હોત જો સારી,
જબ જન્મો પૃથ્વીરાજ, હુઓ સબ હંસાચારી.
પૃથ્વીરાજ રાજ સતારવની, સુકવિ ચંદ સચોચવે;
જયચંદ રાજ કનોજકે, દરવાન હોઈ કેસે રહે. (૩૩૯)

અર્થ—પૃથ્વીરાજ દીલ્હીનો ચક્રવતિ હતો અને જયચંદ કનોજનો રાજા પણ તે દીલ્હીના તાબામાં હતો અને તે બહુ બળવાન તથા લશ્કરની વધારે સંખ્યા ધરાવતો હતો. પૃથ્વીરાજ અને જયચંદ સગી માસીના દીકરા થતા હતા પણ દીલ્હીની ગાદી તેના નાનાએ પૃથ્વીરાજને લાયક ગણીને આપી ત્યારથી જયચંદને ખોટું લાગ્યું અને પૃથ્વીરાજને પોતાના શત્રુ સમાન ગણતો હતો. જ્યારે જયચંદે પોતાની લાડકી પુત્રી સંયોગતા (પૃથ્વીરાજની રાણી કે જેને લાવતાં પૃથ્વીરાજના ઘણા સામંત અને સૈન્યનો ઘાણ વળી ગયો અને રજપુતોમાં કુસંપ દાવાનળ સળગ્યો અને

તેના પરીણામેજ છેલ્લી લડાઈ વખતે શાહાબુદ્દીને દીલ્હીપર દીગ્વિજય કરી પૃથ્વીરાજને હરાવ્યો એમ મનાય છે.) નો સ્વયંવર કર્યો ત્યારે તેણે હીંદના દરેક રજપુત રાજાઓને તેડયા પણ પૃથ્વીરાજ કે જે ચક્રવર્તિ હતો છતાં તેને તેડયો નહીં. એટલુંજ નહીં પણ સ્વયંવર મંડપના દરવાંજે પૃથ્વીરાજના નામનું એક સુવર્ણનું પુતળું બેસાડી મંડપમાં આવનારા તે પુતળાંને સાત વખત જોડા મારી અંદર જાય એવી ગોઠવણ કરેલી અને તેવી ગોઠવણ કરવાનું તેની પૃથ્વીરાજપર ખાસ શત્રુવટનુંજ પરિણામ હતું.

સંયોગતા પૃથ્વીરાજને ચાહતી હતી એટલે પોતાના રાજકવિ ચંદબારોટની સાથે ચંદ બારોટના નોકર તરીકે પૃથ્વીરાજ તે સ્વયંવર પ્રસંગે આવ્યો હતો. ચંદ કવિ સ્વયંવરમાં ગયા તે વખતે પૃથ્વીરાજના પુતળાંને સાત જોડા મારી અંદર જવાનો રીવાજ જણાવ્યો. ચંદ પૃથ્વીરાજનો કવિ હતો તેથી તેનાથી તેનું આવું જાહેર અપમાન સાંભળી શકાયું નહીં, એટલે તે પુતળાંને તે ચંદકવિએ ઠપકો આપવા માંડયો; હે પૃથ્વીરાજ તેં જન્મ લેઇને તો તારી વીરમાતાની કુંખને લજાવી, તું પથ્થર કેમ નજન્મ્યો, પુરૂષને બદલે કન્યા જન્મી હતે તોપણ સારૂં થતે. તું દીલ્લીનો ચક્રવર્તિ અને બહાદુર બાણુવળી તે આજ જયચંદને દરવાજે પુતળું થઈ જાહેર અપમાન અને જોડાના માર ખાય છે ? આવો ઠપકો આપતાંજ પુતળું જે સોનાનું હતું તે પીગળી પાણી થઇ ગળી ગયું—આવેલું સમાજ તો અજબ થયું અને પૃથ્વીરાજ ખરો પુરૂષ છે કે જેનું પુતળું પણ ઠપકો નથી સહન કરી શકતું એમ બોલાયુ.

સંપતિ પામીને સદૈવ શું સંભારવું ?

(દુહો.)

સજજન સંપત્તિ પાયકે, બડો ન કીજે ચિત્ત;
અહોનિશી સંભારીએ, હરિ અરિ અપનો મિત. (૩૪૦)

અર્થ—આ સંસારમાં સજ્જન પુરૂષે સંપતિ મેળવીને ફુલાવું નહિં, પણ હમેશાં ઇશ્વરને, પોતાના શત્રુને તથા સાચા સ્નેહીને સતત્ યાદ કરતા રહેવું જોઇએ એજ સજ્જનતાનાં લક્ષણ છે.

કવિરાજની પદવી કોને આભારી છે ?

(સવૈયા)

તેરી કૃપા બીધી બેદ બનાય,
અબૈ જગકી રચનાઇ બનાવત;
રાજ સભા બીજા બૈનીની મેં,
અતિ તેરીઈ ચાતુરતા છબી છાવત.
તેરી કૃપા કહી તોષતી હું,
પુરનાગ નગો સુર યુક્તિ સુનાવત;
તેરી કૃપા તે ગીરાજનની,
નિજ મેં પદવી કવિરાજકી પાવત.....(૩૪૧)

અર્થ—હે સંજય! હે કીરતાર! આપ શક્તિ નહિં પણ ખાસ તારા પરમ દયાળુ કૃપાના પરીણામેજ બ્રહ્માએ વેદ બનાવ્યા એટલુંજ નહિં પણ આ અજ્ઞાન દ્રષ્ટિમાં દ્રષ્ય દેખાતા બહુરંગી જગતની રચના બનાવી શકયા છે. મહાન રાજ્ય સભાની અંદર જે માણુસ સલાહ લેવા યુક્ત ગણાય છે તે પણ તારીજ મહેરબાનીનું પરીણામ છે. શહેરીઓ નાગલોક નિવાસી અને અમરાવતિના રહીશો દેવતાઓસહ સર્વે તારી કૃપા વડે ચૈતન્યવાળા બોલાય છે અને હું જે એક અદનો પ્રાણી અને મુર્ખ તેને તેં બોલવાની શક્તિ આપી અને અધિકાધિક તે ગતિ વધારી આખરે કવિરાજની પદવિ લેવાંને લાયક બનાવ્યો તે પણ ખાસ એક તારી અપુર્વ મહેરબાનીનુંજ પરીણામ છે.

* * * દરેક જે કાંઈ કરે છે તે માલિકનીજ શક્તિ છે. માલિકની શક્તિ વગર પ્રાણી પાદડું પણ હલાવી શક્તા નથી મતલબ કે જે કાંઈ બને છે તે એક માલિકનો હાથ છે, અને પ્રાણી નકામા નીમિત આળ વ્હોરે છે.

" પ્રભુ તમાસો જુવે છે. "

(કવિત.)

કહુ કહુ પથ્થરમેં હીરનકી ખાન હોત,
કહુ કહુ સાગરમેં મોતીનકો વાસો હે;
કહુ કહુ ધરતીનપેં મેવા મીષ્ટાન હોય,
કહુ કહુ ધરતીપર ઉપજત નહીં ઘાંસ હે;
કહુ કહુ એકનકું ભાજન અનેક હોત,
કહુ કહુ એકનકું જીવનેકા સાંસા હે.
કહત હે દયારામ ધન તેરી સાહેબીકું,
આપ શ્રષ્ટિ રચાય કે દેખત તમાશા હે.....(૩૪૨)

અર્થ—કોઇ કોઈ પથ્થરની ખાણુમાં હીરા અને સોનું નીકળી આવે છે, કોઇ સમુદ્રમાં મોતી જેવી અમુલ્ય વસ્તુ પાકે છે, કોઈ પૃથ્વીના ભાગપર અનેક જાતના સ્વાદિષ્ટ મેવા (ફળ) પાકે છે અને સદા હરિયાળી ખીલી રહે છે. કોઇ ધરતીના ભાગપર ઘાસનું તણખલું પણ ઉગતું નથી. કોઈ કોઇ ઇન્સાનને અનેક જાતનાં કીમતી ભોજનનાં અજીર્ણ થાય છે, અને કોઇને પેટપુરણ એ વખત કાચલી ભર રાબ પણ મળતી નથી. આ બધી ખુબી પ્રભુની છે, એમ અનુભવ થયા પછી દરેકને માનવા ફરજ પડે છે અને તેવું મનાતાં પ્રભુના કામને, પ્રભુના સ્વરૂપને અને પ્રભુની શક્તિના માટે આપે એકે અવાજે વખાણવી જોઇએ છે કે હે પ્રભુ ! ધન્ય છે તારી કૃતિ અને ખુબીને.

"નીતિનું પ્રાબલ્ય."

(કવિત.)

નીતિ હીતે ધરમ, ધરમસે અકલ સિદ્ધ,
નીતિ હીતે આદર સભાની બીચ પાઇએ;
નીતિસે અનીતિ છુટે નીતિ હીતે સુખ લુટે,
નીતિ લીયે બોલે ભલો બકતા કહાઇયે;

નીતિ હીતે રાજ રાજે, નીતિ હીતે પાતી સાહી,
નીતિ હુતો નૌહું ખંડ માંહી જશ ગાઇયે;
છોટીનીકુ બડે કરે બડે મરા બડે કરે,
તાતેં સબ નીકોહું રાજનીતિ સુનાવીયે....(૩૪૩)

અર્થ—આ સંસારના વ્યવહારમાં જેટલી નીતિની મહત્તા છે તેના જેવી બીજી કોઈની મહત્તા નથી, માટે દરેક વ્યવહારૂએ અને સંસારીએ નીતિને ચાહતાં શીખવું જોઈએ; કારણ કે નીતિ હોય ત્યાં ધર્મ આવે છે, ધર્મ આવે ત્યારે તે નવનિધિ અને અષ્ટમા સિધિ (સંપત્તિ) ને લેતું આવે છે, નીતિથી રાજસભાની અંદર માન સત્કાર મળે છે. નીતિ અનિષ્ટ યુકત અનીતિથી અલગ રખાવી વ્યવહારમાં વૈભવ સુખ અપાવે છે, નીતિયુકત વાણી વડે ભાષણ કરનારનું ભાષણ પણ સમાજમાં ફુલ માફક ઝીલાય છે. નીતિથી રાજાનું રાજ્ય અને પાદશાહની પાદશાહી વખણાય છે નીતિ નવ ખંડમાં જશ પ્રસરાવી શકે છે નીતિ નાનાને મોટાં કહેવડાવે છે, અને મોટાંને મહાશય કહેવડાવે છે, તો કહો હવે નીતિમાં કેટલી મહત્તા છે !

× × × પ્રાણુથી પણ અધિક; સર્વ સુખને અપાવી આ લોક તથા પરલોક સુધારનાર નીતિનું દરેક માણસે રક્ષણ કરવું એજ જીવનનું કર્તવ્ય છે.

" નામ પણ નથી જણાતું. "

(અરલ)

નિત જાકે દરબાર જડંતી નોબતાં,
મંત્રી પાસ પ્રબીન કરંતા મોબતાં;
ચતુરાજીના ચોજ તરક અતિ સુજતા,
તીના રૂકા જગત નામ નહીં બુજનાં....(૩૪૪)

અર્થ—હમેશાં જેને ત્યાં નોબતો ગગડી રહી હતી અને ઘડી પલનાં ઘડીઆળો ચોઘડીયાં વાગી રહ્યાં હતાં, અને જેની સભા-

માં અનેક સદ્દગુણી અને વિવેચન કરનારાઓ રહેતા હતા, અને પૃથ્વીપતિ થવાની સલાહ આપતા હતા, તેવા મહારાજાઓ પણ અંતે બધું પડતું મુકી ચાલ્યા ગયા, કે જેનું અત્યારે નામ પણ આલમના જાણવામાં નથી આવતું, માટે હે પ્રાણી ! તું તે શા હીસાબમાં છે કે નકામું અભિમાન રાખી ઉંધે માથે હાલે છે અને માલિકની ધાક નહીં ધરતાં કાળાં ગોરાં કરવામાં વય વિતાવે છે!

કોણ ચંચળ બુરૂં ?

(છપ્પય)

હાથી ચંચલ હોય, ઝપટ મેદાન દીખાવે;
રાજા ચંચલ હોય, મુલકકો સર કર લાવે.
પંડિત ચંચલ હોય, સભા ઉત્તર દૈ આવે,
ઘોડા ચંચલ હોય, સવારે યુધ્ધ જીતાવે.
યે ચારોં તો ચંચલ ભલા, સોરાજા–પંડિત ગજ–તુરી,
બેતાલ કહે બીક્રમ સુનો, એક નારી ચંચલ બહુ બુરી.
(૩૪૫)

અર્થ—હાથી પ્રવીણ [હુશીઆર] હોય તો પલકવારમાં [જલદી] જ્યાં જવું હોય ત્યાં લઇ જઇ શકે, રાજા પ્રવીણ હોય તો પોતાનું રાજ્ય વધારી આબાદ કરી શકે, વિદ્વાન પ્રવીણ હોય તો સભામાં પુછાતા પ્રશ્નનો સંતોષ યુક્ત પ્રતિઉત્તર આપી શકે, ઘોડો ચંચલ હોય તો પીઠપર બેઠેલા સ્વારને યુદ્ધમાં જીતાવે એટલે એ ચાર વ્યક્તિ તો પ્રવીણ હોય તે સારી, પણ સ્ત્રી જો પ્રવીણ [હુશીયાર અર્થાત પ્રપંચી] હોય તો તે બહુ બુરી જાણવી.

" કોને ચાહવું? "

(દુહો.)

ભરતખંડ નરતન લીયા, વાસુદેવ જગવંદ;
મુક્ત કરે ભજ તારીકુ, હરન વિકટ ભવ ફંદ. (૩૪૬)

અર્થ—સર્વ દેશોમાં શીરોમણી અને પવિત્રતામાં પ્રથમ પંક્તિમાં ગણાતા ભરતખંડમાં મનુષ્યાવતાર પામીને પ્રાણીએ પ્રભુનું ભજન કરવું કે જે ભજન જન્મ મરણના ફેરા અને વ્યવહારની વ્યાધિમાંથી મુક્ત કરાવી મોક્ષપદ અપાવે છે.

" સુંદર તન "

(દુહો.)

દેવ દનુંજ નર નાગમે, અત સુંદર અનું જે હું;
મુકત કરે ચૈતન્ય ગયે, હોત નિકારા તે હું.......(૩૪૭)

અર્થ—નરલોક, નાગલોક અને દેવલોકમાં મનુષ્ય કલેવર ઉત્તમ લેખાય છે, પણ તે ચૈતન્ય જતાં નકામ થાય છે.

" પ્રેતસમ કયારે ? "

(દુહો.)

મુક્ત કરે સબ જીવ જુત, ભાસત સુંદર દેહ;
જીવ ગયે સબ પ્રેતસમ, અતિ અશુદ્ધ જડ એહ.(૩૪૮)

અર્થ—મનુષ્ય, પશુ, પંખી અને જીવડાં એ સર્વનાં જે સુંદર કલેવર દેખાય છે, પણ તેમાંથી ચૈતન્ય જાય છે ત્યારે એ કેવળ પ્રેત વ્યકિતમાં પલટાઈ જાય છે, માટે કલેવરનું અભિમાન રાખવું નહીં.

" શું ન લઇ શકાય ? "

(દુહો.)

સબ અપને પ્રારબ્ધ સમ, સુખ દુઃખ લેત સચાય;
કોઉ પ્રકારે કોઉકો, સુખ દુઃખ લીયો ન જાય. (૩૪૯)

અર્થ—મનુષ્ય પોતાનાં પુર્વ કર્મના લીધેજ સુખ યા દુઃખ અમે છે. તે કોઇ ટાળી શકતું નથી કે ભાગ લઇ ભોગવી શકતું નથી, માટે પુર્વનાં કર્મ ખપાવવાં અને નવાં ન બાંધવાં એમાંજ શ્રેષ્ટતા છે.

" સત્ય મિત્ર કોણુ ? "

(દુહો)

સુખમેં સબ જન મીત્ર હે, રહે દુઃખમેં દુરઃ
દુર ન રહેજે દુઃખમેં, સત્વહી મિત્ર જરૂર,...(૩૫૦)

અર્થ—સુખની વખતે મિત્રો ન ઇચ્છતાં પણુ કીડીઓની માફક ઘેર ઉભરાઈ આવે છે, પણુ પાછા દુઃખની વખતે સ્વપ્નામાં પણુ આવતા નથી. એ ખરા મિત્ર નહીં પણુ ખરો મિત્ર તો એજ કે દુઃખમાં હીંમત આપી મદદ કરે.

" અમારે નકામો. "

(કવિત.)

સુંદર શરીર હોય, મહારણુ ધીર હોય,
બીર હોય ભીમસો લરૈયા આઠો ધામકો;
ગરવા ગુમાન હોય, બડો સાવધાન હોય,
સાન હોય સાયબી પ્રતાપી પુંજ ધામકો.
પઢત અમાન જયો પૈ મઘવા મહીમ હોય,
દીપ હોય બંશકો જનયા સુખ શ્યામકો;
સર્વ ગુન જ્ઞાતા હોય યદપિ બીધાતા હોય,
દાતા જો ન હોય તો હમારે કહા કામકો...(૩૫૧)

અર્થ—શરીરે ખુબસુરત હોય, શુરવીર હોય, બળમાં ભીમસેન જેવો હોય, ગુણુવાળો હોય, ચતુર અને શ્યાણો હોય, સાહેબી ભોગવતો હોય, પ્રતાપમાં પુરો હોય, ઇંદ્ર જેવો મહાન રાજા હોય, નિજવંશનો કુળદિપક હોય, સાર્વજનીકને સુખરૂપ હોય અને ડહાપણુમાં બ્રહ્મા જેવો હોય, પણુ જો તેનામાં એક દાતારપણું એટલે દાન દેવાપણુાનું લક્ષણુ ન હોય, અર્થાત્ તેનામાં કંજુસપણુાંનો ગુણુ હોય તો રવીરાજ કવિ કહે છે કે હમારે [કવિવૃંદને] તે તદન નકામો એટલે બીન ઉપયોગનો છે.

" કોણ થાકે ? "

(કવિત.)

કોઉ કહે પારસમની હે ભુપ કેસરી પૈ,
કોઉ કહે કિમીયા કમાલ કરનકી હે;
કોઉ કહે જાનત મહાન લક્ષ્મીકો મંત્ર,
કોઉ કહે જંત્ર ઇંદ્ર જાલ બસ વાકે હૈ.
કહે કવિરાજ કોઉ કહત ઉરધરેખ,
તાહીતેં અશેખ મોજ સાહીબી મજાકે હૈ;
બડે પ્રભુ તાકે ગુણ ઉદારતાકે,
ગુની લત થાકે પૈન દાન દેન થાકે હૈ........(૩૫૨)

અર્થ—કોઇ કહે છે કે પારસમણિ રાજા કેશરિ પાસે છે, કોઇ કહે છે કે તેને કમાલનો કિમીયો હાથ આવ્યો છે, કોઇ કહે છે કે તે દ્રવ્ય બનાવવાનો મંત્ર જાણે છે, કોઈ કહે છે કે તે દ્રવ્ય વશ કરવાનાં જંત્ર અને ઇંદ્ર જાળની વિદ્યા જાણે છે, કોઈ કહે છે કે તે ઉર્ધ્વ રેખાવાળો [પગમાં ઉભી રેખા હોય છે તે] છે અને તેથીજ તે સર્વમાં મહત્તાવાળો અને કર્ણના જેવો દાનેશ્વરિ ગણાય છે અને દાન એવું આપે છે કે તે દાન લઇને ગુણવાન, પંડિતો, વિદ્વાનો અને કવિઓ થાકી અર્થાત્ કાયર થઇ જાય છે, પણ તે દાન આપતાં કાયર થતોજ નથી.

" પ્રાનપતિ પત પારીયે. "

(કવિત.)

નામ તો તીહારો હરી પાવન પતીત જોપેં,
મોસોં પતીત કોઉ નાંહીન અવધારીયે;
કહત અદીતરામ તારન તીહારો નામ,
જોતો નિજ દાસ હોંતો ત્રાતા વહેતારીયે.
યાતો ભવ ફંદ બંધ કંદ તેં ઉતારી ડારી,
તીન લોક તેંહી મોહી બાહેર ઉતારીયે;

પાપીનકી પંગતમેં પાતકી પ્રબલ પુરો,
તાહી પાની પકર પ્રાનપતિ પત પારીયે....(૩૫૩)

અર્થ—હે પ્રભુ! તમારૂં નામ અને કામ પાપીને પાવન કરનારૂં છે, અર્થાત્ પાપથી મુકાવનારૂં છે, તો પછી પાપીયાની પંગતમાં અર્થાત્ પાપીના વર્ગમાં હું સૌથી આગેવાન પાપી છું, એટલે બધા કરતાં વધારે પાપીયો છું; તો દયા કરી મને પાવન કરો. વળી તારૂં નામ અને કામ તારવાનું છે, અને મારા ગળામાં જગતની ફાંસી પડેલી છે, તો તે કાઢી નાખી તારક મુબારક હાથથી મારો હાથ પકડી ત્રણે લોકથી મને તારી, હે વ્હાલા ઉગારી લે.

" પશ્ચાતાપ. "

(કવિત.)

આશાકી ઇમારતપેં એક ટેક રાખી બેઠો,
કીયો નાં કમાઇકો સુકામ કછુ આજલો;
કહત અદીતરામ ભજે નાં વૃજેશ ચર્ણ,
તારન તરન જગ ગાજત ચુઝાઝલોં;
દીન દીન દોરી દોરી દુનીકે દુવારે જાય,
દીન દીન હોય દુઃખ દાગ કહે દાઝલોં;
પાખંડ પ્રપંચ પરી પુરન પ્રકાશ કરી,
ધુતી ધુતી ધનીનકે ધરે ધન અકાજલોં....(૩૫૪)

અર્થ—આ સંસારમાં આવીને અત્યાર સુધી સત્ય કમાઇ જેવી કે નેકીનાં કામ, ધર્મનું ભાન, પામરપર પ્રીતિ, માણુસાઈ ખવાસ, પરમાર્થ, સર્વની સાથે ભાઈચારો અને માલીકનું ભજન એ વિગેરે કંઈ કર્યું નહીં, પણ ધન, ધામ અને ધરા મેળવવાની આશામાંજ રાત ને દિવસ મચ્યો રહ્યો અને તે મેળવવા માટે જે કાંઇ અનિષ્ટ—અઘોર પાપ કર્મ કરવાં પડયાં તે કરવામાં સુદલ ન ચુકયો, અને એથી હું જબરો પાપીઓ થયો, અને એ વિચાર હવે થાય છે તેનું દુઃખ મારા હૃદયમાં એટલું જોશમાં બળે છે કે

દાગ લાગી હૃદય બ્હેરૂં થયું છે તો હે પ્રભુ હવે મને સદ્બુદ્ધિ પ્રેર અને તારી ભક્તિનું ભાન કરાવી મને આશ્રો આપ.

" સ્ત્રી અને બંદુક વચ્ચે સરખામણી. "

(કવિત.)

સજન સુજાન જાની સુનો અબે સાચી કહું,
નારી ઔર નાલી એક શ્યાની બની બાલી; હે
દેખત દીશ્યાનીપર મહોતકી નિશાની ફેર,
ફરે ધુરધાની જમ જાતનાકી જવાલીહે;
આવતકી આછી ફેર કુહતકી પાછી પરે,
રવીરામ માંહી તમ ઉપર ઉજાલીહે;
એક નાલી લગે ગીરી ગાઢસેં ગીરત જાત,
કોન ગત હોત જાકો લગત છનાલીહે,.......(૩૫૫)

અર્થ—નાળી એટલે બંદુક અને છનારી (છીનાળ) એટલે પરાઈ કુલટા સ્ત્રી, એ બંને એકસરખીજ ગણાય છે, એટલે તે બંને દેખાવમાં સુંદર હોય છે; પણ તે સ્પર્શ કરનારનું જીવન તેઓ ધુળધાણી ને વાપાણી કરે છે એટલે કે, ગમે તેવો બહાદુર ઉંચા પર્વતપર ચઢેલો હોય પણ ત્યાં જો તેને બંદુકની ગોળી વાગે છે તો તે એકદમ મૃત્યુને પામી નીચે તુટી પડે છે. તો પછી છીનાળી એટલે છ મોઢાંવાળી કુલટા સ્ત્રીના પાસમાં પડે એ તે કેમ બચે ?

" રામનામનો મહિમા. "

(કવિત.)

દુઈ બેર દ્વારીકાં, ત્રીવેંણી જાય તીન બેર,
ચાર બેર કાશી ગંગ, અંગહુ નહાયે તે,
પાંચ બેર ગયા જાય, છો બેર નીમીષાર,
સાત બેર પુષકરમેં, મજન કરાય તે;
રામનામ જગંનાથ, બદ્રી કેદારનાથ;–

દશાશ્વમેધ દશ બેર જાય, પગ ધોયતે,-
જે તે ફલ હોત, કોટી તીર્થકે સ્નાન કીયે.
તે તે ફલ હોત, એક રામ નામ ગાયતે.....(૩૫૬)

અર્થ—બે વખત દ્વારીકાં જાય, ત્રણ વખત ત્રીવેણી નાવા જાય, ચાર વખત કાશી જાય અને ગંગાજીમાં ન્હાય, પાંચ વખત ગયાજી જાય, છ વખત નીમીશારણ્ય ક્ષેત્ર કે જ્યાં પુર્વે ૮૮૦૦૦ ૠષીઓ તપ તપતા હતા ત્યાં જાય, સાત વખત પુષ્કરાજ કે જે સર્વ તીર્થોનો રાજા કહેવાય છે ત્યાં જાય, અને જગંનાથ રામનાથ વિગેરે દરેક સ્થળે જાય, અને તેમ કરતાં જે પુન્ય પ્રાપ્ત થાય છે તેવું અને તેટલુંજ પુન્ય આ કળીયુગમાં કોઈ મનુષ્ય નિષ્કામ વૃત્તિએ અને શુદ્ધ ચિતે શ્રી રામનામ (માલીકનું નામ) નો ઉચ્ચાર મતલબ કે તેના ગુણ ગાય તો થાય છે.

" પ્રેમદાને શું પ્રીય લાગે છે ? "

(સવૈયા.)

સારંગ મેઘ બીહાગ ધનાશ્રી
બીભાસ ઝીઝોટી પીલુ હે સુરીના;
ટોઢી કેદાર દીપક દેશ,
તીલાના ધ્રપદ રૂ રામકલીનાં;
એમન કાન્હર પરજ અમેજ,
ખમાઈચ ભૈરવી મેરૈં સોહીના;
ઠીંકર કાઢત રાગ ભલો,
સખી આવત શ્યામ બજાવત બીનાં.....(૩૫૭)

અર્થ—વ્હાલમ વિયોગી વામાને વિરહ દશામાં પીડાતી જોઈ તેની વિરહ દશા ભુલાવવા અને બે ઘડી શાન્તી આપવા ગાયક નોકરો આવીને આલાપથી સર્વ સાજ સહિત ગાવા લાગ્યા, જોકે આ ગાનારા તાલસુરને જાણનાર સમર્થ ગવૈયા અને ઉસ્તાદો હતા; તોપણ તે વનિતાએ સખીને જણાવ્યું કે હે બ્હેન આ

આથકી સારંગ, મેઘ, બિહાગ, ધનાશ્રી, બિભાસ, ઝીંઝોટી, પીલુ, ટોડી, કેદારો, દીપક, દેશ, રામકલી, એમન, કાનરો, પરજ, ખમાચ, ભેરવી, મારવા, સોહેણી વગેરે સારા સારા રાગ અને ધ્રુપદ, તીરાના જેવી સારી ચીજો ગાય છે પણ વ્હાલો બીન બજાવતો હોય ને જે મજા આવે છે તેવી મજા આમાં નથી આવતી.

" વિરહીનો ચંદ્રને ઠપકો. "

(કવિત.)

સિન્ધુકે સુપુત સીંધુ તનયાકે બંધુ અરે,
ધિક હે અમંદ જરે બીહી તેરે તાપતેં;
તુંનો દોષી દોષ હુતે કારમા કલંકી ભયો,
ધારે ઉર છાપ રૂષી ગૌતમકે શ્રાપસેં;
લાલ કહે લાલ મેરો જાહર જહાન બીચ.
બારૂ નીકો બાસી ત્રાસી રાહુકે પ્રતાપમેં;
બંધો ગયો મથો ગયો પીયો ગયો ખાર ભયો,
બાપુરો સમુદ્ર તોસેં પુતહીકે પાપસે........(૩૫૮)

અર્થ—કોઈ એક પ્રેમ વીછુટું વિરહી જન ચાંદનીમાં શાંન્તી લેવા અર્થે બેઠું, તેવામાં ચંદ્રને જોઈ તેને વધારે ઉલટથી સ્નેહી જન યાદ આવ્યું અને તેના મનમાં એટલી તો વીરહાગ્નિ બળવા લાગી કે શીતળ ચંદ્રની ચાંદની તેને અંગાર રૂપ જણાઇ અને તેથી ક્રોધે ભરાઇ તે ચંદ્રને ઠપકો આપી બધો ગુસ્સો તેનાપર ખાલી કરવા કહે છે કે હે ! ચંદ્ર ! સમુદ્રના કુળવાન પુત્ર ! તું દરેક રીતે દુઃખદેણુ છો. વિરહી જનને તું તારી ચાંદનીથી તપાવે છે. ગૌતમના શ્રાપથી તું કલંકીત છે. તારી સ્રીથી તને હમેશની જુદાઈ છે (ચંદ્ર તેની સ્રીને મળવાનો વખત લે છે ત્યારે વચમાં રાહુ આવે છે અર્થાત ગ્રહણ થાય છે.) વળી તું તો એવો છે પણ તારા જેવો સુપુત પુત્ર પાક્યો જેથી બીચારો તારો બાપ સમુદ્ર .પણ બંધાઈ ગયો (હદમાં રહે છે) મથન થઈ ગયો (દેવદાનવોએ મથી ચૌદ રત્ન કાઢ્યાં) પીવાઈ ગયો,

ખારો થઈ ગયો (અગસ્ત સમુદ્ર પી ગયા ને ખારો કરી કહાડયો) વાહરે ચંદ્ર ધન્ય છે તને.

" દુઃખીને દીલાસો. "

(દુહો.)

દમયંતી સીતા સતી, દ્રૌપદી ભે દુઃખ પાત્ર;
તીણુકે દુઃખકો તોલ કર, તવ દુઃખ હે કુન માત્ર.
........(૩૫૯)

અર્થ—હે જીવ ! તું જ્યારે દુઃખના સમયમાં આવી દીલગીર થાય ત્યારે દમયંતી અને સીતા જેવી મહારાણીનાં દુઃખ યાદ કરીશ તો તારૂં દુઃખ તે દુઃખ આગળ રજ સમાન લેખાશે.

" ગયો વખત સ્વપ્નવત. "

(દુહો.)

સુખકા દીન બહી જાત હે, દુઃખકા દીન બહી જાત;
ગયે દીવસ સો સ્વપ્નવત, ભાસ તહે ઈહી ભાતી....(૩૬૦)

અર્થ—સુખના અને દુઃખના દીન ચાલ્યા જાય છે અને ગયલા દિવસ સ્વપ્ન સમાન જણાય છે.

" મારી ચિત્તાની વિભુતી ધરે. "

(સવૈયો.)

ભસ્મ લગાઇ બનાઈ જટા,
છબી સાગર લીનીહે શંભુ પ્રભાકી;
જોગી બની કરી મોકુ બીજોગીની,
ભોગીની ભઈ રહી ભોગ બીનાકી;
શંભુ ચીતાકી બીભુતી ધરે,
ઇતની કમી કાહેકુ રાખી કહાકી;
એરી સખી ઉનટેરી કહે,
ધરી જાય બીભુતી સો મેરી ચીતાકી....(૩૬૧)

અર્થ—સાગર (વ્હાલા) શરીરે રાખ ચોળી માથા ઉપર જટા વધારી રાજ્ય સુખ ત્યાગી મહેશની માફક તપધારી થઈ મને વિજોગમાં નાખી ચાલ્યા ગયા, અને હું ભોગ ભોગવવા સરજાયલી છું છતાં મ્હુને વિલાસ વગરની કરી તો છોકરી પણ મહેશ તો સ્મશાનમાંનાં મુરદાં બળેલાં હોય છે તેની રાખ શરીરે ચોળે છે. તો હે બેન ! તું પણ વ્હાલાને જઇને કહે કે એટલું કરવાનું શું કરવા બાકી રાખ્યું ? માટે મારી ચિતાની વિભુતી શરીરે ચોળી મહેશનો પાઠ બરાબર ભજવે એમ કહેજો એટલે મને શાંતિ થાય.

" કેવો સંત રામને મિલાવે છે ? "

(સવૈયો)

એસે સંત ખરે જગમાંહી ફીરે,
નહીં ચાહત લોભ હરામકુજી;
સદાશીલ સંતોષ રહે ઘટ ભીતર,
કેદ કીયે ક્રોધ કામકુજી;
અરૂ જીભ હુંસે કબુ જુઠ ન ભાખત,
ગાંઠ ન રાખત દામકુજી;
બ્રહ્માનંદ કહે સત બારતાકુ,
એસે સંત મીલાવત રામજીકુ............(૩૬૨)

અર્થ—હરામની વસ્તુને કલ્પનામાં પણ ન ચાહે, લોભ અને લાલચ તો જેનાં નષ્ટ થયાં છે, હૃદય–સંતોષ અને શાન્તિથી છવાઇ રહ્યું છે, કામ અને ક્રોધ જેવાને જેણે કેદ કર્યા છે, જબાનથી સ્વપ્ને પણ ખોટું બોલતા નથી, અને પાસે લેશ પણ પૈસો રાખતા નથી એવા જે સંતો છે તે સંતો પોતાના સહવાસમાં આવનારને અવશ્ય માલીકનાં પરમપદ સમિપ પોહોંચવાને અધિકારી બનાવે છે.

" બ્રહ્માનંદ કોણ ? "

(સવૈયા.)

જ્ઞાતી ચારણ ઓડક આંસીયુંકી,
આબુ છાંય ભયો ખાણ ગામમેજી;
તાકે નામ શંભુદાન તાન હુકો,
માત લાલુબાઈ ધર્યો ઠામમેજી;
લાડુ મેટકે શ્રીરંગ નામ ધેર્યો,
હોઉલીન બ્રહ્માનંદ નામમેજી;
ચીત ધાર સેજાનંદ શામ છબી,
જગ જીત ગયો નીજ ધામમેજી.........(૩૬૩)

અર્થ—સ્વામિનારાયણના સંપ્રદાયમાં મહાન્ કવિશ્વર બ્રહ્માનંદ થઈ ગયા તે જ્ઞાતે ચારણ હતા તેની અટક (ઓડક) આસીયુ હતી અને તે મુળ રહીશ આબુ પર્વતની તળેટીમાં આવેલા કોઈ ખાણ (ખાન) ગામના હતા. તેના પિતાનું નામ શંભુદાન અને માતાનું નામ લાલુબાઈ હતું. બ્રહ્માનંદનું નામ માતાપિતાનું આપેલ લાડુ હતું અને તે લાડુ બારોટના નામથી ઓળખાતા હતા, પણ તે જ્યારથી સ્વામિનારાયણ સંપ્રદાયના સમર્થ પ્રતિનીધિ સહેજાનંદ સ્વામિની મુલાકાતમાં આવ્યા ત્યારથી તેને જ્ઞાન થયું અને તેથીજ તેની માલિકની સાથે તાળી લાગી અને બ્રહ્માનંદ (બ્રહ્મનો આનંદ) નામ ધારણ કર્યું કે જે આનંદનીજ મસ્તીમાં તેણે પોતાનું પાછલું જીવન પ્રભુનાં યશોગાન ગાવામાં અને તેનીજ કાવ્ય–કવિતા કરવામાં વિતાવ્યું.

" તરવાર શિવાજીની. "

(કવિત.)

અર્જુન ધનુષબાન, ભુખન ભનત કેધો,
ભીમકી ગદાહે કેધોં, જંગ જય કાજકી;

વાસવકો વજ્ર, વાસુદેવ જુકો ચક્ર કેધોં,
રેવતેસ સુસલ જયોં, મ્લેચ્છ ક્ષય કાજકી;
દંડન અદંડીનકો, દંડ ધર દંડ કેધોં,
કેંધો નખ પાતી તીવ્ર, સીંહ–શીરતાજકી;
શંભુકો ત્રીશુલ, શંભુ સતકો કુઢાર કેધો,
શંભુ સુત શકતી, શમશેર શીવરાજકી.(૩૬૪)

અર્થ—અરજુનનું ધનુષ્ય, ભીમની ગદા, ઇંદ્રનું વજ્ર, શ્રી કૃષ્ણુચંદ્રનું સુદર્શન ચક્ર, રેવતસનું સુશળ, દંડીનો દંડ, સિંહનો નખ, મહેશનું ત્રીશુળ, ફરશુરામનો કુહાડો જેમ વખણાઇ ગયાં અર્થાત્ તે દીગ્વિજય કરવામાં જેમ પાવરતાં થયાં છે તેમજ શંભુરાવના સપુત શીવરાજની તરવાર ભવાની પણ બહાદુરીમાં વખણાઇ ગઇ.

" ચારે વર્ણ કોની ચાકરી અર્થાત ખીજમત કરે છે ?"

(કવિત.)

શશિકે પ્રકાશ પાસ માણેકકી કેતી જયોત
રવીકે પ્રકાશ તારા તેજ નહીં ધરત હે;
શુરવીર આગે કાયર ના ઠેરત હે,
ભુજંગકી દ્રષ્ટી આગે દીપક ના જલત હે;
કસ્તુરીકી આગે બાસ કેવડા કપુત લાગે,
ત્યોં કરમ આગે રૂપ પાણી ભરત હે;
કહત કવિ ભોજરાજ સુને કયું ન કાન દેત,
ચતુરકી ચારો વર્ન ચાકરી કરત હે;

અર્થ—ચંદ્રની આગળ માણેક, સુર્યની આગળ તારા, શુરવીર આગળ બાયલો, સર્પની સમક્ષ દીવો, કસ્તુરીની સુગંધ આગળ કેવડો, કર્મની આગળ સ્વરૂપ જેમ મહત્તા નથી ધારતાં અર્થાત્ કે તે ઝંખવાણા પડી જાય છે એટલે કે તેને આધિન બની

જાય છે તેમ ચતુર, ડાહ્યા, સમજુ, ગુણવાન, અક્કલવંત માણુસની આગળ લોકો આધિન બની રહે છે, મતલબ કે અક્કલવંત માણુસ સર્વ સમાજમાં માન અને મહત્તા મેળવે છે.

" સ્નેહનું સ્વરૂપ. "

(સવૈયા.)

અંબરતેં અતી ઉંચ વહે,
અરૂ ઉંડી રસા તલ હુંતે અપારી;
તું હીમકે ગીરીતે અતી શીતળ,
પાવકતેં અતી જારનહારી;
મારહું કદુ મીઠું સુવાહુતે,
ઝીની અનુંનત સુમર ભારી;
જાનત જાન અજાન નમાનત,
સાગર સ્નેહકી બાત હે ન્યારી............(૩૬૬)

અર્થ—આકાશથી ઉચું, પાતાળથી નીચું, બરફના પહાડ હિમાલયથી પણ ઠંડું, અગ્નિથી પણ ઉનું, કડવામાં કડવું ઝેર જેવું, મીઠામાં મીઠું અમૃત જેવું, ઝીણામાં ઝીણું અણું જેવું, મોટામાં મોટું મેરૂ પર્વતથી પણ અધિક આવું સ્નેહનું સ્વરૂપ છે અને તેને જે જાણે તેજ જાણે, અજાણ્યું ન જાણે, પણ સ્નેહની વાતજ જુદી છે.

" જગદીશ સમાન કયા જન (માણસ) ને લેખવા ? "

(કવિત.)

ઇંદ્ર ચંદ્ર ચંદ્રધર નારદ દુહીન જેસે;
હારપાયે મારહુતે સુની ઉર આનીયે,
જ્ઞાનીકો ગુમાયો જ્ઞાન ધ્યાનીકો છોરાયો ધ્યાન,
માંન તજયો માર આગે મહા અભિમાનીયે;

એક પત્નિવૃત ઔર પતિવૃતા વૃત ધરે.
એસે નર નારીકુ બીશ્વમેં બખાણીએ;
દેહ ધરી દેહ અંત પરીયંત જુતમાર,
જગમે. સો જન જગદીશ જે સજા જાયે.(૩૬૭)

અર્થ—દેવતાઓના રાજા ઈંદ્ર ચંદ્રમા અને ચંદ્રમાને વરનાર મહેશને પણ કામદેવે સતાવ્યા હતા અને તે તેના પ્રભાવે અવર સ્ત્રીઓની મોહજાળમાં ફસ્યા હતા, એટલુંજ નહીં પણ એ કામદેવે મોટા મોટા જ્ઞાનીનાં ગુમાન ગુમાવ્યાં છે અને ધ્યાનીનાં ધ્યાન છોડાવ્યાં છે. આવા કામદેવના પંજામાં નરદેહ સ્ત્રી પુરૂષો નહીં આવતાં પુરૂષ એક પત્નિવૃત્ત પાળે અને સ્ત્રી એક પતિવૃતા વૃત પાળે તેનો મહિમા પ્રભુ સમાન પવિત્ર ગણી શકાય છે, શિવાય સકળ સંસારનાં પ્રાણી એ કામદેવના પંજામાં લોટી ગયાં છે.

" પ્રેમનો રંગ. "

(દુહા.)

ઔર રંગ ઉતરે સબે, જયો દીન બીતત જાય;
બીરહ પ્રેમ બુટા રચે, દીન દીન બઢત સવાય.(૩૬૮)

અર્થ—આ જગતમાં કપડાં ઉપર કે અન્ય કોઈ વસ્તુ ઉપર ભલે કાબેલ રંગરેજ રંગ ચહડાવે છે. તે રંગ વખતના વહેવા સાથે શરૂના રંગ કરતાં તેની ચમકમાંથી સ્હેજ પણ પાછો પડે છે અર્થાત્ ફીકો પડે છે. પણ જેના હૃદયમાં પ્રેમરંગ બીબાંની છાપ પડે છે તે છાપનો રંગ લાંબી મુદત સુધી ફીકો પડતો નથી પણ ઉલટી રીતે જેમ વખત જાય છે તેમ તે ચમકતો ધરે છે એટલે ખુલતો જાય છે, અર્થાત રંગ વધારે સતેજ થાય છે. × × × વાહરે પ્રેમરંગ શી તારી મહત્તા! ખરેખર જે પુન્યશાળી હોય તેનાજ હૃદયમાં પ્રભુ પ્રત્યે એવો રંગ લાગે છે.

પ્રેમનું પરિણામ.

(દોહરો)

પશુ પંખી સબ પ્રેમ બશ, તજત આપકો પ્રાન;
ધીક તીહીબીછુરે નામરે, તજી દેહ યહ જાન....(૩૬૯)

અર્થ—આ સંસારમાં ઈન્સાન તો ઠીક પણ જાનવર અને પક્ષીગણ આદી અનેક પ્રાણીઓમાં પ્રભુ પ્રેમ સત્તાનો પ્રચાર છે અને તે એટલે સુધી કે તેઓ પ્રેમીથી વિયોગ થતાં પ્રાણ ત્યાગે છે તો પછી નરજાતિ પ્રેમી વિયોગે પોતાના પીંડમાં પ્રાણ ધરી રહે તે કોઈ રીતે વાજબી નથી.

સંસાર કેવો છે ?

(દોહરો.)

સ્વાર્થી સબ સંસાર હે, બીન સ્વાર્થી ન કોય;
સબ અપની મતલબ લીયે, મિત્ર અમિત્ર હી હોય....(૩૭૦)

અર્થ—આ સંસાર સઘળો સ્વાર્થમય ભર્યો છે, મતલબ કે સંસારમાં દેખાતી એક પણ વ્યકિત વગર સ્વાર્થની નથી, જરૂર જોગી મતલબ (સ્વાર્થ) પાર પાડી અલગ થાય છે અને એજ સ્વાર્થ માટે શત્રુ મિત્ર થાય છે.

પ્રીતિ રાખવી હોય તો શું ન કરવું.

(કવિત.)

પહેલે બીબાદ વ્યહબાર ધનકો ન કીજે,
જાચીયેં ન તાપેં આઈ માંગે તાહી દીજીયે;
મીત્રકે ઘરમેં ઘરૂનીસો મીલી બેઠી વેન,
હસીયેં ન દુરી બેઠી, બેન છોરી લીજીયે;
કોઉ ભેદ પારે તો ન ભુલે દેવીદાસ કહે,
મનકી દુરાઈયેં ન તાતેં ભયે ખીજીયે;
પ્રીતિ ખોયો ચાહીએ તો કીજીયે પરસુ પ્રીતિ,
પ્રીતિ રાખ્યો ચાહીએ તો ઈતનો ન કીજીયેં ..(૩૭૧)

અર્થ—આ સંસારમાં જે સજ્જન સાથે શુદ્ધ સ્નેહ સતત નિભાવી રાખવાને ચાહુનાર પુરૂષે.એ એટલીજ કરી–પહેરેજ પાળવી અગત્યની છે કે તેની સાથે વ્યવહાર વેપાર તરીકે [ખાતે માંડીને] ધનની લેવડદેવડ કરવી નહીં; કદાચ કરીયે તો તે પાછી લેવા દેવાની ઉમેદ રાખવીજ નહિ, વળી જે માગવા આવે તેની પાસે પરિક્ષા લેવા કદી માગણી કરવી નહીં. તેના ઘરમાં તેની સ્ત્રી, તેની બ્હેન કે તેની પુત્રી સાથે કદી એકાંતે બેસવાની કે વણી વિલાસ વધારવાની છુટ લેવીદેવી નહી અને કદાચ અનિવાર્ય કારણથી તેની સાથે બોલવું પડે તો તે વખતે તેમને નિષ્કપટ વૃત્તિએ પોતાની માજણી બ્હેન કે પોતાની સગી પુત્રી બરાબર કલ્પીનેજ બોલવું. વળી કદાચ તે સ્નેહમા ખલલ પાડવા હજારો ખળ પુરૂષો કાન ભરવા સાચી ખોટી વાત કરે તો તેનો અમલ કરવાનો ખ્યાલ સ્વપ્નામાં પણ ન કરવો.

" કોણ તરે છે ? "

(સવેાૈ.)

રામકો નામ મુકંદ સહાય,
ગુણ ગાય સો તો તરે પે તરે;
પાવક બીચ કછુ જે પરે,
સો જીતનો હોય જરે પે જરે;
અગોચર નામ રઘુપતી કો,
નામ લેવે સો તરે પે તરે;
ભાવ અભાવન પ્રીત અતિ પ્રીત,
રામ કહે સો તરે પે તરે............(૩૭૨)

અર્થ—જેમ અગ્નિ દરેક વસ્તુને ગમે ત્યારે ભસ્મ કરી શકે છે તેમ રામનું નામ પણ અનેક જન્મનાં પાપનું દગ્ધ કરી સંસાર સાગરથી તારે છે, પછી ભલેને તે ભાવે અભાવે કે પ્રીતિ અગર તો અપ્રીતીથી લેવાય પણ તે કલ્યાણ કરનારૂં છે.

"ગઇ તેને જવા દે અને બાકી છે તેજ રાખ."

(સવૈયા.)

પુત્ર કલત્ર સુમિત્ર ચરિત્ર,
ધરાધન ધામહે બંધન જાકો;
બારહીં બાર બીશય ફલ ખાત,
અઘાત ન જાત સુધારસ ફીકો;
આનસુ સાન તજો અભિમાન,
કહી સુની કાન ભજો સીયપીયકો;
પાય પરમ પદ હાથસો જાત,
ગઇ સો ગઇ અબ રાખ રહીસો........(૩૭૩)

અર્થ—પ્રભુ નામનો ભજન રસ કે જે અમૃત જેવો છે તે ફીકો લાગે છે, અને સગાં સ્નેહી, પુત્રી–પુત્ર, માબાપની સગાઇ અને દ્રવ્ય, જમીન અને બંગલા મેળવવાની લાલસારૂપ ઝેર ઉત્તમ લાગે છે, પણ તે માનવું ભુલ ભરેલું છે; માટે સત્ય સમજ પીછાણો અને અજ્ઞાન ભાનને ટાળો અને વેદાંત, શાસ્ત્રો, પુરાણો અને સાધુસંત જ્ઞાનીની વાત યાદ કરી પ્રભુને ભજો તો કલ્યાણ થશે. વળી અત્યાર સુધી પરમપદ રૂપી દેહ મળી છે તેનું વય કેટલુંક છે તે વિચારી હે પ્રાણી ! તેં અજ્ઞાનતામાં રામ ભજન વગર વિતાવ્યું તે ભલે, પણ હવે જેટલું વય બાકી છે તેને તો તું રામના ભજનમાંજ પુરૂં કરે તોજ બસ છે.

"લોભદારીનું મન મરકટ."

(કુંડળીયો)

આશાકી દોરી ગલે, બાંધી દેત દુઃખ ખોભ;
ચિત પિતુકો બંદર કીયો, અહો કલંદર લોભ,
અહો કલંદર લોભ, લોભ હૈ નાચ નચાવત;
જદપી નીરાદર ચોટ, સમજી અતિ દુઃખ પાવત;
બરનૈ દીન દયાળ, લોગ સબ લખૈ તમાસા;
ભરમાવે ઘર ઘરહી, તઉ નહીં પુરતી આશા...(૩૭૪)

અર્થ—આ જગતમાં લોભ છે તે મદારી સમાન છે અને તેના હાથમાં જે મનુષ્ય ફસાઈ પડે છે તેના મનને તે વાંદરાની માફક પકડી તેના ગળામાં દુઃખરૂપ આશાની દોરી બાંધી લેશ પણ વિચાર વિના તેને નચાવે છે અને તે મન વાંદરૂં જેમ નાચે છે તેમ તેની ગમત (ચિકિત્સાહ—વ્યગ્રતા) સંસારીઓ જુવે છે ને ખુશી થાય છે (હસે છે) એટલુંજ નહિં પણ નાચતાં મન વાંદરૂં કાયર થાય છે. તો લોભ મદારી તેને ઘેરઘેર ફેરવે છે, છતાં પણ તેના ગળામાંથી આશાની દોરી કદાપિ નીકળી જતી નથી.

" જગત સારૂં કયાં સુધી જણાય છે ? "

(દોહરો.)

સજન સબ જગ સરસરે, જબ લગ પડયો ન કામ;
હેમ હુતાશન પરીખીયે, પીતલ નીકળ્યો શ્યામ.(૩૭૫)

અર્થ—હે ! સમજુ માણસ ! આ સંસારના સંસારી મનુષ્ય આપણને ત્યાં સુધીજ સારાં જણાય છે કે જયાંસુધી આપણને તેનુ કામ પડયું નથી ત્યાં સુધી એટલે કે કામ પડે ત્યારે જ તે સારાં અગર નરસાં છે તે જણાઇ આવે છે. જેવી રીતે અગ્નિમાં પીતળ અને સુવર્ણને તપાવીએ ત્યારેજ તેની પરિક્ષા થાય છે તેમ સંસારીની પણ કામ પડેજ પરિક્ષા થાય છે.

" એ નામ જુદું. "

દોહરો.

રામ નામ તો સબ કહે, ઠગ ઠાકુર ઔર ચોર;
ધ્રુવ, પ્રહલાદ તરી ગયે, ઓ કી નામ કચ્છુ ઔર(૩૭૬)

અર્થ—પોપટીયાજ્ઞાનની માફક દેખાદેખી મુજબ માત્ર (રહેણી કહેણી અને પુરતો નિયમ પાળ્યાવગર) ઉપર ઉપરથી રામ કહેનારાં સંસાર તરવાનાં લોભી ઘણાં છે, પણ જે રામનામથી ધ્રુવ

અને પ્રહલાદ જેવાં બાળકો સંસારને તરી ગયાં તે નામ સ્મરણ કરવાની વિધી જુદીજ હતી.

" પડી ટેવ ન ટળે. "

(દોહરો.)

કાજલ તજે ન શ્યામતા, મોતી તજે ન સ્વેત;
દુરિજન તજે ન કુટીલતા, સજન તજે ન હેત. (૩૭૭)

અર્થ—આંજણુ (મેશ) હરકોઇ ઉપાયે પોતાની કાળાશ તજી સફેતાઈ ધરતું નથી. સીપનું મોતી પોતાની ઉજવળતા તજી લાલી ધરતું નથી. દુષ્ટ મનુષ્ય પોતાની દુષ્ટતા અથવા પારકાનું અનિષ્ટ કરવાની ટેવ છોડતું નથી અને સજન નામ સારો માણુસ પોતાનો માણુસાઇ ખવાસ હરેક દુઃખનાં આવરણુ આવે છતાં પણુ તજતો નથી.

" પ્રભુ નહીં રાખે. "

(દોહરો.)

તુલસી તલબ ન છોડીયે, નીશ્ચે લીજી નામ;
મનુષ્ય મજુરી દેત હે, ક્યું રાખેગો રામ..........(૩૭૮)

અર્થ—તુલસીદાસ મહાત્મા સર્વ સંસારીને કહે છે કે, હે ભાઈઓ ! તમે સબુરી પકડી પ્રભુને ભજો અને તેના અર્થેજ શુદ્ધ ભાવે કર્મ કરો તો તે તમારો બેડો પાર કરશે, કારણુ કે અદના માણુસની મજુરી કરીએ તો પગાર (બદલો) આપે છે, તો મહાન પિતા સર્વેશ્વરની ચાકરી કરવાથી કેમ મન ઈચ્છીત નહિં મળે?

" કડવાશથી ન ડરો. "

(કુંડલીઓ.)

એકી અવગુન દેખીકે, નીબ ન તજો સુજાન;
વાકી કદુતા નહીં ગુના, કરી બહુ ગુન પહીચાન.

કરી બહુ ગુન પહીચાન, પ્રથમ સબ રોગ બીનાસે;
જો કોઉ સેવે આન, તાહી પીછે સુખ ભાસે.
બરને દીન દયાલ, છાંડ મુદ દેતી અનેકે,
યહ શીતળતા ખાન, તજો કટુ દેખી ન એકે..(૩૭૯)

અર્થ—લીંબડો કડવો છે માટે તે નકામો છે એવું સમજીને જ હે! સજ્જનો, તમે તેને ન છોડો. અલબત તેનામાં કડવાશ તો છે, પણ તેની સાથે તેમાં બીજા અનેક ગુણ રહેલા છે; તે એ કે તે હાડજ્વર મટાડવામાં અમૃતના જેવો ગુણકારી છે, તેની છાંયડી નિરોગીપણું અપાવે છે અને તપેલા મુસાફરોને શાન્ત કરે છે.

"કેવી સ્રીથી પરણવું ?"

(કુંડળીઓ.)

કરીયે બેગી બીબેક જુ, શાન્તી પ્રિય કો શોધ;
સુકુલ કૃતારથ હો હુગે, ઉપજત પુત પ્રબોધ.
ઉપજત પુત પ્રબોધ, બજેગી અનંદ બંધાઈ;
ધન્ય કહેગી ધીર, રહેગી કીર્તી છાઈ.
બરને "દીન દયાલ" જગતકી જાલ ન પરીયે;
બીલી નીવમા દીસખાન,
શાન્તી સો નીત હીત કરીયે.........................(૩૮૦)

અર્થ—પુરૂષે પોતાનું મંગળ ઈચ્છવું હોય તો તેણે શાન્તિ સ્રીને પરણવું અર્થાત તેણે સદા શાન્તિને પ્રાણથી પણ અધિક પ્રિય ગણીને પાળવી; કારણ કે શાન્તિ સ્રીથી પરિણામે સંતાનમાં બોધ પુત્રની પ્રાપ્તિ થશે અને તે પુત્ર પ્રાપ્ત થતાં જ્ઞાનીમાં તાસ માટે આનંદ વર્તાઇ રહેશે. અર્થાત કે જે પુરૂષ શાન્તિને નિભાવે છે તે પરિણામે બુદ્ધિશાળી થાય છે અને બુદ્ધિશાળી થયા પછી તેનું મન જ્ઞાની સમજમાં જવાને લોભાય છે. તેથી કીર્તિ વધે છે

અને નીતિ, ભક્તિપર પ્રીતિ થાય છે, જેથી આ લોકનાં મન ગમતાં સુખ ભોગવી અંતે મુક્તિપદ પ્રાપ્ત કરવાને લાયક બને છે.

" પ્રાલબ્ધ પ્રમાણે પામો છો."

(કુંડળીઆ.)

ખાનો અપનો પ્રાલબ્ધકો, ફીર ક્યું હોનાં દિન;
રહનો જગત સરાઇમેં, દાવા કહા પ્રવિન.
દાવા કહા પ્રવિન, જુકીનો અપનો પઇએ;
બુરે કામકા નામ, ભુલકર કબહુ ન લહીયે;
કહે ગિરીધર કવિરાય, જુતીલ એક સંગ ન જાનો;
તો સંગ્રહ નહીં બને, બને દેનો વાખાનો.......(૩૮૧)

અર્થ—આ સંસાર એક મુસાફરખાનું છે, અને તેમાં પ્રાણી રાતવાસો રહેવા આવ્યું છે એટલે જે કંઈ સાથે લાવ્યુ હોય તેજ મુસાફરખાનામાં પડી રહી તેણે ખાવાનું છે. અર્થાત કે જેવી પુર્વની કરણી છે તે પ્રમાણેજ તેને આ સંસારમાં મળી જાય છે, તો તેમાંજ તેણે શુકરમાની વધારાની આશામાં વલખાં મારવાં તે નકામાં છે; કેમકે જે લખાઈ આવ્યું છે તેજ મળવાનું છે, અને આ સંસારની રીત એવી છે કે ગમે તેટલું હોય તોપણ પ્રયાણ કરતી વખતે એક તલપણ સાથે આવતું નથી અર્થાત વાલની વાળી સુદ્ધાં પણ પડી રહેવાનું છે, તો તેવી પડી રહેનાર નકામી વસ્તુ માટે શા સારૂ વલખાં મારવાં ?

" સ્ત્રીની રણભુમિ. "

(છપ્પય)

ભ્રકુટી નેનકો બાન, કાનકો કટક ચઢાવન;
ઘુંઘટ પટકી ઢાલ, ચાલ ગજગતી સુહાવન;

કંચુકી કવચ પેનાય, કીયે કુચ પેદલ આગે;
બજત બીછુવા નિશાન, સુનત રતીપતી સુરજાગે;
હોંકાર કરત નેપુર નવલ, રણખેત કુસુમ સૈયા ભલી;
કવિ ગિરધર કહે એસે સાજ સજી,
પિયા પાસ ગુઝન ચલી...............................(૩૮૨)

અર્થ—નેત્ર નિગાહરૂપી બાણ, કાનરૂપ કટક, ઘુંઘટની ઢાલ, ચાલવાની ગતિરૂપ હાથી, ચોળીરૂપ બખતર, છાતીરૂપી પાયદળ (સિપાઇ), વીંછવારૂપી નિશાન, નેપુરના ઝણઝણાટ હોકારા પડકારા, એ રૂપે શુરવીરતાની સર્વ સામગ્રી સજી પુષ્પથી બીછાવેલા પલંગરૂપ રણભુમિમાં પતિ સાથે યુદ્ધ કરવા યોવન મદ માનુની ત્વરાથી ચાલી જાય છે.

"વેણું નાદમાં વિશ્વની વિકળતા."

(છપ્પય.)

સુનત મદન મન લજ્યો, તજ્યો પતિવ્રત વ્રજનારી;
સિદ્ધ સમાધી છુટ ગઈ, બેદ ધુની બ્રહ્મ બીસારી.
પશુ ન ચરત ત્રન ચકીત, શક્તિ નામચંદ ઉડગન;
થકીત પવન યુની જમુન, નીર ગીરી ચલ્યો સુલકતન.
પય ન પીવત બાલકબચ્છ સબ, ખગમૃગ રસબસ પ્રતિમુદીત;
બંસી ગોવિંદ વ્રજ ચંદકી, સો બંદાબન બાજત બીદીત
....................(૩૮૩)

અર્થ—શર્દ પુર્ણિમાની મધ્યરાત્રીએ શ્રી કૃષ્ણચંદ્ર વૃંદાવનની કુંજમાં વેણુંને છેડી (વગાડી) ત્યારે તે વેણુંના નાદના પ્રતિધ્વનીમાં એ થયું કે કામદેવ જંખવાણો પડયો, વૃજ વનિતાઓ વલ્લભ (પતિ) ની સેવા ચુકી, સિદ્ધ લોકોની સમાધિ છુટી ગઇ, વેદની ધુનમાં બેઠેલા બ્રાહ્મણોની ધુન બંધ થઈ ગઈ, પશુઓ ઘાસ ખાતાં બંધ થઇ ગયાં, આકાશમાં તારા અને ચંદ્રમા પોતાની ગ-

તિમાં મંદ પડી સ્થિર થઈ ગયા, પવન અને જમનાજીનો વ્હેતો પ્રવાહ અટકી ગયો, બાળક અને વાછરૂ ધાવતાં બંધ થયાં, પંખી વર્ગની પાંખની શક્તિ બંધ થઈ (ઉડવાનું ભુલી ગયાં), સાગર અને પર્વતો ડોલવા લાગ્યા, મતલબ કે તે નાદના સ્વાદમાં સર્વ વ્યકિતઓ એક સાથેજ મસ્ત (આસકત) થઇ રહી.

"શા વિના નકામું ?"

(સવૈયા-ઈંદિવ.)

કરણસેં દાની ધનાઢય કુબેરસેં,
સુજન ચાજ વીધી સમજાના;
વેદ પુરાન રૂનીતી નરેશકી,
તાહીમેં દેવ ગુરૂસેં પ્રવિના;
તેજ પ્રતાપી દીવાકરસેં,
જગમેં દઢ દીગ વીજૈ કરીલીના;
એસો ભયો તોં કહા મુક્તાનંદ,
શ્રી વૃજ ચંદ્રસે નેહન કીના...............(૩૮૪)

અર્થ—દાન આપવાની ઉદારતા કર્ણથી પણ અધિક હોય, દ્રવ્યના ભંડાર કુબેર કરતાં પણ વધારે હોય, વિચાર કરવાની સારી શકિત બ્રહ્માના જેવી હોય, વેદપુરાણ સમજવામાં અને સદગુરૂ દેવ વિગેરેને માનવામાં પ્રવિણ હોય, સુર્ય સમાન જેનો પ્રતાપ હોય અને દિગ્વિજય કરી સર્વ વિશ્વની સાહેબી સ્વાધિન કરી હોય એમ દરેક રીતે સવાયો હોય પણ જો પ્રભુની ભકિતથી અજાણ હોય તો પરિણામે એ સર્વ સાહેબી અને કીર્તિ ધુળધાણી અને વાપાણી છે.

"જીભ વશ કરવાથી શું લાભ ?"

(છપ્પય.)

ભમરકો રંગ મતંગ, મીનજ્યું મરે પતંગા;
એક એકકે સ્વાદ, તજ નીત પ્રાન પ્રસંગા.

નરતન પાયો પ્રમલ, અકલકો રસના કારણ,
વૃક્ષ મુલહે ડારી, પાટકુલની વિસ્તારણ;
અહ અન્ય ઇંદ્રી તું વશ કીયે, નાંહી જીતેંદ્રીય જાનીયે;
મુકુંદ જત રસના જીતે, સકલ વશકી પરમાનીયે. ૩૮૫

અર્થ—સર્વ કોઇ કહે છે કે માણસે ઇંદ્રીયોને વશ કરવી તો લાભ છે; પરંતુ બીજી ઇંદ્રીયો ભલે વશ ન કરે પરંતુ જો એક રસના રસ લોભી ઇંદ્રીયો અર્થાત રસ ચુસનાર જીભ્યા જીભનેજ વશ કરે તો દરેક ઇદ્રીયો સહેજે વશ થઈ રહેશે.

'લઘુ જીવન.'

(સવૈયો)

જગમેં લઘુ જીવન જાનીયે જયુ શ્રુતી,
સંત કહયાં ચિતમેં ધરીયે;
અપનો હીત આપનો પુન્ય ગની,
રીપુ પાતક કે ન ફંદા પરીયે;
લખો માનુષ દુર્લભ દેહ મહા,
સોહહા ભવસાગરકો તરાયે;
ચુની તોષ બીન મનબાચ રૂકાય,
સદા પરકારજ કો કરીયે........................(૩૮૬)

અર્થ—આ મનુષ્ય-દેહ મહા ઉત્તમ ગણાય છે. તે શાથી કે આ ભવસાગર તરવા મટે તે મજબુત અને કીમતી સાધન ગણ.ય છે. તો તે પામીને પછી એજ જાણવું મહત્વનું છે કે, સંત, સાધુ શ્રુતિ પુરાણ વિગેરે કહે છે કે મનુષ્ય જીવન અલ્પ છે, એટલે તેમાં પુન્યરૂપી હિતસ્વીની શોધ કરી સાર્થ રાખવો, પાપરૂપી દુશ્મનને પરહરી સ્વપ્ને પણ તેના ફાંસામાં ન ફસાવું મન, વાચા અને કાયાને વશ રાખવી, પરમાર્થમાં પ્રીતિ રાખવી.

" મસ્ત જોગણ. "

(દુહો.)

હમતો જોગી પ્રેમકે, પ્રેમ હમારો દેશ;
શુદ્ધ ન પાઇ પીયકી, તબ લીનો એ વેશ..(૩૮૭)

અર્થ—મસ્ત અને યુવાન જોગણને કહ્યું કે તમે જોગ કેમ લીધો ? ત્યારે તેણે કહ્યું કે હું તો પ્રેમની જોગણ છું (રામ ભજવાને જોગણ નથી થઈ), પ્રેમ મારો દેશ છે અને પ્યારાનો પતો ન લાગ્યો એટલે તેને શોધવા માટેજ આ વેશ ધર્યો છે.

" પ્રીતમાં કપટ "

(દુહો.)

સુર અગ્નિ ગજ કેશરિ, પાયપદમ સીર ચોર;
ઉદય રાજ કૈસે બને, પ્રીત કપટ ઈ કઠોર....(૩૮૮)

અર્થ—સુરજ અને અગ્નિ હાથી અને સાવજ એક સાથે ન રહી શકે તેમ પ્રીતિવાળો કપટવાળાથી સ્નેહ સાધી શકતો નથી ને સાધે તો નભી શકતો નથી.

" કેવા કેવા ધુળમાં મળી ગયા ? "

(અરલ.)

મંદિર મહાલ બીલાસ, ખજાના મેડીયાં,
રાજ અરૂ સુખસાજ, કે ચંચળ ચેડીયાં;
રહતા પાસ ખવાસ, હમેશ હજુરમેં,
એસે લાખ કરોડ, ગયે મીલ ધુલમેં.......(૩૮૯)

અર્થ--હે અજ્ઞાની ! તું જરા વિવેકબુદ્ધિથી વિચાર કર, અજ્ઞાનપણાને દુર કરી જ્ઞાન સાનને ધારણ કર. વળ, આંટી અને પ્રપંચ-ખુમારીનો ત્યાગ કર; કારણ કે હરિઆળા બગીચામાં પરસ્તાની મહેલાતમાં મનગમતી સુંદરી સાથે લખલુટ સાહેબીથી સુખી

રહેતા. ખર્ચવાને અખુટ ખજાના હતા, સરદાર તરીકેની પદ્વિ ભોગવતા હતા અને જેનો હુકમ ઉઠાવવા હજારો દાસદાસીઓ હાજર હતાં, એવા પણ કરોડો ચાલ્યા ગયા અને ધુળમાં રગદોળાઈ ગયા છે; તો પછી તું પામરનું શું ગજું છે?

"શું કરવા કાંઈ કરવું ?"

(કવિત.)

કહીકો બઘમ્બરકો ઓઢી કરો આડંબર,
કહીકો દીગંબર વ્હે દુઃખ ખાય રહીયે;
કહે પદમાકર ત્યોં કાયકે કલેશ હીન,
સીકર સજીત સીત બાત તાપ સહીયે;
કાહેકો જપોગે જાપ કાહેકો તપોગે તાપ,
કાહેકો પ્રપંચ પંચ પાવકમેં દહીયેં;
રૈનદીન આઠો જામ રામ રામ રામ રામ,
સીતા-રામ સીતા-રામ સીતા રામ કહીયે....(૩૯૦)

અર્થ—જો મુક્તિ મેળવવાની ઇચ્છા હોય તો, હે મનુષ્ય ! તારે સિંહ-મૃગની ખાલ ઓઢીને દીગંબર થવાની કે આડંબર વધારવાની જરૂર નથી, જંગલમાં જઇ તપ કરવાની કે ધ્યાન કરવાની જરૂર નથી અને અનેક જાતના પાખંડ કરવાની જરૂર નથી, પણ કેવળ શુદ્ધ ભાવે દીવસ ને રાત વ્યવહાર કામ નીતિની રાહે કરતાં પ્રભુનું ભજન કર, એટલે તને સહેજ જે વસ્તુની અભિલાષા છે તે મળશે.

"રાસ વર્ણન."

(કવિત.)

ખનક ચુરીનકી ત્યોં ઠનક મૃદંગનકી,
રૂનુક ઝુંનક સુર નુપુરકે જાલકો;
કહે પદ્મમાકર ત્યોં બાંસુરીકી ધુની મીલી,
રહ્યો બંધી સરસ ચનાકો ચેક માલકો;

દેખતે બનત પૈન કહત બનેરી કછુ,
વિવિધ બીલાસ યો હુલ્લાસ યહ ખ્યાલકો;
છંદ છબીરાસ ચાંદનીકો પરગાસ,
રાધીકાકો મંદ હાંસ રાસમંડળ ગોપાલકો....(૩૯૧)

અર્થ—શરદ પુર્ણીમાની રાત્રીએ બીંદ્રાબનની કુંજ ઘટામાં રાધીકાજી સખીવૃંદ સાથે અને શ્રીકૃષ્ણચંદ્ર ગોપગણ સાથે ભેગાં મળી એક દૈવ્ય રાસનો આનંદ લેતાં હતાં; જેમાં સખીવૃંદે હાથમાં પહેરેલાં કંગનના મધુર ખખડાટ (તાળી લેવાથી) થતાં તેની સાથે ઢોલકનો અને પગનાં નુપુરના ઠમકારાનો તાલ એક થતો અને તેની સાથે શ્રીકૃષ્ણચંદ્રની મુરીલી વેણુનો નાદ સાથ પુરતો, તે વખતે વૃંદાવનનાં વૃક્ષો પણ ચકીત થઈ જતાં.

" બગ—ભગત. "

(ત્રિભંગી.)

નાવત જલનીકા ધારત ટીકા, ગલકંઠીકા તુલસીકા;
અરૂ મીઠા જીયકા, કપટીહીયકા, નાહન ઠીક મુરઘીકા;
બાના હરજીકા, વીકલ બીલીકા, ઠીંકર ત્રીયકા વીષફંદા;
સદગુરૂકા બંદા બ્રહ્માનંદા, સાચ કહંદા સમ હંદા.(૩૯૨)

અર્થ—બગ–ભગતનાં લક્ષણવાળો સેતાન સન્યાસી કે સાધુ જ્યાં સ્ત્રીઓ પાણી ભરવા આવે તે ઘાટપર ન્હાવા જાય; ડોળ દેખાડવા શરીરે રાખ અને કપાળપર ચંદનનો કંટેવાળો કરે, ગળામાં તુળશીની ૨૦–૨૫ માળાઓ પહેરે, જીભથી મીઠી મીઠી જ્ઞાનયુક્ત વાતો કહી બધાંને બોધ આપે અને હૃદયમાં તો કપટ સમાતું ન હોય, બીલાડી જેમ ગરીબ મુરઘીને પકડવા તાકે તેમ પરસ્ત્રીઓને પોતાના વીષય ક્ષુધા ત્રપ્ત કરવાને ફંદમાં લેવા તાકી રહેતો હોય. આવા સેતાનોથી દરેક સંસારીઓએ અવશ્ય ચેતવા જેવું છે; કેમકે આવા બગ–ભગતનો વતમાનકાળમાં તોટો નથી અને તેવાના ભોગ અત્યાર સુધીમાં ઘણા સજ્જન સંસારીઓ થઈ ગયા છે, એવું પણ આપણે વખતો વખત સાંભળ્યું છે.

"મુશ્કેલ શું છે?"

(કવિત.)

ચલવો ગવન પંથ મીલવો મીહીર લોક;
દલઓ રિપુકો દળ શસ્ત્ર ન બીહીનકે;
ધરવો ધરાકો ભાર તરઓ નીધીકો બાર,
હરવો હરાકો હરી કરઓ અધીન હે;
ખાયઓ હલાહલકુ લ્યાયઓ ફનીશમની;
ધાયઓ ખગેશ સંગ બને કોઉ દીનકે,
રહવો અહાર બીન કહઓ ભવિષ્ય હોન,
અબહી અક્ષમ કામ દક્ષઓ કઠીન હે......(૩૯૩)

અર્થ—અવળે પંથે ચાલવું, ન જોગેલા માણસથી મળવું, હથિયાર વગર શત્રુના સૈન્યને જીતવું, પૃથ્વીને માથાપર ઉપાડવી, સમુદ્રને હાથવતી તરી જવું, પ્રભુને વશ કરવો, ઝેર ખાઇને પચાવવું, સર્પની મણી મેળવવી, ગરૂડની ગતિથી પણ અધિક વેગમાં જવું, અનાજ વગર શરીર ટકાવવું, એ સર્વ વાત સ્હેલ છે, પણ કામ વિકારનો નાશ કરવો એ ઘણુંજ મુશ્કેલ છે.

"કિસ્મત છુપું ન રહે."

(સવૈયો.)

આદરસેં ન છુપે બિભાકર,
છોની છુપે ન તરૂવર છાંયે,
અંજીત અંજન નેન છુપે નહીં,
મેન છુપે નહીં મૌન ગ્રહાયે;
નીંદકસેં ન છુપે પરકીરત,
સાચ છુપે નહીં જુઠ બતાયે;
ધુમહીંસે જ્યુંહીં આગ છુપે નહીં,
ભાગ્ય છુપે ન ભભુત લગાયે....(૩૯૪)

અર્થ—વાદળાંથી સુર્ય છુપો રહેતો નથી, વૃક્ષની છાયાથી ચાંદની છુપી રહેતી નથી; આંજણુ આજવાથી આંખનું નુર છુપું રહેતું નથી; માણસાઈ મોન રહેવાથી છુપી રહેતી નથી; નીંદા કરનારથી સુકીર્તિ છુપી રહેતી નથી; જુઠા પ્રપંચથી સાચું–છુપું રહી શકતું નથી; અને જેમ ધુમાડાથી અગ્નિ છુપો રહેતો નથી તેમ રાખ ચોપડવાથી કિસ્મત છુપાં રહી શકતાં નથી. મતલબ કે ઇન્સાનના કમમાં જો વૈભવ ભોગવવાનું લખ્યું હોય છે, તો તે સાધુ થાય તોપણ સાહેબી ભોગવે છે, મઠધારી થઇ ચમર છત્રનો વૈભવ માણે છે. ખરે જગતમાં કિસ્મતનું પ્રધાનપણું છે.

" લાખમાં એકજ હોય છે. "

(દુહો.)

શેરી મિત્રો સો મીલે, તાલી મિત્ર અનેક,
જેમાં સુખ દુઃખ બાટીયે, સોલાખનમાં એક.(૩૯૫)

અર્થ—વ્યવહારમાં ગાળીયાતાળીયા લાખો મિત્ર હોય છે, પણ સુખદુઃખમાં ભાગ લઇ શકે કે આપણા અંતરની વાત સાંભળી શકે તેવો તો લાખોમાં એકજ હોય છે.

" દુશ્મનને નાનો ન ગણવો. "

(દોહરો.)

અરી છોટો ગનીયે નહીં, જાતે હોત બીગાર;
તૃન સમુહકો છીનકમેં, જારત તનક અંગાર.(૩૯૬)

અર્થ—વ્યવહારમાં દુશ્મન ભલે નાનો અર્થાત નિર્બળ કે એકલો હોય, તો પણ તેને નાનો કે નિર્બળ ગણવો નહીં; પણ જેમ જબરા ઘાસને નાનો અંગાર બાળી શકે છે તેમ નાનો શત્રુ પણ સુખને નષ્ટ કરી શકે છે; માટે શત્રુથી સદા સાવધ રહેવુ.

"કોણ કરી શકે ?"

(કુંડળીયા.)

બંદા કહે સો મેં કરૂં, કરનહાર કીરતાર,
તેરા કીયા સો કયા હોવે, હોવે હારનહાર.
હોવે હોવનહાર, ખ્યાલ કીરતાર બનાયા,
બુઢા તરૂણા બાલ, કાલ સબ જગત ઘસાયા.
કહે દીન દરવેશ, સમર પેદા કરંદા,
કરણહાર કીરતાર, કહાં તું કરદી બંદા....(૩૯૭)

અર્થ—મટીનું પુતળું અભિમાનમાં રંગાઇ હરેક કામ હું કરૂં છું, હું કરીશ, મેં કર્યું છે, આમ ધારી બકતું ફરે છે, પણ તે જાણતું નથી કે તારો અંત કયારે છે. સાંજે કે સવારે એ પણ તું જાણી શકવાને શકિતવાન નથી, તો બીજું તે કરી શકવાને શું લાયક છે ? જે કંઇ થાય છે તે માલેકજ કરે છે, તો નકામો શકટ (ગાડાં) નીચેના શ્વાન માફક અથવા કુવા અંદરના દેડકા માફક શીદને કુલાઈ મરે છે ?

"જમ ઝપાટા કરે છે."

(કુંડળીયા.)

ઝમ ઝપટા દેત હે, દીનમેં બાર હજાર,
મુરખ નર ચેતે નહીં, કેસે ઉતરે પાર :
કેસે ઉતરે પાર, ખ્યારમેં હાર્યા બાજી.
ભજયા નહીં ભગવંત, રહયો માયામાં રાજી;
કહે દીન દરવેશ, છોડદે કુડ કપટા,
દીનમેં બાર હજાર, દેતહે જમ ઝપટા......(૩૯૮)

અર્થ—હે ! મુરખ નર ! તુંને સાનસાન [illegible], [illegible] તું અજ્ઞાનમાં અટવાઈ મિથ્યા સંસારની બાજી પર [illegible] રહ્યો છે, અને ભગવંત ભજનને વિસરી ગયો છે [illegible] કામ કરવામાં રચ્યો મચ્યો છે, તો તેનું પરિણામ સ[illegible], નહે એ

બધું ત્યાગી પ્રભુને ભજી લે, કેમકે માથાપર જમની ઝપટ ટાંપી રહી છે.

" કલજુગના રાજ્યમાં કોણ માર્યો જાય ? "

(કુંડળીયા.)

કલિયુગ તેરે રાજમેં, ભયો અંધેરો ઘોર,
ચોર કીયો કોટવાલ તેં, ઉલટો દંડે ચોર;
ઉલટો દંડે ચોર, જોર કોટવાલ ન ચાલે,
કાજી શાહ બજીર, લાંચ લઇ ન્યાય ન બોલે;
કહે ગિરધર કવિરાય, ધર્મકો રહ્યો ન પાયો,
માર્યા જાત ગરીબ, રાજ્ય કલિયુગકો આયો.(૩૯૯)

અર્થ—કળિયુગના વખતમાં જ્યાં જોશો ત્યાં કાળે કરીને વખતના વહેવા સાથે સો મણ તેલ બળતું હશે તોપણ વદ પક્ષની અમાસની રાતના જેવું અંધેર મટશે નહીં, એટલુંજ નહીં પણ એવું થશે કે ખાતર ચોર પાડશે તેની સજા ચોર પકડનારને થશે. એ ન્યાય માગવા ચોર પકડનાર ન્યાયશાળામાં જશે તો ત્યાંના બેસનારા લાંચ લઈ ન્યાયપુર્વક નહીં બોલે અને અવળો ન્યાય કરી દેશે આમ ગિરધર કવિ કહે છે. ઉપરાંત એમ પણ જણાવે છે કે ધર્મની ક્ષિણતા થશે અને બિચારા ગરીબ માણસો પીલાશે અને પ્રપંચી પુષ્ટ થશે.

" બેરંગી મોતી શ્યાથી. "

(છપ્પય.)

નખેતર સ્વાત રૂતુ શરદ, સુભટ ભટ લરત મહાબલ;
ઉઢ્ઢી દુર અચીદુર, શુર ભરપુર ઉભેદલ.
ગીત લાલ અંતરાલ, આલ ગ્રહી ચઢી અંબર;
તેહી કાલ તત્કાળ, હાલ હોઈ બ્રખા ધધંબર.
શ્રાણિત બ્રખા બીન્દુ મિલ, શીપ મુખ ગયો;
અહીજાન આન રાજાન પતી, મોતીકો દો રંગ ભયો.(૪૦૦)

અર્થ—એક વિદ્વાન નૃપતિની સભામાં સુકવિ ગયો ત્યારે તેને નૃપતિએ પુછ્યું કે, હે પ્રવિણ કવિ મારી પાસે આ એક મોતી છે, તેના બે રંગ એટલે કે અરધું સફેદ અને અરધું લાલ તે શી રીતે થયું હશે? આ સાંભળી પ્રવિણ કવિએ જવાબ આપ્યો કે, રૂતુ શરદ હતી અને નક્ષત્ર સ્વાતીનું હતું એ વખતે દરિયા કીનારે લડાઇ ચાલતી હતી. લડાઇમાં મરણ શરણ થતાં મુરદાંનું માંસ ખેંચી ગીધ પક્ષી આકાશમાં ઉડયું. આ વખતે અચાનક આકાશમાં વાદળી ચઢી અને વરસવા લાગી, જેના પ્રભાવે પાણી ઝીલવા સમુદ્ર અંદરની સીપોએ પોતાનાં મુખ ખુલ્લાં કર્યાં. તેમાં ગીધના મોઢાંના માંસમાંથી ટપકતું લોહીનું બીંદુ તથા વરસાદનું બીંદુ મિશ્રણ થઈ એક સીપના મુખમાં ગયું, અને તેથીજ આ મોતીનો રંગ બે જાતનો થયો છે.

“ હાથમાં ચોખા કેવી રીતે ચડી ગયા (પાકી ગયા) ? ”

(કવિત.)

શશિ મુખી ચુપગરી તબતૈં બ્યાકુલી ભઈ,
બાલમ બીદેશ હુકો ચલબો જબે કીયો;
દુધ દહીં શ્રીફળ રૂપયો ધરી થારી માંહીં,
માતા સુત ભાલ જબે રોલકે ટીકો દીયો;
તાંદુર બીસર ગયે બધુસેં કહ્યો લીઆવ,
તબતેં પસીનો છુટયો મન તનકો તયો;
તાંદુર લી આઈ તીયાં આગનમેં ઠાડી રહી,
કરકે પસારવેમેં ભાત હાથમેં ભયો............(૪૦૧)

અર્થ—સ્ત્રીઓમાં વિરહાગ્નિનું કેટલું બધું પ્રાધાનપણું પ્રબળ રૂપ હોય છે તેના માટે ગ્વાલ કવિ દાખલો આપે છે કે, કોઈ એક નવરંગે સુંદર સ્ત્રીનો સ્વામિ પરદેશ જતો હતો ત્યારે તે સ્વામિનાં માતાપિતા વિગેરે તેને મંગળ સુચનથી છેલ્લે વિદાયગીરી આપવા વધાવે છે અને કપાળમાં ચાંલ્લો કરે છે, પણ તે વખતે

મંગળ વસ્તુ સાથે લાવવાના ચોખા ચાંદલાપર ચોંટાડી વધાવવાના નહિ લીધેલા, એટલે સાસુએ વહુને [વિદેશમાં જનારની સ્ત્રીને] કહ્યું કે અંદરથી ચોખા લઈ આવો. આ વખતે સ્વામિ જુદાઇમાં સ્ત્રી વિરહાગ્નિમાં બળી રહી હતી, પણ સાસુની આજ્ઞા શીર ચહુ-ડાવી ત્રીજે મજલે ચોખાનું વાસણ હતું તેમાંથી ચોખા લાવી. લા-વતાં દાદરે ચહુડઉતરના થાકથી કપાળે પરસેવો થયો અને તેનાં બીંદુ હાથમાં લીધેલા ચોખામાં પડી ગયાં અને તેથી વિરહાગ્નિની આંચ અને પરસેવાનાં પાણી વતી તે સુંદરીના હાથમાંજ ચોખા રંધાઈ ગયા.

" રૂપિયાનો પ્રભાવ. "

(સવૈયા)

માત કહે મેરો પુત સપુતકે, બેની કહે મેરો સુંદર ભઈયા;
તાત કહે મેરો હે કુલદીપક, લોકમેં લાજ અધીક બધઈયા;
નારી કહે મેરો પ્રાણ પિયારો, જીનકીજાતે મેં લેઉ બલૈયાં;
કબીગંગકહેસુનોશાહઅકબર,જીનકીગાંઠમેંસુફેતરૂપૈયા (૪૦૨)

અર્થ—આ વ્યવહારમાં જે કંઈ સગું–સબંધી સ્નેહી વિગેરે દરેક વ્યકિત કેવળ રૂપીઆમાંજ રહી છે. જો પાસે રૂપિયા હોય તો જનેતા (માતા) કહેશે કે મ્હારો સપુત છે, રૂપીઆ ન હોય તો કહેશે કે મેં ફોકટનો નવ મહિના ભાર ઉપાડયો. રૂપીઆ હોય તો બ્હેન કહેશે કે મારો ભાઇ સારા મોંઢાવાળો છે. રૂપીઆ ન હોય તો કેહેશે કુળ લજામણો છે. રૂપીઆ હોય તો બાપ કહેશે કે મારા કુળનો દીપક છે. રૂપીઆ ન હોય તો કહેશે કે કુળને કલંકરૂપ છે. રૂપીઆ હોય તો જનસમાજમાં આબરૂ વધી ડાહ્યો ગણાય, રૂપીઆ ન હોય તો ભિખારીપણે ઓળખાય અને ગાંડો ગણાય. રૂપીઆ હોય તો સ્ત્રી કહેશે કે મારો સ્વામિ પ્રાણ-થી પણ પ્રિય અને હું તો તેનાપરથી ઓળઘોળ થઈ જાઉં, પણ રૂપીઆ ન હોય તો સ્ત્રી કહેશે કે, કંથ અપોચીઓ છે.

" ગુરૂચરણુ મહિમા. "

(દોહરો.)

જુગલ ચરન ગુરૂદેવકે, મંગલ સબકે મૂલ;
ભેટત ઉર માયા મીટે, કોટી જન્મકી ભુલ.....(૪૦૩)

અર્થ—સદગુરૂના ચરણુ (શેવા) નો એવો મહિમા છે કે તેને સ્પર્શમાંજ સંસારની મિથ્યા માયા અને ભુલવણીમાં ભમવાનો ભય ટળી જાય છે.

" દુઃખરૂપ શું ? "

(દોહરો.)

સુખ સિન્ધુ ભગવાનહે, તાકી ન કરે સંભાર,
દુઃખકો દાયક જગત હે, તીનસે કરે બેવાર...(૪૦૪)

અર્થ—સુખના સાગર તુલ્ય પ્રભુને વિસારી અજ્ઞાનીઓ દુઃખરૂપ જગતમાં મચ્યા રહે તો પરિણામે સુખ ક્યાંથીજ મળે ? !

" સુખરૂપ શું ? "

(દુહો.)

જો પ્રભુ તારન તરન હે, જો પ્રભુ ભજવા જોગ,
તાકો મન તેં ભુલીતે, મુરખ ઇચ્છત ભોગ....(૪૦૫)

અર્થ—જે પ્રભુ તારનાર છે, જે પ્રભુ ભજવા યોગ્ય છે તેને વિસારી દુઃખરૂપ મોજને ચાહે તે પુરૂષ ખરેખર મુર્ખ છે.

" વાણીનો પ્રભાવ. "

(દુહો.)

કાગા કીસકા ધન હરે, કોયલ કીસકુ દેત,
એક જીભકે કારણે જગ જશ અપજશ લેત...(૪૦૬)

અર્થ—કાગડો કોઈનું લેતો નથી અને કોયલ કોઈને આપતી નથી, પણ માત્ર વાણીથીજ પ્યારૂં ખારૂં થઈ પડે છે.

" કેવી રીતે ચાહું છું."

(કવિત.)

કંજકુ દીનંકર હીમંકર ચકોરનકુ,
મોરનકો શોર ઘન જોર દદરાન હૈ;
સ્વાતી જો પપીહા પીક ચાહ તબ સંત જૈસે,
એસે જલ મીન યૌ મરાલસર માનહૈ;
રામ હનમંતા પતિવ્રતા નીજ કંત જાન,
ચંદ લહે રાન સીંધુ કુંજ મહે રાનહૈ;
કહે કાળીદાસ જશવંત ફતમાલ નંદ,
વશ સુર મેરે ભગવંતકે સમાન હૈ.....(૪૦૭)

અર્થ—કમળ પુષ્પ સુર્યને, ચકોર ચંદ્રને, મોર વરસાદની ગર્જનાને, દેડકાંઓ વરસાદની હેલીને, બાપૈયો સ્વાતીનાં બિંદુને, હંસ સરોવરને, હનુમંત શ્રી રામને, પતિવૃતા પોતાના પતિને ચાહે છે તેમ ફતમાલના કુમાર જશવંતને કાળીદાસ કવિ ચાહે છે—આમ કાળીદાસનું કહેવું છે.

" કાંટાની પથારીથી આરામ કોને મળે છે ? "

(કુંડળીયો.)

કાંટે તળે બીછાયકે, કરે પુરૂષકો સૈન,
દેત સમયકો દોષ પુન, તનક પરે નહીં ચેન;
તનક પરે નહી ચેન, કાલ અબ આયો ભારી;
જીનકી ચખમેં કરે અંગુરીયાં દેવતગારી;
કહે ગિરિધર કવિરાઈ મૌલદૈ લેવે તાહી,
તાકર ચહે આરામ ગાડ કરતનમેં કાહી.....(૪૦૮)

અર્થ—જમાનો એવો ઉલટો આવ્યો છે કે, બાવળના કાંટાનું બિછાનું કરી તેના ઉપર તનહા શયન કરી શાન્તિ માગનારા ઘણા છે, સામાની આંખમાં આંગળીઓ કરી ઉપરથી ગાળો દેનારા પણ ઘણા છે મજબુત પાકા પાણાની દિવાલ તોડાવી તેને ઠેકાણે સાં-

ડીઓની કે ખપાટની તાટી ભીડાવી લેનાર પણ ઘણા છે. મતલબ કે આ વર્તમાનમાં ઘણો ખરો અફુલના ઓથમીરનો ભાગ વધારે મળશે.

" કળીના વખતનો વ્યવહાર. "

(કુંડળીઓ.)

ઝુંઠે મીઠે બચન કહી, ઋણ ઉધાર લે જાય,
લેત પરમ સુખ ઉપજે, લૈકે દીયો ન જાય;
લૈકે દીયો ન જાય, ઉંચ અરૂ નીચ બતાવે,
રૂણ ઉધારકી રીત, માંગતે મારન ધાવે;
કહે ગિરિધર કબિરાય, જાની રહે મનમેં રૂઠા,
બહુત દિના બહી જાય, કહે કાગજ તું જુઠા...(૪૦૯)

અર્થ—કળિયુગના વર્તમાનમાં બહુ રીતે વ્યવહારમાં પણ કડાકુટ રહેલી છે તે એવી રીતે કે, સામાની પાસેથી પૈસો કરજે લેવો હોય ત્યાંસુધી તેને સારૂં લાગે તેવાં સાચાં જુઠાં ખીજમત ભરેલાં વચનો બોલી તેનું હ્રદય પિગળાવી વિશ્વાસ બેસાડી અંગ ઉધારે પૈસો લઈ આવે, પણ જે મુદતે આપવાનો હોય ત્યારે પાછો તેને ત્યાં આપવા જતો નથી કે તેને મળતો નથી. ભોગજોગે માગનાર મળી ગયો હોય તો તેને ઉલટો લેતો પડે છે, ને કંકાસ વધારે છે. લેતી વખતની ગરજ યાદ નહિ રાખતાં લડવા તૈયાર થાય છે, ને કરજ આપતો નથી. આખરે લેણદાર વખત જવા દઇ દાવો કરવા જશે તો પુર હિમ્મતથી વગર શરમે ત્યાં જવાબમાં જણાવશે કે માગનારે તે ખાતાંનો કાગળજ ખોટો બનાવટી કર્યો છે; તેમાં મારી સહી નથી ને ભોગજોગે સહી હોય તોપણ કહેશે કે તે મારા જેવા અક્ષરને મળતા કદાચ હશે, પણ કબુલ તો નહીં કરે.

" પત્થરની સેવા ફળે તો ઇનસાનની નહીં ફળે ?"

(કવિત.)

કબકે ખરે હે કાન, તદપીન છાંડે માન,
કરકે ગુમાન કાહે કરત ચબાવરી;
બીદ્રનાં દઈ હે કેંધો રૂપઠીનીકા ઇકાન,
એસી મન ભાઇ કહો બને ન બનાવરી;
કહે ઘાસીરામ એક આવતાં અચંબો નહી,
રીત એ થઈ હે કે ભઈ મતી બાવરી;
સેવા કરે પથ્થરકી, સુરત પસીજતેહે,
એસી બડી ચુરત ન પસીજતહે રાવરી....(૪૧૦)

અર્થ—કૃષ્ણચંદ્રને કોઇ કારણથી રીસ ચહુડેલી અથવા તો રાધાની પ્રીતિ કેવી છે તેની તકાસણી કરવા માટેજ રાધાજીથી અબોલા લઈ બેઠા હતા, તેવામાં રાધાજી શ્રી કૃષ્ણની સમિપ આવી ઘણુાજ વહાલભર્યા વચનથી વ્હાલ કરવા લાગી, છતાં પણ શ્રી કૃષ્ણચંદ્રે છે તે પ્રત્યે લેશ પણ ઈચ્છા ન ધરી, ત્યારે કાયર થઇ રાધાજીએ છેવટમાં કહ્યું કે, તમારા પ્યારની ઉમેદવાર બની હું તમને તન મન અને ધનથી તાબે થઈ કયારનીય હજુરમાં આવી આરદા કરૂં છું, છતાં તમે બોલતા નથી અને માનમાં મરડાઇ રહ્યા છો, તો તમે જન્મનાજ આવા બેખબર અને બેપરવાઈ કઠોર હ્રદયના છો કે ખાસ ઇરાદાપૂર્વક અત્યારે કઠોર હ્રદયના બન્યા છો ? એક પથ્થરની પણ સેવા કરવાથી પથ્થર ફળે છે તો તમે એક નર શિરોમણી આમ અકડાઇને ઉભા, મતલબ કે સેવાના ફળ તરીકે નેહ નજરની નવાજેશ નથી કરતા તે તમને શોભે છે ?

" વિદેહી કોણ ? "

(દોહરો.)

પ્રાપ્તીમેં હરખે નહી, શોક હાનીમે નાહીં;
ખાનપાન કીયા કરે, રાગ નહીં મનમાંય....(૪૧૧)

અર્થ—સારી વસ્તુ આવે તેનો હર્ષ નહિ, ને પાછી જાય તેનો ક્લેશ નહિં. વળી વૈભવ વિલાસ ભોગવે છતાં અંતરમાં તેની ચાહના અર્થાત તે પ્રત્યે પ્યાર કે ભાવ નહિં એજ વિદેહી વૃત્તિ કહેવાય છે.

" ઉપાધિનું સ્વરૂપ. "

(દુહો.)

આયુ ઘટે આશા બઢે, મનઘટ બઢઘટ જાય;
પ્રાપ્તી બઢે ન તીલ ઘટે, કહે કવિ કેશવરાય....(૪૧૨)

અર્થ—આશા વધારતાં આયુષ્ય ઓછી થાય છે પણ ઇચ્છીત પ્રાપ્ત થતું નથી કે જે હોય તેમાંથી તલભાર ઘટતું નથી ને નકામું મન ચક્રાવે ફેરા ફરે છે.

" છેવટમાં સાર્થક શું આવશે ? "

(દોહરો.)

કોડી કોડી જોડકે, જોડે લાખ કરોર;
ચલતી બારન કુચ્છ મીલે, લીલંગોટીતોર...(૪૧૩)

અર્થ—છળકપટના પ્રભાવે રામ નામ ત્યાગીને અનેક અનિષ્ટમાં આવલાં મારીને આખરે એક કરોડની પુંજી મેળવી કે જે પુંજી દયા પરમાર્થમાં નહિ ખરચતાં સાચવી પણ તે આખર વખતે તારી સાથે નહિં આવે પણ એ તસુની લંગોટી હશે તે પણ ઉતારી લેશે.

" સુમને પ્રશ્ન. "

(દુહો.)

નારી પુછત સુમકો, કહાંસે બદન મલાન;
કહા ગાંઠસેં ગીર પડયો, કહાં કછુકુ દીન....(૪૧૪)

અર્થ—સુમનું કાળું મોઢું જોઇ તેની સ્ત્રી પુછે છે કે છેડેથી છુટી ગયું કે કોઈને આપી દીધું કે આ પ્રમાણે કાળું મોઢું થયું છે ?

" સુમનો ઉત્તર. "

(દુહો.)

નાંહી ગાંઠસે ગીર પડયો, નાંહી કીસીકુ દીન;
દેતાં દેખ્યો ઔર કુ, વાંસે બદન મલીન.....(૪૧૫)

અર્થ—સુમે જવાબ આપ્યો કે ગાંઠથી પાડી નાખ્યું નથી કે આપી દીધું પણ નથી; પરંતુ એક દાતારને દાન કરતાં જોયું તેથી મારૂં મોઢું કાળું થઈ ગયું છે.

" કોનું કયું બળ ? "

(છપ્પય.)

તીય બળ જોબન સમય, સાધ બળ શીવપદ સંબર;
નૃપ બળ તેજ પ્રતાપ, દુષ્ટ બળ બચન આડંબર;
નિર્ધન બળ સુમિલાપ, દાન સેવા જાચક બળ,
બાની જબલ બ્યાપાર, જ્ઞાન બળ બરબીબ કેદલ;
એમ બિધ્યા વિનય ઉદાર બલ, ગુણ સમુહ પ્રભુબળ હરબ;
પરિવાર સુબલ સુવિચાર કર, હોઈ એક સંમતસર (૪૧૬)

અર્થ—સ્ત્રીનું બળ યુવાવસ્થા છે, સાધકનું બળ શીવપદની એકાગ્રતામાં છે, રાજાનું બળ પ્રતાપ છે, દુષ્ટનું બળ બડાઇવાળા બોલ બોલવાથી છે, નિર્ધનનું બળ દરેક સમાજની સાથે સારો મિલાપ રાખવામાં છે, જાચકનું બળ દાન અને શેવનામાં છે, વાણીઆનું બળ વેપારથી છે, જ્ઞાતિનું બળ વિવેકમાં છે, ઉદારતાનું બળ વિદ્યા અને સુવિચારથી છે, પરિવાર અર્થાત કુટુંબનું બળ સારી બુદ્ધિથી ઐકયતામાં છે.

" સમજીને સ્નેહ બાંધો."

(સવૈયો)

પ્રીત કરો નીત જાન સુજાનસે, ઔર હેવાનસે પ્રીત કૈસી;
અઠમાસ સુડે સેમળ તરૂ સેવ્યો, દેશ તજી પરદેશ વસી;
ફળ નીચે પડયું પક્ષીરાજ ઉડયો, ચાંચ મારી તોકપાસ જેસી;
કવિ ગંગ કહે સુનશાહઅકબર, છાશ મીઠીપણ દુધજેસી(૪૧૭)

અર્થ—સેમળાનું સુંદર ઝાડ અને તેનાં નવરંગ સુંદર પુષ્પ જોઈ પોપટ તેમાં લોભાયો અને માન્યું કે જેનાં આવાં સુંદર ફુલ છે તેનાં ફળ કંઈ ઔર મીઠાં અને રસભર્યાં થશે, માટે અહીંજ નિવાસ કરવો એમ સમજી તે આશામાં ત્યાં છ માસ સુધી રહ્યો. જ્યારે સેમળાનું ફળ પાકયું અને નીચે ખર્યું ત્યારે તેની લીજત ખાવા પોપટે તેમાં ચાંચ મારી અર્થાત નવાલો લેવા ગયો ત્યારે તેમાંથી કપાસના જેવો પદાર્થ નીકળ્યો કે જેના લીધે બિચારા પોપટની ચાંચ સાફ થવી મુશ્કેલ થઇ પડી. આ ઉપરથી એમજ સમજવાનું કે ડુંગરા દુરથીજ રળિયામણા; અને છાશ મીઠી ખરી પણ દુધ તે દુધ, ને છાશ તે છાશ, માટે ખાત્રી કર્યા વિના કોઇના કહેવાથી કોઇ વ્યક્તિ સાથે લોભાઇ જઈ પ્રીત કરવી એ પરિણામે પસ્તાવો કરાવનારૂં છે.

" પેટ શા માટે આપ્યું છે ? "

(સવૈયો.)

બાસકે કારન નાક દીયો, ઓર આંખ દીયો જગ જોવનકુ;
હાથ દીયો કુચ્છ દાનકે કારણ, પાંઉ દીયો પૃથ ફેરનકુ;
કાન દીયો સુનનેકુ પુરાન, મુખ દીયો ભજ મોહનકુ:
હે! પ્રભુજી સબ આછો દીયોપન, પેટ દીયો પત ખોવનકુ(૪૧૮)

અર્થ—વિધવિધ જાતની સુગંધી લેવા માટે ઈન્સાનને નાક આપ્યું છે, જગતની સુંદર રચના અવલોકવા આંખો આપી છે. સુકૃત કરવા માટે હાથ આપ્યા છે. સત રાહે ચાલવા પગ આપ્યા

છે. પુન્ય અને નેકી ભરેલી વાતો સાંભળવા અર્થાત પુરાણુની પવિત્ર આજ્ઞાઓ સાંભળવા કાન આપ્યા છે, અને મોઢું માલિકના ગુણુ ગાવા અને ભજન કરવા આપ્યું છે એમ દરેક અવયવો ઉત્તમ આશયથી આપ્યાં છે; પણુ હે પ્રભુ! જે પેટ આપ્યું છે તે કેવળ લાચારી કરવાનેજ આપ્યું છે.

"એક ઉખ્યાણું."

ભોજન કુચ્છુ ન પાયો, પરોનો રહ્યો ન ભુખ્યો,
ચોપડ તનખ ન મીલે, ભોજન ભયો ન લુખો;
પારધી ચડયો શિકાર, બાન સિંહનપર મુકયો;
સિંહ ન લગી ચોટ, પારધી ઘાવ ન ચુકયો....(૪૧૯)

અર્થ—ઘેર આવેલા ભુખ્યા મેમાનને કંઈ ખાવાને આપ્યું નહીં તેમ તે ભુખ્યો પણુ ન રહ્યો. વળી જેનાથી તે ભુખ્યો ન રહ્યો તેના ઉપર ઘી, ચરબી કે માખણુ જેવી વસ્તુ કશી ચોપડી પણુ નહીં તેમ તે ચોપડયા વગરનું લુખું પણુ ન કહેવાયું. બાણુ લઇ પારધી શિકાર ઉપર ચહડયો અને તેણે સિંહના ઉપર બાણુ માર્યું પણુ તે સીંહને બીલકુલ વાગ્યું નહીં ને ઘાવ ખાલી ન ગયો ને તેણે સીંહનો શીકાર કર્યો એમ નજરે દેખાયું. એવો શીકારી ને સીંહ કયો? એવો મેમાન કોણુ? એવું ભોજનકયું?

"વાંઝણી કેમ ન રહી ?"

(કુંડળીયો.)

સાંઈ એસે પુત્રસેં, બાંઝ રહે બરૂ નારી,
બીગરી બેટે બાપસે, જાય રહે સસુરારી;
જાય રહે સસુરારી નારીકે લામ બીકાનો;
કુલકે ધર્મ નસાઇ ઔર પરિવાર નસાનો;
કહે ગિરધર કવિરાય, માતુ ભુખે બેઠાઈ,
અસ કપુત કયોં ભયો, બાંઝે રહતાઉ બરૂસાંઇ(૪૨૦)

અર્થ—અનેક જાતના વૃત-ઉપવાસ પુત્રપ્રાપ્તિ માટે સંસારી સ્રી-પુરૂષો કરે છે ને પુત્રની અપેક્ષા રાખે છે, તેનું પ્રાધાન કારણ એજ કે પુત્ર સારો થશે તો કુળને આબાદ કરી ઉજાળશે અને માબાપની છેલ્લી વયમાં તેમને ખોરાકી પોષાકી આપી પાળશે, પણ પુત્ર અવતરે તેનાં મળમુત્ર ધોઇ ઘણી ચિંતાથી મોહ કરે, તેને પરણાવે, અને સ્રીને માટે તેજ પુત્ર માબાપની સાથે વેર બાંધી સ્રીને લઈ સાસરાને ત્યાં ઘરજમાઈ રહે છે. ઘરજમાઇ રહેવાથી તે વ્યવહારમાં અપોચીઓ ગણાય છે, દુનિયાનાં મ્હેણાં-ટોણાં સહે છે અને બિચારાં માબાપો દુઃખી થાય છે ત્યારે મા કહે છે કે આવો દીકરો મને થવા કરતાં હું વાંઝણી કેમ ન રહી?!

" સત્યાનાશ કોનુ જાય ? "

(કુંડળીઓ.)

અતીબલ નારી હોતહે, અપના કુલકો નાશ;
કૈરવ પાંડવ બંશકો, કીયો દ્રૌપદી નાશ.
કીયો દ્રૌપદી નાશ, કેકઈ દશરથ મારેઉ;
રામ લષણુસે પુત્ર, તેઉ બનબાસ સીધારેઉ;
કુહે ગિરધર કવિરાય, સદા નર રહે દુઃખારી;
સોઘર સત્યાનાશ જહાં હૈ અતીબલ નારી....(૪૨૧)

અર્થ—જેના કુટુમ્બમાં અને જેના ઘરમાં સ્રીઓનું પરિબળ (ચલણ) પ્રધાનપણું થાય છે તે કુટુંબનું અને તે ઘરનું સત્યાનાશ અર્થાત્ વિનાશ થાય છે; મતલબ કે તેની આબરૂ હલકી પડે છે, કારણ કે સ્રીની બુદ્ધિ હમેશાં પાનીચે રહી કલ્પાઇ છે અને તેથી સ્રી ગમે તેવી ડાહી હોય તો પણ તે પુરૂષની છાંયામાં રહેવાને નીપજેલી છે અને તેથીજ તે તથા તેનો પુરૂષ, તેનું ઘર અને તેનું કુટુમ્બ શોભે છે, નહિં કે તે સ્વછંદ રહી આપ અક્કલના ઘોડાથી વ્યવહારતંત્ર ચલાવી શકે. સ્રીથી કૈરવ અને પાંડવ જેવા પ્રતાપી

વંશનો પણ નાશ થયો અને દશરથ રાજાનું મૃત્યુ થઈ રામ લક્ષ્મણ જેવા પ્રભુતાયુક્ત પુત્રો વનવાસી બન્યા.

" ચિન્તા સત્યાનાશી છે. "

(કુંડલીઓ.)

ચિન્તાસે ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન;
બુદ્ધિ સહિત વિદ્યા ઘટે, ચિન્તા ચીતા સમાન.
ચિન્તા ચીતા સમાન, નયન નીંદ્રા નહીં આવે;
નહીં નારીસે પ્રેમ, ભુખ નહીં ભોજન ભાવે.
કુહે ગિરધર કવિરાય, સુનો સબ સજન મીતા;
સો નર કેસે જીવે, નીશદિન જીસમન ચિન્તા...(૪૨૨)

અર્થ—ચિન્તા થવાથી બુદ્ધિ, વિદ્યા, ડહાપણ સ્વરૂપ, ગુણ અને સમજશક્તિ—એ સઘળું મંદ પડી જાય છે. સુતાં નિંદ્રા આવતી નથી, ભુખ્યાં ખાવાનું ભાવતું નથી, સંસારી સુખ પ્રત્યે રાગ થતો નથી અને પ્રતિદિન મન ચિન્તામાં વ્યગ્રતાવાળું રહે છે; એટલે ચિન્તાવાળાને ચિન્તા અગ્નિસમાન વગર અંગારાથી બાળે છે.

" આત્મ પ્રશંશા "

(કુંડળીયો)

કૌવા કહે મરાલસેં, કૌન જાતીકો ગોત;
તુમ એસે બદ રૂપીયા, કહી ન જગમેં હોત.
કહી ન જગમેં હોત, કુટીલ મૈલે મલખાને;
ઉસર બૈઠ મરીયાદ, ભ્રષ્ટ આચાર ન જાને.
કહે ગિરધર કવિરાય, કહાં તે આયો રૌવા;
ધન્ય હમારો દેશ, જહાં સજન જન કૌવા.....(૪૨૩)

અર્થ—કોઈ એક સરોવરવાસી હંસકર્મના અભાવે ઉજડ અરણ્ય કે જ્યાં મુવેલાં જાનવરનાં હાડપીંજર નાખવાનું મેદાન નકી કર્યું હતું ત્યાં આવી ચહડયો. આ સ્થળે હજારો બલ્કે લાખો

કાગડા પોતાનું વતન કરી રહ્યા હતા અને દરરોજ ઘણી ખુશીથી મુવેલાં જાનવરોનાં માંસ ઉપર ગુજરાન કરતા હતા. મોતીના અહારી હંસને જોતાંજ તે કાગડાઓ હંસને કહેવા લાગ્યા કે કપટી નીચ ખોરાક ખાનાર અને બદરૂપ હંસ તારા જેવું બદશીકલ પક્ષી દુન્યામાં કોઈ પણ ઠેકાણે ન જોયું. તારામાં આચાર ક્યાં છે, રૂડી બોલી ક્યાં છે અને તને તો ધિક્કાર છે, પણ જે સ્થળે તારા જેવાની પેદાશ ને નિવાસ છે તે સ્થાનને પણ ધિક્કાર છે. વાહ વાહ ધન્ય છે તે સ્થળને કે જ્યાં અમો જેવા હજારો ગુણજ્ઞ કાગડાઓ આનંદ કરે છે.

" વિપત્તિનાં સાથી કોણ ? "

(દુહો.)

તુલસી સાથી વિપતીકે, બિધ્યા બિન્ય બિબેક;
સારસ સુત્રગી સત્યવૃત, રામ ભરૂસો એક....(૪૨૪)

અર્થ—ઇન્સાનના ઉપર જ્યારે વ્યાધિનું વાદળ તુટી પડે છે ત્યારે તેનું કોઇ પણ સાથી થતું નથી. માટે આપત્તિમાં ઈન્સાનનું સાથી એજ થાય છે કે વિદ્યા, વિનય, વિવેક, સાહસ, સારૂં કામ, સત્યપણું. ટેક અને માલીકનું નામ, બીજા બધા સાથી નકામા નીવડે છે.

" કળિયુગમાં બધી ઉલટી રીતી. "

(દુહો.)

દંભ સહિત કળી ધર્મ સબ, છળ સમેત વ્યવહાર;
સ્વારથ સહીત સ્નેહ સબ, રૂચી અનુંહસી આચાર(૪૨૫).

અર્થ—કળિયુગમાં જેટલા ધર્મ પ્રવર્તશે એટલા બધા દાંભિક ભર્યા હશે. કળિયુગમાં વ્યવહાર વેદશ્રુતિનાં વાક્યને વમળમાં ઉડાવી મરજી મુજબ આચાર વિચાર પાળશે એમ તુલસીદાસ કહે છે.

" આવ્યો એવો કોણ જશે ? "

(કુંડળીયો.)

માયા માયા કરત હે, ખાયા ખરચ્યા નાંહી;
આયા એસા જાયગા, જ્યું બાદરકી છાંય;
જ્યું બાદરકી છાંય, જાયગા આયા એસા;
જાણ્યા નહીં જગદીશ, પ્રીતકર જોડયા પૈસા;
કહે દીન દરવેશ, કાયકુ ધારી કાયા;
ખાયા ખરચ્યા નાહી, કરત હે માયા માયા....(૪૨૬)

અર્થ—આ સંસારમાં આવીને જે પુરૂષે દ્રવ્ય એકઠું કર્યું અને એકઠું કર્યા પછી ન તો પોતે ખાધું અને ન તો અમૃતમય ઉદારતાથી બીજાને ખાવા દીધું, ન તે પૈસાથી પરમાર્થ કર્યો અને ન તે પૈસાથી દાન પુન્ય કર્યું, ન ગરીબને આપ્યો અને કેવળ મારૂં મારૂં કરીને માટીની માફક સાચવી રાખ્યું એવો પુરૂષ આ જગતમાં આવ્યો એ ન આવ્યો છે.

" જેને જેવું જોઇએ તેવું તેને મળે છે. "

(કુંડળીયો.)

જાકો ખોજત સો મીલે, યામૈ સંશય નાહીં;
બીરચે માખી મધુ સુધા, ભીષન બનકે માંય;
ભીષન બનકે માંય, સિંહ ગજરાજ બીદારે;
મુક્તા મીલે મરાલ, મીલંદ સરોસ બીહારે;
બરને દીન દયાળ, સ્વતી જલહુ પપીહાકો;
મીલે ભલી બીધીઆઈ, જોન જગ ખોજત જાકો (૪૨૭)

અર્થ—માખીઓ મધ કરવા માટે જો મીઠા રસને ચાહે છે તો તેને વગડામાં પણ તેવો રસ પ્રભુ આપે છે. હંસ મોતીપરજ નભાવ કરવા ચાહે છે તો તેને પાણી અને કાદવના તળિયાંવાળા સરોવરમાંથી પ્રભુ મોતી આપે છે, સિંહ હાથીનાં માંસ ઉપર નભાવ કરવા ચાહે છે તો પ્રભુએ તેને હાથીના સમુદાયથી ભરેલા

વનમાં પેદા કર્યા છે ને હાથી મોટો છતાં તેને દમન કરવાની શક્તિ સિંહને આપી છે, બાપૈયો બીજાં જલ છોડીને સ્વાતીનાં બીંદુને ચાહે છે તો પ્રભુએ તેના માટે સ્વાતીની વૃષ્ટિ કરી છે, એમ જેવું જેને જોઇએ તેવું પ્રભુ તેને આપે છે.

"કુલટાની કરણી."

(કુંડળીયા.)

સ્વામી સુંદર સીલજીુન, અપની ગુની કુલીન;
ત્યાહી ત્યાગી પરનાહ સઠ, સેવતી કહા મલીન;
સેવતી કહા મલીન, હિનમતિ કુલટા ઔરી;
સુધા સીન્ધુ તજી સુધા, ફીરે મૃગજલકો દૌરી;
બરનૈ દીન દયાલ, અરી વહે હૈં બદનામી;
જાર ગવારહીં ભજે, તજે બર અપનો સ્વામી...(૪૨૮)

અર્થ—પોતાનો સ્વામી સર્વાંગે સુંદર હોય, રસિલો હોય, વચનો હોય, ખાનદાન કુટુંબનો હોય અને વૈભવિ હોય છતાં તેને ત્યાગી કુલટા સ્ત્રીઓ બેડોળ અને હલકા કુટુંબના બુદ્ધિહિન અને મુરખ પણ પ્રતીદીન ગુલામી કરનારા હોય તેની સાથે પ્રીતી કરવામાં સ્ત્રી જન્મની સફળતા માને છે.

"ઇન્સાને ચાર ઘડી રાત્રિ રહે ત્યારે હમેશાં શું વીચારવું ?"

(કવિત)

કોનું અહદેશ કોનું કાલ કૌન બેરી મેરો,
કોનું મેરો હેતુ મોહી ઢીગતેં ન ટારીબો;
કેતી આમદ કેતોક ખરચ કેતોક બલ,
તેહી ઉનમાન મોહી મુખતે નીકારવો;
સંપતિકે આવનીકો કોનું મેરે અવરાધુ,
તાહુકા ઉપાય યહ દાઉ ઉરધારબો;

રાજનીતિ રાજનમેં દીન પ્રતી દેવીદાસ,
ચારી ઘરી રાતી રહે ઇતનો બીચારવો...(૪૨૯)

અર્થ—જે વ્યવહાર કુશળ થવાને ઇચ્છતો હોય તેણે પાછલી રાત્રીની ચાર ઘડી રહે ત્યારે સતત એજ વીચારવાનું કે વર્તમાન કાળ કેવો છે? એ વર્તમાનમાં હિતકર કયો રિવાજ છે? કયા રિવાજને ગ્રહણ કરવાથીં છેવટ સારૂં આવશે. મ્હારો હેતુ (સ્નેહી) કોણ છે? શત્રુ કોણ છે? હમેશાં આવક કેટલી છે? ખરચ કેટલો છે? સંપતિ મળે છે તેમાં વિઘ્નરૂપ કોણ થાય છે ? અને તે વિઘ્નરૂપ થનારને વચમાંથી કેમ કોરે કરવો ?

સુકવિનાં લક્ષણ.

(કવિત.)

નીપટ ગરૂરે ગરવીલે એંટદાર બડે,
બડે ખુસ ખોરા પોષાક સરસાવેંગે;
કુહત કવિ નંદ ગુણ એકહી સુશીલ બડે,
બડે ખાનદાનમેં બડાઈ સદા પાવેંગે;
બડે ગુની ગુણવાન જીનકી સરાહવારી,
પ્રીતકી સફારસી નરેશ ફરમાવેંગે;
ઇશ્વરકો ધ્યાવે છંદ લલિત બનાબે જામે,
એ તે ગુણ અવી તે કવિશ્વર કુહાવેંગે....(૪૩૦)

અર્થ—મગરૂરી વગરનો, ગૌરવ નિભાવવામાં ગરવિષ્ટ, ટેક પાળક મોટાઇવાળાનાં અનિષ્ટ કર્મને જાણીને તેની ખુશામત નહીં કરતાં જેવાં ને તેવાં લેશ પણ તેની ભિતી કે પરવા ધર્યા વગર કહેનારો ગુણવાન, સ્વભાવે સરલ હસમુખો, ખાનદાનવાળામાં આબરૂ અને માનથી જનારો, રાજાઓની પ્રીતિ આબાદ રાખનારો અને સર્વદા પરમાત્માના યશોગાન અર્થે પ્રભુનાજ ગુણની કવિતા કરતો હોય તેનેજ કવિનો ઈશ્વર એટલે કવિવૃંદનો અધિષ્ઠાતા કવિશ્વર કહી શકાય.

" જમપુરિમાં પોંહોંચી ગયા. "

(અરલ.)

મ્હેલ કુવારા હોજ, કે મોજું માણુના,
સમરથ આપ સમાન, ઓર નહીં જોવતાં;
પોરસ તેજ પ્રતાપ, ચલંતા પુરમેં,
ભલા ભલા ભુપાલ, ગયા જમપુરમેં;...(૪૩૧)

અર્થ—હોજ અને કુવારાવાળા બાગમાં મનગમતા રંગબેરંગી મહેલ બનાવી તેમાં સર્વાંગે સુંદર નવયોવના સાથે રહી મોજ મારતા વિશ્વમાં પોતાનો પ્રતાપ પ્રસરેલો જોઇ ખુશી થતા અને સમજતા કે મારા જેવો અન્ય કોઇ મહત્તાવાળો પુરૂષ શ્રૃષ્ટિમાં નથી એવા પણ આખરે અનેક આ ઠેકાણેથી સદાને માટે જમપુરિમાં પહોંચી ગયા છે.

" વ્યવહાર ઉપાધિની હાયમાં શું ગુમાવ્યું ? "

(સવૈયો)

ભોગમેં રોગ, બીયોગ સંયોગમેં,
જોગમેં કામ કલેશ કમાયો;
ત્યોં પદમાકર બેદ પુરાન પઢયો,
પઢીકે બહુ આપદ બાદ બઢાયો;
દુનો દુરાસમેં દાસ ભયો પૈ,
કહું બિસરામકો નામ ન પાયો;
કાયો ગમાયો સુ એ સોહી જોબન,
હામ મૈ રામકો નામ ગવાંયો............(૪૩૨)

અર્થ—ભોગમાં રોગનો ભય થયો, સંયોગમાં વિયોગનું દુઃખ થયું, વેદ અને પુરાણ શીખવાથી વાદવિવાદનો સમય સાંધ્યો, એમજ જે વ્યકિતમાં દોડયો તેમાં દુઃખ નડયું અને તે દુઃખ ટાળવા નકામાં આવેલાં માર્યાં અને મનુષ્ય જેવી જીંદગીનો અંત આવ્યો, અને પરલોકમાં પ્રયાણ કરવાનો સમય આવ્યો ત્યારે પણ

પ્રાણી હાય પુકારી પસ્તાય છે કે અરેરે ! મેં આખી ઉમ્મર અવર ઉપાધિમાં ગાળી પણ માલિકનું ભજન ન કર્યું અને ખરેખર જગતમાં જીવન નકામુંજ ગાળ્યું.

" વાસના ક્યારે મટે ? "

(દુહો.)

તન સુકાય પીંજર કરે, ધરે રેન દીન ધ્યાન;
તુલસી ટરે ન વાસના, બીના બીચારે જ્ઞાન....(૪૩૩)

અર્થ—અંતરમાંથી ઉત્પન્ન થતી વાસનાનો નાશ કરવા અને ફરી વખત તે ન ઉપજે તેના માટે શરીર સુકાય તેવું ધ્યાન ધરે કે જીંદગીભર તપ કરે પરંતુ જ્યાં સુધી જ્ઞાન નહીં થાય ત્યાં સુધી વાસના નહિ ટળે. મતલબ કે વાસના વિખેરવા માટે જ્ઞાનની પુરી જરૂર છે.

" ભલું ભાગ્ય શી રીતે ઉલટું અવળું થાય છે ? "

(દુહો.)

પર સુખ સંપત્તિ દેખી સુની, જરહી જડબીન આગ;
તુલસી તીનકે ભાગ્યમેં, ચલે ભલાઇ ભાગ.......(૪૩૪)

અર્થ—પારકાનાં સુખ અને શ્રેય થએલું જોઇ જે પુરૂષ હૃદયમાં ઇર્ષાગ્નિથી સળગી જાય છે તેનું કદાચ સારૂં ભાગ્ય હોય તો પણ ખરાબ થઇ જાય છે.

" ઘડીયાલ શું કહે છે ? "

(અરલ.)

ઘડી ઘડી ઘડીયાળ, પુકારે કહી હે,
બહુત ગઈ હે અવધ, અલપહી રહી હે;
સોવે કહા અચેત, જાગ જગ પીવરે,
ચલીયે આવતી લાલ, જાગ ઉજાગરે.......(૪૩૫)

અર્થ—ઓરડા અંદરની દિવાલ ઉપર ટાંગેલું ઘડીયાળ અંદરનાં વાસીને સુચવે છે કે મારી ઘડી જતી જાય છે તેમ તમારી આયુષ્ય ઓછી થતી જાય છે, અર્થાત ખવાતી જાય છે, છતાં તમે કંઈ સમજતાં નથી ને નકામા રાગમાં રચ્યા મચ્યા રહી માલિકનું ભજન ભુલો છો તો તમારી આવી રીતિમાં ઘડી પછી કલાક, કલાક પછી દિવસ, દિવસ પછી માસ, માસ પછી વરસ એમ ઉત્તરોત્તર ચાલ્યું જશે ને કાળ નજીક આવશે.

" વર્તમાન–વર્ણન. "

(કવિત.)

રૂપ હૈન રસ હૈન ગુન હૈન જ્ઞાન હૈન,
સત્ય હૈન શીલશર્મ નિરસ જમાનો હૈ;
રીત હૈન પ્રીત હૈન નીત હૈન જ્યાવક હું,
દેખો કર બિચાર હીયે હરખ હેરાનો હૈ;
પ્રાગુલાલ કહે એ તે ભુલે સંજોગ જોગ,
નિપટ ખજોગલોગ સમે બીરાનો હૈ;
કામે કહીયે કહાં જાહીયે, કહાં પૈયે બીર,
મન બહેરાય વેકો ઠોર ન ઠીકાનો હૈ........(૪૩૬)

અર્થ—રૂપ નથી, રસ નથી, ગુણ નથી, જ્ઞાન નથી, સત્ય નથી, સીલ (સારાં લક્ષણ) કે શર્મ નથી, રીત નથી સ્નેહ નથી, નીતિ નથી, એવો આ વર્તમાનકાળ ચાલે છે, અને કદાચ હશે તો તે જોઇએ તેવો નહિ, પણ ઉપરનો બનાવટી ને સાચો તો કરોડોમાં ક્યાંય જવલ્લે હશે. એની ખાત્રી સજ્જન પુરૂષો પોતાના હૃદયમાં વિચાર કરી જોશે તો સહેજમાં થશે. તો આવા વર્તમાનમાં મનને કોની તરફ ફેલાવવું, કેમકે તેને બે ઘડી શાંતિ મળે એવું એક પણ ઠેકાણું નથી.

" કવિ કદી ચુપ નહીં રહે ? "

(છપ્પય.)

ચોર ચુપકર રહે, જાઈ પર થર ધનધુંકે,
જોરૂ ચુપકર રહે, પીયા બીન બોલ ન સંકે;
ચેરી ચુપકર રહે, શીલ સાહેબકો માને,
ગુંગા ચુપકર રહે, બાત એકો નહી જાને;
વૃક્ષ ઔર જલ જીવ સામ, પવન સાથ ઉડતે રહે,
બેતાલ કહે બિક્રમ સુનો, કોઈ કવિ કુછ કહે...(૪૩૭)

અર્થ—પારકા ઘરમાં ખાતર ખોદી દ્રવ્ય લઇ જનાર ચોર ન બોલે, પતિવૃતા સ્ત્રી પીયુ વિયોગી અવસ્થી ન બોલે, સ્વામિ આજ્ઞાપાલક લોંડી મર્યાદા સાચવવા સ્વામિની હાજરીમાં ન બોલે, મુંગો બ્હેરો કંઇ વાત ન સમજે એટલે ન બોલે અને વૃક્ષનાં પાંદડાં અને જળના તરંગ વાયુ મંદ પડતાં સ્થિર રહે (ન બોલે) જીવ જાનવર કેટલાંએક રાત પડવાથી ન બોલે એમ સર્વ ન બોલે પણ જે કવિ છે તે બોલ્યા વગર રહેતો નથી. મતલબ કે જેવું જ્યારે તે દેખે તેવું ત્યારે સ્પષ્ટ કોઈની પણ દરકાર કે ભિતી રાખ્યા વગર નિષ્પક્ષપાતે કહી છુટે છે.

" કોણ બુડી મરે ? "

(કવિત સવૈયો.)

તાકુ દેખ કંપે પરિવાર સારા,
ડારા દેત લે હાથમેં ધોકલીકું;
કછુ શીખકી બાતન કાન ધરે,
હીયા કુટ છોડે નહી હોકલીકુ;
ખરે મોક્ષસે પંથસે છુટ બેઠા,
ડાહ્યા હોઈ હલાવત ડોકલીકું;
બ્રહ્માનંદ કહે ચલ ચલ ગીદી,
મર બુડ દેખાવે કયા મોકલીકુ.....(૪૩૮)

અર્થ—જેને જોતાં આખું કુટુંબ ત્રાસયુક્ત બને અને બાઝને દેખી ચીડીયાં જેમ ચુપાચુપ થાય તેમ કુટુંબ ચુપ થાય વળી વધારે ત્રાસ બતાવવા વખતે હાથમાં લાકડી લઈ કુટુંબના કોઈ પણ માણસને મારવા ધસે, કોઇ શીખામણ આપે તે માને નહિં અને પોતે ડાહ્યો હોય તેમ ડોળ ઘાલવા માથું હલાવે, સ્વપ્નામાં પણ પ્રભુનું નામ યાદ ન કરે અને પારકી પંચાત કરવાથી નવરો ન થાય અને ગામનો પટેલીઓ છે એવું દેખાડવા હાથમાં હોકો લઈ ફરતો ફરે અને પારકી ચોવટ કર્યા કરે, તેવા પુરૂષને બ્રહ્માનંદ કહે છે કે હે મુરખ, તું તારૂં મોઢું નહીં બતાવતાં બુડી મર.

" મારૂં મારૂં મા કરો. "

(કુંડળીયો.)

મેરા મેરા કયા કરે, તેરા નહીં તલભાર;
સબી છોડકે જાયગા, પુત્ર નારી પરિવાર;
પુત્ર નારી પરિવાર, ચાર દિનકા હે સપના;
ગર્થ ઓર ઘરબાર, ઉછીમેં કુછ નહીં અપના
મમતા માયા મોહ, કાલકા ફીરતા ફેરા;
કહતે વલ્લભરામ, કર મત મેરા મેરા....(૪૩૯)

અર્થ—હે ! અજ્ઞાની મન ! તું આ સંસારમાં મારૂં મારૂં એમ શું કરવા કરે છે, કેમકે તારા કુટુંબ, સગા, સ્ત્રી, પુત્ર, માબાપ, ઘર, દોલત અને અંતે તારૂં શરીર પણ તારૂં નથી, તો પછી તારૂં કોણ છે કે તું મારૂં મારૂં કહી મરે છે.

" પતિપદમાં સર્વ છે. "

(કવિત.)

પતિહીસું પ્રેમ હોઇ, પતિહીસું નેમ હોઈ;
પતિહીંસું ક્ષેમ હોઈ, પતિહીસું રત હૈ;

પતિહીં હે સબ યોગ, પતિહીં હે રસ ભોગ;
પતિહીં સું મીટે સોગ, પતી હીં કોય ન કે;
પતિહીં રે જ્ઞાન ધ્યાન, પતિહીં હે પુન્ય દાન;
પતિ હે તીર્થ સ્નાન, પતિહીંકો મત હે;
પતિ બીનું મત નાહીં, પતિ બીનું ગત નાંહી;
સુંદર સકલ બીધિ, એક પતિ વૃત હે....(૪૪૦)

અર્થ—સ્ત્રીઓએ પોતાના કલ્યાણ અર્થે વૃત્ત, નિયમ, ઉપવાસ, દાન, પુન્ય, કથા શ્રવણ દેવદર્શન નિમીત્તે દેવળ મંદિરે દોડવા વગેરે કોઇ પણ જાતની ક્રીયા કરવાની જરૂર નથી પણ જો ખરૂં કલ્યાણ ઈચ્છવું હોય તો તેણે એક ધ્યાન પતિની સેવા કરવી એમાંજ કલ્યાણ રહેલું છે. પતિસેવામાં સ્ત્રીઓને દેવ, તીર્થ, દાન, વૃત,, ઉપવાસ વગેરે સર્વ વસ્તુ રહેલી છે.

"ભાવ કયારે ન પુછાય ?"

(દુહો.)

જોબન થા જબ રૂપ થા, જોવત થે સબ લોઈ
જોબન રૂપ ગવાઈ કે, બાત ન પુછે કોઈ......૪૪૧

અર્થ—ઈન્સાનને જ્યારે રૂપ હોય તાકાત હોય અને જર હોય ત્યારે તેને સર્વે ચાહે છે પણ જ્યારે તે પૈકીનું તમામ ખલાસ થાય છે, ત્યારે તેને કોઈ બોલાવતું નથી.

"સ્ત્રીને સંસાર ઝેર કયારે થાય ?"

(દોહરો.)

ચંદા બીન કયાં ચાંદની, મોતી બીન કયા હાર;
કજલ બીન કયા કામની, પિય બીન કયાં સંસાર....(૪૪૨)

અર્થ—ચંદ્ર વગરની ચાંદની, મોતી વગરનો હાર અને કાજળ વગરનું નેત્ર, જેમ શોભતું નથી અર્થાત નકામું છે તેમ સ્ત્રીને પણ પતિ વગરનો સંસાર નકામો છે.

" ભુરામાં ભુરૂં શું ? "

(દોહરો.)

સબસે બુરો હૈ માંગનો, યા મેં ફેરનફાર;
બલીકો જાસત હીંભયે, વામન તન કીરતાર....(૪૪૩)

અર્થ—વ્યવહારમાં કોઇની પાસે વગર ઉપકારે માગવું એ મરણ કરતાં પણ અધિક ખરાબ છે, મતલબકે માગવું એ નેષ્ટપણું અપાવે છે. પ્રભુ પણ જો બળીરાજાને ત્યાં ત્રણ ડગલાં પૃથ્વી માગવા ગયા તો તે વામનજી (ઠીંગણા) થયા.

" પછી પસ્તાશો ? "

(દુહો.)

રામનામની લુંટ હે, લુંટ શકે તો લુંટ;
અંત કાળ પસ્તાયગો, પ્રાણ જાયગો છુટ...(૪૪૪)

અર્થ—આ નાશવંત સંસારમાં જ્યાંસુધી તન બદન છે, ત્યાંસુધી હે ભાઇઓ, તમે પ્રભુનું નામ જેટલું લેવાય તેટલું ચીવટ રાખીને લેવા માંડો, કારણ કે એમાંજ આપણું કલ્યાણ છે, પણ જો તે નહી લઇએ તો પછી જ્યારે શરીરથી પ્રાણનો સબંધ છુટી જશે તે વખતે બહુ પસ્તાવું પડશે, માટે શ્રી હરીનું સ્મરણ કરો. અસ્તુ.

સમાપ્ત.